छात्रों ने 'वीडियो व्याख्यान' सुने थे तथा टेलिफोन की तरह 'द्विमार्गी ध्वनि सम्पर्क' के माध्यम से व्याख्याताओं के साथ प्रश्नोत्तरी भी हुई थी। १५ अगस्त, १९८१ में उसी उपग्रह के कारण दिल्ली, बम्बई (मुम्बई), मद्रास, अहमदाबाद जैसे महानगरों में हजारों लोगों ने देखा कि तत्कालीन प्रधानमंत्री श्रीमती इन्दिरा गाँधी दिल्ली दूरदर्शन के स्टूडियो से अहमदाबाद के अंतरिक्ष केन्द्र (स्पेस सेन्टर) में एकत्रित वैज्ञानिकों से इस तरह बातचीत कर रही थीं जैसे एक दूसरे से प्रत्यक्ष वार्तालाप हो रहा हो।

आज इन उपग्रहों के द्वारा विज्ञान नित नूतन शोध कर रहा है। सुदूर अंतरीक्ष की अज्ञात बातों की जानकारी हो जाती है। 'इन्सेट-बी' की सहायता से 'The Hindi' and 'Indian Express' जैसे अन्य कई समाचार-पत्रों का मुद्रण उपग्रहों द्वारा हो रहा है। दक्षिण भारत में पत्र की तैयारी एवं उत्तर भारत में उसी समय पत्रका प्रकाशन, पलक झपकते ही लम्बे से लम्बा लेख, समाचार, एक स्थान से दूसरे स्थान पर क्षिप्र गति से पहुँच जाते हैं, जिससे पूरे विश्व के बुद्धिजीवी एक दूसरे से सुपरिचित हो रहे हैं। उपग्रहों के कारण आज पत्रकारिता जगत में क्रांति ही क्रांति आ गई है।

दूरदर्शन पर विविध चैनलों द्वारा चलचित्रों का प्रसारण, नए नए धारावाहिक, विज्ञान, शिक्षा, खेल, अंतर्राष्ट्रीय घटनाएँ 'The world this week' यह सब कुछ उपग्रहों की ही महिमा है। इस तरह राष्ट्रीय उपग्रह प्रणाली के प्रचलन से देश के संचारक्षेत्र में एक अद्‌भुत परिवर्तन आ गया है। कृषि, स्वास्थ्य, शिक्षा, खेल तथा मनोरंजन संबंधी दूरदर्शन के कार्यक्रम प्रतिदिन करोड़ो भारतीयों द्वारा देखे जाते हैं। मानव जीवन में अंतरिक्ष प्रौद्योगिकी का उपयोग खूब सराहनीय है, यथा :

१. मौसम संबंधी भू-प्रेक्षण.
२. अंतर्राष्ट्रीय दूरसंचार, दूरदर्शन नेटवर्क
३. अंतर्राष्ट्रीय समुद्रवर्ती संचार
४. संसाधनों के लिए सर्वेक्षण और पर्यावरण की निगरानी हेतु भू-प्रेक्षण
५. घरेलू संसार, टेलीविज़न सेटों के लिए प्रसारण।

इस तरह पिछले लगभग ३५-४० वर्षों से पृथ्वी की परिक्रमा करने वाले कृत्रिम उपग्रहों का उपयोग संचार माध्यम के लिए सफलतापूर्वक किया जा रहा है। अंतरिक्ष में परिक्रमा करते उपग्रह हमारे मित्र हैं, जो पृथ्वीवासियों की सहायता करने के लिए प्रतिपल तत्पर रहते हैं। ये राष्ट्रीय एवं अंतर्राष्ट्रीय उपग्रह संचार पूर्णत: हमारे दैनिक जीवन के अंग बन गये हैं। अंतरिक्ष उपयोग के क्षेत्र में पहला कदम उस समय उठाया गया, जब १९६७ में अहमदाबाद में प्रयोगात्मक अंतरिक्ष संचार भू-केन्द्र की स्थापना हुई।

भारत में डिज़ाइन तथा निर्मित किया गया पहला उपग्रह 'आर्यभट्ट' था, इसके बाद दो 'भास्कर' उपग्रह अंतरिक्ष में भेजे गए, जिन्होंने टी.वी. कैमरों और रेडियोमीटर का उपयोग करते हुए भू-पर्यवेक्षण संबंधी परीक्षण किया। 'एप्पल' भारत का प्रथम प्रायोगिक संचार उपग्रह था। इसे १९ जून, १९८१ को योरोप के एरियन रोकेट द्वारा भू-तुल्य कालिक कक्षा में छोड़ा गया था। इन्सैट-१ बी राष्ट्र के बहु उद्देशीय घरेलू उपग्रह को अमेरीकी अंतरिक्ष शटल 'चैलेन्जर' द्वारा अगस्त ३०, १९८३ को छोड़ा गया था। इसने राष्ट्र को देशव्यापी दूरसंचार तथा टी.वी. प्रसारण सेवा प्रदान की है। यह भारत की प्रगति का प्रतिनिधित्व करती है। एस.एल.वी.

(S.L.V.) - ३ भारत में विकसित प्रथम उपग्रह प्रमोचक रोकेट है । इसकी प्रथम सफल उड़ान, १८ जुलाई, १९८० में हुई । भारतीय सुदूर संवेदन उपग्रह (आइ.आर.एस.) शृंखला, राष्ट्र के संसाधनों के सर्वेक्षण एवं प्रबंध प्रणाली में सहयोगी होगी ।

नवम्बर १६, २००८ के सभी समाचार-पत्रों के साथ राजस्थान पत्रिका के अनुसार भी 'आखिरकार तिरंगे ने चाँद को छू ही लिया ।' अमेरीका, रूस और जापान के बाद भारत का झण्डा भी चाँद पर पहुँच गया । सालों की मेहनत और अरबो दुआओं का ही असर है कि आज हम सिर उठाकर कह सकते हैं कि चाँद भी हमारी मुट्ठी में है । चंद्रयान का अपना मिशन है, कुछ उद्देश्यो के साथ ही चंद्रयान को चाँद पर भेजा गया, यथा चन्द्र की सतह पर खनिजों एवं रसायनों का अध्ययन, चंद्रमा पर सतह या सतह के नीचे पानी की तलाश, चाँद का विस्तृत एवं प्रामाणिक नक्शा तैयार करना, तथा परमाणु ईंधन के लिए नए स्रोत की तलाश। इन उद्देश्यों की पूर्ति के साथ इसरो के वैज्ञानिकों का २०२० ई० सन् तक चन्द्रमा पर मानव भेजने का स्वप्न भी अवश्य साकार होगा । २५ अक्टूबर, २००८ को आई.आई.एम. परिसर में कलाम जी का व्याख्यान अति उत्साहवर्धक था । अहमदाबाद मैनेजमेंट ऐसोसिएशन में नवम्बर २६, २००८ को भारतीय अंतरिक्ष अनुसंधान संगठन (इसरो) के अध्यक्ष जी.माधवन नायर ने अपने व्याख्यान में कहा कि ''गत पाँच वर्षों से इसरों के कनिष्ठ से लेकर वरिष्ठ वैज्ञानिक चंद्रयान-१ मिशन के लिए कार्य कर रहे थे । चंद्र की धरती पर तिरंगा लहराने की सफलता के लिए सभी तकनिक तथा पे-लोड भारतीय थे, लेकिन इस मिशन को सच्चे अर्थों में अंतर्राष्ट्रीय बनाने के लिए अमरिका की नासा तथा रूस व यूरोपीय एजेंसी का सहयोग लिया गया है ।''

निष्कर्षत: प्रौद्योगिकी के उपयोग के उपर्युक्त क्षेत्रों के अतिरिक्त अंतरिक्ष पत्रकारिता के अन्य क्षेत्र भी हैं, यथा वायु, समुद्रवर्ती तथा भू-सुवाह्य (Mobil), पृथ्वी के आकार और क्षेत्र का सही निर्धारण, खोज और बचाव, स्थिति निर्धारण और मार्गदर्शन, समुद्र विज्ञान संबंधी उपयोग के साथ सूक्ष्म तरंग संवेदन तकनीकियों द्वारा भू-प्रेक्षण आदि । इनके अतिरिक्त कुछ परोक्ष उपयोगिता भी इन उपग्रहों से है, यथा एयरो स्पेस प्रौद्योगिकी के लिए विकसित की गई सामग्रियों का उपयोग, कार्बन रेशेयुक्त मजबूत प्लास्टिक का इस्तेमाल, अंतरिक्ष के लिए विकसित खाद्य पैकजिंग और प्रोसेसिंग प्रणालियाँ सामान्यत: पैकेजों में तैयार किए गए खाद्यान्नों के लिए इस्तेमाल की जा रही हैं ।

सन् १९५८ में अमेरिकी कॉग्रेस ने नासा (नेशनल एयरोनोटिक्स एंड स्पेस एडमिनिस्ट्रेशन) की स्थापना, पृथ्वी के वातावरण के अन्दर और बाहर उड़ान की समस्याओं में शोध संभव बनाने और अन्य उद्देश्यों के लिए की थी । इस संस्था के ५० वर्ष का सफर अक्टूबर १ को पूरा हुआ । इस मौके पर अमेरिकनों ने इसे अंतरिक्ष सप्ताह के रूप में मनाया । आज भारत का प्रथम मानवरहित चन्द्र-अभियान काफी चर्चा में है । इसरो के ध्रुवीय उपग्रह प्रक्षेपण यान 'पीएसएलवी' से छोड़ा जानेवाला चन्द्रयान-१ चंद्रमा की परिक्रमा करेगा और दो वर्ष तक आँकड़े एकत्र करेगा ।

भावी उपयोग की दृष्टि से कहा जाय तो उपग्रह से जुड़ी अंतरिक्ष पत्रकारिता शिक्षा तथा विकास के क्षेत्र में क्या कुछ नहीं करेगी ? उपग्रह आधारित सूचना के विकास तथा देश के सभी विश्वविद्यालयों तथा शोध संस्थाओं के पुस्तकालय नेटवर्क (Inflibnet) से आज शीर्षस्थ संस्था तथा विश्वविद्यालय को लाभ प्राप्त हो रहा है । इस कार्यालय ने देश के मेधावी विद्वानो की (सभी विषयों के) एक लम्बी सूची तैयार की है। Internet के माध्यम से घर बैठे हम विद्वानों का परिचय प्राप्त कर सकते हैं । अंतर्राष्ट्रीय अंतरिक्ष स्टेशन में सुनीता विलियम्स का नया कीर्तिमान और अंतरिक्ष शटल कोलम्बिया में कल्पना चावला की त्रासदी पूर्ण उड़ान । इन दोनों वैज्ञानिक महिलाओं के कारण भारतीयों के मन में अंतरिक्ष की एक लोकप्रिय सुहावनी छबि बन गई है।

इस तरह अंतरिक्ष पत्रकारिता का जनसंचारमाध्यम की दृष्टि से बड़ा ही महत्त्व है ।

# समाज-सुधारक डा० सम्पूर्णानन्द : एक अध्ययन

◈

भावना त्रिपाठी*

भारत वर्ष में स्वतंत्रता प्राप्ति के संघर्ष के दौरान कई महान विभूतियों का जन्म हुआ, जिनकी भारत को स्वतंत्रता दिलाने में महत्त्वपूर्ण भूमिका रही और जिन्होंने अपने बहुआयामी व्यक्तित्व के द्वारा देश का सर्वांगीण विकास भी किया । सम्पूर्णानन्द भी उन्हीं महान व्यक्तियों में से एक थे, जो महान स्वतंत्रता सेनानी होने के साथ-साथ पटु राजनीतिज्ञ, कुशल प्रशासक, महान चिंतक, लेखक एवं साहित्यकार तथा समाजसेवी थे । सम्पूर्णानन्द ने स्वतंत्रता प्राप्ति में अपना सहयोग ही नहीं दिया वरन् स्वाधीन भारत में भी कईं प्रशासनिक पदों पर रहते हुए, जनसाधारण के हितों के लिए उल्लेखनीय कार्य किए । जीवन के प्रत्येक क्षेत्र में चाहे तो सामाजिक हो या शैक्षणिक, साहित्यिक हो या राजनीतिक अथवा आर्थिक कोई भी क्षेत्र उनसे अछूता नहीं रहा ।

सम्पूर्णानन्द का जन्म पहली जनवरी सन् १८९० को वाराणसी के एक प्रतिष्ठित कायस्थ परिवार में हुआ था ।[१] उनके पिता श्री विजयानन्द एक सरकारी कर्मचारी थे व माता आनन्दी देवी अध्ययनशील स्वभाव की महिला थी । अपने पिता से उन्होंने सच्चरित्रता और ईमानदारी, माता से अध्ययनशीलता और सात्त्विकता, नाना से आध्यात्मिकता और दार्शनिकता के गुण एवं स्वभाव ग्रहण किए ।[२]

सम्पूर्णानन्द की प्रारम्भिक शिक्षा वाराणसी स्थित हरिश्चन्द्र स्कूल से हुई व उच्च शिक्षा हेतु उन्होंने स्थानीय क्वींस कॉलेज में दाखिला लिया । सन् १९१२ में बी० एससी० की परीक्षा उत्तीर्ण कर उन्होंने काशी के लंदन मिशन स्कूल में अध्यापन कार्य प्रारम्भ किया । १९१६ में एल०टी० करने के लिए वे प्रयाग गये और इसके पश्चात् तीन वर्ष इन्दौर के डेली कॉलेज में कार्यरत रहे । तत्पश्चात् उन्होंने बीकानेर के डूँगर कॉलेज के प्रधानाध्यापक पद पर कार्य किया । इस अध्यापनकाल का उपयोग जहाँ उन्होंने विद्यार्थियों के मानसिक स्तर को समृद्ध बनाने के लिए किया, वहीं लेखन कार्य में भी उन्होंने अपने समय का सदुपयोग किया । इस दौरान देश का राजनीतिक परिवेश तेजी से बदल रहा था, असहयोग आन्दोलन शुरू हो चुका था जिससे अंग्रेज विरोधी भावनायें भड़क रही थीं, सम्पूर्णानन्द भी इन परिस्थितियों से प्रभावित हुए बिना नहीं रह सके । राजनीति में भाग लेते हुए उत्तर प्रदेश सरकार में मंत्री व मुख्यमंत्री के पदों को सुशोभित किया और राजस्थान में राज्यपाल का पदभार भी संभाला । राज्यपाल के पद से सेवानिवृत्त होने के पश्चात् अपने अंतिम दिन उन्होंने वाराणसी में व्यतीत किये जहाँ १० जनवरी १९६९ को वे दिवंगत हुए ।

सम्पूर्णानन्द का यह विचार था कि एक अच्छे राष्ट्र के निर्माण के लिए अच्छे समाज का निर्माण आवश्यक है, यही कारण था कि उनकी राजनीति सदैव समाज के कल्याण हेतु प्रेरित रही । समाज कल्याण हेतु किन क्षेत्रों पर एवं किन पहलुओं पर विशेष ध्यान देना आवश्यक है, इसको लेकर उनकी अपनी सोच

* लखनऊ विश्वविद्यालय

एवं अवधारणा थी, अपनी इसी विचारधारा के अनुरूप इन्होंने कई क्षेत्रों में कार्य कियें ।

सम्पूर्णानन्द शिक्षा को किसी भी समाज के विकास के लिए प्रथम शर्त मानते थे । शिक्षा के क्षेत्र में भी इन्होंने कई सुधार किये । शिक्षा का उद्देश्य क्या होना चाहिए इस तथ्य को समाज के समक्ष रखते हुए शिक्षा के व्यापक अर्थ का उन्होंने स्पष्टीकरण किया । सम्पूर्णानन्द के अनुसार – "शिक्षा जीवन के उद्देश्य से भिन्न नहीं हो सकती क्योंकि शिक्षा का वास्तविक कार्य तो मनुष्य को उसकी आन्तरिक सामर्थ्य के अनुसार इस योग्य बनाना है कि वह मानवीय जीवन के उद्देश्यों को समझ सके और मनुष्यता के चरम आदर्श को प्राप्त कर सके ।"[३]

सम्पूर्णानन्द के शिक्षण सम्बन्धी चिंतन का मूल उद्देश्य था समाज को स्वस्थ बनाने हेतु श्रेष्ठ नागरिकों को उत्पन्न करना, जिससे समाज का संचालन उचित ढंग से हो सके । वह पूरे समाज को एक साथ लेकर चलने की बात करते थे । इसके पीछे उनका यह तर्क था, कि समाज का सारा भार थोड़े से ही व्यक्तियों पर नहीं होना चाहिए, क्योंकि यदि ऐसा हुआ, तो इसका परिणाम यह होगा, कि एक दिन उसके सारे अधिकार उन थोड़े से व्यक्तियों के हाथों में चले जाएंगे, और ऐसी स्थिति कल्याणकारी नहीं हो सकती । एक अच्छा नागरिक तभी एक अच्छे समाज के योग्य हो सकता है, जब उसमें इस बात की योग्यता हो कि वह सामाजिक जीवन के लक्ष्य को समझे और यह तभी सम्भव है, जब उसका शिक्षणकार्य सुचारू रूप से हुआ हो ।

सर्वप्रथम शिक्षा का प्रचार-प्रसार इन्होंने प्राईमरी स्तर से शुरू करने का निश्चय किया और बेसिक स्कूलों की स्थापना भी करायी । किसी भी राष्ट्र की प्रगति में महिलाओं के योगदान से भी वे भलीभाँति परिचित थे । इसीलिए अपने शिक्षण सम्बन्धी कार्यक्रमों में उन्होंने बालिकाओं की शिक्षा को महत्त्वपूर्ण स्थान दिया ताकि भारतीय महिलायें देश के निर्माण में अपना सक्रिय योगदान दे सके । उनके द्वारा शारीरिक प्रशिक्षण तथा प्रौढ़ शिक्षा को भी बढ़ावा देने का प्रावधान किया गया । सम्पूर्णानन्द ने विज्ञान एवं ज्योतिष को भी बढ़ावा दिया। लखनऊ में स्थापित म्यूजिक कॉलेज को पुष्पित और पल्लवित किया, उन्होंने स्थापित संग्रहालयों को सुरक्षित रखने एवं नये संग्रहालयों की स्थापना पर भी बल दिया। सम्पूर्णानन्द संस्कृत विश्वविद्यालय में इसीलिए संग्रहालय विज्ञान के शिक्षण का एक विशेष विभाग आज भी कार्यरत है। सम्पूर्णानन्द जब काशी नागरी प्रचारिणी सभा के अध्यक्ष थे, उस समय सभा के तत्त्वाधान में भारत कलाभवन संचालित था । बाद में यह कलाभवन काशी हिन्दू विश्वविद्यालय में स्थानान्तरित हो गया, और अब वह देश के श्रेष्ठ संग्रहालयों में प्रमुख स्थान रखता है ।[४] बच्चों को समुचित ढंग से शिक्षा देने के लिए उन्होंने मनोवैज्ञानिक सलाहकारों का पद भी सृजित किया।

सम्पूर्णानन्द मानते थे कि वही शिक्षा सार्थक है, जिससे कि शिक्षार्थी का नैतिक, मानसिक व आध्यात्मिक विकास हो । उन्होंने शिक्षकों को भी सदैव यही संदेश दिया कि उनका आचरण पारदर्शी एवं उत्कृष्ट होना चाहिए, जिसको छात्र अपने जीवन में उतार सकें । अध्यापक के लिए यह आवश्यक है कि वह ऐसा व्यवहार करें जिसका सकारात्मक प्रभाव शिक्षार्थियों पर पड़े ।[५]

समाज में शिक्षा के समुचित विकास को ध्यान में रखते हुए, उन्होंने हिन्दी एवं संस्कृत भाषा की उन्नति पर विशेष बल दिया । काशी नागरी प्रचारिणी सभा के सभापति, उपसभापति और प्रबन्ध समिति के सदस्य के रूप में उन्होंने आजीवन हिन्दी की सेवा की । डॉ० सम्पूर्णानन्द सरस्वती के उन प्रतिभासम्पन्न पुत्रों में से थे, जिन्होंने हिन्दी को गौरवपूर्ण स्थान प्रदान किया । हिन्दी के अतिरिक्त संस्कृत भाषा को भी उन्होंने पुनः उन्नत बनाने का प्रयास किया ।[६] वे मानते थे कि संस्कृत ही हमारी संस्कृति का आधार है, और हमारी पैतृक सम्पदा की धरोहर भी । संस्कृत भाषा के अध्ययन के अंतर्गत ही काशी के संस्कृत महाविद्यालय के अलावा उन्होंने कामेश्वर सिंह दरभंगा संस्कृत विश्वविद्यालय की स्थापना में भी सहयोग दिया । सम्पूर्णानन्द

ने राजस्थान के राज्यपाल के रूप में संस्कृत विश्वविद्यालय की स्थापना के लिए विशेष समिति नियुक्त की और उसका प्रतिवेदन भी प्राप्त किया। अतः उस समय जब देश पर विदेशी भाषा का रंग चढ़ा था, उन्होंने भारतीय समाज में भारतीयों की ही निजभाषा को प्रोत्साहित किया। समाज के प्रति विश्वविद्यालयों के उत्तरदायित्व को समझाते हुए उन्होंने सदैव स्नातकों को यही शिक्षा प्रदान की। "आपके सामने बहुत बड़ा आदर्श, बहुत बड़ा लक्ष्य होना चाहिए। एक नया संसार बनाना और बसाना है, जिसमें मनुष्य-मनुष्य की भांति रह सके।"[७]

विद्यार्थीयों को शारीरिक रूप से उन्नत बनाने के लिए उन्होंने सैन्य शिक्षा पर भी बल दिया, इस कारण उन्होंने काशी में चेतसिंह शिक्षण शिविर की स्थापना भी की।

सबल राष्ट्र के निर्माण में विज्ञान की भी महत्त्वपूर्ण भूमिका होती है, इस बात से सम्पूर्णानन्द भलीभांति परिचित थे। अतः उन्होंने भारतीय समाज में विज्ञान की स्थिति को सबलता प्रदान की, इस लिए कईं स्थानों पर प्रयोगशालाओं की भी व्यवस्था करायी। विज्ञान के साथ-साथ सम्पूर्णानन्द ने ज्योतिष एवं खगोलशास्त्र के अध्ययन को बढ़ावा देने के लिए नैनीताल में वेधशाला की स्थापना की।[८]

सम्पूर्णानन्द ने अपने द्वारा लिखित साहित्य के माध्यम से उस समय प्रचलित अंधविश्वासों और कुरीतियों पर प्रहार करते हुए भारतीय समाज को एक नई दिशा प्रदान की। 'ब्राह्मण सावधान' व 'हिन्दू विवाह में कन्यादान' जैसी रचनाएँ समाज के विशेष वर्ग के द्वारा व्याप्त रूढ़िवादिता पर प्रहार करती है। अपनी 'अन्तर्राष्ट्रीय विधान' इस पुस्तक के द्वारा उन्होंने सम्पूर्ण विश्व को यह संदेश दिया कि युद्ध करना मनुष्य की हीन प्रवृत्ति का द्योतक है, क्योंकि युद्ध का परिणाम केवल विनाश होता है, दास प्रथा को जन्म तथा नारी का शोषण, यह सब युद्ध समाप्ति भी विनाशलीला की ही देन है।

राजनैतिक विचारधाराओं में सम्पूर्णानन्द समाजवाद के हिमायती थे। अतः उन्होंने एक ऐसे समाज की अवधारणा प्रस्तुत की, जिसमें सभी लोग एक दूसरे के हित की कामना से जुड़े हैं। 'समाज' शब्द की व्याख्या करते हुए उन्होंने लिखा है - "समम् अजन्ति जन्मः अस्मिन् इति" जिसमें लोग मिलकर एक साथ एक गति से एक से चलें वही समाज है। अपनी पुस्तक "समाजवाद" के माध्यम से उन्होंने यह स्पष्ट करना चाहा, कि समाज का प्रत्येक व्यक्ति, चाहे वह मजदूर हो या किसान चाहे पूंजीवादी हो, या शासक वर्ग सबको समाज में समान अधिकार प्राप्त होना चाहिये, तभी एक अच्छे समाज व एक अच्छे राष्ट्र का निर्माण संभव होगा।

समाजवादी व्यवस्था में सम्पूर्णानन्द ने गांवों को भी उचित महत्त्व प्रदान किया। वे जानते थे कि भारतीय समाज की आधी जनसंख्या का निवास ग्रामों में ही है। अतः देश की उन्नति भी तभी संभव होगी, जब गांवों की उन्नति हो। यदि ग्रामीण सम्पन्न होंगे तो उनकी शिक्षा, स्वास्थ्य तथा यातायात के साधनों में भी पर्याप्त वृद्धि हो सकेगी। उनके ही मतों के बल पर सरकारें बनती है, अतः उनके हित साधन के लिए कानूनों का निर्माण अत्यन्त आवश्यक है। उन्होंने कहा कि-'हमको ग्रामों के उत्थान के लिए नियोजित प्रयास करना है। यदि ग्रामीणों का जीवन स्तर उठाना है, तो उनकी आय बढ़ानी होगी।'[९] अतः इस उद्देश्य की पूर्ति के लिए उन्होंने कृषि के नये वैज्ञानिक ढंग तथा कुटीर और लघु उद्योगों को बढ़ावा देने पर बल दिया। इन्हीं समस्याओं को ध्यान में रखते हुए उन्होंने ग्रामों के उत्थान की बात सर्वसाधारण के समक्ष प्रस्तुत की।

सम्पूर्णानन्द स्वस्थ समाज के निर्माण में नारी की भूमिका से भी परिचित थे। महिलाओं के समाज निर्माण में नारी की भूमिका हो सकती है, इस संबंध में उन्होंने 'स्फुट विचार' में अपने विचार प्रगट किये हैं। भारत में महिलाओं की अवनति के कारणों से सम्पूर्णानन्द परिचित थे, वह जानते थे कि भारतीय समाज में स्त्रियों की दशा हेय रही है। मुस्लिम शासन काल में पर्दा-प्रथा, दासी-प्रथा इत्यादि स्त्रियों की दयनीय

दशा को दर्शाती है । सम्पूर्णानन्द स्त्रियों को समाज में उच्च स्थान दिलाने के पक्षधर थे । वह भारतीय स्त्रियों को राष्ट्र की उन्नति का एक बहुत साध्य माध्यम मानते थे, और उनका कहना था कि भारत तभी एक जीवित राष्ट्र बन सकता है जब समाज में स्त्रियों को पुरूषों के समान स्तर का आदर प्राप्त हो । जब तक स्त्री सहधर्मिणी नहीं होती, तब तक पुरुष किसी उत्तम धर्म का पालन नहीं कर सकता ।[१०]

उन्होंने यह स्पष्ट किया कि, यदि स्त्री को समाज में आगे बढ़ाना है, तो उनका पहला कर्तव्य यही है, कि वह अपनी आजीविका का स्वयं उपार्जन करें तभी वे पुरुष वर्ग के समकक्ष होंगी और समाज में रहकर अपना अस्तित्व कायम करेंगी, यही कारण था कि उन्होंने स्त्री-शिक्षा पर बल दिया और कन्या विद्यालय-वाराणसी की स्थापना भी करायी । राजस्थान के राज्यपाल के पद पर रहते हुए उन्होंने गर्भवती स्त्रियों के लिए मुक्त दुग्ध की व्यवस्था भी करायी ।

सम्पूर्णानन्द धार्मिक प्रवृत्ति के व्यक्ति थे । वे यह बात समझते थे, कि किसी राष्ट्र या समाज का स्थायित्व तभी सुरक्षित रह सकता है, जब उस समाज में धर्म की आधारशिला की नींव सुदृढ़ हो । धर्म को वह मानव जीवन का आवश्यक तत्त्व मानते थे । धर्म के स्वरूप को स्पष्ट करते हुए उन्होंने समिधा में लिखा है कि - ''जिस किसी उपाय से अभ्युदय और मोक्ष की प्राप्ति हो, उसे धर्म कहते है ।''[११] सम्पूर्णानन्द ने हिन्दू धर्म में आयी कुरीतियों को दूर करने का प्रयत्न किया, और धर्म का प्रयोगात्मक स्वरूप बढ़ा लिया । उनका मानना था कि केवल वेदों का पठन-पाठन और यज्ञों तथा कर्मकाण्डों का निर्वाह करना ही धर्म का पालन नहीं है, अपितु धर्म तो वह है, जो शरीर और इन्द्रियों की विषयाभिमुख प्रवृत्ति को रोकने का काम करें, बुद्धि को सुसंस्कृत बनाये ।

उन्होंने वेद में उल्लिखित कई वैदिकयुग की कहानियों का संकलन किया जिसे उन्होंने अपनी पुस्तक 'वेद प्रकाश के मंत्रों में' के माध्यम से प्रस्तुत किया । जिसमें उन्होंने सदैव जीवन-पथ में सत्यता और नैतिकता की श्रेष्ठता पर बल दिया है, और प्रत्येक भारतवासी के लिए इसमें यह उपदेश दिया है कि वह सत्य, न्याय, नैतिकता, सभ्यता आदि का मार्ग अपनाये, जो उसके पूर्वजों द्वारा सदैव प्रयोग में लाए गये और इसी संस्कृति के परिणाम का प्रतीक है कि भारत का प्रत्येक नागरिक आचरणयुक्त सभ्यता का प्रमाण देता है । भारतीय ऋषियों के लिए यह वह लिखते हैं कि उन्होंने तप के द्वारा अपनी सभी इच्छाओं को वशीभूत कर लिया है, चलकर उस पद को प्राप्त होते हैं, जो सत्य का परम भण्डार है ।[१२]

हिन्दू धर्म के प्रति उनका एक कटाक्ष जो भारतीय समाज पर किया गया है, वह उनकी 'हिन्दू विवाह में कन्यादान' नामक पुस्तक की रचना में प्राप्त होता है, जिसमें उन्होंने स्वतंत्ररूप से यह विचार प्रगट किए हैं, कि कन्या कोई सम्पत्ति नहीं है, जो दान की जा सके । वह तो 'तारिणी दुर्गसंसारसागरस्य' है । कन्या केवल वर की सुख-सुविधा के लिए समर्पित नहीं की जाती, अपि तु उसके माध्यम से सनातन शाश्वत धर्म की सेवा होती है । गृहस्थाश्रम सामाजिक व्यवस्था की रीढ़ है । प्रत्येक युवक एवं युवती को विवाह बंधन में बंधकर समाज तथा राष्ट्र के प्रति अपने कर्तव्य का अच्छी तरह पालन करना है ।

सम्पूर्णानन्द दार्शनिक के रूप में उस समय भारतीय समाज के समक्ष उभरे जब उन्होंने अपनी पुस्तक 'जीवन और दर्शन' में उस भारतीय परिवेश में जन्म ले रही साम्प्रदायिकता पर तीव्र प्रहार करते हुए उसे सत्ता से मुक्त रखने का आह्वान किया । साम्प्रदायिकता की भावना मनुष्य की उच्च सोच को संकीर्ण बना देती है ।

सम्पूर्णानन्द सदैव किसी न किसी रूप में भारत के उन महापुरुषों का चरित्र भारतीय समाज के सम्मुख रखे जो कि अपने आदर्शों, कर्तव्यों, तप और दृढ़ प्रतिज्ञा के रूप में समाजसुधारक भी कहे जा सकते हैं।

उन्होंने महात्मा गाँधी के तप, सत्य और अहिंसा के बहुमूल्य जीवन को समाज के सम्मुख रखते हुए उन आचरणों को अपने जीवन में उतारने का आदेश प्राणिमात्र को दिया है। राष्ट्रभक्ति तथा वीरता जैसे गुणों ने सम्पूर्णानन्द को सदैव प्रभावित किया था, और इसी से प्रेरित होकर 'हर्षवर्धन', 'सम्राट् अशोक', 'महाराज छत्रशाल' आदि पर अपनी रचनायें लिखकर समाज को अर्पित की। वे लिखते है- 'महापुरूषों के जीवनचरित्र मनुष्य मात्र के लिए आदर्श होते हैं। साधारण मनुष्य बड़े काम को देखकर घबरा उठता है। साधनों की न्यूनता उसके उत्साह को ठण्डा कर देती है, परन्तु 'क्रियासिद्धिः सत्त्वे भवति महतां नोपकरणे' यह अमूल्य शिक्षा हमको महात्माओं के जीवन से ही मिलती है।

सम्पूर्णानन्द द्वारा सदैव आर्य समाज संस्कृति का पक्ष लिया गया क्योंकि वे मानते थे कि इसने भारत में ही नहीं अपितु विश्व के अनेक देशों में भी शान्ति और एकता का संदेश प्रसारित किया। उन्होंने अपनी वैज्ञानिक विचारधारा को भी समाज के लिए सुरक्षित रखा और इसे अपनी पुस्तक 'पृथ्वी से सप्तर्षिमण्डल' तथा 'अंतरिक्ष यात्रा' के द्वारा प्रस्तुत किया। उन्होंने विज्ञान की शिक्षा को प्रोत्साहित करने की बात की। नैनीताल में वेधशाला की स्थापना व वैज्ञानिक साहित्य की रचना, इनका इस दिशा में प्रयास था।

अतः डॉ० सम्पूर्णानन्द ने समाज एवं राष्ट्रनिर्माण से संबंधित हर समस्या को भली भांति समझा, और जीवन के प्रत्येक क्षेत्र में इस समस्या का समाधान करने हेतु कई प्रत्यक्ष एवं अप्रत्यक्ष सकारात्मक प्रयत्न किये। उनका पूरा जीवन इस दिशा में समर्पित रहा, यही कारण था कि विभिन्न महत्त्वपूर्ण पदों पर कार्य करते हुए स्वयं उन्होंने अपने मानवीय, नैतिक तथा राजनैतिक कर्तव्यों का निर्वहन भी किया। इस प्रकार अपने आदर्श व्यक्तित्व के द्वारा उन्होंने आज के समाज के नेताओं के समक्ष एक आदर्श प्रस्तुत किया।

## सन्दर्भ


१. जगदीशचन्द्र दीक्षित, 'डा० सम्पूर्णानन्द', पृष्ठ २, वर्ष १९८८

२. उपर्युक्त, पृष्ठ ३

३. डॉ० सम्पूर्णानन्द, ''चिद्विलास'', वाराणसी, १९५९, पृष्ठ २४३

४. उपर्युक्त, पृष्ठ २४४

५. डॉ० सम्पूर्णानन्द, 'दि परपज आफ एजूकेशन', इलाहाबाद शिक्षा, ६ जनवरी, १९५४, पृष्ठ ६७

६. ''विश्वदृष्टि'' (डॉ० सम्पूर्णानन्द स्मृति ग्रन्थ) सम्पूर्णानन्द संस्कृत विश्वविद्यालय, वाराणसी, पृष्ठ ११२-११४

७. डॉ० सम्पूर्णानन्द, 'जीवन एवं चिन्तन', जोधपुर विश्वविद्यालय के प्रथम समावर्तन समारोह में दीक्षान्त भाषण, सम्पूर्णानन्द ग्रन्थमाला वाराणसी, १९९४, पृष्ठ ११२-११४

८. सम्पूर्णानन्द, 'साइंटिस्ट आफ टुमारो', उत्तर प्रदेश शिक्षा विभाग, इलाहाबाद, १९५०, पृष्ठ ५६

९. सम्पूर्णानन्द, 'स्फुट निबंध', मार्च १९७९, पृष्ठ १९६

१०. डॉ० सम्पूर्णानन्द, 'समिधा', पृष्ठ १०४, प्रकाशक : नागरी प्रचारिणी सभा, वाराणसी, १९६९

११. उपर्युक्त, पृष्ठ १२०

१२. सम्पूर्णानन्द, 'आर्यों का आदि देश', इलाहाबाद, १९१७, पृष्ठ ७.

# આપણી નગરીય સંસ્કૃતિનું નામકરણ અને સંલગ્નિત મુદ્રા

◈

ડૉ. રસેશ જમીનદાર*

**ભૂમિકા :**

આપણે એથી અવગત છીએ કે ઇતિહાસનું નિરૂપણ શેષ રહેલી કે અવશિષ્ટ રહેલી સામગ્રી ઉપરથી થતાં અર્થઘટિત અનુમાનનું શાસ્ત્ર છે. એનાં ખેડાણ વિવિધ સમયે વિભિન્ન દૃષ્ટિબિંદુથી થતાં રહે છે અને તે પરિવર્તનને અધીન છે. અલબત્ત, આવાં પરિવર્તિત અર્થઘટન અવશ્ય અતીતની મૂલગત સામગ્રીની સહાયથી થાય છે. તેથી જેમ જેમ જ્ઞાપકો હાથવગાં થતાં જાય તેમ તેમ પૂર્વ-અનુમિત અને પૂર્વ-અર્થઘટિત લખાણ પણ પલટાતાં રહે છે. આથી, ઇતિહાસનાં આલેખન નવેસરથી અને તત્કાલે પ્રચલિત અભિગમથી થતાં રહેવાં જોઈએ. જો કે એકાંગી અન્વેષણને સ્થાને આંતરવિદ્યાકીય અભિગમ મહત્ત્વ ધારણ કરે છે, કરતો રહે છે. ઇતિહાસનાં અંગોપાંગ પરસ્પર કેટલાં અવલંબિત છે તે પ્રસ્તુત લખાણથી સ્પષ્ટ કરવાનો ઉદ્દેશ છે.

આપણી અસ્મિતાનાં વ્યક્તિત્વને પારદર્શક પરિપ્રેક્ષ્યમાં અવલોકવાં હોય કે ઉપસાવવાં હોય કે એથી ઉજાગર થવું હોય; આપણે જ્ઞાનવિજ્ઞાનના ક્ષેત્રે આપણી પોતીકી પ્રતિભાને વિશ્વસ્તરે ઊંચી ઉઠાવવી હોય તો આપણે આપણા પર્યાવરણનો સંદર્ભ અંકે કરવો જોઈએ તથા આપણાં પોતીકાં જ્ઞાપકોનો વિનિયોગ કરીને તે દ્વારા નિષ્પાદિત વિચાર, આપણી સાંસ્કૃતિક-સાંસ્કારિક ભૂમિકાના પરિવેશમાં, મૂલાવવો ઇષ્ટ બની રહેશે. આ મિષે આપણાં અધ્યયન-અધ્યાપન-અન્વેષણની ત્રિજ્યાને લંબાવવી પડશે અને દેશસ્થ દૃષ્ટિબિંદુથી કાર્યાન્વિત અને ક્રિયાશીલ કરવાં પડશે. અન્યથા, આપણાં સત્ત્વનાં-તત્ત્વનાં સર્જન-નિર્માણ શક્ય તો બનશે નહીં પણ વિકૃતિના પરિઘમાં અવશ્ય અટવાઈ જશે. આમ ના થાય તે સારુ આપણા રાષ્ટ્રમાં આપણે સમર્થ અને પ્રતિભાવંત વિચારક, વિજ્ઞાની અને વિદ્વજ્જન સમાજને અર્પિત કરીએ એ પ્રકારનાં જ્ઞાન-વિજ્ઞાનનાં પ્રક્રિયા-પ્રવૃત્તિ-પદ્ધતિ-પ્રશિક્ષણ હાથ ધરવાં જોઈશે એ સમયનો તકાજો છે. વાંસોવાંસ વિશ્વકક્ષાનાં આપણાં અન્વેષણને આપણે અંકે કરવાં કેટલાં જરૂરી છે અને વિવિધ ક્ષેત્રે આવા તજ્જ્ઞ સંખ્યાતીત છે જેનાં અન્વેષિત પરિણામ અને પરિમાણને આપણે નજરઅંદાજ કરવાનું મહાપાપ કરીએ છીએ અને સામ્યવાદી અભિગમથી અને પશ્ચિમી દૃષ્ટિબિંદુથી લખાયેલાં લખાણ ઇતિકૃતિને પોષક ના હોવા છતાંય એનાં વારંવાર ગુણગાન ગાવામાં ગૌરવ અનુભવીએ છીએ એમાં કઈ અસ્મિતા પ્રજ્વલિત કરીએ છીએ તે યક્ષપ્રશ્ન છે.

આ ભૂમિકાના સંદર્ભે અને વૈચારિક પરંપરાના પરિપ્રેક્ષ્યમાં આપણાં પોતીકાં વિચારને-વિભાવનાને -વ્યક્તિત્વને-વ્યવહારને કરકોલી ખાતાં સામ્યવાદી અને બ્રિટિશ દૃષ્ટિબિંદુથી ભ્રામક રીતે પ્રસારિત થયેલા કેટલાક યજ્ઞપ્રશ્નમાં એક છે નગરીય સંસ્કૃતિના નામકરણ સબબનો. આની સાથે વિશેષ સંલગ્નિત પણ ધ્યાનાર્હ રીતે વિશેષ પડકારરૂપ યક્ષપ્રશ્ન છે 'આર્ય-આક્રમણ'નો તેમ જ આર્યપ્રજાનાં આક્રમણના અભિગમથી વિકૃત થયેલાં આપણાં ઇતિકૃતિ લખાણના ગ્રહણમાંથી મુક્ત થવાનો પ્રયાસ. (આ મુદ્દા વિશે જુઓ આ લેખકનો એક દીર્ઘનિબંધ કે પ્રકરણપ્રમાણ કે મોનગ્રાફ- 'યક્ષપ્રશ્ન આર્યોનો : ઐતિહાસિક વિશ્લેષણ', **"સંબોધિ"**, પુસ્તક ૨૪, ૨૦૦૧, પૃષ્ઠાંક ૪૬ થી ૯૭).

આપણાં રાષ્ટ્રીય ઇતિહાસ અને સંસ્કૃતિ ભાતીગળ છે. એનું ભાતીગળપણું એક તરફ વિશ્વ આકર્ષણ ઉદ્‌ભાવિત કરે છે, તો અન્યથા એમાંથી ઉદ્‌ભૂત પ્રશ્ન મૂંઝવણ જન્માવે છે. કહેવાનું તાત્પર્ય એ છે કે આપણાં ઇતિકૃતિના પ્રશ્ન પણ ભાતીગળ છે. આવા પ્રશ્નમાંથી કેટલાક ભ્રામક રીતે પ્રચારિત છે, કેટલાક ઉકેલાય છે, તો કેટલાક ઉકેલની દિશામાં છે. પુરાવાથી પરિપૂર્ણ રીતે ઉકેલાઈ ગયેલા પ્રશ્ન પણ અન્યથા કેટલાક લેખકો

* બી/૧૦, વસુ એપાર્ટમેન્ટ્સ, શ્રીજી પેલેસ સામે, નારણપુરા, અમદાવાદ-૩૮૦૦૧૩

સમજપૂર્વક વિવાદી બનાવે છે. આપણા પ્રસ્તુત લખાણ વાસ્તેનો પ્રશ્ન છે : સિંધુ-ખીણ-સંસ્કૃતિના નામકરણનો.

અહીં, આ બાબતે પ્રગટ-પ્રકાશિત વિચારોને પ્રાધાન્ય આપીને સંકલન પ્રસ્તુત કર્યું છે.

**સિંધુ-ખીણ-સંસ્કૃતિનું નામકરણ :**

પ્રાક્-સ્વાતંત્ર્ય-સમયે હડપ્પા અને મોહેં-જો-દડોનાં મહાનગર અને અન્ય નાનીમોટી વસાહત જે નદીકાંઠે નિર્માણ પામ્યાં હતાં તે નદીના નામ ઉપરથી તે સિંધુખીણસંસ્કૃતિથી ઓળખાતાં હતાં અને તે નામે ગ્રંથો પણ પ્રગટ થતા રહ્યા હતા. પણ સ્વાતંત્ર્યોત્તર સમયે આ નામકરણ મુદ્દે ઇતિવિદો અને પુરાવિદો વચ્ચે તેમ જ સામ્યવાદી ઇતિલેખકો અને રાષ્ટ્રીય અભિગમી ઇતિહાસકારો વચ્ચે મહાભારત યુદ્ધ જેવો માહોલ સર્જ્યો છે. આનું મુખ્ય કારણ એક પક્ષે પોતાનાં અર્થઘટનને વળગી રહીને નવાં જ્ઞાપકોને નજરઅંદાજ કરવાનો હઠાગ્રહ છે તો બીજે પક્ષે અભિનવ સાધનોનો ઇતિહાસીભાવે વિનિયોગ કરીને વિશિષ્ટ અર્થઘટન પ્રજાપ્રત્યક્ષ કરવાનો રાષ્ટ્રીય અભિગમ છે.

સામાન્યતઃ પ્રજાસમસ્ત તો હડપ્પા-મોહેં-જો-દડોની સંસ્કૃતિને ભારતીય સંસ્કૃતિનો એક હિસ્સો ગણે છે. એમની વાચનસામગ્રી મર્યાદિત છે અને પશ્ચિમી અભિગમી માનસિકતાને કારણે અભિનવ અર્થઘટનને અંકે કરવામાં અવરોધી બની છે. બીજું કારણ એ છે કે પશ્ચિમપરસ્ત અને સામ્યવાદી વિચારધારાથી બદ્ધ ઇતિલેખકો બહુ બોલકા હોવાથી તેમ જ રાજ્યાશ્રિત હોવાથી દેશસ્થ અને નીજી સાધનોને આધારે કાર્યરત ઇતિહાસકારોનાં લખાણ એમને કોઠે પડતાં નથી.

પરન્તુ ઇતિહાસની બુનિયાદી વિભાવના તો એ છે કે ઇતિકૃતિ વિશેનાં લખાણ સમયાંતરે પરિવર્તનને અધીન છે; કેમ કે સમયે સમયે વિશિષ્ટ સ્વરૂપે અને અભિનવ રીતે સાધનસામગ્રી, ઉત્ખનનથી કે સ્થળતપાસથી કે વિભિન્ન અર્થઘટનથી, પ્રાપ્ત થતી રહે છે અને આ કારણે પૂર્વનિર્દિષ્ટ ખ્યાલ કે અર્થઘટનમાં બદલાવ જરૂરી બને છે. આ પાયાની હકીકતને નજરઅંદાજ કરવાની એક વર્ગની મનોદશાને કારણે મહાભારતનો માહોલ સર્જાય છે. વિભિન્ન સમયે પ્રાપ્ત થતાં જતાં સાધન અને પ્રત્યક્ષ થતી જતી વિવિધ પ્રકારની સામગ્રી પરત્વે રહેલ અશ્વડાબલાને (અશ્વઅંધારી યા બ્લિંકર્સ) દૂર કરવામાં આવે તો યુદ્ધશાંતિ હાથવેંતમાં જણાય. પણ એકાંતિક (die-hard) માનસિકતા આ વાસ્તે અવરોધરૂપ બની રહે છે.

હવે જમીની હકીકતો કે ભૂમિગત વિગતોથી ઉજાગર થવું એ આ લખાણનો મુખ્ય ઉદ્દેશ છે.

**ત્યારે અને આજે જ્ઞાપકોની પરિસ્થિતિ :**

ગઈ સદીના ત્રીજા, ચોથા અને પાંચમા દાયકા દરમિયાન હડપ્પા અને મોહેં-જો-દડોની નગર-સંસ્કૃતિ અન્વયે જે ઉત્ખનિત સામગ્રી હાથ લાગી અને તેનાં જે પરિણામ ઊપસી આવ્યાં અને જે ગ્રંથાકારે પ્રજાપ્રત્યક્ષ થયાં તે; અને તે પછી વીસમી સદીના ઉત્તરાર્ધમાં જે સામગ્રી ઉત્ખનનથી-સ્થળતપાસથી આપણી પ્રત્યક્ષ થઈ જેથી જે અભિનવ પરિણામી પરિમાણ ઊભરી આવ્યાં તે. આ બંને સમયનાં સાધન પરસ્પર સાથે રાખી સમગ્ર પ્રશ્ન વિશે વિચારીએ તો સ્પષ્ટ થાય છે કે વીસમી સદીના પૂર્વાર્ધમાં પ્રાપ્ત થયેલાં સાધન અને તે આધારે તારવેલાં તારણ અનુકાલનાં સાધનના પરિપ્રેક્ષ્યમાં પરિવર્તનની મોકળાશ હાથવગી કરી આપે છે.

શરૂઆત આપણે નગરીય-સંસ્કૃતિના નામકરણથી કરીએ.

સામાન્ય રીતે આપણી પૂર્વકાલીનતમ નગરીય સંસ્કૃતિ 'સિંધુ-ખીણ-સંસ્કૃતિ'થી સુખ્યાત રહી છે. આ ખ્યાલ વર્તમાને પણ die-hard બની ગયો છે. ૧૯૩૧માં સર જહોન માર્શલના અભ્યાસાવધિ દરમિયાન જે પરિસ્થિતિ હતી તે અને અનુકાલમાં હાથ લાગેલાં નવાં સાધન પછી નિર્માયેલી પરિસ્થિતિ વચ્ચે આભ-પૃથ્વીનું અંતર છે. ત્યારે આપણે ફક્ત પચાસ જેટલાં હડપ્પીય સ્થાનથી-વસાહતથી અભિજ્ઞ હતા. વર્તમાને તે સંખ્યા ચૌદસો સુધી પહોંચી છે. ત્યારે ફક્ત સિંધુ ખીણ અને તેની સહાયક નદીઓમાં જ આ સ્થળવિશેષ

જાણીતાં હતાં, પરન્તુ આજે સરસ્વતી-નદી-ખીણ અને એની સહાયક નદીઓમાં સંખ્યાતીત સ્થળવિશેષ પ્રાપ્ત થયાં છે અર્થાત્ સિંધુ અને સહાયક નદીઓના કાંઠેથી આશરે દોઢસો જેટલી વસાહત હાથ લાગી છે, જ્યારે સરસ્વતી અને તેની ઉપનદીઓના કિનારેથી આશરે પાંચસોથી વધારે વસ્તીસૂચક સ્થળ હાથ લાગ્યાં છે.

આથી હડપ્પા અને મોહેં-જો-દડો તેમ જ આપણી પૂર્વકાલીનતમ અન્ય નગરીય સંસ્કૃતિઓ એ કેવળ સિંધુખીણની ભેટ નથી, પણ સરસ્વતીખીણ અને એની ઉપનદીઓનો પણ એથીય વિશેષ ફાળો રહ્યો છે તે બાબત ધ્યાનાર્હ રહેવી જોઈએ. આ બાબતને ધ્યાનમાં લેતાં અને ઋગ્વેદમાં સરસ્વતી નદીનો વારંવાર થયેલો નિર્દેશ નજરઅંદાજ ના કરતાં આપણી નગરીય સંસ્કૃતિઓનાં નામકરણમાં સિંધુ સાથે સરસ્વતીનું નામ સાંકળવામાં ઇતિહાસી અભિગમ સ્પષ્ટ બને છે અને તેમાંય સરસ્વતી નદીને ઋગ્વેદમાં नदीतमे (સહુથી મોટી નદી) તરીકે સંબોધી હોઈ આપણે કોઈ પણ પ્રકારના અવરોધ વિના નગરીય સંસ્કૃતિઓને **'સરસ્વતી-સિંધુ-સંસ્કૃતિ'**થી ઓળખીએ એમાં **વૈજ્ઞાનિક સત્ય** અને **ઇતિહાસી તથ્ય**ના સિદ્ધાન્તનું સંપોષણ અનુભવાય છે; બલકે એ જ प्रज्ञानं ब्रह्म (ઐતરેય ઉપનિષદ મુજબ) છે.

**સરસ્વતી નદી વિશે વિજ્ઞાની તથ્ય :**

નામકરણમાં સિંધુ પૂર્વે સરસ્વતીનો ઉલ્લેખ સહેતુક છે. સરસ્વતી નદી બાબતે થયેલાં અવલોકન અહીં નિર્દેશવાં જરૂરી છે. સામ્યવાદી ઇતિલેખક ઇરફાન હબીબ સરસ્વતી નદીને એક સામાન્ય નાના ઝરણા તરીકે ઓળખાવે છે અને જે હરિયાણામાં અસ્તિત્વમાં હતી. પણ આ પ્રકારના ઉલ્લેખ કરતી વેળાએ તેઓ ધરાર વૈજ્ઞાનિક શોધને સહેતુક (એટલા વાસ્તે કે પોતાનો કક્કો-ખ્યાલ અગ્રેસર રહે તે) દબાવી રાખે છે. આ વિજ્ઞાની સત્યના શોધકોમાં અગ્રેસર છે જાણીતા વિજ્ઞાની પ્રાધ્યાપક યશપાલ. એમણે સહયોગીઓના સાહચર્યથી remote sensing method નો વિનિયોગ કરીને રાજસ્થાનનાં રણમાં સરસ્વતી નદીના સૂકાયેલા વહેણનાં ચિહ્ન હાથવગાં કર્યાં છે, ૧૯૮૪માં. એમણે પ્રગટ કરેલો લેખ 'Remote Sensing of the Lost Saraswati River' સહુએ અશ્વઅંધારી દૂર કરીને ધ્યાનથી વાગોળવો જોઈએ. આ લેખ 'ફ્રન્ટિયર્સ ઑફ ધ ઇન્ડસ સિવિલિઝેશન' નામના ગ્રંથમાં પુનઃ પ્રગટ થયેલો છે (ગ્રંથસંપાદન બી.બી.લાલ અને સ્વરાજ પ્રકાશ ગુપ્તા). આ બધા શીર્ષસ્થ વિજ્ઞાનીઓ અને પુરાવિદો છે. પાકિસ્તાનના અગ્રણી પુરાવિદ એમ.આર.મુઘલે પણ એમના ક્ષેત્રકાર્યનાં અવલોકનને આધારે યશપાલ વગેરેના મતને સમર્થન બક્ષ્યું છે, Cholistan નામના ગ્રંથમાં. છેલ્લા અઢી દાયકા દરમિયાન ભાષાવિજ્ઞાનીઓએ અને ભૂસ્તરશાસ્ત્રીઓએ પ્રગટ કરેલા શોધલેખમાં પણ યશપાલ વગેરેનાં તારણોને સ્વીકૃતિ બક્ષી છે. આ લેખકો મુજબ સરસ્વતી નદીનો તત્કાલે વિદ્યમાન પ્રવાહ ઘણો વિશાળ અને નયનરમ્ય હતો. ક્યાંક તો તેનો પ્રવાહપટ આઠથી દશ કિલોમીટર પહોળાઈ અંકે કરતો હતો. આ મુદ્દાને સમર્થિત રીતે સાબિત કરવાનો યશ સ્વીડીશ એક્સ્પિડિશનને ફાળે જાય છે. આ સાહસના વડા હતા M.R.Hanna Rydh. એમણે અને સાથીઓએ ૧૯૫૨-૫૪ દરમિયાન રાજસ્થાનમાં સૂકાઈ ગયેલી સરસ્વતી નદીના પટમાં કરેલ બોરનાં તારણરૂપ આ હકીકત પ્રત્યક્ષ થઈ છે.

ગઈ સદીના અંતના અને વર્તમાન સદીના પ્રારંભના સંધિકાળે થયેલા ભૂસ્તરીય અભ્યાસોએ સ્પષ્ટ કર્યું છે કે સરસ્વતી નદી હિમાલયમાંથી ઉદ્ભવી (હિમનદીમાંથી) હોઈ તેનો જળરાશિ સતત વહેતો રહ્યો હતો, પરન્તુ Tectonic પરિસ્થિતિને કારણે જે કેટલીક ઊથલપાથલ થઈ તેને લીધે પાણીપુરવઠો વિશેષ માત્રામાં મળતો બંધ થયો. આ નદી આમ હિમનદીમાંથી જન્મી ચોલીસ્તાન (વર્તમાન પાકિસ્તાનના ભાવલપુર વિસ્તારમાંથી) તરફ વહી.

૧૯૯૯માં ભારતીય ભૂસ્તરીય પરિષદ (મુખ્ય અધિષ્ઠાન બંગાલુરુ) નામની સંસ્થાએ Vedic Saraswati નામનો ત્રણસો પૃષ્ઠનો વ્યાપ ધરાવતો શોધગ્રંથ (Memoir No. 42) પ્રગટ કર્યો જેમાં ૩૦ થી વધુ શોધપત્ર આ બાબતે પ્રગટ થયાં છે. આ ગ્રંથનું વાચન આ મુદ્દે ધ્યાનયોગ્ય બની રહે છે. ગ્રંથનું સંપાદન

B.P. Radhakrishna અને S.S.Merh એ કર્યું છે. આશ્ચર્ય એ વાતનું છે કે ઇરફાન હબીબ અને તેમની વિચારમંડળીએ આવાં વિજ્ઞાની તથ્ય અને તારણની અવગણના કરી છે. સંભવ છે એમની સામ્યવાદી વિચારપ્રતિબદ્ધતાને આ શોધકાર્ય અનુકૂળ નહીં આવતાં હોય.

મહાકાવ્ય મહાભારત મુજબ જ્યારે સરસ્વતી નદી સૂકાઈ રહી હતી ત્યારે બલરામ (વસુદેવપુત્ર અને શ્રીકૃષ્ણના ગુરુબંધુ) યાત્રાએ જઈ રહ્યા હતા. અર્થાત્ સરસ્વતી નદી ઇસવીપૂર્વ ચોથી સહસ્રાબ્દી પહેલાં વિદ્યમાન હતી. મહાભારતના યુદ્ધનો સમય ઇસવીપૂર્વ ૩૧૩૮નો નિર્ણિત થયો છે. આ નદી ઇસ્વીપૂર્વ ૨૨૦૦ થી ૧૯૦૦ વચ્ચેની સમયાવધિમાં સૂકાઈ ગઈ હતી. અમેરિકી અવકાશી સંસ્થાએ સરસ્વતી નદીની તળભૂમિનાં ચિત્રની સહાયથી સૅટલાઈટ નકશા તૈયાર કર્યા છે અને સૂચિત કર્યું છે કે આ નદીનો પટ આશરે ચૌદ કિલોમીટર પહોળો હતો. જોધપુર સ્થિત Central Arid Zone Research Instituteના વિજ્ઞાનીઓએ પણ સરસ્વતી નદીનો પટ શોધી કાઢ્યો છે. એમના મતે અન્ય નદીના પટ કરતાં સરસ્વતી નદીનો પટ હજારો વર્ષ પૂર્વેનો છે. તેમના જણાવ્યા મુજબ અન્ય નદીના પટની તવારીખ ઈસ્વીપૂર્વ ૧૮૦૦ ની સૂચિત થતી હોઈ સરસ્વતી નદીનો પટ તે પૂર્વે હજારો વર્ષ પુરાણો હોય.

આ બધા પૃથક્કૃત અહેવાલ પરથી એટલું ચોક્કસ પુરવાર થાય છે કે સરસ્વતી નદી ઘણી મોટી નદી હતી, તેનો પટ અસાધારણ પહોળાઈ ધરાવતો હતો, તે મહાભારતની પૂર્વકાલીન હતી અને ભયંકર દુકાળને કારણે ઇસવીપૂર્વ ત્રીજી સહસ્રાબ્દી દરમ્યાન સુકાઈ ગઈ હતી અને તેથી તે 'લુપ્ત સરસ્વતી'થી વિખ્યાત થઈ.

પરન્તુ ઉત્ખનિત તારણોથી સ્પષ્ટ થયું છે કે વિલુપ્ત સરસ્વતી નદીના કિનારે સંખ્યાતીત સંસ્કાર-સંસ્કૃતિ-કેન્દ્ર વિદ્યમાન હતાં. આથી એવું સૂચિત થાય છે કે વેદની સંહિતાઓ આ નદીના ખીણપ્રદેશમાં નિર્માણ પામી હતી, કહો કે રચાઈ હતી. ઋગ્વેદમાં સમકાલીન ભારત બાબતે જે વર્ણન થયું છે તે ભયાનક દુકાળ પૂર્વેના ભારતનું વર્ણન છે. આથી એટલું જરૂર સ્પષ્ટ થાય છે કે સિંધુખીણ સંસ્કૃતિ એ વૈદિક સંસ્કૃતિનું, કહો કે વૈદિકપરંપરાઓનું કે વૈદિક માહોલનું, કેવળ અનુકાલીન સાતત્ય માત્ર છે. (જુઓ 'ધ હિન્દુ' દૈનિકના ૧૯-૧૨-૨૦૦૦ના અંકમાં Rewritting Indian History (લેખક Francois Gauter) ગ્રંથનું Looking Beyond the Aryan Invasion અવલોકન). આ દષ્ટિએ પણ આપણી પૂર્વકાલીનતમ નગરીય સંસ્કૃતિનું નામાભિધાન **સરસ્વતી-સિંધુ-સંસ્કૃતિ** ખસૂસ યોગ્ય બની રહે છે.

## સંલગ્નિત કેટલાક મુદ્દા

### આર્ય-આક્રમણ બાબતે

આર્યો વિદેશી હતા અને તેમણે ભારતીય સંસ્કૃતિ ઉપર આક્રમણ કર્યાં હતાં તે મુદ્દો હવે સમય બહારનો બની રહ્યો છે. આ એક સામ્યવાદી અભિગમ છે અને પશ્ચિમી આક્રમણ છે ભારતનાં ઇતિહાસ અને સંસ્કૃતિને નીચાજોણું દેખાડવા વાસ્તે.

અમેરિકી પુરાવિદ પૌલ હેન્રી ફ્રૅંક ફ્રોર્ટે ગઈ સદીના નેવુંના દાયકામાં સરસ્વતી નદીનો અભ્યાસ કરીને પુરવાર કર્યું છે કે ઈસવીપૂર્વ ૨૨૦૦ આસપાસ અનુભવેલા અભૂતપૂર્વ ભાયનક અને વિનાશક દુકાળને કારણે સરસ્વતી નદીએ ખીણના વિસ્તારને નિરસ અને સૂકો બનાવી દીધો અને નદીનાં જળરાશિ સુકાઈ જતાં લોકો સ્થળાંતર કરીને પશ્ચિમ દિશામાં વિચરી ગયા અને સિંધુ-સતલજ નદીઓના કાંઠાપ્રદેશમાં સ્થાયી થયા, જ્યાં તેમણે નગરસંસ્કૃતિનાં નિર્માણ કર્યાં. એટલે જેના ખીણપ્રદેશમાં વૈદિક સંસ્કૃતિ ઉદ્‌ભવી અને પાંગળી તે સરસ્વતી નદીના અનુકાલમાં સિંધુ-સંસ્કૃતિ વિસ્તાર પામી. આ દૃષ્ટિએ સમયાંકનમાં સિંધુ-સંસ્કૃતિ વૈદિક-સંસ્કૃતિ પછી નિર્માણ પામી તે સુસ્પષ્ટ થાય છે.

સિંધુ-ખીણ-સંસ્કૃતિની લિપિ વૈદિક પરંપરાની છે એ બાબતની સમસ્યાઓનો ઉકેલ ગાણિતિક નવરત્ન

એસ. રાજારામે અને ભાષાવિજ્ઞાની નટવર ઝાએ આશરે ૨૦૦૦ જેટલી મુદ્રાઓના અભ્યાસથી કર્યો છે. વેદના અંત કાલની વાઙ્મય સંસ્કૃતિ સાથે સિંધુ સંસ્કૃતિનો ઘનિષ્ઠ ઘરોબો હોવાનું આથી સૂચિત થાય છે.

આ બંને વિદ્વજ્જનોનાં નિરીક્ષણને સમર્થન પ્રાપ્ત થયું છે ધોળાવીરાના ઉત્ખનનથી. આ પ્રાક્-હડપ્પીય નગર હોવાનું સાબિત થયું છે. અહીંથી પ્રાપ્ત પુરાવશેષોએ વૈદિક સંસ્કૃતિ અને હડપ્પા સંસ્કૃતિ વચ્ચેના સંબંધને સ્પષ્ટ કર્યો છે. આ બંને સંસ્કૃતિને સાંકળતી કડીઓમાં મુખ્ય છે ધોળાવીરામાંથી હાથ લાગેલી મહાકાય પાષાણપ્રતિમા. આ શોધ અહીંની પહેલપ્રથમ છે અને તેનું સમયાંકન થયું છે ઈસ્વીપૂર્વની ત્રીજી સહસ્રાબ્દીના પ્રથમ ચરણનું. આથી, સ્પષ્ટ સાબિત થાય છે કે ઋગ્વેદનો સમય હડપ્પા સંસ્કૃતિના સમય કરતાં ઘણો પૂર્વકાળનો છે. વેદોમાં ઉત્તર ભારત અને પશ્ચિમોત્તર ભારત સંબંધિત ઉલ્લેખ થયેલા છે અને ધોળાવીરા પશ્ચિમોત્તર ભારતમાં સ્થિત છે.

ધોળાવીરામાંથી પ્રાપ્ત પ્રતીકો લખાણ વિનાનાં છે. એક ઉપર પીપળવૃક્ષની બે ડાળી વચ્ચે ઊભેલી શીંગડાંયુક્ત શિરસ્રાણ ધારણ કરેલી આકૃતિ પૌરાણિક દૃશ્ય દર્શાવે છે. જ્યારે મોહેં-જો-દડોમાંથી આવી એક મુદ્રા હાથ લાગી છે જે લખાણયુક્ત છે. આથી,સ્પષ્ટ થાય છે કે વૈદિક-સંસ્કૃતિ પ્રાક્-હડપ્પીય સંસ્કૃતિ છે. અહીં એ ધ્યાનાર્હ રહે કે વૈદિક-સંસ્કૃતિનું પ્રમુખ-લક્ષણ છે વાણીગત પરંપરા. આમ, ધોળાવીરા એ વૈદિક સંસ્કૃતિ અને હડપ્પા સંસ્કૃતિને સાંકળતું મહત્ત્વનું એક માત્ર નગર છે.

વૈદિક સંસ્કૃતિ યજ્ઞસંસ્કૃતિ છે અને પશ્ચિમમાં બલુચિસ્તાનથી પૂર્વમાં ઉત્તરપ્રદેશ સુધી અને દક્ષિણમાં ગુજરાત સુધી ઘણાં હડપ્પીય કેન્દ્રમાંથી યજ્ઞશાળાના અવશેષ પ્રત્યક્ષ થયા છે. પાકિસ્તાનના પુરાવિદ અહમદ હસન દાણીના શોધમત અનુસાર આ સમગ્ર વિસ્તાર પ્રાક્-હડપ્પીય સંસ્કૃતિનો છે જે યજ્ઞશાળાયુક્ત એવી એક સંસ્કૃતિની અસર હેઠળ હોવો જોઈએ. લોથલ, કાલીબંગા, બનવાલી, રંગપુર, નવડાટોલી વગેરે ઘણાં હડપ્પીય કેન્દ્રમાંથી યજ્ઞશાળાઓ હાથ લાગી છે એમ પુરાવિદોએ પુરવાર કર્યું છે.

**મેક્સ મૂલરના બિનપાયાદાર મતાગ્રહ :**

સામ્યવાદી ઈતિલેખકો આર્ય-આક્રમણ બાબતે જે હઠાગ્રહથી અને જોસ્સાદાર અભિગમથી સમર્થન કરતા રહ્યા છે તેની બુનિયાદ છે મેક્સ મૂલરનાં લખાણ. તેઓ ક્યારેય ભારત આવ્યા નથી. બલકે આર્થિક-ઉપાર્જનથી પ્રેરાઈને મેકૉલેના કહ્યાનુસાર મેક્સે ભારતના ઈતિહાસ બાબતે ઉરાંગઉટાંગ માહિતી પ્રસ્તુત કરી છે. વૈદિક પ્રજા ભ્રમણશીલ હતી, જે શહેરીજીવન વિશે કશું જાણતી નથી એવું લખનાર મેક્સ મૂલરની માન્યતાનો પર્દાફાશ એમણે એમના બે પત્રથી કર્યો છે. આ પત્રમાંની કેફિયત એ છે કે વેદના અભ્યાસનો એમનો એક માત્ર ઉદ્દેશ વૈદિક પ્રજા અસભ્ય અને અણઘડ હતી તે દર્શાવવાનો હતો, જેથી ખ્રિસ્તીધર્મ અને એના પ્રચારની પાંખ ભારતમાં પ્રસરાવી શકાય. અર્થાત્ વૈદિકપ્રજા વિશેનું મેક્સનું અર્થઘટન કેવળ અર્થપ્રેરિત હતું.

હકીકત તો એ છે કે વેદોમાં સો જેટલા કિલ્લાનો નિર્દેશ સગૌરવ થયો છે. આ સમયની પ્રજા વિભિન્ન પ્રકારનાં પાકાં મકાનથી સુપરિચિત હતા. તેઓ ખેતી કરતા હતા અને વિવિધ ખેત-ઉત્પાદનના જાણકાર હતા. વેપાર-વાણિજ્યથી પરિચિત હતા. દરિયાઈ સફર અને દરિયાઈ વેપાર તેમ જ દરિયાઈ ચાંચિયાગીરીથી અનભિજ્ઞ ન હતા. પુરાવિદ ડૉ. આર.એસ.બિસ્ટના જણાવ્યા મુજબ વૈદિક સંસ્કૃતિ અને હડપ્પા સંસ્કૃતિના એકકેન્દ્રાભિસરણ (Convergence) અભિગમના પાંચસોથીયે વધુ સંદર્ભ વેદગ્રંથોમાં અને હડપ્પીય ઉત્ખનનથી હાથ લાગ્યા છે.

કેટલાક લેખકોના મત મુજબ હડપ્પા સ્થળેથી અશ્વના વિદ્યમાન હોવાનાં ચિહ્ન મળ્યાં નથી. પરન્તુ સુરકોટડા, કાલિબંગા, મોહેં-જો-દડોના લોકો રોજિંદા કામકાજમાં પાલતું ઘોડાનો ઉપયોગ કરતા હતા તે

હકીકત ભારતીય અને હંગેરીના પૂર્વકાલીન પ્રાણીવિદ્યાના અભ્યાસી (દા.ત. ડૉ. ભોલાનાથ, એ. કે. શર્મા અને પ્રા. એસ. બોકોનીઈ)ના મતે ધ્યાનાર્હ ગણાય છે. આ ત્રણેય મનીષીઓએ અશ્વના શારીરિક-અવશિષ્ટ-અંગોના અભ્યાસથી આ બાબત સાબિત કરી છે. આનો હવાલો ડૉ. સ્વરાજ પ્રકાશ ગુપ્તાએ એમના ગ્રંથ 'ધ ઈન્ડસ-સરસ્વતી સિવિલિઝેશન' (૧૯૯૬)માં આપ્યો છે. એ પણ એટલું જ સાચું છે કે વૈદિક પ્રજા એમના રોજિંદા જીવનમાં ઘોડાનો ઉપયોગ કરતી હતી. આમ, આ પ્રકારના ઐતિહાસિક અને પુરાવસ્તુકીય પુરાવા પ્રત્યક્ષ હોવા છતાંય અશ્વઅંધારીથી યુક્ત લેખકો ભ્રામક વાતો ચમકદાર સામયિકોમાં પ્રગટ કરતા રહ્યા છે.

સર જહૉન માર્શલ અને સર મોર્ટિમેર વ્હીલરના 'આર્યોએ સિંધુ સંસ્કૃતિ ઉપર આક્રમણ કર્યું' હોવાના મત હવે ભ્રામક નીવડ્યા છે, ખાસ કરીને થોડાંક હાડપિંજરનાં અવલોકનથી. પરન્તુ પુરાવસ્તુકીય સાધનોએ સાબિત કર્યું છે કે આવાં કોઈ આક્રમણ આર્યપ્રજાએ કર્યાં નથી; પ્રા.જ્યૉર્જ ડેઈલ્સ અને પ્રા. કે.એ. આર. કેનેડીએ શંકારહિત પુરાવાઓ પ્રત્યક્ષ કરીને યુદ્ધ કે આક્રમણ એક અફવા માત્ર હોવાનું જણાવ્યું છે. જ્યૉર્જ ડેઈલ્સે ૧૯૬૪માં 'એક્સ્પિડિશન' સામયિક (નંબર ૬, પૃષ્ઠ ૩૬ થી ૪૩)માં 'ધ મિથિકલ મૅસકર ઑફ મોંહે-જો-દડો' લેખ પ્રગટ કરેલો; તો કે.એ.આર. કેનેડીએ 'સ્કલ્સ, આર્યન્સ ઍન્ડ ફલોઇંગ ડ્રેઈન્સ : ધ ઇન્ટરફેઇસ ઑફ આર્કિયોલજિ ઍન્ડ સ્કેલિટલ બાયૉલજિ ઇન ધ સ્ટડી ઑફ હરપ્પન સિવિલિઝેશન'માં આ બાબતને પૃથક્કૃત કરી છે. કેનેડીનો આ લેખ 'હરપ્પન સિવિલિઝેશન : અ કન્ટેમ્પરરિ પર્સ્પેક્ટિવ' નામના સંપાદિત નિબંધસંગ્રહમાં (પૃષ્ઠ ૨૮૯ થી ૨૯૫) પુનઃ પ્રગટ થયો છે (જેનું સંપાદન જી.એલ. પોશેલે ૧૯૮૨માં કર્યું છે) જે અનુસાર આર્ય-દ્રવિડ સંઘર્ષ કે આર્યોના ભારત આક્રમણ બાબતે કોઈ પુરાવશેષીય કે પુરાવસ્તુકીય પુરાવા પ્રાપ્ત થયા નથી. બીજી સહસ્રાબ્દીના ઉત્તરાર્ધમાં (કેમ કે સિંધુ ખીણ સંસ્કૃતિનું સમયાંકન ઈસવીપૂર્વ ૨૪૫૦-૧૬૦૦નું થયું છે તેથી) કોઈ જાતિજૂથે સિંધુ નદી ઓળંગી હોવાના કોઈ પુરાવસ્તુકીય પુરાવા હાથ નથી લાગ્યા. એટલું જ નહીં સરસ્વતી-દશદ્વતી નદીઓના કાંઠે પહોંચી નથી. આપણે એથી અભિજ્ઞ છીએ કે સરસ્વતી-દશદ્વતીના કાંઠે વેદની સંહિતા નિર્માણ પામી હતી. ડૉ. સ્વરાજ પ્રકાશ ગુપ્તાએ 'ધ આર્કિઑલજિ ઑફ સોવિયેટ સેન્ટ્રલ એશિયા ઍન્ડ ધ ઇન્ડિયન બૉર્ડરલેન્ડ' (૧૯૭૯) નામના ગ્રંથમાં પુરાવાસહિત પુરવાર કર્યું છે કે ક્યારેય મધ્ય એશિયાનું કોઈ સંસ્કૃતિજૂથ પ્રસ્તુત સમયગાળા દરમિયાન સિંધુ ઓળંગી ભારત આવ્યું નથી. ધ્યાનાર્હ હકીકત એ છે કે જો કોઈ પણ પ્રજા કોઈ એક સ્થળેથી અન્યત્ર સ્થળાંતર કરે તો તે બાબત પુરાવસ્તુકીય પુરાવાથી પુરવાર થતી હોય છે. સામાન્ય રીતે સ્થળાંતર કરતી પ્રજા પોતાની સાથે માટીનાં વાસણ, કળા અને હાથ ઉદ્યોગની ચીજવસ્તુઓ તેમ જ હથિયાર અને ધંધાનાં ઉપકરણ લઈ જતી હોય છે. આવી નક્કર ઈતિહાસી હકીકતો સામ્યવાદી અને પશ્ચિમીપરસ્ત ભારતીય લેખકો નજરઅંદાજ કરીને પ્રજાને ભરમાવે છે. એટલું જ નહીં આંતરરાષ્ટ્રીય શોધસામયિક 'મૅન ઍન્ડ ઇન્વાઇરનમેન્ટ' (પુસ્તક ૨૫, અંક-૧, ૨૦૦૦)માં બી.ઈ. હેમ્ફિલ, જે.આર. લુકાસ, એસ.આર.વાલિમ્બે અને પી.પી.જોગલેકરે ભ્રામક બાબતોનું શરીરશાસ્ત્ર અને પુરાવસ્તુકીય તેમ જ નૃવંશવિદ્યાના પુરાવાથી નિરસન કર્યું છે અને સ્પષ્ટ દર્શાવ્યું છે કે હડપ્પા વસ્તીમાં અને અનુહડપ્પી વસતીમાં કોઈ વિદેશી પ્રજાનાં લક્ષણ વિદ્યમાન નથી.

**પાઠ્યક્રમમાં ફેરફાર અનિવાર્ય :**

સરવાળે, કહેવાનું તાત્પર્ય એ છે કે સિંધુસંસ્કૃતિના વિનાશની આર્યઆક્રમણની બાબત માત્ર ને માત્ર ભ્રામક અને પાયાવિહોણી છે. હકીકતમાં સિંધુખીણ સંસ્કૃતિના ઉદ્ભવ પૂર્વે સરસ્વતીખીણ સંસ્કૃતિના કિનારે વેદોનાં નિર્માણ અને સંસ્કૃતિનાં આવિર્ભાવ થઈ ચૂક્યાં હતાં. આથી, એક બાબત્ સૂર્યપ્રકાશ જેટલી સ્પષ્ટ થાય છે કે આપણાં પાઠ્યપુસ્તકોમાં અને ઇતિગ્રંથોમાં પાઠ્યક્રમમાં અને પ્રકરણમાં અનુક્રમણિકાના નિર્દેશનમાં પુનર્વિચાર કરવાની તાતી જરૂર છે. અર્થાત્ તેમાં પ્રારંભે ભૌગોલિક ભૂમિકા અને સાધન-સામગ્રીનાં પૃથક્કૃત વર્ણન પશ્ચાત્ પ્રકરણારંભ વૈદિક સંસ્કૃતિના વર્ણનથી થવો જોઈએ. તે પછીના ક્રમે નવા નામાભિધાન સાથે સરસ્વતી-સિંધુ-સંસ્કૃતિના ઇતિહાસને આલેખવો જોઈએ. જેમ વિશ્વસ્તરે ઇતિહાસને વ્યાખ્યાયિત કરવાનો

અભિગમ બદલાઈ ગયો છે તેમ આપણે પણ નવી શોધસામગ્રીના સંદર્ભે પ્રકરણના આયોજન વિશે સત્વરે વિચારણા કરવી જોઈએ. અસ્તુ. ૧૦-૧૨-૨૦૦૮

## વિશેષવાચનસામગ્રી

આમ તો આ લેખ લખવાની મુખ્ય પ્રેરણા પ્રાપ્ત થઈ ડૉ. સ્વરાજ પ્રકાશ ગુપ્તાના એક લેખથી - 'ધ મહાભારત ઑફ હરપ્પા' ('હિસ્ટરી ટુડે', નંબર ૧, ૨૦૦૦, પૃષ્ઠ ૪૬ થી ૪૮). આ સામયિક 'ઇન્ડિયન હિસ્ટરી ઍન્ડ કલ્ચર સોસાયટી'નું વાર્ષિક મુખપત્ર છે.

આ ઉપરાંત આ લેખ સંદર્ભે જુઓ ડૉ. રસેશ જમીનદારનો દીર્ઘલેખ 'યક્ષપ્રશ્ન આર્યોનો : ઐતિહાસિક વિશ્લેષણ', **સંબોધિ**, પુસ્તક ૨૪, ૨૦૦૧,પૃષ્ઠાંક ૩૬ થી ૯૭

વિશેષમાં આ લખનારના ઉપર્યુક્ત નિબંધના અંતે ૨૪ સમીક્ષિત ગ્રંથસૂચિમાં ઉલ્લખિત ગ્રંથોનો અભ્યાસ એટલો જ મહત્ત્વનો બની રહેશે. આથી એ સૂચિ અહીં આપી નથી. ઉપરાંત યક્ષપ્રશ્ન વિશેનાં લખાણની લઘુ મીમાંસા (પૃષ્ઠ ૯૨ થી ૯૫) પણ શોધકને અને જિજ્ઞાસુને ઉપાદેયી નીવડશે એમાં શંકા નથી.

# શ્રીકૃષ્ણ : વિચક્ષણ વિભૂતિ*

◈

રમાબહેન ગ. ઠાકોર

શ્રીમદ્ ભગવદ્ગીતાના દશમા અધ્યાયમાં જે વિભૂતિયોગ છે તેમાં શ્રીકૃષ્ણ પોતે જ કહે છે કે યાદવોમાં હું કૃષ્ણ છું અને પાંડવોમાં ધનંજય-અર્જુન પણ હું જ છું. મારી દિવ્ય વિભૂતિઓનો અંત નથી. જે જે વસ્તુઓ ઐશ્વર્યવાળી, શોભાવાળી અથવા બળ કે પ્રાણવાળી હોય તેને મારા તેજના અંશથી જ ઊપજેલી તું જાણ. મારા વિસ્તારનો અંત નથી.

કૃષ્ણાવતાર કંઈક આગવો જ છે. દરેક અવતારમાં સ્વયં અવતારધારી વ્યક્તિએ પોતે પરમેશ્વર છે તેવી સાફ સાફ વાત નથી કરી. રામને મર્યાદા અને શ્રીકૃષ્ણને પૂર્ણાવતાર કહેવામાં આવે છે. શ્રીમદ્ ભગવદ્ગીતામાં શ્રીકૃષ્ણ અનેક વખત પ્રથમપુરુષ એકવચનમાં ભગવાન તરીકે પ્રગટ થાય છે. એમના જીવનની દરેકેદરેક ઘટના, જન્મથી શરૂ કરીને અંત સુધી ચમત્કારિક, અકલિત, સમજી ન શકાય, મુગ્ધ કરી નાખે તેવી, અસામાન્ય. આ સર્વશક્તિમાનને આપણે શબ્દના સંપુટમાં પૂરી જ ન શકીએ તેવી છે. આપણને ખાતરી જ થાય છે કે કોઈક અસાધારણ પરમ દૈવી તત્ત્વ જ આ જગતને દર્શન કરાવી ગયું છે. યુગ યુગને સૂત્રની પેઠે જીવંત રાખે છે. આવા મહાવીર તીક્ષ્ણ બુદ્ધિવાળા, યોગેશ્વર ભારતના મોભ સમા પુરુષોત્તમ શ્રીકૃષ્ણનું પચરંગી જીવન સર્જનાત્મક, તેજસ્વી, વૈવિધ્યતાથી પૂર્ણ છે, ભરપૂર છે. જીવનમાં ઉપસ્થિત થતા કોઈ પણ પ્રશ્નનો ઉકેલ શ્રીકૃષ્ણે ન કર્યો હોય તેવું બન્યું નથી. માત્ર ગીતામાંથી જ સર્વ ઉકેલ મળી જાય છે. પૂ. ગાંધીજીનો પણ આ ખાસ અભિપ્રાય છે. બાલકૃષ્ણથી તે યોગેશ્વર સુધીની એમની અનેક લીલાઓએ સારી દુનિયાને આશ્ચર્યમાં ગરકાવ કરી નાખી છે. એમનું ચુંબક જેવું આકર્ષણ જબ્બર છે. ગીતાને જો સંપૂર્ણપણે સમજીએ તો આ પ્રેમાવતારે અમર સંજીવની માનવસંસ્કારને આપી છે. આ સંસ્કાર આજ સુધી ને હવે પછી જીવંત રહેશે.

''જો નીલપર્વત જેટલું કાજળ હોય, મહાસાગર જેવડો ખડિયો હોય, કલ્પવૃક્ષની ડાળીની કલમ હોય. પૃથ્વી જેવડો કાગળ હોય અને એ બધું લઈને તેના વડે સાક્ષાત્ સરસ્વતી લખ્યા જ કરે, સતત લખ્યા જ કરે, તો પણ હે નાથ ! આપના દિવ્ય ગુણોનો પાર આવે નહીં.'' બહુ જ જાણીતો શ્લોક : **'असितगिरिसमं स्यात् कज्जलं सिन्धुपात्रे'** તેનો આ અર્થ એ જ શ્લોકનો સમશ્લોકી અનુવાદ જાણીતા કવિ રાજેન્દ્ર શાહે કર્યો છે : ''અસિતગિરિ સમી કાળી મસી સિન્ધુ પાત્રે, સુરતરુવર શાખા લેખની, પત્ર પૃથ્વી ગ્રહણ કરી લખે જો શારદા સર્વ કાલ, તદપિ તવગુણો તણો ઈશ ન પાર આવે.''

આવી વિચક્ષણ વિભૂતિ શ્રીકૃષ્ણનું સંક્ષિપ્ત જીવનદર્શન આપણે કરીશું. જન્મથી જ આ અવતારપુરુષે એક પછી એક લીલાઓ કરી છે. તેનું સંપૂર્ણ રહસ્ય તો વ્યાસ મુનિ જ જાણતા હશે.

એમના જન્મથી એટલે મથુરા, ગોકુળ, વૃંદાવન, અને ત્યાંથી પાછા મથુરા અને અંતે દ્વારિકા. આ સંપૂર્ણ જીવનયાત્રા જો આપણે ટૂંકમાં જોઈએ કે વિચારીએ નહિ તો જીવનદર્શન સંપૂર્ણ થાય નહિ. અધૂરું જ રહે. શ્રીકૃષ્ણ જેવી વિભૂતિનું ''કૃષ્ણ કોન્શિયસનેસ સમજવા માટે તો જીવન પણ ટૂંકું પડે, આપણે તો દોઢ કલાકમાં વાતો પૂરી કરવાની છે. છતાં એમના જીવનની વાતો ટૂંકમાં તો કરીશું જ.''

વિદ્વાન શિરોમણિ શ્રી મધુસૂદન સરસ્વતીનો બહ જ જાણીતો શ્લોક :

---

* 'અભિરુચિ'માં તા. ૨૧-૯-૨૦૦૫ ના રોજ આપેલું વ્યાખ્યાન.

वंशीविभूषितकरान् नवनीरदाभात्
पीताम्बरादरुणबिंबफलाधरोष्ठात् ।
पूर्णेन्दुसुंदरमुखारविन्दनेत्रात्
कृष्णात् परं किमपि तत्त्वमहं ना जाने ॥

શ્રીકૃષ્ણનું સંક્ષેપમાં વર્ણન કરીને એમણે તો અંતે નિર્ણય જાહેર કરી જ દીધો કે જગતમાં શ્રીકૃષ્ણની વિભૂતિ સમાન અન્ય કોઈ જ એમની નજરમાં નથી બેસતું. એ એક જ અનેરું પરમ તત્ત્વ છે. ''તત્ત્વ'' એટલે શુદ્ધ, અખંડ, સચ્ચિદાનંદ સ્વરૂપ. સાંખ્યના તત્ત્વ પચ્ચીસ છે. તેમાં પુરુષ અને પ્રકૃતિ મુખ્ય છે. જગતના મૂળભૂત પદાર્થને ''તત્ત્વ'' કહે છે.

શ્રીકૃષ્ણનું જીવનદર્શન સંપૂર્ણ કરવું હોય તો શ્રીમદ્ ભાગવતનો અભ્યાસ કરવો જોઈએ. કારણ કે એમાં આવતી કથાઓ ભગવાન શ્રીકૃષ્ણની જ લીલાઓ છે. ભગવાન કૃષ્ણે જુદાજુદા સ્વરૂપે અને જુદાજુદા નામે પોતે સઘળી લીલાઓ કરી છે. તેથી તે આધિદૈવિક પણ છે. ભાગવત ખુદ ભગવાન શ્રીકૃષ્ણનું વાઙ્મયી અંગ પણ ગણાય છે. શ્રીકૃષ્ણચરિત્ર ! સંસારમાં એમનાથી વિશેષ અન્ય કોઈ ચરિત્ર જ નથી. તેઓ પ્રથમ દરજ્જાના રાજનીતિજ્ઞ. નીતિમાં એમના જેવું ચતુર કોઈ થયું નથી. તે મહાવીરોમાં મહાવીર હતા. એમના તેજથી સર્વત્ર વિજય પ્રાપ્ત થયો હતો. વીરતામાં, બુદ્ધિમાં, બળમાં સંસારમાં અગ્રણી હતા. તેમની વિદ્યા અને સદાચાર પણ અનુપમ હતાં. રાજસૂય વખતે અતિથિઓના પગ ધોયા, પોતે જ આ કામ સ્વીકાર્યું. દાન, દાક્ષિણ્ય, શ્રુત, વીર્ય, લજ્જા, કીર્તિ, બુદ્ધિ, શ્રી, ધીરજ. તુષ્ટિ, પુષ્ટિ બધું જ અચ્યુતમાં છે. સંગીતવિદ્યામાં પણ નિપુણ હતા. તેમનું નામ મૂરલીમનોહર છે. રાસમાં કુશળ, નટવર વેશ જાણીતો, કાવ્યશાસ્ત્રમાં અદ્વિતીય હતો. તે જ એમનું દિવ્ય ગીત ભગવદ્ગીતા પૌરુષ-પરાક્રમોમાં સંપૂર્ણ. જંગલી જાનવરો, નાગ, પહાડ વગેરેની વૃંદાવનલીલા આનંદમયી હતી અને રહસ્યમયી પણ હતી. એમનું લાવણ્ય ભલભલાને કામણ કરે છે. ચોસઠે કલા તેમણે સાધ્ય કરી હતી. એ જગતના પુરુષોત્તમ હતા, છે અને રહેશે.

શ્રીકૃષ્ણની ભારતના દર્શનશાસ્ત્રમાં જગદ્ગુરુ તરીકેની વંદના થાય છે. એમણે જગતને ગીતાનું દર્શન આપ્યું. મર્યાદા પુરુષોત્તમ રામ કે પૂર્ણાવતાર શ્રીકૃષ્ણ, એમની કથા એ કલ્પિત કવિની કલ્પના નથી. નવલકથા પણ નથી. ભારતના ઈતિહાસમાં એમનું નામ શાશ્વત અંકિત થયેલું છે. અને અમર રહેશે. એવી એમની જીવનશૈલી હતી.

ભારતનું જ માત્ર નહિ. જગતનું એક પણ સ્થળ એવું નથી જ્યાં રામ અને કૃષ્ણનું નામ જાણીતું ન હોય. એક પણ ભાષા એવી નથી જ્યાં કૃષ્ણની કથા, વાર્તા કે કીર્તન થતાં ન હોય. પાંચ હજારથી પણ વધુ વર્ષ થયાં છતાં જગતમાં આજ સુધી એક પણ જન થયો નથી જેનો જન્મદિવસ વર્ષોવર્ષ વધુ ને વધુ ઉત્સાહથી ઉજવાતો હોય. કૃષ્ણજયંતી જન્માષ્ટમી દુનિયામાં જ્યાં જ્યાં ભારતીયો વસે છે ત્યાં ત્યાં ખૂબ ભભકાથી ભાવથી ઉજવાય છે. દિનપ્રતિદિન તેમાં વધુ ને વધુ પ્રેમ અને ભાવ ઉમેરાતાં જાય છે, ઊભરાતાં જાય છે. આવા નરોત્તમનો જન્મ શ્રાવણવદની અષ્ટમીની મધરાત્રે થયો હતો. એ અષ્ટમી માત્ર જન્માષ્ટમી ન રહેતાં કૃષ્ણાષ્ટમી નોંધાઈ ચૂકી છે. જાણે કૃષ્ણને બદલે એ જગતની જન્મદાત્રી ન હોય ?

યુગ બદલાય છે. ભાષા અને ભાવ બદલાય છે. રીત રસમ અને રહેણી-કરણી બદલાઈ છે, પરંતુ જનતાના અંતરમાં શ્રીકૃષ્ણ માટે એ જ પ્રેમ, એ જ ભક્તિ, એ જ શ્રદ્ધા, ભાવ અને આકર્ષણ વધ્યાં છે. વધ્યે જ જાય છે. એ માત્ર હિન્દુસ્તાનનું આકર્ષણ નથી. સારાયે વિશ્વનું આકર્ષણ બન્યા છે. બ્રહ્માંડનું જ આકર્ષણ છે.

અર્જુનને ગીતાનું જ્ઞાન આપ્યું તે કાંઈ તાત્કાલિક સ્ફુરેલું જ્ઞાન નથી. પરંતુ શ્રીકૃષ્ણ પોતે જે પ્રકારનું જીવન જીવ્યા-જીવી રહ્યા હતા તેનું જ સમગ્ર દર્શન છે.

શ્રી નારાયણભાઈ દેસાઈએ આલેખેલું મહાત્મા ગાંધીજીનું''મારું જીવન એ જ મારી વાણી'' એ

પુસ્તકનું સ્મરણ થાય છે. પૂ.બાપુનું વ્યક્તિત્વ પણ સામાન્ય વ્યક્તિ કરતાં કાંઈક અનોખી રીતે જ ઘડાયું છે. તે આ ગ્રંથ વાંચતાં પ્રતીત થાય છે. સત્યનારાયણની કથાનું જ જાણે રૂપાંતર સ્વરૂપ હોય તેવો ભાસ થાય છે.મહાત્માજી પણ એક યુગપુરુષ થઈ ગયા.યુગપુરુષ એટલે એમનાં કાર્યો અને કાર્યક્ષેત્ર એમના સમયમાં ખૂબ પ્રભાવશાળી ગણાય. પૂ.ગાંધીજીએ દેશના ઉદ્ધાર માટે સમગ્ર જીવન વ્યતીત કર્યું.

શ્રીમદ્ ભગવદ્ગીતા માત્ર જ્ઞાન જ નથી. શ્રીકૃષ્ણના અનુભવે રચાયેલું વિજ્ઞાન છે. એમના અંતરમાંથી નીકળેલી અમૃતવિદ્યા છે. શ્રુતિઓના સારરૂપે થયેલું દોહન છે. ગીતાનો શબ્દેશબ્દ શ્રીકૃષ્ણની મૂર્તિમંત ચેતનામાં જોવા મળે છે. એમણે જગતમાં અવતાર ધારણ કરીને સર્વત્ર બ્રહ્મદર્શન કરાવ્યાં છે. તે જ તેમની બાળલીલાથી શરૂઆત કરી જીવનપર્યંત આપણને જોવા મળે છે. શ્યામસુંદરી નટખટ લીલા ભક્તના હૃદયને ખેંચવા માટે છે. લીલાને સમજીને આપણે જીવન સુધારવાનું છે.

કંસે મૃત્યુના ભયથી દેવકી વસુદેવને જેલમાં પૂર્યાં. દેવકીનો આઠમો પુત્ર કંસનો કાળ બનશે તે આગાહી જ આપણને આ બાળકમાં કંઈક દૈવી, અસામાન્ય તત્ત્વ હશે તેવો ખ્યાલ આપે છે. શ્રાવણની અંધારી રાત, ચંદ્રની આઠ કલાકની આછી આભા, વસુદેવ સંપૂર્ણ જાગ્રત હતા, ને સાવધાન હતા. દેવકીજીએ અદ્ભુત બાળકને જન્મ આપ્યો. જન્મતાં જ વસુદેવ-દેવકીને ચતુર્ભુજરૂપે દર્શન આપ્યાં છે. માટી ખાધી ને મોં ખોલાવ્યું ત્યારે યશોદાજીને બ્રહ્માંડનાં દર્શન કરાવ્યાં છે. શ્રીકૃષ્ણ વિષ્ટિ કરવા ગયા ત્યારે દુર્યોધને કપટ કરી બાંધવાનો હુકમ કર્યો તે વખતે વિરાટરૂપે અને અર્જુનને મહાભારતની યુદ્ધભૂમિમાં યુદ્ધની શરૂઆત કરતાં વિશ્વદર્શન કરાવ્યાં છે.

**सच्चिदानंदरूपाय विश्वोत्पत्यादि हेतवे ।**
**तापत्रयविनाशाय श्रीकृष्णाय नमो नमः ॥**

સત્-ચિત્-આનંદ એ બ્રહ્મનું લક્ષણ-સ્વરૂપ ગણાય. જગતના ત્રણ તાપઃ આધિ, વ્યાધિ, ઉપાધિ. આધિદૈવિક, આધિભૌતિક અને આધ્યાત્મિક. આ ત્રણેય તાપ, દુઃખોનો નાશ કરવા માટે પરમતત્ત્વને પૃથ્વી ઉપર અવતાર લેવો પડે છે, એમ શાસ્ત્ર કહે છે.

આપણે ચાર યુગમાં માનીએ છીએ. સત્યયુગ, ત્રેતાયુગ, દ્વાપરયુગ અને કલિયુગ. દરેક યુગના સંધિકાળે યુગપુરુષ પ્રગટ થાય છે, એવું શાસ્ત્રનું વિધાન છે.

સત્યયુગ અને ત્રેતાયુગના સંધિકાળે કર્દમઋષિ અને દેવહુતિના પુત્ર અને સાંખ્યદર્શનના રચયિતા શ્રી કપિલભગવાનનું પ્રાગટ્ય થયું. આ યુગના માનવીઓ જ્ઞાન અને યોગનું ઉચ્ચજીવન જીવ્યા. ત્રેતા અને દ્વાપરના સંધિકાળે જ્યારે શ્રી રામચંદ્રજીનું પ્રાગટ્ય થયું ત્યારે નીતિ અને ધર્મની મર્યાદાનું રક્ષણ થયું. શ્રીકૃષ્ણના પ્રાગટ્ય સમયે દ્વાપર આથમી રહ્યો હતો અને કલિનો પ્રવેશ થવાનો હતો. એકની સંધ્યા અને બીજાની ઉષા, પ્રકાશ અને અંધકારનું મિલન, અધર્મ અને અન્યાયની સામેનું મહાયુદ્ધ, સત્યનો વિજય આ સંધિકાળે થયો.

સૂર્યવંશ અને ચંદ્રવંશ બે મુખ્ય, સૂર્યવંશમાં કાળક્રમે રામચંદ્રજી યુગપુરુષ પ્રગટ્યા. ચંદ્રવંશમાં ભગવાન શ્રીકૃષ્ણ. આ બન્ને વંશના આદિસર્જક છે વૈવસ્વત મનુ. તેમની પુત્રી ઇલાએ બુધ સાથે લગ્ન કર્યાં જે ચંદ્રના પુત્ર થાય.

સૂર્યવંશમાં રાજા અંબરીશ, ભગીરથ, રઘુ, દિલીપ અને દશરથ વગેરે. ભગવાન રામચંદ્રજીએ આ વંશને ઉજ્જવળ કર્યો. એ જ રીતે ચંદ્રવંશમાં પ્રથમ રાજા પુરુરવા જેમાં યયાતિ, દુષ્યન્ત, સુધન્વા અને શૂરસેન જેવા પ્રતાપી રાજાઓ થયા છે. ભગવાન કૃષ્ણે પ્રગટ થઈ ચંદ્રવંશ દીપાવ્યો છે. યદુકુળમાં વસુદેવને ત્યાં ભગવાન શ્રીકૃષ્ણ પ્રગટ્યા છે.

વૈવસ્વત મનુ એ સૂર્યના પુત્ર. સૂર્ય કશ્યપ અને અદિતિ પુત્ર. આદિ પ્રજાપતિ બ્રહ્માના પુત્ર અત્રિ,

તેમનાં પત્ની અનસૂયાના સૌમ્ય, શીતલ, પ્રતાપી પુત્ર તે ચંદ્ર, તેમના થકી કાળાનુક્રમે ચંદ્રવંશ.

આ સર્વ હકીકત આપણે સાચી માનવી જોઈએ, જે શાસ્ત્રાનુસાર છે. પરંપરાથી જે વાત માન્યતામાં આવી હોય તે સાચી જ હોય તેટલો આપણે વિશ્વાસ રાખવો જોઈએ. આપણે આપણા વડીલો પાસેથી તેમના વડીલોનાં નામો જાણીએ છીએ તેમાં શંકા નથી રાખતા તે મુજબ.

યદુકુળનો મહિમા-પ્રભાવ ખૂબ હતો. રાજધાની મથુરામાં યાદવો શાંતિથી રહેતા હતા. મહારાજ્ય હતું. ઉગ્રસેન રાજા હતા. ખૂબ સરલ અને સાત્ત્વિક. ધાર્મિક ભાવનાવાળા, પ્રજાના માનીતા અને યાદવોમાં પ્રિય હતા. પત્ની પણ ગુણિયલ હતાં. પવનરેખા તેમનું નામ. પરંતુ એ પતિપત્નીને સંતાન પ્રાપ્ત થયું તે જ કંસ. જન્મથી જ ઉગ્ર-માતાપિતાને ત્રાસ આપે. ક્રોધી, વિચિત્ર સ્વભાવ, પિતા ઉગ્રસેન પિતા તરીકે નબળા નીવડ્યા. પુત્રને સુધારી શક્યા નહીં. લાગણી, મોહ અને મમતાને લઈને પુત્રને ખૂબ લાડ લડાવ્યા. યાદવો પણ તેનાથી દબાઈ ગયા. તેમાં પાછો કંસને યાદવોનો સેનાપતિ બનાવ્યો. કંસ યાદવોમાં બધી જ રીતે જુદો પડતો હતો. ઉદ્ધવ, અક્રૂર, સાત્યકિ જેવા યાદવોને ખૂબ અસંતોષ હતો. આ શાણા રાજવી પુરુષો વિપરીત સમયને ઓળખી ગયા હતા. બહારથી કંસની પ્રશંસા કરવામાં તેમણે હિત જોયું. કંસે તેમને આત્મીય માન્યા. કંસ આમ ક્રૂર હતો. છતાં પણ એના શરીરમાં યદુકુળનું લોહી હતું. મથુરાવાસી યાદવો અને પ્રજાજનો કંસના શાસનથી ત્રાસી ગયા હતા. પણ ઉગ્રસેનને સમજાવી શક્યા નહીં. અને ઉગ્રસેને પણ પોતાના અસુરવૃત્તિવાળા કંસનું જ શાસન ચાલવા દીધું. જરાસંધની પુત્રીઓ અસ્તિ અને પ્રાપ્તિ સાથે કંસનાં લગ્ન થાય છે. જરાસંધ મગધદેશનો રાજા હતો. તે પણ કંસના જેવો જ અસુર હતો. કાળાનુક્રમે કંસે પિતા ઉગ્રસેનને ગાદી ઉપરથી ઉઠાડી મૂક્યો અને રાજ્યનું સૂત્ર પોતાને હસ્તક લઈ લીધું. ઉદ્ધવ, અક્રૂર જેવાને નિવૃત્ત કર્યા. આમ યાદવોનું ધર્મરાજ્ય અસુરોનું રાજ્ય બનવા માંડ્યું. પ્રજા દુઃખી થઈ ગઈ. ઘણા યાદવો તો મથુરા છોડીને વ્રજ જતા રહ્યા. જે કોઈ ઉગ્રસેનનો પક્ષ લે તેને કંસ જેલ ભેગા કરતો. મથુરા અને વ્રજભૂમિ ઉપર કંસની જ આણ વર્તતી. કંસના હુકમ મુજબ જ પ્રજાને જીવવાનું. એનું જ વચન બધાએ માન્ય રાખવાનું. સર્વોપરી બની ગયો છતાં યાદવો મથુરા છોડીને જાય તે તેને ગમતું નહોતું.

યદુવંશ અને પુરુવંશ : સાત્વતકુળમાં જ શૂરસેન નામના રાજા થયા. તેમના જયેષ્ઠ પુત્ર વસુદેવ. ઉપરાંત પૃથા વગેરે દીકરી દીકરા થયાં. શૂરસેનનો મિત્ર કુન્તિભોજ. તેણે પૃથાને દત્તક લીધી તે કુન્તિ નામે પાંડવોની માતા. વસુદેવનાં બહેન, કૃષ્ણનાં ફોઈ.

શૂરસેનના પુત્ર વસુદેવનાં લગ્ન કંસના કાકાની દીકરી સાથે થાય છે. વસુદેવ શાંત, સરલ અને ધાર્મિક સ્વભાવના હતા. શૂરસેન પોતાના કુટુંબ પરિવાર સહિત વ્રજભૂમિના એક ગામમાં જઈને વસ્યા હતા. ત્યાંના ગોપાલો વસુદેવને ખૂબ ચાહતા હતા. નંદ નામનો વૈશ્ય તેમનો પરમ મિત્ર હતો. વસુદેવ માટે રાજા કંસને પણ ભાવ હતો. તેમની સલાહથી કંસનાં કેટલાયે કષ્ટો દૂર થયાં હતાં. કંસ વસુદેવને પાછા મથુરા બોલાવી લેવા ઇચ્છતો જ હતો. એટલે એણે કાકા દેવકની પુત્રી દેવકી સાથે વસુદેવના વિવાહ કરી વસુદેવને મથુરા બોલાવી લીધા.

વિવાહ અને લગ્ન ધામધૂમથી થાય છે. કન્યાદાનમાં કંસે દેવકીને ઘણું બધું આપ્યું. રથ ઘોડા પાલખી, મહેલ ને રાચરચીલું, આભૂષણો, ચીર, ઘરચોળાં ને પટોળાં, કન્યાદાનમાં આપેલા રથમાં જ વરકન્યા વિદાય કરે છે. કંસ પોતે જ રથ હાંકીને સારથિનું કામ કરે છે. કંસના આ વલણથી પ્રજાજનો અને સ્વજનો ખૂબ રાજી થાય છે. કંસના પણ આનંદનો પાર નથી. વરકન્યાનું વરઘોડિયું રથ મથુરાની શેરીઓમાંથી પસાર થઈ રહ્યો છે. આમ આનંદથી રથ ચલાવતો કંસ મનમાં કંઈના કંઈ વિચાર કરે છે. સ્વનિરીક્ષણ કરે છે. ''શા માટે યાદવો મથુરા છોડીને જાય છે ? શા માટે પિતાને કેદ કર્યા છે ? યાદવો ખરેખર મારા સ્વજનો છે ? દેવકી મને ખરા હૃદયથી ભાઈ તરીકેનો ભાવ રાખે છે ? સાચું પૂછો તો મારા મનમાં-અંતરમાં તો આવા ભાવ નથી જાગતા.

આમ એનું હૈયું વિચારમાં ને વિચારમાં કઠોર બનતું જાય છે. ક્ષણભર મનની વિચારધારા તૂટી. રથ પણ જરા ખચકાયો. રથના ઘોડાઓ ચમક્યા. જાણે કંસના અંતરના વિચારો બધાએ સાંભળ્યા ન હોય ? કંસે ચાબૂક ઉઠાવી ને જાણે આકાશમાં વીજળી ઝબૂકી અને ખરે જ આકાશવાણી થઈ. ''કંસ ચેતી જા, તારી બહેન દેવકી જ તારો સંહાર કરશે. એનો આઠમો ગર્ભ જન્મશે અને તેનાથી જ તારો નાશ થશે. કંસ ચમક્યો. હાથમાંથી ચાબૂક સરી ગઈ અને સફાળો ઊભો થઈ ગયો. કેડે બાંધેલી તલવાર ઉપર તેનો હાથ ગયો અને મન પુકારી રહ્યું કે બધા યાદવો તારા દુશ્મન છે. તારું કોઈ નથી. આ દેવકી ને વસુદેવ પણ તારાં નથી, દુશ્મન છે. તેમનાં બાળકો પણ નહિ, માટે યાદવ નામ જ ન જોઈએ. વિચારની સાથે જ રથમાં બેઠેલી નવોઢા દેવકી કન્યાનો ચોટલો પકડી તલવાર ઉગામી. હવે ન જોઈએ દેવકીને ન જોઈએ વસુદેવ. વસુદેવ સમય પારખી ગયા. શાંત ચિત્તે મીઠાશથી બોલ્યા, ભાઈ તમે તો ભોજકુળના દીપક છો. આ તમારી બહેન નિર્દોષ છે. તેને મારવાથી કલંક લાગશે અને તમને જે ભય છે તે તો તેમનાં બાળકોનો ને ? સૂર્યની સાખે, એની સાક્ષીમાં પ્રતિજ્ઞા લઉં છું કે તમે દેવકીને છોડી મૂકો. જે જે બાળકો જન્મશે તેને હું તમારી પાસે રજૂ કરીશ. આ થઈ શ્રીકૃષ્ણના જન્મ પહેલાંની તેમના વિષેની આગાહી તથા મથુરાની રાજકીય પરિસ્થિતિ.

પછી તો એક-બે-ત્રણ એમ બાળકો જન્મતાં ગયાં ને કંસ હત્યા કરતો ગયો. વસુદેવ દેવકીને કારાગારમાં પહેલા બાળકની હત્યા બાદ જ પૂરી દીધાં હતાં. વસુદેવનાં પ્રથમ પત્ની રોહિણીને વસુદેવે ગોકુળમાં નિવાસ કરતા નંદરાવને ત્યાં મોકલી દીધાં હતાં. સાતમા ગર્ભને સાતમે માસે યોગમાયાના બળથી ગોકુળમાં વસતા વસુદેવનાં પત્ની રોહિણીના ઉદરમાં સ્થાપિત કર્યો. કંસે તપાસ કરી પરંતુ તે ગર્ભ સ્રવી ગયો છે તે સમાચાર મળતાં કંસ રાજી થઈ ગયો. જીવવાની લોલુપતા જિજીવિષા મનુષ્યને કેટલો ક્રૂર બનાવે છે તેનું આ જીવતું જાગતું પ્રમાણ. મથુરાની પ્રજા દુ:ખી થઈ ગઈ. વસુદેવ દેવકી પણ હતાશ થઈ ગયાં છે. અનેક અધિકારીઓ સત્તા સામે ઝૂકીને કંસના જેવાં જ આસુરી લક્ષણ ધરાવતા થયા છે. આપણે આપણા અત્યારના ભારતદેશમાં પણ જોઈએ છીએ ને કેટલા બધા કંસ પેદા થઈ ગયા છે ? ભ્રષ્ટાચાર પણ શિખરે પહોંચ્યો છે. સત્તાધારીઓ આંખ બંધ કરીને પ્રજાને લૂંટે જ જાય છે. પ્રજા ધીરજ રાખી હજી સહન કરે છે. અત્યારે પાછા શ્રીકૃષ્ણ જેવા નાયક-યુગપુરુષની ખૂબ જરૂર છે. એટલા બધા કંસ છે કે કૃષ્ણ પણ એકથી નહિ ચાલે એમ લાગે, પણ ઈશ્વરની શક્તિ અમાપ છે. કૃષ્ણ પાસે હજાર હાથ છે. એ સર્વોપરી છે, ધારે તે કરી શકે છે.

કારાવાસમાં દેવકીનું માતૃહૃદય કકળી ઊઠ્યું હતું. પરંતુ વસુદેવ ધાર્મિક, ધીર-શાંત પ્રકૃતિના પુરુષ હતા. આશ્વાસન આપતા હતા. વસુદેવને આકાશવાણીમાં સંપૂર્ણ શ્રદ્ધા હતી. કાંઈક દૈવી ઘટના છે એવું સમજી ગયા હતા. નિયતિએ નક્કી કર્યા મુજબ બધું થયું છે ને થયા કરશે. ઈશ્વરી સંકેત છે અને અંતે સહુ સારાં વાનાં થશે તેની તેમને ખાતરી હતી.

કંસ આઠમા બાળકની રાહ જોતો શંકામાં જીવન પસાર કરે છે. ખૂબ અસ્વસ્થ છે. સત્તાના અભિમાનમાં ચકચૂર છે.

પૃથ્વીનો ભાર ઉતારનાર દૈવ પણ તૈયાર જ હતું. ''જ્યારે જ્યારે ધર્મની હાનિ અને અધર્મની વૃદ્ધિ થાય છે ત્યારે ત્યારે હું જન્મ ધારણ કરું છું''. આ શ્રુતિનું વિધાન છે. ''સત્પુરુષોના રક્ષણ માટે, દુષ્ટોના વિનાશ માટે અને ધર્મની સ્થાપના માટે હું યુગે યુગે પ્રગટું છું''.

ભારતની આ પવિત્ર ભૂમિ : સુજલા, સુફલા, મલયજ શીતલા-આપણી માતૃભૂમિ એટલે વિશ્વની પુણ્યભૂમિ, એમાં વિવિધ પ્રજાજનો કેટકેટલી જાતિઓનું મિશ્રણ ! એના રક્તમાં વેદના સંસ્કાર છે. એના શિર પર અનેક થઈ ગયેલા યુગપુરુષો, મહાત્માઓ, ઋષિમુનિઓના, સંતસાધુઓના આશીર્વાદ છે. આ સનાતની પ્રજાને ચઢતી-પડતી જોવી પડે પણ તે કદાપિ નાશ પામશે જ નહિ.

ઋગ્વેદના ત્રીજા મંડળમાં વિશ્વામિત્ર ઋષિની એક અમૃત-સીંચી કાવ્યવાણી છે : ભારતની પ્રજામાં

વહેતા વૈશ્વાનર અગ્નિવડે સમસ્ત વિશ્વને અજવાળતો આત્મીય ભાવ જ્યારે મંદ પડશે ત્યારે આ કૌશિકો એ યજ્ઞને શુદ્ધ અને વિશાળ રૂપે, પ્રજ્વલિત કરતા આવ્યા છે ને કરશે. સહુને હિંમત આપી આત્મગૌરવની દીક્ષા આપે છે અને સંબોધે છે **''शृण्यन्तु विश्वे अमृतस्य पुत्राः ।''**

સદીએ સદીએ યુગપુરુષો પ્રગટે છે. ભારતવર્ષ તો ભાગ્યવાન છે. ભારતની પ્રજા નસીબદાર છે. ભારતની સમગ્ર પ્રજાના સંસ્કાર જ જુદા પ્રકારના છે. આપણને ખ્યાલ નથી પરંતુ જો અવલોકન કરીશું તો હજુ પણ આપણી જીવનશૈલી શાસ્ત્રનાં વિહિત કર્મો પ્રમાણેની જ છે. પૂ. ગાંધીજીએ એમની ''મારું જીવન એ જ મારી વાણી'' માં શ્રદ્ધાપૂર્વક કહ્યું છે કે ''હિન્દની પ્રજા દિલથી ધર્મમય છે''. ભારતમૈયાએ સમગ્ર જાતિનાં બાળકોને પાળ્યાં પોષ્યાં છે - સમાવ્યાં છે. કોઈ પ્રજાને જાકારો નથી આપ્યો. ગાંધીજીને પણ કોઈ માટે અભાવ નથી. બાપુ આપણા યુગના ઋષિ જ થઈ ગયા. શ્રીકૃષ્ણ ''મોહન'' મથુરા ને દ્વારિકાના, ગાંધીજી ''મોહન'' ગુજરાતના. એ પૂર્ણાવતાર. આ અંશાવતાર તો જરૂર કહી શકાય. મહાત્મા કહેવાય ! વિશ્વબંધુત્વની ભાવનાએ. કવિવર રવીન્દ્રનાથ ટાગોરે એમને ''મહાત્મા'' સંબોધનથી બીરદાવ્યા-નવાજ્યા.

ભારતમૈયાએ હંમેશ દુનિયાને ઉદાર-ઉદાત્ત વિચારશૈલી આપી છે. પૃથ્વીને ભાર લાગ્યો છે, પાપનો, ભ્રષ્ટાચારનો, અનાચારનો ને અન્યાયનો. ભારતની પ્રજા ખૂબ ધાર્મિક, સમજદાર અને સહનશીલ છે, એના હાડમાં જ સંવેદના છે. આપણા પ્રાચીન સંસ્કારને પરિણામે હજી આપણે સ્વસ્થ થઈ શકીએ છીએ. છતાં તેને પણ હદ હોય છે. જનતા હવે ત્રાસી છે. હિંસા ચોગરદમ વિસ્તરી છે. સમાજવ્યવસ્થા પણ તૂટવા માંડી છે. અને કુદરતી પ્રકોપ પણ વધી ગયો છે. વધે જ જાય છે. ત્યારે આપણને રાવણ અને કંસની યાદ આવે છે.

મથુરાની રાજકીય સ્થિતિ કથળી ગઈ છે અને તે સમયે શ્રીકૃષ્ણનો અવતાર થયો છે. અવતાર એટલે સામૂહિક આકાંક્ષાની પૂર્તિ કરે તેવા યુગપુરુષનો ઉદય. ''સંભવામિ યુગે યુગે''. પ્રત્યેક યુગમાં કોઈક મહામાનવ દ્વારા થતી રહેતી વિચાર ક્રાન્તિ. ક્રાન્તિ એટલે ધર્મની ગ્લાનિ દૂર કરવાનો પ્રચંડ સામૂહિક પ્રયાસ, પૂ. ગાંધીજીના સત્ય અને અહિંસાને માર્ગે ''સત્યાગ્રહ અસહકાર'' ની ચળવળ.

કારાગારમાં શ્રીકૃષ્ણનો જન્મ થાય છે. ચતુર્ભુજરૂપે વસુદેવ દેવકીને દર્શન આપે છે. દૈવી શક્તિનો જન્મતાં જ ખ્યાલ આપે છે. દેવકીની વિનંતીથી પાછું બાળસ્વરૂપ ધારણ કરી, વસુદેવને પ્રેરણા કરી, ગોકુળ લઈ જવા કહે છે.જેલના દરવાજા ઊઘડી જાય છે.દરવાનો ગાઢ નિંદ્રામાં પોઢી જાય છે. વસુદેવમાં હિંમત આવે છે. અંતરનાદ સંભળાય છે. નાના ટોપલામાં બાળકને સુવાડી કારાગારમાંથી શાંતિથી બહાર નીકળી જાય છે. યમુનાને તીરે આવે છે. ધીરે ધીરે વરસાદ વરસે છે. નદી બે કાંઠે વહી રહી છે. શ્રાવણ માસ છે ને ? હિંમતભેર વસુદેવ યમુનાના નીરમાં પ્રવેશ કરી માર્ગ કાઢે છે, શેષ ભગવાનનું છત્ર છે. રામાવતારમાં મોટા ભાઈ રામચંદ્ર છે, ભગવાનનો અવતાર, નાનો ભાઈ લક્ષ્મણ શેષાવતાર. રામજી બુદ્ધિમાન પુરુષોત્તમ. નાના ભાઈ સેવા લીધી ત્યારે મનોમન નક્કી કરે છે કે કૃષ્ણાવતારમાં શેષજી મારા મોટા ભાઈ થશે અને હું નાનો ભાઈ બની તેમની સેવા કરીશ. શેષ-બલરામ દાવુભૈયા વ્રજભાષામાં દાવુ એટલે મોટા ભાઈ, શેષ યમુનામાં ભગવાનનું રક્ષણ કરે છે.

વસુદેવજી ગોકુળમાં પ્રવેશ કરે છે. નંદગામના નંદજીને આવાસે આવી પહોંચ્યા છે. દ્વાર ખુલ્લાં હતાં. વસુદેવે સ્વસ્થતાથી બાળકને યશોદાની ગોદમાં મૂકીને બાળકીને ઉપાડી લીધી. ભગવાનનું રક્ષણ દૈવપ્રેરણા બધું જ કરી શકે. કર્તુ-અકર્તુમ્ અન્યથા કર્તુમ્ ભગવાન બધું જ કરી કરાવી શકે. વસુદેવ આવ્યા હતા તે જ રીતે પાછા ફર્યા. મથુરા પહોંચ્યા. બાળકીને કારાગારમાં લઈ જતાં જ બધાને સમાચાર મળી ગયા. કંસ આવ્યો. બાળકીને પછાડી પણ તે તો યોગમાયા સ્વયં માતાજી જ હતાં. વીજળીની જેમ ઊડી જતાં ઝબકારો થયો. પ્રચંડ ઉજાસ થયો ને આકાશવાણી થઈ કે હે કંસ ! તારો કાળ તો આવી ચૂક્યો છે. મૂર્ખ મને મારવાથી શું ફાયદો ? આમ બોલી અંતર્ધાન થઈ ગયાં.

કંસને ખૂબ આશ્ચર્ય થયું. નરમ પડ્યો અને વસુદેવ દેવકીને બંધનમાંથી મુક્ત કર્યાં. બીજી બાજુ અધિકારીઓને સતેજ કરી મથુરા-અને સારાયે વ્રજમાં ગુપ્તચરો ગોઠવી દીધા. બાળકને શોધી આપવાની એ લોકોએ બાંહેધરી આપી. એના અનુચરોમાં બકાસુર, અઘાસુર, ધેનુક, શંખચૂડ વગેરે અસુરો હતા. કાર્ય યુદ્ધને ધોરણે શરૂ થયું.

માશી પૂતના તેને પ્રથમ ગોકુળ મોકલી. સ્તન ઉપર ઝેર લગાડીને બાળકને દૂધ પિવડાવવાને બહાને કૃષ્ણને મારવા ગઈ પણ પોતે જ મરી.

શ્રીકૃષ્ણ ખૂબ અડગ-મક્કમ, લોકનિંદાની જરા પણ પરવા કર્યા વગર સત્યને માર્ગે જરૂરી વસ્તુ કરવામાં જરા પણ પાછી પાની ન કરે. મામા-માશી અને ભાણો અભિમન્યુને મૃત્યુને આધીન કરવામાં લાગણીવેડા નથી બતાવતા. જે કરવાનું તે કરવાનું જ . કર્ણ ભીષ્મ ને દ્રોણ હોય. યુદ્ધભૂમિમાં જે રીતે પાત્ર ભજવવાનું તે ભજવ્યું જ. સામા પક્ષે જ રહ્યા. મનમાં, સમવિષમ કાંઈ જ નહિ. નક્કી કર્યું તે કરવાનું જ.

પૂતના મરી, પછી તો શકટાસુર, તૃણાવર્ત વગેરે અસુરોના વધ થયા. યાદવોના પુરોહિત ગર્ગાચાર્ય નંદરાયને ત્યાં આવે છે. બન્ને બાળકોનો નામકરણવિધિ થાય છે. બન્નેનાં ભવિષ્ય પણ ભાખે છે. એમને કૃષ્ણબલરામની જોડી અદ્‌ભુત લાગે છે. આ અલૌકિક બાળકોની વૃંદાવન ગોકુળની લીલા દૈવી અને ચમત્કારિક લાગે છે. પછી આવે છે. દામોદર લીલા, દહીંની મટકી તોડતાં યશોદાજી ગુસ્સામાં ગાયને બાંધવાનું દોરડું લઈ, ખાંડણિયા સાથે શ્રીકૃષ્ણને દોરડાથી બાંધવા લાગ્યાં. દોરડું ટૂંકું જ પડે ને બંધાય નહિ. આ લીલામાં જ યમલાર્જુન બે ગાંધર્વો નલકુબેર અને મણિગ્રીવનો મોક્ષ થાય છે. એક પછી એક આવા આશ્ચર્યજનક બનાવો બનવાથી અને અસુરોનો ભય વધવાથી નંદબાબા વગેરે યાદવો ગોકુળવાસીઓએ સ્થાન બદલવાનું નક્કી કર્યું. અને બધા જ વૃંદાવન ચાલ્યા ગયા. ગોકુળમાં ને પછી વૃંદાવનમાં અનેક પ્રકારની લીલા કરતા. મનોરંજન કરાવતા મુખ્ય તો અસુરોનો નાશ કરતા જતા હતા. બ્રહ્મા-ઈન્દ્રના અહંકારને ઓગાળ્યો. કાલીનાગનો ત્રાસ દૂર કર્યો. કંસ તરફનો ત્રાસ ચાલુ જ હતો. વૃંદાવન આવ્યા પછી વૃત્રાસુર, બકાસુરના વધ. વનભોજનની લીલા, અઘાસુર, પ્રલંબાસુર, વ્યોમાસુર, કેશી, અરિષ્ટાસુર - આ બધાયનો નાશ કર્યો. ગોપગોપીઓને તો આનંદ જ કરાવતા. બધાના ખૂબ પ્રિય થઈ ગયા. કોઈને એમની દૈવી શક્તિનો ખ્યાલ પણ ન આવવા દીધો. તેમાંયે કૃષ્ણ કનૈયાનું આકર્ષણ જબ્બર હતું. અજબનું હતું. અજગરનો ઉદ્ધાર કર્યો. વસ્ત્રાહરણનો પ્રસંગ એ પણ જીવ શિવ વચ્ચેનું આવરણ દૂર કરવાના શિક્ષણરૂપે જ હતું. ઋષિપત્નીઓનું ભોજન સ્વીકારી તેમને પણ સંતોષ આપે છે. અને અંતે આવે છે રાસલીલાનો પ્રસંગ. વર્ષાનો અંત આવ્યો ને શરદની પૂર્ણિમા આવી. શ્રીકૃષ્ણે યમુનાને કિનારે આવી અતિમધુર મુરલીનો નાદ બજાવવો શરૂ કર્યો. આ નાદ દૂર દૂર સંભળાયો. ગોપીઓ પોતપોતાનાં કામ છોડી શ્રીકૃષ્ણની મધુરી મૂર્તિ અને મીઠી મુરલીનાં દર્શને દોડી આવી. રાસ પછી મહારાસ રચાયો. ગોપીઓ શ્રીકૃષ્ણમાં તન્મય બનીને ભાન ભૂલી. ખુદ કૃષ્ણમય-કૃષ્ણ જ બની ગઈ. તેમની બધી ઈન્દ્રિયો શાંત થતી ગઈ. ચિત્તની વૃત્તિઓ સ્થિર થતી ગઈ. વ્રજનાં અને વૃંદાવનનાં ગોપગોપીઓ સામાન્ય નથી. પૂર્વજન્મના ઋષિમુનિઓ સાધકો જ છે. એમની અધૂરી રહેલી તપશ્ચર્યાના ફળરૂપે જ તેમને શ્રીકૃષ્ણે અપનાવી લીધાં છે. કૃષ્ણે પોતાના મીઠા મધુરા સહવાસથી ગોપીઓનાં પાપ, તાપ અને સંતાપ હરી લીધાં છે. શ્રીકૃષ્ણ તો રસેશ્વર, આનંદસ્વરૂપ, બ્રહ્મ, પરમાત્મા, આનંદ સુધા-સિન્ધુ છે. અનેક પ્રકારની લીલા કરી છે. એમની જીવનશૈલી નિખિલ-રસાંજન મૂર્તિ સમી છે. ગોપીઓ એવી શ્રીકૃષ્ણ સાથે ગૂંથાઈ ગઈ ને આત્માનુસંધાન થઈ ગયું. જીવનભર અનેક કષ્ટો આવ્યાં. કદાપિ ગુસ્સો નહિ. સ્વસ્થ નેતાના સર્વગુણ, મહાત્મા, યુગપુરુષ પૂર્ણાવતાર. વૃંદાવનની બાળલીલામાં તન્મય એવા શ્રીકૃષ્ણને અને બલરામને મથુરાથી કંસનું તેડું આવ્યું. અક્રૂરજી લેવા આવે છે. એ તો અંતરમાં ખુશ છે. કૃષ્ણદર્શનની તાલાવેલી છે. ગોકુળ પહોંચે છે. નંદ યશોદા તથા ગોપગોપીઓને મળે છે. કૃષ્ણ બલરામને લઈને મથુરા જવા નીકળે છે. સાથે નંદબાબા અને થોડાં ગોપબાળકો પણ મથુરા આવે છે. ગોપીઓ, યશોદાજી અને ગાયો વગેરેની તે વખતની વેદના અસહ્ય છે.

મથુરામાં કૃષ્ણબલરામના આગમનથી પ્રજા ખૂબ હરખાઈ. બન્ને ભાઈઓ અને ગોવાળિયાઓ મથુરા નગરી જોવા નીકળ્યા. પહેલો ભેટો કંસના ધોબીનો થયો. તેને પૂરો કરી નાખ્યો. પછી કુબ્જા આવી, તેનો ઉદ્ધાર કર્યો. માળી મળ્યો, ધનુષ્યભંગ, કુવલયાપીડ હાથીનો નાશ કર્યો. ચાણુર-મુષ્ટિ વગેરે મલ્લોનો નાશ કરી કંસનો પણ સંહાર કર્યો. બન્ને ભાઈઓ માતાપિતાને મળ્યા. નંદજીને તેમજ ગોવાળોને ગોકુળ વિદાય કર્યા. ઉગ્રસેનને ગાદીએ બેસાડ્યા. બન્ને ભાઈઓને ઉપવીત સંસ્કાર અપાયા. ગાયત્રીની દીક્ષા આપી. ઉજ્જયિનીનગરી પાસેના ગુરુકુળમાં કુળગુરુ સાંદીપનિ મુનિના આશ્રમમાં વિદ્યાભ્યાસ માટે રાખ્યા. વિદ્યા પ્રાપ્ત કરીને કૃષ્ણ-બલરામ બન્ને મથુરા આવી ગયા.

વસુદેવે ઉપવીત પ્રસંગે કુટુંબીઓને ભેગા કર્યાં. બહેન પૃથા-કુન્તિને પણ આમંત્રણ મોકલ્યું. પરંતુ તેમનો સંદેશો આવ્યો કે એમનાં બાળકો નાનાં છે. પાંડુરાજના અવસાનના સમાચાર હતા. ધૃતરાષ્ટ્રે હસ્તિનાપુરની ગાદી પચાવી પાડી હતી અને રાજખટપટ ચાલતી હોવાથી નહિ આવી શકાય. આ સમાચારથી સહુને દુઃખ થયું. શ્રીકૃષ્ણે ઉદ્ધવ વગેરે સાથે વાતચીત કરી. અક્રૂરને હસ્તિનાપુર મોકલ્યા. ત્યાં કુન્તામાતા, વિદુર, ધૃતરાષ્ટ્ર વગેરેને મળી વિગતો મેળવી મથુરા પાછા આવ્યા. કંસનો વધ કરનાર બાળકોને જોઈને કંસના સસરા જરાસંધે મથુરા ઉપર સત્તર વખત ચઢાઈ કરી ને હાર્યો. પછી કાલયવનની કથા અને મુચુકુંદ વાત. એ તો આપણા આદિ નરસિંહ મહેતા હતા, એવી માન્યતા છે.

જરાસંધના વારંવાર હુમલાથી મથુરાવાસીઓને, શ્રીકૃષ્ણ બલરામે મથુરાનાં બધાં જ નરનારીઓને મથુરા ખાલી કરી દૂર સમુદ્રને કિનારે સ્થાનફેર કરાવ્યું ને દ્વારિકા નગરી વસાવી. ત્યાર બાદ બલરામનાં રેવતી સાથે લગ્ન થાય છે, તે દંતકથા.

દ્વારિકાનો આ પ્રથમ લગ્નોત્સવ. અનેરા આનંદથી ઉજવવામાં આવ્યો. ત્યારબાદ રુક્મિણીહરણ. વૃંદાવનની બાળલીલા, મથુરાની રાજકીય લીલા. હવે દ્વારિકાનો ઇતિહાસ. બે લગ્નો પછી સ્યમંતકમણિની વાત. શ્રીકૃષ્ણનાં જાંબુવતી સાથેનાં લગ્ન, સત્યભામાને કાલિન્દીના લગ્ન, મિત્રવિન્દાના હરણનો પ્રસંગ, ભદ્રા સાથેના લગ્ન, મત્સ્યવેધ કરીને લક્ષ્મણા સાથેનો વિવાહ. આમ શ્રીકૃષ્ણે આઠ રાણીઓ સાથે લગ્ન કર્યાં. આધ્યાત્મિક અર્થમાં અષ્ટધા પ્રકૃતિ પણ ગણાય છે.

હવે મૂર રાક્ષસ અને ભૌમાસુર વધ, સોળ હજાર રાજકન્યાઓનો સ્વીકાર, સોળહજાર એકસો ને આઠ રાણીઓ સાથેનો વ્યવહાર જોઈને નારદજીને આશ્ચર્ય થાય છે. દરેકના આવાસમાં શ્રીકૃષ્ણની હાજરી જોઈને વિસ્મય પામે છે. વિનોદી શ્રીકૃષ્ણે રુક્મિણીની મશ્કરી કરી. એની પાછળ એમનો ગર્વ હરવાનો પણ વિચાર હતો. પ્રદ્યુમ્નની પ્રાપ્તિ અને તેનો પુત્ર અનિરુદ્ધ પણ થયો. અનિરુદ્ધ ઉષાની કથા પણ સુંદર છે. આમ તેમના વંશજોની કથા, દ્વારિકાની આ જીવનશૈલી. સહુ આનંદમંગલ હતાં.

કૌરવો કપટ કરી પાંડવો સાથે કારણ વગર ઝઘડા કર્યા કરતા હતા. લાક્ષાગૃહની કપટની વાત યાદવોએ સાંભળી, દ્રૌપદીના સ્વયંવરમાં પાંડવો, કુન્તી ફોઈ-કૃષ્ણ, બલરામ બધાં મળે છે. પાંડવોને પાંચ ગામ ધૃતરાષ્ટ્ર કાઢી આપે છે. તે ઉપરાંત ખાંડવવનને બાળીને નગરી બનાવે છે. સુભદ્રાહરણ, રાજસૂયયજ્ઞ વગેરે પ્રસંગો આવે છે. યુધિષ્ઠિરનું તેજ વધે તે કૌરવોને કઠે છે. રાજા દુર્યોધન અને એના મામા શકુનિએ પાંડવોનો વૈભવ હરી લેવા માટે કપટદ્યુતની યોજના કરી. યુધિષ્ઠિર હારતા જ ગયા. અંતે દ્રૌપદીને હોડમાં મૂકી. દ્રૌપદીનું ભરસભામાં અપમાન. શ્રીકૃષ્ણે લાજ રાખી, ચીર પૂર્યાં. આવા અનેક પ્રસંગોમાં કૌરવો, પાંડવ પરિવારને હેરાન-પરેશાન કરતા હતા અને દરેક પ્રસંગે શ્રીકૃષ્ણ એ પરિવારના આત્મીય સ્વજન અને સ્નેહસંબંધથી એટલા બંધાઈ ગયેલા હતા. એ લોકોને એક્કેએક વિપત્તિમાંથી શ્રીકૃષ્ણે જ બચાવ્યા છે ને રક્ષણ કર્યું છે. કૌરવપાંડવ વચ્ચેનું વેર વધતું જ ગયું. કૌરવોના ગર્વ અને અહમ્, સત્તાભૂખ અને દ્વેષને પરિણામે અંતે યુદ્ધનું જ પરિણામ આવ્યું. કૃષ્ણ સંધિ કરાવવા જાય છે. તે પૂર્વે સંજય કૌરવપક્ષે પાંડવોને મળી કપટવાળી

સંધિના પ્રયત્ન કરે છે. કૃષ્ણ તો સમજતા જ હતા કે કાંઈ વળવાનું નથી. દુર્યોધન માનવાનો નથી જ, છતાં હસ્તિનાપુર જાય છે. દુર્યોધન સાથે થોડી વાતચીત કરી. વિદુરને ત્યાં જ જાય છે. વિદુર કૌરવોને બરોબર ઓળખે છે. પરિણામ કાંઈ જ આવવાનું નથી તે જાણે છે. કૃષ્ણ પણ જાણે છે. છતાં આ અંતિમ પ્રયત્ન કરી, શું કરવું તેનો નિર્ણય કરશે. કૌરવ પાંડવો એક થાય તેવી પોતાની તીવ્ર ઇચ્છા પ્રદર્શિત કરે છે. લંબાણથી ચર્ચા કરી પરંતુ દુર્યોધનને યુદ્ધ જ ખપે છે.

શ્રીકૃષ્ણે, ધૃતરાષ્ટ્રે, ગાંધારીએ દુર્યોધનને ખૂબ સમજાવ્યો. દુર્યોધન કૃષ્ણને કેદ કરવા માગતો હતો. ધૃતરાષ્ટ્રે સખત ઠપકો આપ્યો. ભીષ્મ, વિદુર બધાએ દુર્યોધનની ઝાટકણી કાઢી. દુર્યોધન ક્રોધમાં ચાલી ગયો. રાજસભા વિખરાઈ ગઈ. કૃષ્ણ કર્ણને સમજાવવા પ્રયત્ન કરે છે. કૃષ્ણે કર્ણને સમજાવવામાં રાજનીતિજ્ઞ બુદ્ધિ વાપરી છે. કેટલાક પ્રસંગોમાં કપટ કર્યા જેવું આપણને લાગે છે પરંતુ એ સત્યને પામવા માટેનો જ માર્ગ છે તેવું સમજપૂર્વકનું કાર્ય સમજીને કરે છે. બધા જ પ્રયત્નો એળે ગયા ને કૌરવોનો મદ હરવાને યુદ્ધ જ અંતિમ ઉપાય છે તેની પ્રતીતિ સહુને થઈ.

કૃષ્ણ પાસે અર્જુન અને દુર્યોધન મદદ માટે જાય છે. કૃષ્ણ તટસ્થ છે. એક પક્ષમાં એમની ''નારાયણી સેના'' અને એક પક્ષમાં કૃષ્ણ એકલા તે પણ અસ્ત્રશસ્ત્ર ધારણ કર્યા વગર, એવો પ્રસ્તાવ મૂકે છે. અર્જુને ભગવાનને પોતાના પક્ષમાં લઈ લીધા. દુર્યોધન સેના લઈ ખૂબ ખુશ થયો. અર્જુનને ભગવાનમાં શ્રદ્ધા હતી, દુર્યોધનને ભગવાનના ઐશ્વર્યમાં વૈભવમાં.

કુરુક્ષેત્રમાં સૂર્યગ્રહણનો મહાયોગ એ જ સમયે આવી પહોંચ્યો. નંદયશોદા, ગોપગોપીઓની મંડળી સાથે વસુદેવ દેવકી, ઉગ્રસેન ને કૃષ્ણની પટ્ટરાણીઓ બધાં જ ભારતના ખૂણેખૂણેથી આવેલાં. વેદવ્યાસજી પણ આવ્યા હતા. સૂર્યગ્રહણ પૂરું થતાં જ સહુ વિખરાયા.

ધર્મક્ષેત્ર-કુરુક્ષેત્રના મેદાન ઉપર હવે યુદ્ધનાં સાધન-સરંજામ અને સામગ્રી સાથે યુદ્ધગાડીઓ ફરવા લાગી. કૌરવ-પાંડવોની સેના પણ ફરવા લાગી. દુર્યોધન, માતા ગાંધારીનાં આશીર્વચન લેવા ગયો. યુધિષ્ઠિર પિતામહનાં લેવા ગયા અને દ્રોણાચાર્ય, કૃપાચાર્ય, અશ્વત્થામાના પણ આશીર્વાદ લઈને પોતાની છાવણીમાં ગયા. પાંડવો તદ્દન કમને જ યુદ્ધભૂમિમાં ઊતર્યા છે. હવે યુદ્ધ શરૂ થાય છે. શરૂઆત જ અર્જુનના વિષાદ અને કૃપણતાથી થાય છે. અર્જુન ઢીલો થઇ ગયો છે. શ્રીકૃષ્ણ સમય પારખી જરા કઠોર થયા કે ''આ સમયે તેને આ શું સૂઝ્યું ? કૃષ્ણે કેટલાયે પ્રશ્નો સખ્તાઇથી કહ્યા. હૃદયની નબળાઇને વખોડી કાઢી. યુદ્ધ માટે તૈયાર થવાનો આદેશ આપે છે. અર્જુનમાં પણ ધીરે-ધીરે વિષાદમાંથી વૈરાગ્ય અને તેમાંથી જ્ઞાનનાં બીજાંકુર જાગે છે. કૃષ્ણે આ તક ઝડપી લીધી ને અર્જુનને જ્ઞાનના અમૃતનું પાન કરાવ્યું. ગીતાના જ્ઞાનથી અર્જુનનો વિષાદ દૂર કર્યો. કૃષ્ણ અર્જુનના રથના સારથિ સાથે, એમના મનના ઘોડાની લગામ પણ આ સારથિના હાથમાં આવી ગઇ. સારથિમાંથી ગુરુ બન્યા. ગીતાએ એમને જગદ્‌ગુરુ બનાવ્યા. ભગવદ્‌ગીતા અલૌકિક ગ્રંથ છે. જીવનસંગ્રામ છે અને એ જીવન કેવી રીતે સફળતાથી, હિંમતભેર, નીતિમયતાથી જીવવું તે ગીતા સમજાવે છે. માત્ર મહાભારતના યુદ્ધ માટે જ નહિ પરંતુ મનુષ્યજીવનનો દરેકે દરેક પ્રશ્ન કેવી રીતે હલ કરવો તે ગીતા શિખવાડે છે.'' ગીતા એ વિજ્ઞાનનું પણ વિજ્ઞાન છે. સમગ્ર શાસ્ત્રનું દોહન છે. દોગ્ધા ગોપાલનંદનમ્, આ પાર્થ વાછરડું છે તે ગીતાનું પાન કરે છે. શ્રીકૃષ્ણે પ્રબોધેલો આ ગીતાનો ઉપદેશ માત્ર અર્જુન માટે જ નહિ પરંતુ સારીયે માનવજાત માટેનો માર્મિક ઉપદેશ છે. 'ગીતા' આપણા હૃદયમાં ચાલી રહેલા દ્વંદ્વનું એક મહાન શબ્દચિત્ર છે. એનો ઉપદેશ આપનાર કૃષ્ણને ગાંધીજીએ શુદ્ધ સંપૂર્ણ જ્ઞાનનું મૂર્તિમંત સ્વરૂપ માન્યા છે.

શ્રીકૃષ્ણના ઉપદેશથી અર્જુન સ્વસ્થ થયા. કૃષ્ણને પ્રણામ. ગાંડીવ હાથમાં લીધું. યુદ્ધનો આરંભ થયો. યુદ્ધના દિવસો ગણાવા માંડ્યા. બન્ને પક્ષે ખૂબ જ ખુવારી થઈ. પિતામહ, અર્જુનની સામે થાય છે. બાણની વર્ષા ચાલે છે. કૃષ્ણ પણ સ્વસ્થતા ગુમાવીને રથનું પૈડું લઈ ઊભા થાય છે. અર્જુને તરત જ તેમની શસ્ત્ર ગ્રહણ

ન કરવાની પ્રતિજ્ઞા યાદ દેવડાવી છે. કૃષ્ણ શાંત થયા. છતાં બોલ્યા કે મેં સક્રિય ભાગ નહિ લેવા પ્રતિજ્ઞા લીધી છે પણ જો તમારી (પાંડવોની) ઇચ્છા હોય તો મને શસ્ત્ર લેવામાં સંકોચ નથી. આ એમની વ્યાવહારિક બુદ્ધિ. યુદ્ધ જબરજસ્ત ચાલી રહ્યું છે. દુર્યોધનને શંકા થાય છે. ભીષ્મ પાંડવો તરફના સ્નેહને કારણે બરાબર સક્રિય નથી. ભીષ્મને આ વચનો બાણ સમાં લાગે છે. અને ખૂબ જુસ્સાથી પાંડવોના સૈન્ય ઉપર તૂટી પડે છે. અર્જુનના બાણથી ભીષ્મનું કવચ ભેદાઇ જાય છે. યુદ્ધની ભૂમિ ઉપર આવતાં પહેલાં દુર્યોધનની પત્નીને ભીષ્મ વરદાન આપવાના હોય છે. જો એ ''સૌભાગ્યવતી ભવ'' બોલે તો બાજી પલટાઇ જાય. કૃષ્ણને આ સર્વ હકીકતની ખબર હોય છે. દ્રૌપદીને ચેતવીને ભીષ્મ પાસે લઇ જઇ, પ્રણામ કરાવી વરદાન લઇ લે છે. ભીષ્મને બધી વાતની ખબર પડે છે ને સમજી જાય છે કે કરતૂત શ્રીકૃષ્ણનું જ હોવું જોઇએ. કુંતાજી અભિમન્યુને અમર રાખડી બાંધે છે તે પણ આ ભવિષ્ય જાણનારને ખબર પડી જાય છે અને ઉંદર બનીને રાખડી કાપી નાખે છે. ભીષ્મ, યુધિષ્ઠિર, કુંતાજી બધાંને અંતરમાં તો ખ્યાલ આવી જ ગયો છે કે શ્રીકૃષ્ણ સામાન્ય નથી. દૈવી તત્ત્વ સિવાય આટલી બધી સિદ્ધિ ક્યાંથી ? મહાન છે. નેતા છે ને અભિનેતા પણ છે.

આગળ કહ્યું તેમ ભીષ્મનું ક્વચ ભેદાઈ જાય છે. કૃષ્ણની જ કુશળતાથી ભીષ્મનાં શસ્ત્રો નિષ્ફળ જાય છે. ભીષ્મ મૂર્છિત થાય છે. સેનામાં હાહાકાર વર્તાઇ જાય છે.

ભીષ્મ પછી દ્રોણાચાર્ય સેનાપતિ થાય છે. અગિયારમો દિવસ છે. અર્જુનનો-પુત્ર અભિમન્યુ ચક્રાવામાં ફસાય છે. દુર્યોધનનો બનેવી જયદ્રથ અભિમન્યુને ફસાવવામાં મુખ્ય ભાગ ભજવે છે. અભિમન્યુ અંતે હણાય છે. અર્જુનને ખબર પડતાં જ જયદ્રથને મારવાની પ્રતિજ્ઞા લે છે. એવી પ્રતિજ્ઞા લે છે કે આવતીકાલે જો સૂર્યાસ્ત પહેલાં જયદ્રથને વધ ન કરું તો હું જાતે અગ્નિમાં પડીને પ્રાણ ત્યજીશ. કૃષ્ણને ચિંતા થાય છે. જયદ્રથ પણ મહારથી હતો. અર્જુને ઉતાવળે પ્રતિજ્ઞા લીધી એવું કૃષ્ણ માને છે. કૃષ્ણને યુદ્ધ કરવું જ ન હતું. પણ અર્જુનને કદાચ આત્મહત્યા કરવી પડે તે સમયે વિપત્તિ ગણીને પણ જયદ્રથનો વધ કરવાની તેમણે તૈયારી કરી દીધી હતી. યુદ્ધ સખ્ત ચાલ્યું. જયદ્રથે સૂર્યને આથમવાની કેટલી વાર છે તે જોવા માથું ઊંચું કર્યું અને અર્જુને બાણથી એને ઉડાવી દીધું.

રાત્રીયુદ્ધ થયું તેમાંયે કેટલા ઘવાયા ને મર્યા. મહાકાળનો ધસારો કોઈથી ખળાય એમ નહોતો. રાત્રી પૂરી થઇને પંદરમા દિવસનું પ્રભાત ઊગ્યું. દ્રોણાચાર્ય ભયંકર રીતે લડી રહ્યા હતા. યુધિષ્ઠિર ખૂબ ધાર્મિક હતા. અને સત્યને જ માત્ર જીવનનો દઢ આદર્શ માનતા હતા. ધર્મના પાલન માટે સત્ય બોલવું જ જોઇએ. કૃષ્ણ પણ સત્યવક્તા છે. પણ કોઈ પણ પ્રકારની પ્રતિજ્ઞાથી બંધાતા નથી. યુધિષ્ઠિરની સત્ય બોલવાની પ્રતિજ્ઞાની સહુથી આકરી કસોટી તો મહાભારતની યુદ્ધભૂમિમાં થઇ. દ્રોણાચાર્ય જયારે ખૂબ ઝનૂનથી એમનાં શસ્ત્રો સૈનિકો ઉપર છોડી રહ્યા હતા ત્યારે તેમને રોકવાનું અનિવાર્ય જ હતું. પાંડવોનું અને જગતનું હંમેશા હિત જોનાર શ્રીકૃષ્ણને યુધિષ્ઠિરને ''અશ્વત્થામા હણાયો'' એમ બોલવા આગ્રહ કર્યો. યુધિષ્ઠિર વિમાસણમાં પડ્યા. બોલે તો અસત્ય છે, ના બોલે તો બાજી તદ્દન બદલાઈ જાય. યુદ્ધનું પરિણામ, ઊલટું જ આવે. ધર્મનો નાશ થાય અને અધર્મની જીત થાય. અંતે તો આ ધર્મયુદ્ધ હતું. મોટા ધર્મને સાચવવા નાનો અધર્મ આચરવો પડે. આ શ્રીકૃષ્ણનું મંતવ્ય. ''શઠં પ્રતિ શાઠ્યમ્'' મહાન સત્યને પામવા અસત્યનો માર્ગ લેવો પડે તેમાં નુકસાન નથી, લાભ છે, પાપ નથી, પુણ્ય છે. કૃષ્ણ સમજાવે છે કે અત્યારે દ્રોણથી બચવા માટે આ જ માત્ર ઉપાય છે. અસત્ય સત્ય કરતાં પણ કોઈક વખત તો ચઢિયાતું છે. જેમાં સર્વનું કલ્યાણ હોય તેમાં જ સત્ય છે. ધર્મને માટે કદીક અસત્ય બોલવું પડે, તેમાં દોષ નથી. ખૂબ સમજાવ્યા છતાં યુધિષ્ઠિર પૂર્ણ અસત્ય તો નથી જ બોલતા ને ''અશ્વત્થામા હણાયો'' એમ બોલી અશ્વત્થામા નામનો હાથી પણ હોઈ શકે એમ બોલે છે. ''નરો વા કુંજરો વા'' આ સાંભળી પોતાના પુત્રના વધથી દુઃખી થયેલા આચાર્યે શસ્ત્ર ફેંકી દીધાં. તેનો લાભ લઈ ધૃષ્ટદ્યુમ્ને આચાર્યનું મસ્તક છેદી નાખ્યું.

આપણે ગાંધીજી, યુધિષ્ઠિર અને શ્રીકૃષ્ણના સત્યના પ્રયોગોની સરખામણી કરી શકીએ. ગાંધીજીના સિદ્ધાન્ત પ્રમાણે આવે પ્રસંગે મૌન રાખે. અસત્ય તો ન જ બોલે. યુધિષ્ઠિરને પરિસ્થિતિ અસત્ય બોલાવે છે તેથી અસત્ય ઉચ્ચારતાં અર્ધસત્ય બોલે છે. શ્રીકૃષ્ણ વ્યાવહારિક છે. ધર્મ અને ન્યાયને પામવા માટે કદાચ અસત્ય બોલવું પડે તો દોષ નથી. પ્રતિજ્ઞા લીધી હોય છતાં પરિસ્થિતિને આધીન થઇ પ્રતિજ્ઞા તોડવી પણ પડે. વિચારપૂર્વક સંપૂર્ણ સમજદારી સાથે, વિષમ સંજોગોમાં સમય પ્રમાણે વર્તવું પડે તો બાંધછોડ કરવામાં પાપ નથી, ફરજ સમજે છે.

દ્રોણાચાર્ય પડતાં બન્ને પક્ષમાં દિલગીરીથી શાંતિ છવાઇ ગઇ. સોળમા દિવસે કર્ણ સેનાપતિ થયા. યુધિષ્ઠિરે અર્જુનની ટીકા કરી, ''હજી કર્ણને કેમ જીવતો રાખ્યો છે. ગાંડીવ ફેંકી દે.'' અર્જુનને ગાંડીવની ટીકાથી ગુસ્સો ચઢે છે, યુધિષ્ઠિર તરફ હાથ ઉગામવા જાય છે. ત્યારે કૃષ્ણ તેમાં પણ વચ્ચે પડીને અર્જુનને યુદ્ધભૂમિ તરફ લઇ જાય છે. સમયસૂચકતા વાપરીને અર્જુનનાં બળ, શૌર્ય, પરાક્રમ વગેરેની પ્રશંસા કરી. અર્જુન-કર્ણ વચ્ચેના યુદ્ધને પ્રોત્સાહન આપે છે. કર્ણના રથનું પૈડું કાદવમાં ખૂંપી જાય છે. કર્ણ યુદ્ધ થોભાવવા કહે છે. આપત્તિમાં આવ્યો છું તેથી અધર્મનું આચરણ ન કરવા સૂચવે છે. ત્યારે શ્રીકૃષ્ણ બરાબરનો ઉત્તર આપે છે કે અધર્મની વાત કરે છે કર્ણ ! કપટદ્યુત ખેલતાં અને દ્રૌપદીની લાજ લૂંટતાં તારો ધર્મ ક્યાં ગયો હતો કે આજે આપત્તિધર્મની વાત કરે છે ? વીર અભિમન્યુ એકલો અસહાય હતો - તમે સાત સાત મહારથીઓએ તેને મારી નાખ્યો ત્યારે ધર્મબુદ્ધિ ક્યાં ગઈ હતી તે અત્યારે અર્જુનને ઉપદેશ આપે છે ?

કર્ણ પૈડું ખેંચતો હતો તે જ સમયે અર્જુનના સડસડાટ બાણથી તેનું મસ્તક ઊડી ગયું.

ત્યારબાદ શલ્ય સેનાપતિ થાય છે. તે પણ પડે છે. કૌરવસૈનામાં હવે કોઇ બચ્યું નથી, અશ્વત્થામા અને કૃપાચાર્ય અને દુર્યોધન. ભીમ અને રાજા દુર્યોધનનું ગદાયુદ્ધ થયું. દુર્યોધનની બન્ને સાથળો ભાંગી નાખી. બલરામજી ભીમને કહેવા લાગ્યા કે નાભિની નીચે ઘા ન થાય. તેં યુદ્ધનો નિયમ તોડ્યો. ત્યારે તે સમયે શ્રીકૃષ્ણ વહારે ધાયા કે દ્રૌપદીની લાજ લૂંટાતી હતી ત્યારે આ દુર્યોધને સાથળ ઉઘાડીને તેની ઉપર બેસવા કહ્યું હતું તે જ વખતે ભીમે પ્રતિજ્ઞા લીધી હતી. આજે એની પ્રતિજ્ઞા પૂરી થઈ છે અને પાપી દુર્યોધન પોતાના જ પાપે કરીને મરાયો છે.

ગાંધારીએ આંખનાં પડળ કાઢીને દુર્યોધન તદ્દન નિઃવસ્ત્ર થઇને આવે અને પ્રણામ કરી જીવતદાન દેવાના આશીર્વાદ આપવા કહ્યું હતું. દુર્યોધન એ રીતે જતો હતો તે વખતે પણ શ્રીકૃષ્ણને જ એને માર્ગમાં રોકીને માત્ર લંગોટી પહેરાવી સાથળના ભાગને બાકાત રખાવી હતી. આવી યુક્તિ પ્રયુક્તિ આખાયે પાંડવ-પ્રકરણમાં ન કરી હોત તો વિજયની શક્યતા ન રહેત. ભીષ્મ પિતામહ પણ જ્યારે રણમેદાને હતા ત્યારે શિખંડીને આગળ કરવામાં પણ શ્રીકૃષ્ણની જ વ્યૂહરચના હતી. ભીષ્મ સ્ત્રી સામે હથિયાર નહોતા મારતા. શિખંડી પૂર્વાવસ્થામાં સ્ત્રી હતો.

દુર્યોધન મરાયો. અશ્વત્થામાએ દ્રૌપદીનાં પાંચ બાળકોની હત્યા કરી નાખી. અશ્વત્થામાને એનું હીર. હણીને છૂટો મૂકી દે છે એ હજી પણ જીવંત છે એવી માન્યતા છે.

કૌરવોનો નાશ થયો અને મહાભારતનું યુદ્ધ એ રીતે સમાપ્ત થયું. ધૃતરાષ્ટ્ર અને માતા ગાંધારીને સમાચાર મળતાં જ રણભૂમિ ઉપર આવી ચઢ્યાં. સર્વત્ર ગ્લાનિભરેલી શાંતિ હતી. પાંડવો, શ્રીકૃષ્ણ, ધૃતરાષ્ટ્ર, ગાંધારી, કુંતી બધાં મહાભયંકર વિનાશ જોઇને દુઃખી દુઃખી થયાં. ગાંધારી આંખનો પાટો કાઢી નાખે છે. એનો ક્રોધાગ્નિ ખૂબ પ્રબળ છે. કૃષ્ણને આ પરિસ્થતિની પણ ખબર છે. પ્રથમ દૃષ્ટિ એમની ઉપર પડે તે રીતે જ કૃષ્ણ ગાંધારીની સામે ઊભા છે. ગાંધારી શાપ આપે છે. ''જે રીતે કુરુવંશનો નાશ થયો તે જ રીતે યદુવંશનો નાશ થશે.'' કૃષ્ણ સહર્ષ શાપનો સ્વીકાર કરે છે. એ તો ભવિષ્ય જાણે જ છે. એમના અવતારની તો આ સર્વ યોજના હતી.

બધા હસ્તિનાપુર આવે છે. શ્રીકૃષ્ણે યુધિષ્ઠિરનો રાજ્યાભિષેક કર્યો અને ભારતમાં ધર્મરાજ્યની સ્થાપના કરી.

ભીષ્મ પિતામહ શરશય્યા ઉપર સૂતા હતા ત્યાં કૃષ્ણ, પાંડવો સહિત જાય છે. 'પિતામહની અંતિમ ઇચ્છા કૃષ્ણદર્શનની હતી તે પૂર્ણ કરી. ભાગવતમાં ભીષ્મ પિતામહની શ્રીકૃષ્ણ પ્રત્યેની સ્તુતિ ખૂબ સરસ છે.

મહાભારતના મહાસંગ્રામની સંપૂર્ણ પૂર્ણાહુતિ કરી કૃષ્ણ દ્વારિકા જવા તૈયારી કરે છે. કુન્તાજી, દ્રૌપદી, ઉત્તરા બધાં જ એમને રોકાઇ જવા માટે વિનંતી-સ્તુતિ કરે છે. બધાંના મનને સંતોષ આપી અને શ્રીકૃષ્ણ અર્જુનને લઇને તીર્થયાત્રા કરીને દ્વારિકા જાય છે.

દ્વારિકા નગરી શ્રીકૃષ્ણે વસાવી હતી. સત્તાના મદમાં અહંકારી થયેલા બધા જ રાજાઓ : કંસ, જરાસંધ, શિશુપાલ, ભૌમાસુર, દંતવક્ત્ર બધાનો નાશ થયો. કૌરવો પણ અધર્મમાં ડૂબેલા, તેમનો પણ નાશ થયો. ધર્મરાજ યુધિષ્ઠિરને ભારતનું સાર્વભૌમ ચક્રવર્તીપદ મળ્યું. મહાભારતનો ઘોર સંગ્રામ પૂરો થયો. બચેલા યાદવોના મનમાં થોડી ગ્લાનિ હતી. ભારતની રાજધાની દ્વારિકા બને અને ચક્રવર્તીપદ યાદવકુળના રાજાને મળે તેવી મુરાદ હતી. થોડોક રોષ અને અણગમો કૃષ્ણ પ્રત્યે રહ્યો હતો. કૃષ્ણે યાદવોની પ્રતિષ્ઠા વધારવામાં ખૂબ જ પરિશ્રમ લીધો હતો. મથુરાના ત્રાસમાંથી છૂટીને યાદવોને દ્વારિકાની સમૃદ્ધિ મળી હતી. શરૂઆતમાં ખૂબ બંધુભાવે પ્રેમ અને સ્નેહથી બધાં રહ્યાં હતાં. પરંતુ સુખ-સગવડનાં સાધનો મળતાં તેઓ વ્યસની બન્યા હતા. ધનમદ અને સત્તામદનો ભોગ બન્યા હતા. એશઆરામી થઈ ગયા હતા. અત્યારે આપણે મિનિસ્ટરોનાં અને ધનિકોનાં સ્ત્રી-બાળકો-પુરુષોને ક્યાં નથી જોતાં ? બધાં છટકી ગયેલાં લાગે. વંઠેલ અને મર્યાદાનો લોપ કરે છે એમ લાગે. પરિણામ સારું નહિ આવે.

સ્યમન્તકમણિએ આ દ્વેષ અને ઈર્ષ્યામાં પાછું ઘી હોમ્યું અને તેને લઇને યાદવોમાં અંદર અંદર કલહ શરૂ થયો. તેનો અંત આવ્યો નહીં. મણિને કારણે કૃષ્ણ અને બલરામનાં મન પણ ઊંચાં થયાં હતાં. કૃષ્ણે પોતાની વ્યથા અર્જુનને જણાવી. યાદવોમાં આંતરકલહની વાતો કરતાં કૃષ્ણને ખૂબ દુઃખ થાય છે. અર્જુનને પણ ખૂબ દુઃખ થાય છે. કૃષ્ણ એને સાંત્વન આપે છે ને કહે છે કે તું મારો સખા છે. પ્રિયજન છે, તેથી મેં અંગત વાત કરી યાદવોના કલહ-કંકાસ વધી ગયા છે. એમનું પતન નજીક છે. આવી અનેક હકીકત કહી અને થોડુંક કામ ચીંધ્યું ને વિદાય કર્યો. પછી અર્જુન હસ્તિનાપુર જવા નીકળે છે.

મહાભારતના યુદ્ધ પછી દ્વારિકામાં નિવાસ કરતાં કૃષ્ણ-બલરામના જીવનનાં બીજાં છત્રીસ વર્ષ પસાર થયાં હતાં. વ્રજભૂમિનાં બાળપણનાં અગિયાર વર્ષ, મથુરાનાં યુવાવસ્થાનાં ચૌદ વર્ષ તેમજ દ્વારિકાનાં પૂરાં સો વર્ષ સુધી કૃષ્ણ - બલરામે નિવાસ કર્યો.

યાદવોને સાંબ (જાંબવંતીના પુત્ર)ના નાટકથી ઋષિ મુનિઓએ શાપ આપ્યો.

અકથ્ય વેદનાની વચ્ચે રહ્યા છતાં કૃષ્ણે કદી આક્રંદ નથી કર્યું. એમણે આનંદ સહુને વહેંચ્યો છે. પરંતુ વેદના પોતાની પાસે જ રાખી છે. પોતે દુઃખી થઇને પણ બીજાને સુખી કરવાનો આદર્શ. જગતના અંધકારમાં અને અધર્મમાં જ્ઞાન, ભક્તિ અને ધર્મનો પ્રચાર કરવા આ ધરતી ઉપર અવતરણ કરે તે ભગવાન. પરમતત્ત્વ જ્યારે અવતાર લે છે, અને માનવરૂપે પ્રગટે છે ત્યારે તે મનુષ્ય તરીકેનાં તમામ લક્ષણો, ગુણો, મર્યાદાઓ, વ્યવસાયો, અને વ્યવહારોને અપનાવી લે છે. શ્રીકૃષ્ણ આ રીતે મનુષ્ય છતાં મનુષ્યરૂપમાં પરમતત્ત્વ પ્રચ્છન્નરૂપે અને ક્યારેક પ્રગટરૂપે પ્રતીત થયા કરે છે. એટલે આ મનુષ્ય અવતારી પરમતત્ત્વ માત્ર વ્યક્તિ જ નહિ વ્યક્તિવિશેષ અથવા વિશિષ્ટ વ્યક્તિ બને છે. માત્ર પુરુષ નહીં, પુરુષોત્તમ મહામાનવ હોય છે. માનવતાનો અને માનવેતર ઊર્ધ્વતત્ત્વનો એમાં વિલક્ષણ સંયોગ થયેલો હોય છે.

કૃષ્ણનો જન્મ : માત્ર કૃષ્ણનો જ નહિ, તે તો જન્મ હતો મહાનલોકસેવકનો, રાજનીતિજ્ઞનો,

યોગક્ષેમનું વહન કરનારનો જ્ઞાન, કર્મ અને ભક્તિનો; ભગવદ્‌ગીતાનો, નિઃસ્વાર્થ કર્મયોગીનો, ધર્મના રક્ષકનો, જીવનની શરૂઆતથી જ સતત સંઘર્ષના જીવનને અવિરત પ્રવૃત્તિથી ધમધમતું રાખનાર એક પૂર્ણ પુરુષોત્તમ ને યુગપુરુષ અને પરમાત્માના સ્વરૂપનો. માનવજીવનના ઉત્થાનનો. આવા મહાન રાજા જેવા હોવા છતાં રાજાઓના રાજા રાજાધિરાજ શ્રીકૃષ્ણ દીનદુઃખિયાની વહારે દોડી જતા, અન્યાય અને અધર્મની સામે જિંદગીભર ઝઝૂમ્યા. બળમાં ને બુદ્ધિમાં, ગુણમાં ને જ્ઞાનમાં એ સમયના પુરુષોમાં એમની જોડ નહોતી.

શ્રીકૃષ્ણ ગોકુળ, વૃંદાવન છોડી મથુરા ગયા ને પહેલાંની લીલામાં કનૈયો, ગોપીજનવલ્લભ, યશોદાનંદન, નંદનંદન જોવા મળે છે. વ્રજની લીલામાં વ્રજ-વેણુંને ઘેનુનું ઘેલું છે.

મથુરા જતાં એ ધીરગંભીર અવતારનું કાર્ય કરવા તત્પર થઈ કંસવધ, ઉગ્રસેનની ગાદી અને રાજવ્યવસ્થા માતાપિતાની શુશ્રૂષા વગેરે કાર્યો કરી ઉત્તમ દૈવી, અને સાંસારિક બન્ને ફરજો અદા કરે છે. એ રીતે રાજરાજેશ્વર છે.

અને પછી થાય છે દ્વારકાધીશ. એ બને છે રાજપુરુષ રાજનીતિજ્ઞ-ગૃહસ્થ, વ્યાવહારિક લોકનાયક. એને માથે ચોરીનો આરોપ પણ આવે છે. જીવનસંગ્રામ ખૂબ હિંમતભેર ખેડ્યો. તદ્દન શાંતિ, નિરભિમાની છતાં સ્વમાની. મહાભારતના યુદ્ધમાં તો એમનું વ્યક્તિત્વ ઉચ્ચ શિખરે પહોંચે છે, કેટલીક વખત કપટ કરતાં પણ દૃશ્યમાન થાય છે. પણ તે સત્ય અને ધર્મને માટે. વ્યક્તિગત દુશ્મનાવટ કોઈની પણ સાથે નથી. મહાભારતના યુદ્ધ વખતે શરૂઆતથી અંત સુધી એ માર્ગદર્શક રહે છે. સારથિ નથી, જીવનનાવ હંકારનાર નાવિક છે, માનવ સઘળાના. શ્રીકૃષ્ણની જ શક્તિથી ભયંકર યુદ્ધમાં ધર્મનો વિજય થયો છે.

એમના જીવનના ત્રણ તબક્કામાં ગોકુળ વૃંદાવનની લીલા-તામસી લીલા છે. રાક્ષસો પશુ વગેરેને ઠેકાણે કર્યાં. મથુરાની રાજસી લીલા છે. રાજનીતિને વ્યવસ્થિત કરીને દ્વારિકાની સાત્ત્વિક લીલા છે. આદર્શ ગૃહસ્થ, આદર્શ પતિ, આદર્શ મિત્ર, આદર્શ પિતા અને અંતે પોતાનાં જ સ્વજનોને પોતાના જ કુળનો નાશ કરીને આદર્શ ન્યાયાધીશ પણ પુરવાર થાય છે. ક્લેશ, કર્મ વિપાક (ફળ) અને આશયના સંસર્ગથી મુક્ત તેવા પુરુષવિશેષ શ્રીકૃષ્ણની કથાનો પાર આવે તેમ નથી. મહાત્મા, યુગપુરુષ, પૂર્ણાવતાર, ભગવાન, સર્વોપરી, સર્વગુણસંપન્ન, અસંગ, ઈશ્વર છે. સર્વજ્ઞ, જ્ઞાનસ્વરૂપ, બીજસ્વરૂપ, સમગ્ર ઐશ્વર્ય, વીર્ય, યશ, શ્રી, જ્ઞાન અને વૈરાગ્ય. શ્રીકૃષ્ણના વિભૂતિતત્ત્વમાં આ છ લક્ષણો સુંદર રીતે પ્રગટ થતાં જોઈએ છીએ. પ્રસિદ્ધ ટીકાકાર શ્રી મધુસૂદન સરસ્વતી તો ત્યાં સુધી કહે છે કે ''ભગવાન'' શબ્દનો આવો ભાવ માત્ર વાસુદેવમાં જ સમગ્રપણે ચરિતાર્થ થાય છે. માટે જ કહ્યું છે કે ''કૃષ્ણસ્તુ ભગવાન સ્વયં''. આ જ રહસ્ય પૂર્ણાવતાર ગણાય તેનું. રાધાકૃષ્ણનું મિલન વગેરે પુરુષ-પ્રકૃતિનું મિલન. શ્રીકૃષ્ણ પુરુષવિશેષ તેથી જ પુરુષોત્તમ.

સંકટ ઉપર સંકટોને દૂર કરવામાં જ જીવન વ્યસ્ત. છતાંયે પ્રસન્નતાની મૂર્તિ. સદા સંતોષી. સ્વસ્થ, સહજભાવમાં જ. કોઈ પણ પ્રકારનો તણાવ નહિ. હંમેશ માનસિક રીતે ખૂબજ હળવા. નાનુંમોટું કોઈ પણ કામ કરવામાં નાનમ નહિ. રાજસૂયમાં જમી લીધેલાંની પત્રાળી પણ ઉપાડી. સારથિ તરીકે ઘોડારમાં ઘોડા પણ સાફ કરે છે. ખૂબ જ સમજદાર. શાણપણ-બધું જ સમજે છતાં મોટાઈ નહિ. બધું જ જાણે છતાં અહમ્ નહીં. દંભ નહીં. સર્વ સંપૂર્ણ માનવ. ચોરીનો આરોપ આવ્યો તો પણ ગભરાયા વગર પુરવાર કરી સાચી વસ્તુને બતાવી શકે. અન્યાય અને અધર્મ જરા પણ સહન કરી શકે નહિ. જીવનભર કર્મયોગી, કાર્યરત રહ્યા. અવનવાં કાર્યોને લીલા કરી ધીર-ગંભીર રીતે પોતાનું કાર્ય-અવતાર કાર્ય પણ પાર પાડ્યું. દરેક કાર્યમાં સફળતા મળી. એનું મુખ્ય કારણ એમની વ્યવસ્થા-શક્તિ, દીર્ઘદૃષ્ટિ, કાર્યકૌશલ્ય, સંપૂર્ણ કાબેલિયતથી કોઈ ન કરી શકે તેવું કાર્ય કરી બતાવ્યું. મહાભારત જેવો મહાસંગ્રામ પણ માત્ર તટસ્થપણે સારથિ બનીને, સેવક બનીને, છતાં એમની જ કૃપાથી પાર પાડ્યો. આ જ સર્વ એમના વિભૂતિતત્ત્વનું દર્શન છે. જગતમાં એમની જોડ નથી. અજોડ અને અનન્ય, અનંત પરમતત્ત્વ જે સ્થિતપ્રજ્ઞનાં લક્ષણની ગુરુ તરીકે અર્જુનને સમજ પાડી શકે તે સ્વયં તેનાથી ઉચ્ચ કોટીના જ હોય ને ? એમનું ચિત્ત સમત્વથી ભરપૂર હતું. પોતાના સુખ સગવડ

કે પ્રતિષ્ઠાની જરા પણ દરકાર કર્યા વગર અન્યનું ભલું કેમ થાય તેનું જ સતત ચિંતન. દયાળુ પણ એટલા જ. મહાભારતની યુદ્ધભૂમિની વચમાં ટીંટોડીનાં ઇંડાની વાત જાણીતી છે. આટલું છતાં એમનું વ્યક્તિત્વ સમાજના સામાન્ય ધોરણ કરતાં પછી તે નૈતિક કે બૌદ્ધિક સ્તર ઉપર હોય, હંમેશ બે વ્હેંત ઉપર જ રહેલું છે.

ચઢતી પડતી એ તો યુગે યુગે દરેક સંસ્કૃતિને પસાર કરવી જ પડે છે. અને તેને ઉગારનાર કુદરતે તત્ત્વ તૈયાર રાખેલું હોય છે. માનીએ કે ન માનીએ કોઈક એવી શક્તિ છે જ જે આ અખિલ બ્રહ્માંડ અને જગતનું સંચાલન કરે છે. વિજ્ઞાન જ્યાં નથી પહોંચી શકતું ત્યાં આપણા પ્રાચીન ઋષિમુનિઓ પહોંચ્યા છે. શાસ્ત્રમાં તો સૃષ્ટિની ઉત્પત્તિથી માંડીને તેની સ્થિતિ અને લયની અવસ્થા સુધીનાં વર્ણન આવે છે. પુરવાર કર્યાં છે. ઈશ્વર કહો, પરમાત્મા કહો, શક્તિ કહો, વિજ્ઞાન કહો કે કોઈક કોસ્મીક પાવર કહે. યુગે યુગે યુગપુરુષનું પ્રાગટ્ય થાય છે જે પાછો સમાજ, દેશ અને જગતને પડતું બચાવે છે. એ પ્રાગટ્ય તે જ આપણે અવતાર કે અંશાવતાર કહીએ છીએ. આવી ઉત્ક્રાંતિના સમયે એક એક નેતાની સાથે સમૂહમાં જ વિભૂતિઓનું અવતરણ થાય છે. ગાંધીજીને અવતાર ન ગણીએ કારણ આપણે જોયા છે. અનુભવ્યા છે. પરંતુ એમનું વ્યક્તિત્વ ''નિત્ય વિકાસશીલ અને પરિવર્તનશીલ'' હતું, તેમને આપણે પૂર્ણપણે સમજી ન શકીએ. ક્યારેક અસંગત ઇનકન્સિસ્ટન્ટ લાગે. અસંગ એટલે વિરોધાભાસી. ''કૃષ્ણકથા પણ અસંગતિની ખળખળ વહેતી કવિતા છે.''

મહાભારતમાં સત્ય અને અસત્ય, પાપ અને પુણ્ય, પશુબળ અને ધર્મબળ, અંધકાર અને પ્રકાશ, દૈવી અને આસુરી વૃત્તિઓ વચ્ચે જે ભયંકર સંગ્રામ ખેલાયો. તે શ્રીકૃષ્ણની સાક્ષીમાં દૈવી ગુણોનો વિજય અને આસુરીની હાર. ધર્મના બળ ઉપર ચાલનાર પાંડવોના સાચા દિલના ગુરુ, મિત્ર, સ્નેહી અને માર્ગદર્શક તરીકે કૃષ્ણનું નામ યાવદ્ચંદ્રદિવાકરૌ ચિરંજીવ રહેશે. એ શાસ્ત્ર-શસ્ત્રવિદ છે. કલા-કોવિદ છે, ક્રાન્તદર્શી છે, આર્ષદ્રષ્ટા છે, યોગી છે, દાર્શનિક છે, સર્વમાં મહાન છે, હતાં ને રહેશે જ. એમની પ્રતિભા અલૌકિક હતી. જનતાના માનવી, આદર્શ માનવ, ભારતના મહાપુરુષ, અદ્ભુત વ્યક્તિત્વ, કૌતુકભરી લીલા.

આ મહાન વ્યક્તિનું અવતારકાર્ય પૂરું થતાં પહેલાં યાદવાસ્થળી થઈ. ઉદ્ધવને ઉપદેશ આપે છે. દુઃખ અનુભવતા હતા. પોતાનો જ પરિવાર એમને સમજી શકતો નથી. અંદર અંદર ઝઘડે છે. રાગદ્વેષ છે. આગાહી કરે છે. દ્વારિકા ડૂબશે. કુળનો નાશ થશે. બધું સાંભળી ભારે હૈયે ઉદ્ધવે વિદાય લીધી છે. બલરામજી પણ દરિયા કાંઠે સમાધિ લઈ પ્રાણ ત્યજે છે.

કૃષ્ણ એકલા પડ્યા. આરામથી પીપળાના ઝાડ નીચે બેઠા હતા. પોતાની જ ઇચ્છાથી, દૈવની પ્રેરણાથી જરા પારધીએ બાણ છોડ્યું. પગમાં વાગ્યું ને કૃષ્ણની શ્યામ સુંદર નવનીત સ્નિગ્ધ મૂર્તિ પૃથ્વી ઉપરથી અદૃશ્ય થઈ ગઈ.

ભારતીય સાંસ્કૃતિક પરંપરા પ્રમાણે કળિયુગની શરૂઆત થઈ તેનાં છત્રીસ વર્ષ અગાઉ મહાભારતનું યુદ્ધ શરૂ થયું હતું. એ યુદ્ધ પૂરું થયા પછી છત્રીસમા વર્ષે શ્રીકૃષ્ણ પરધામ સિધાવ્યા. જે દિવસે સિધાવ્યા તે દિવસથી કલિયુગનો આરંભ થયો.

શ્રીકૃષ્ણની જીવનલીલાને સમજવી એટલે બ્રહ્મના સ્વભાવને સમજવા જેટલી અઘરી અને કઠણ. એને માટે અથાગ પ્રયત્ન, તપશ્ચર્યા, ધ્યાન, ધારણા ને સમાધિ સુધી જવું પડે. કૃષ્ણ કથા ક્યારે વિરોધાભાસી લાગે છે, તેનું દૃષ્ટાન્ત : કૃષ્ણને સોળ હજાર, એકસો ને આઠ રાણીઓ હતી. દરેકને દશ-દશ બાળકો થયાં એમ શાસ્ત્ર કહે છે. છતાં ''બ્રહ્મચારી'' પોતાને કહેવડાવે છે. અનેક વખત કપટ કર્યું છતાં કદી અસત્ય નથી બોલ્યા તેવું છાતી ઠોકીને કહી શકે છે. ભગવાન શ્રીકૃષ્ણ સાચા અર્થમાં ભગવાન હતા. એમના સમગ્ર જીવનમાંથી જગત્‌ને નવીન દૃષ્ટિ મળી છે. જ્ઞાનીના જીવનમાં કષ્ટ છે. પણ તેને અંગે સુખ કે દુઃખ તેમને નથી લાગતાં અને તે જ તેમના જ્ઞાનની પરાકાષ્ઠા છે. કૃષ્ણ ભગવાન જ્ઞાનેશ્વર પણ છે. પરમજ્ઞાની છે.

મહાભારતના કૃષ્ણ યુગપુરુષ છે. ભગવદ્ગીતાના કૃષ્ણ યોગપુરુષ છે. યોગેશ્વર છે. સર્વલોક મહેશ્વર છે. ભાગવતના કૃષ્ણ ભાવપુરુષ છે. ભગવાન શ્રીકૃષ્ણે સંસારમાં રહીને સંસારમાં સર્વ ધર્મપ્રાપ્ત, સર્વ કર્મો કરતાં કરતાં મોક્ષ મેળવવાનો માર્ગ બતાવ્યો છે. જ્ઞાનની દૃષ્ટિએ યોગેશ્વર, ભક્તિની દૃષ્ટિએ રસેશ્વર. કર્મની દૃષ્ટિએ રાજેશ્વર. અચ્યુત જ્ઞાનયોગી, યોગવિત્તમ્, અનંતરૂપી કર્મયોગી. સદીઓ વીતી જશે. શ્રીકૃષ્ણના મહિમામાં ભરતી જ ભરતી છે. અને આ વિશ્વ, બ્રહ્માંડ, સંસાર અને જીવન આ બધું જ દૃષ્ટિગોચર થાય છે. જોઈએ છીએ, અનુભવીએ છીએ તે બધું જ ''લીલા માત્ર તું કૈવલ્યમ્ છે'', સંસાર સ્ટેજ છે, જીવન નાટક છે, આપણે સહુ નાટકનાં પાત્રો છીએ. બધું જ નાશવંત છે. શેષ જે બચે છે તે કૃષ્ણ. કૃષ્ણ કૃષ્ણ સિવાય કાંઈ જ નથી.

કૃષ્ણ ઉપર કેટલાયે ગ્રંથો લખાયા, કેટલાંયે કાવ્યો લખાયાં છે પરંતુ અંતે એ નિશ્ચિત છે કે કૃષ્ણતત્ત્વને સમજવા માટે ગોપી બનવું પડે. કૃષ્ણને સમજવા માટે અર્જુન બનવું પડે.

અર્જુન ભર ઉંઘમાં હોય ત્યારે એના રોમેરોમમાંથી કૃષ્ણ, કૃષ્ણ, કૃષ્ણ અવાજ આવતો હતો. એવું ખુદ કૃષ્ણે નારદજીને કહેલું એવું શાસ્ત્રમાં દૃષ્ટાંત છે.

કૃષ્ણતત્ત્વ સમજવા માટે કૃષ્ણમય બનવું પડે. કૃષ્ણ જ બનવું પડે. નરસિંહ, મીરાં ને દયારામ બનવું પડે. ગોપીઓ રાસલીલામાં ખુદ કૃષ્ણ બની જાય છે.

કૃષ્ણતત્ત્વ અનિર્વચનીય છે. સમજી ન શકાય. સમજાવી પણ ન શકાય. તમને પોતાને જ અનુભવ થાય તો જ સમજી શકો. ગોળ મીઠો છે એ બોલી શકાય પણ કેવો મીઠો તે તો જાતે ચાખો તો જ ખબર પડે. કયા પ્રકારની મીઠાશ છે તે વર્ણવી ન શકાય.

કૃષ્ણ, બુદ્ધ અને શંકરાચાર્ય : સમાજના ઉત્થાનમાં સાંસ્કૃતિક અને આધ્યાત્મિક ક્ષેત્રે હજી પણ આપણને યાદ છે. આ ત્રણે વિભૂતિઓમાં કૃષ્ણનાં સિદ્ધાંત, જીવન અને એમની ભાવના જનતાજનાર્દનના હૈયે અનંતકાળ સુધી જડાયેલાં જ રહેશે.

**કૃષ્ણતત્ત્વ અનુભવનું તત્ત્વ છે, અનિર્વચનીય છે.**

કૃષ્ણ વિચક્ષણ વિભૂતિ.

કૃષ્ણ = આકર્ષણ.

વિચક્ષણ = ચતુર, બુદ્ધિમાન, વિદ્વાન, દક્ષ, તીક્ષ્ણ, ધારદાર, ચકોર, ચપળ, કુશાગ્ર, અડગ, આકરું, તીખું, કઠોર, કાંદક, ક્રૂર, ક્ષણ ક્ષણ જાગ્રત, સાવધ, સાવધાન, (સંપૂર્ણ માનવ - દયાળુ પણ)

વિભૂતિ = ઐશ્વર્ય, સંપત્તિવાન્, દિવ્ય, અલૌકિક, શક્તિમાન, સામર્થ્ય, અતિમાનુષી.

આ લખાણ લખતાં કેટલાંક પુસ્તકો વગેરેનો આધાર લીધો તેનો જરા ખ્યાલ આપું.

૧. 'ભાગવત પુરાણ', ભાગ ૧-૨ની પ્રસ્તાવનાના દશમસ્કંધની લીલા વગેરેનો ક્રમ જોયો.
૨. ગુણવંતભાઈ શાહ, 'સંભવામિ ક્ષણે ક્ષણે.'
૩. બકુલભાઈ રાવળ, 'કૃષ્ણ : વ્યક્તિથી વિભૂતિ'.
૪. નારાયણભાઈ દેસાઈ, 'મારું જીવન એ જ મારી વાણી'માંથી વિચારદોહન.
૫. બાબુભાઈ વૈદ્ય, 'વિશ્વામિત્ર' નવલકથામાંથી કેટલાક મુદ્દા
૬. 'પ્રેમપુરી આશ્રમ' તરફથી મુંબઈમાં દર વર્ષે એક વખત 'ભાગવત સપ્તાહ' થતી. તે સમયે ૨૦થી પણ વધુ વખત આ સપ્તાહ સાંભળી. તેની નોંધ રાખી છે તેમાંથી.
૭. બાકી તો આટલાં વર્ષોમાં જે કાંઈ સાંભળ્યું, વાંચ્યું તેને આધારે અંતે જેટલું યાદ રહ્યું તે નોંધ્યું.

# કાર્લ માર્ક્સ જી-૨૦ દેશોને શી સલાહ આપત ![+]

◈


દિનેશ શુક્લ*


વૈશ્વિક મૂડીવાદ, બજારતંત્ર અને મુક્ત આંતરરાષ્ટ્રીય વેપારમાં માનનારાઓને એ કડવું સત્ય સ્વીકારવું કદાચ નહીં ગમે કે વર્તમાન વૈશ્વિક આર્થિક કટોકટીને કારણે ભૂલાઈ ગયેલા કાર્લ માર્ક્સના વિચારોમાં નવો રસ જાગૃત થયો છે. એ તો કેવો યોગાનુયોગ કહેવાય કે બીજી એપ્રિલના રોજ લંડન ખાતે મળેલી જી-૨૦ દેશોની શિખર પરિષદના મિલન સ્થળથી માર્ક્સની કબર થોડા જ અંતરે આવેલી છે અને કેટલાક જાણીતા પશ્ચિમી અખબારોએ એની નોંધ પણ લીધી છે. આર્થિક મંદીના આજના નિરાશાજનક વાતાવરણમાં જર્મનીમાં જ્યાં માર્ક્સનો જન્મ થયેલો, તે સ્થળની મુલાકાતે જનારાઓની સંખ્યામાં વધારો થયો છે.

મુંબઈના કેટલાક યુવાન કૉર્પોરેટ એક્ઝેક્યુટિવો, જેમણે માર્ક્સ કદાપિ વાંચ્યો જ નથી, તેઓને પણ તેનાં કેટલાંક લખાણો ઇ-મેઈલ દ્વારા પોતાના મિત્રો મોકલવા લાગ્યાં છે. આ એવાં લખાણો છે, જેમાં માર્ક્સે એવું ભાખેલું કે મૂડીવાદના એક તબક્કે અત્યંત સસ્તા દરે મોટા પ્રમાણમાં ઋણ આપવામાં આવશે, જે ચુકવવું અશક્ય બની જશે અને પરિણામે મોટા પ્રમાણમાં નાણાકીય કટોકટી સર્જાશે. છેવટે નાણાતંત્રને બચાવી લેવા રાજ્યે કાં તો બેંકો હસ્તગત કરવી પડશે અથવા તો મોટા પ્રમાણમાં પ્રાણવાયુના ઇન્જેક્શનો (સ્ટીમ્યુલસ પેકેજો) આપવા પડશે. તેણે એમ પણ કહ્યું હતું કે અમુક એક તબક્કે મુક્ત બજારના ચુસ્ત હિમાયતીઓને સંરક્ષણવાદી નીતિઓ અપનાવવાની ફરજ પડશે. ટૂંકમાં માર્ક્સનાં લખાણોમાં એવી 'લાલ ઝંડીઓ' છે જે 'રુક જાઓ' એમ કહે છે.

સોવિયેત યુનિયનના વિઘટન પછી અને પૂર્વ યુરોપીય દેશોની સમાજવાદી અર્થવ્યવસ્થાઓ ધરાશાયી થયા પછી 'વિચારધારાઓના અંત' અને 'ઇતિહાસના અંત' થિસિસો બહાર પડ્યા પછી માર્ક્સ દૂર ભૂતકાળનું એક પાત્ર બની ગયો છે અને હવે તેને યાદ કરવાની કોઈ જરૂર નથી, એવું પશ્ચિમી વિચારજગત માનવા લાગ્યું હતું. પણ સપ્ટેમ્બર, ૨૦૦૮ થી શરૂ થયેલી અને ઝડપથી રોગચાળાની જેમ સમગ્ર વિશ્વમાં પ્રસરી ગયેલી આર્થિક મંદીએ ફરી એક વાર માર્ક્સની યાદ તાજી કરાવી છે.

માર્ક્સવાદની પરિભાષામાં કહીએ તો જી-૨૦ દેશોની શિખર પરિષદ વૈશ્વિક મૂડીવાદી-બુર્ઝવા વર્ગનું પ્રતિનિધિત્વ કરે છે. તેઓ ઉત્પાદનમાં એવાં સાધનોની શોધમાં છે, જે વૈશ્વિક આર્થિક સ્થગિતતાની કળણમાંથી વૈશ્વિક અર્થતંત્રને બહાર કાઢે. એ સંદર્ભમાં તેણે જણાવ્યું છે કે અતિવિકસિત મૂડીવાદી સમાજોમાં એવી કટોકટીઓ પેદા થશે, જેમાં 'વધુ પડતા ઉત્પાદન (ઓવર પ્રોડક્શન)નો રોગચાળો' ફાટી નીકળશે. આવો 'રોગચાળો' બુર્ઝવા-મૂડીવાદી સમાજોમાં ભારે મોટી ઉથલપાથલ અને ગેરવ્યવસ્થા સર્જશે, જેને કારણે હયાત 'સંપત્તિ અને ઉત્પાદનનાં પરિબળો'' માટે મોટું જોખમ ઊભું થશે.

---


* પૂર્વ પ્રાધ્યાપક, રાજ્યશાસ્ત્ર વિભાગ, સમાજવિદ્યાભવન, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ.


\+ ૭ એપ્રિલ, ૨૦૦૯ ના 'ઇકોનોમિક ટાઈમ્સ'માં પ્રકાશિત એમ.કે. વેણુના લેખને આધારે (લેખક).

હાલના સંદર્ભમાં આપણને આ ઓવર પ્રોડક્શનનો રોગચાળો નાણાકીય ક્ષેત્રમાં, ગૃહનિર્માણ ક્ષેત્રમાં અને ખાસ તો ઓટોમોબાઈલ ક્ષેત્રમાં જોવા મળે છે. આ સમાજોમાં એક પ્રકારની 'નાણાંકીય બર્બરતા'ની સ્થિતિ સર્જાઈ છે. આ પરિસ્થિતિમાં બુર્ઝવા-મૂડીવાદી સમાજોનો વધુ વિકાસ શક્ય નથી. મૂડીવાદી અર્થતંત્રને સ્થગિતતાની કળણમાંથી બહાર કાઢવામાં માર્ક્સની ઊંડી સૂઝ બૂર્ઝવા અર્થતંત્રના નેતાઓને ખાસ ખપમાં આવે તેમ છે.

વૈશ્વિક મૂડીવાદને વધુ ઉચ્ચસ્તરે લઈ જવા માટે જે ઉત્પાદનનાં પરિબળો નિર્જીવ થઈ ગયાં છે, તેનો વ્યવસ્થિતપણે નાશ કરવો પડે. દાખલા તરીકે કાર બનાવતી મોટી કંપનીઓ, જેવી કે જનરલ મોટર્સ અને ફોર્ડ જો વધુ 'કાર્યક્ષમ' મોટરકારો બનાવી શકે તેમ ન હોય તો તેમના પ્લાંટ બંધ કરી દેવા જોઈએ અને એ કારોનું ઉત્પાદન અન્યત્ર (એશિયા કે આફ્રિકા) શરૂ કરવું જોઈએ. જો કે આમ કરવામાં આવે તો અમેરિકામાં મોટા પ્રમાણમાં સામાજિક અને રાજકીય ઉથલપાથલ થયા વિના રહે નહીં. 'અમેરિકન કાર ઉદ્યોગના નાક સમા ડેટ્રોઈટનું આઉટસોર્સિંગ કેવી રીતે થઈ શકે ?'

અમેરિકાના પ્રમુખ ઓબામા કંઈક અંશે આ સમજે છે. તેમણે કહ્યું છે કે સ્થગિત અર્થતંત્રને ફરીથી ધબકતું કરવા કેટલીક 'ધૂળ' ખંખેરી નાંખવી જોઈએ, કેટલાક આકરા અને કડક નિર્ણયો લેવા જોઈએ, જો અમેરિકા વૈશ્વિક અર્થતંત્ર પર પોતાનું હાલનું પ્રભુત્વ જાળવી રાખવા માંગતું હોય તો. સવાલ એ છે કે આવા આકરા અને કડવા નિર્ણયો લેવાની હિમ્મત અને રાજકીય ઇચ્છાશક્તિ તેઓ દાખવી શકશે ખરા ? છેલ્લે મળતા સંકેતો અનુસાર તેમના પગ ડગમગવા લાગ્યા છે.

હાલની અત્યંત સંકુલ પરિસ્થિતિમાં ખરા મુદ્દાઓ ઢંકાઈ જતા હોય છે. હાલની વૈશ્વિક આર્થિક કટોકટીનું એક મૂળ કારણ એ છે કે સમગ્ર વિશ્વના એક અબજ જેટલા ટોચના આર્થિક દૃષ્ટિએ સંપન્ન એવા ઉપભોક્તાઓ પૂરતા પ્રમાણમાં અને વધતી માત્રામાં ખર્ચતા નથી. તો બીજી બાજુ વર્ગીય પિરામિડની સાવ તળિયે આવેલા એક અબજ જેટલા લોકો, દૈનિક બે ડોલર જેટલી પણ આવક ધરાવતા નથી, પરિણામે પોતાની જીવનજરૂરિયાતો માટે પણ ખર્ચ કરી શકતા નથી. આખું મૂડીવાદી અર્થતંત્ર 'ઉપભોગ' પર ચાલે છે, જેમાં ટોચના સંપન્ન લોકોની ખર્ચ કરવાનીય એક મર્યાદા છે, તો બીજી બાજુ તળિયાના ગરીબ-અતિગરીબ લોકો જીવન જરૂરિયાતો સંતોષાય એટલો ખર્ચ પણ કરી શકતા નથી.

વૈશ્વિક નાણાકીય મૂડીવાદે અતિસંપન્ન લોકો વધુ પ્રમાણમાં ભોગવી શકે એ માટે જાતજાતનાં 'ઋણ સાધનો' (ડેટ ઇન્સ્ટ્રુમેન્ટ્સ) પેદા કર્યાં છે, જે હકીકતમાં પોકળ છે, એના વાસ્તવિક મૂલ્યથી અનેકગણા વધારે છે. તો બીજી બાજુ સાવ ગરીબ લોકો તો 'સંગઠિત(ઓર્ગેનાઇઝ્ડ) બેન્કીંગ વ્યવસ્થા'ની સાવ બહાર છે. તેમની 'શાખપાત્રતા' (ક્રેડિટ વર્ધીનેસ) નહીં હોવાથી કોઈ તેમને નાણા ધીરતું નથી.

પ્રમુખ ઓબામા અને જી-૨૦ દેશોના નેતાઓ ટોચના એક અબજ ઉપભોક્તાઓને મદદ કરવા જાત જાતના 'સ્ટીમ્યુલસ પૅકેજો' જાહેર કરે છે અને એ માટે કરદાતાઓનાં નાણાંનો ધોધ વરસાવે છે. આ તો 'નફાની ધણી ખાનગી વ્યક્તિઓ અને મોટી કંપનીઓ અને ખોટ ભોગવે સરકાર' એના જેવો ઘાટ થયો !

સમસ્યાનો આ સાચો ઉકેલ નથી. માર્ક્સના અનુયાયી ન હોય તેઓ પણ આવું માને છે. વિકાસશીલ દેશોની નેતાગીરી પણ કંઈક અંશે આ જ ભૂલનું પુનરાવર્તન કરે છે. હાલની જે બિનકાર્યક્ષમ (ખોટ કરતી) અસ્ક્યામતો છે, તેમને જીવાડવા માટે મોટા પ્રમાણમાં નાણાકીય ડોઝ (લોનો) આપે છે. જી-૨૦ દેશોની શિખર પરિષદમાં આંતરરાષ્ટ્રીય નાણાં ભંડોળને એક ટ્રિલિયન ડોલર ફાળવવાનું નક્કી કરવામાં આવ્યું છે, પણ તેના સંચાલન માળખામાં જરૂરી ફેરફારો કરવાનો નિર્ણય ટાળવામાં આવ્યો છે. હાલમાં આંતરરાષ્ટ્રીય નાણાભંડોળના સંચાલનમાં અમેરિકા અને યુરોપીય દેશોનું વર્ચસ્વ છે. આ ભંડોળની હાલની નેતાગીરી જે ઉત્પાદનીય પરિબળો સ્થગિત થઈ ગયાં છે, તેનો નાશ કરવો જોઈએ, એવું ઠસાવી શકશે ખરી ? વૈશ્વિક મૂડીવાદી-બુર્ઝવા

સામેનો ખરો પ્રશ્ન અથવા પડકાર આ છે.

આ શિખર પરિષદમાં નાણાં ભંડોળને વધુ 'લોકશાહી' બનાવવાનો 'ઇરાદો' જાહેર કરવામાં આવ્યો છે. પરિષદને અંતે બહાર પાડવામાં આવેલ નિવેદનમાં બીજા 'ઇરાદા'નો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો છે, જેમકે વધતા જતા સંરક્ષણવાદને રોકવો. આ બધા શુભ આશયો છે, પણ શુભ આશયોની જાહેરાત પૂરતી નથી. વિકસિત દેશોની નેતાગીરી આ આશયોને વ્યવહારમાં ચરિતાર્થ કરવાની જરૂરી રાજકીય ઇચ્છાશક્તિ બતાવશે કે કેમ, એ જ ખરો યક્ષ પ્રશ્ન છે.

જ્યાં સુધી વિશ્વના તળિયાના એક અબજ લોકોના હાથમાં જરૂરી ખરીદશક્તિ નહીં આવે ત્યાં સુધી 'ઓવર પ્રોડ્‌કશન'ને કારણે ઊભી થયેલ આ સમસ્યાનો હલ નહીં આવે. ખરીદશક્તિથી વંચિત આ એક અબજ જેટલા લોકો મહદ્‌અંશે અલ્પવિકસિત દેશોમાં રહે છે. એક બાજુ 'ઓવર પ્રોડ્‌કશન' અને બીજી બાજુ 'અન્ડર કન્ઝમ્પશન' એવો વિરોધાભાસ ક્યાં સુધી ચાલી શકે ? ખુદ મૂડીવાદે પોતાના હિતમાં આ વિરોધાભાસનો ઉકેલ લાવવાનો પ્રયાસ કરવો જોઈએ.

The fourth sacrifice is to the animals. By protecting, feeding and taking care of animals we help their progress. On the ladder of evolution they occupy a lower step but that does not justify us to destroy them. On the countrary, we owe a duty to them. They, as beasts of burden, have for ages been a constant and faithful aid to man in civilizing himself. Had it not been for the ox, the horse, the camel and the elephant, mankind would have remained at a standstill. Had it not been for the sheep and goats, you and I could not have made ourselves warm by clothing made from their wool, and still how selfish must be those men and women who simply through force of habit and custom directly encourage the killing of these creatures and use their flesh as food. Let them stop for a moment to think how ungrateful they are when they use animal flesh as food. If mankind has received so many benefits from the animal kingdom, let us return them by being kindly to them, by taking care, and attending those that are suffering.

**Religion and philosophy of the Jain's Cultural environment.**

# વલ્લભ ભટ્ટ : ભક્ત-કવિપ્રતિભા અને સામાજિક સંપ્રજ્ઞતા

◈

ડૉ. બળવંત જાની*

બહુ મોટા ગજાના સર્જકના સમકાલીન હોવાનાં કેટલાંક જોખમો હોય છે. એ વિપુલ પ્રદાન પછી પણ મેજર પોએટ ન બની શકે અને વિપુલ પ્રદાન સત્ત્વશીલ હોય છતાં એ ગૌણપદે જ રહે. આ એક મોટું જોખમ-ભયસ્થાન કોઈ પણ સાહિત્યકાર માટે કોઈપણ યુગે અસ્તિત્વ ધરાવતું હોય જ છે. એ જોખમનો ભોગ વલ્લભ ભટ્ટ પણ બન્યા જણાય છે. જે સમયે અખો છપ્પા દ્વારા, પ્રેમાનંદ આખ્યાનો દ્વારા અને શામળ પદ્યવાર્તાઓ દ્વારા સાહિત્યિક વાતાવરણમાં બહુ મોટો પ્રભાવ પાથરતા ત્યારે ભટ્ટ વલ્લભે પણ એ સમયે ગરબાના માધ્યમથી મધ્યકાલીન સાહિત્યિક પરંપરામાં ભારે પ્રભાવ પાથર્યો હશે. સમકાલીનોની દીર્ઘ રચનાઓની સાથે એમણે શાક્ત પરંપરાનો તેજસ્વી પરિચય કરાવનારા દીર્ઘરૂપના ગરબાઓ રચીને વર્ણન અને કથાનકનો સહયોગ સાધીને રચેલી રચનાઓ પ્રચલિત પણ ખૂબ થયેલી અને એની પરંપરા પણ રચાણી. વલ્લભનું તેજસ્વી અનુસંધાન જૂનાગઢના દીવાન રણછોડજી છે. એમણે ચંડીપાઠના તેર અધ્યાયના તેર ગરબા રચેલા જે અત્યંત પ્રચલિત છે. મહિસાના મીઠુ મહારાજના ગરબા, વડનગરના દાસમુનિના બહુચરાજીના ગરબા પણ ભારે પ્રચલિત છે. વલ્લભ ભટ્ટની જ્ઞાતિના કૃષ્ણરામ મહારાજના ગરબા અર્વાચીન પ્રસંગોને કારણે ખૂબ જ પ્રચલિત થયેલા. વલ્લભે ઊભી કરેલી ગરબા સ્વરૂપની પરંપરા આવા મહત્ત્વના કવિઓની મહત્ત્વની ગરબા રચનાઓને કારણે સ્થિર થઈ અને સ્વરૂપ તરીકે વિકાસ પણ પામી. દયારામ ગરબીકવિ તરીકે જાણીતા છે પરંતુ એમનો અહીં ઉદ્ધૃત કરેલો ગરબો ખૂબ પ્રચલિત થયો છે.

*'ગરબે રમવાને ગોરી નિસર્યા રે લોલ,*
*રાધિકા રંગીલી અભિરામ, વ્રજવાસણી રે લોલ.*
*તાલી દેતા લાગે ઝાંઝર ઝૂમખા રે લોલ....*

*ગરબો જોવાને ગિરધર આવિયા રે લોલ,*
*મોહ્યા નીરખી શ્યામાનું સ્વરૂપ, વ્રજવાસણી રે લોલ.*
*તાલી દેતા વાગે ઝાંઝર ઝૂમખા રે લોલ....*

અહીં ઉદાહૃત દયારામકૃત ગરબામાં શક્તિ અને કૃષ્ણ અર્થાત્ શાક્ત અને વૈષ્ણવપરંપરા એમ બન્નેનું સંમિલિત સામંજસ્યરૂપ જોવા મળે છે. શિવ સાથે, રામ સાથે અને કૃષ્ણ સાથે સંકળાયેલી વિવિધ પરંપરામાં શાક્તની સાથેની સંવાદિતાનાં આવાં અનેક ઉદાહરણો મધ્યકાલીન સાહિત્ય અને સારસ્વતોની પરસ્પર સંવાદિતાની, સૌહાર્દની અને સમભાવની પ્રતીતિ કરાવે છે. ઉપાસના સાહિત્યમાંથી પ્રગટતાં સંવાદિતાનાં આવાં ઉદાહરણોને આધારે એ ભાવને આલેખતું સંશોધનકાર્ય કોઈએ કરવું જોઈએ. આજના વિસંવાદી વાતાવરણમાં એ બહુ જ આવકાર્ય બની રહેશે. અહીં વલ્લભ ભટ્ટના જીવન અને કવનનો નિર્દેશ કરીને એમની માઈ ભક્તકવિ તરીકે ગરબા સ્વરૂપની રચનાઓને અનુષંગે આસ્વાદ કરાવવાનો અને એની સામાજિક સંપ્રજ્ઞતા પ્રસ્તુત કરવાનો ઉપક્રમ છે.

**વલ્લભ ભટ્ટ : જીવનસંદર્ભ**

વલ્લભ મેવાડા કે ભક્ત ભટ્ટ વલ્લભ તરીકે મધ્યકાલીન ગુજરાતી સાહિત્યના ઈતિહાસોમાં જેમનો ઉલ્લેખ થયેલો જોવા મળે છે, એ વલ્લભ ભટ્ટ મુખ્યતયા ગરબા સ્વરૂપની રચનાઓના રચયિતા તરીકે સ્થાન

* પ્રાધ્યાપક અને અધ્યક્ષ, ગુજરાતી ભાષા-સાહિત્ય ભવન, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ-૫

પામ્યા છે. અઢારમી સદીના પૂર્વાર્ધના સમયગાળામાં એમનું મોટા ભાગનું સાહિત્ય રચાયેલું જણાય છે. 'ધનુષધારીનો ગરબો' રચનાની ર.ઈ. ૧૭૩૬ મળે છે. એનો અર્થ એ થયો કે એ સમયે તેઓ હયાત હતા. એમની કૃતિઓમાંથી પ્રાપ્ત સમયને આધારે એમનું જન્મવર્ષ ઈ.સ. ૧૭૦૦ ગણાયું છે.

વલ્લભ ભટ્ટ કૃત રચનાઓમાંથી પ્રાપ્ત આંતર પ્રમાણોને આધારે એમનો જીવનકાળ-કવનકાળ નિશ્ચિત થાય છે. તે પ્રમાણે એમના જીવનની કેટલીક વિગતો પણ એમની રચનાઓમાંથી જ પ્રાપ્ત થાય છે. એ રીતે એમના પિતાશ્રીનું નામ હરિ ભટ્ટ હતું. માતુશ્રીનું નામ ફૂલકોરબાઈ હતું. વલ્લભના જોડિયા ભાઈનું નામ ધોળા હતું. બન્ને જોડિયા ભાઈ હતા, પ્રકૃતિ પણ સમાન હતી. શક્તિ ઉપાસના અને ગરબાગાન જોડે જ કરતા. બન્નેના સહિયારા કર્તૃત્વની પણ અનેક રચનાઓ ઉપલબ્ધ છે. 'વલ્લભ-ધોળા'ની વિનંતી એવી પંક્તિઓની નામછાપને કારણે કેટલાક અભ્યાસીઓએ ધોળા એ અવટંક અથવા તો પિતાનું નામ માની લીધેલ છે. પરંતુ મંજુલાલ મજમુદારે અનેક આંતરપ્રમાણોને આધારે 'વલ્લભ ભટ્ટની વાણી' (ઈ.સ. ૧૯૬૨) નામના એમના સંશોધનમૂલક સંપાદનમાં વલ્લભ અને ધોળા બન્ને જોડિયા ભાઈઓ હતા એ સિદ્ધ કર્યું છે. એમણે ક્ષેત્રકાર્યને આધારે એ પણ તારવી આપ્યું છે કે વલ્લભ ભટ્ટ મેવાડા બ્રાહ્મણ હતા. અને રાજનગર અમદાવાદની પશ્ચિમ દિશાએ આવેલા નવાપુરામાં એમનો જન્મ થયેલો. એ જ એમનું વતન. ત્યાં બહુચરા માતાજીનું મંદિર સ્થાપેલું. એની સેવા-પૂજામાં જ વખત ગાળતા. વારંવાર નવરાત્રિના દિવસો દરમિયાન પંચતીર્થની આરાસુરના અંબાજીની યાત્રા કરતા. તેમણે ચાંપાનેરની યાત્રા પણ કરી હશે એવું એમની ગરબા રચનાઓને આધારે સમજાય છે. ઉપરાંત નરોડામાં ધનુષધારી માતાજીનું મંદિર રચાયું અને પ્રાણપ્રતિષ્ઠા થઈ ત્યારે માઈભક્ત તરીકે સુખ્યાત વલ્લભ ભટ્ટને ખાસ નિમંત્રેલા અને વલ્લભ ભટ્ટે ત્યારે રચેલા ધનુષધારી ગરબાનો શતાધિક પાઠ કરીને એ ગરબાને સિદ્ધ ગરબા તરીકે ત્યારે પ્રચલિત બનાવેલ. 'આનંદનો ગરબો' પણ એ જ રીતે પોતે પાઠ કરીને સિદ્ધ કરીને લોક સમુદાય સમક્ષ પ્રસ્તુત કરેલો. શાક્ત ઉપાસક વલ્લભ ભટ્ટની આ વિશિષ્ટતા છે કે તેમણે રચેલ શાક્ત ગરબા સાહિત્યની તેઓ સર્જન બાદ સાધના-ઉપાસના અને પાઠ કરતા. પછી કંઠસ્થ રૂપે માઈભક્ત લોકસમુદાય સમક્ષ પ્રસ્તુત કરતા.

તેઓ ચુસ્ત અને પ્રતિબદ્ધ માઈભક્ત તરીકેની ઓળખ પામ્યા એ પૂર્વે તો ચુસ્ત વૈષ્ણવ હતા. વારંવાર શ્રીનાથજીની યાત્રા કરતા. એક વખત શ્રીનાથજીની યાત્રા સમયે અસાવધાનીથી કંઈ અપરાધ ગણાય એવો વ્યવહાર થઈ ગયેલો. શરદીને કારણે કફથી ઘેરાયેલા વલ્લભ ભટ્ટથી અજાણતા થૂંકાઈ જવાયું અને એ કારણે વૈષ્ણવો એમની ઉપર અકળાયેલા. એમનું અપમાન કરેલું. વલ્લભ ભટ્ટે તો અપાર ધૈર્યથી ક્ષમા પ્રાર્થેલી અને ભારે નમ્રતાથી માફી માગતાં કહેલું, 'હું કંઈ જાણી જોઈને મંદિરના ખૂણામાં થૂંક્યો નથી ને, તેમ કરતાંય મા-બાપના ખોળામાં છોકરાં કદીક થૂંકે છે. તો તે કંઈ આવા રીશે ભરાતા નથી'.

મંદિરવાળા વૈષ્ણવો બોલ્યા કે, 'મા સહન કરે પણ બાપ સહન ન કરે. આ તો શ્રીનાથજી બાવાનું સ્થાન છે.' વલ્લભે ત્યાં જ મનોમન નક્કી કર્યું કે બાપના કરતા માનું વ્હાલ વધારે છે, તો આજથી હવે હું માત્ર માનો જ ભક્ત બની રહીશ. અને વલ્લભ ભટ્ટ માત્ર માઈભક્ત બની રહ્યા. ભક્તિલીન રહ્યા, ભક્તિનો ભાવ જગવતી રચનાઓનું સર્જન અને એના પાઠ પ્રસ્તુત ભક્તિનું વાતાવરણ નિર્માણ કરનારા બની રહ્યા. એટલે વલ્લભ ભટ્ટને ભક્તિ દ્વારા ભક્તકવિનું બિરુદ પ્રાપ્ત થયેલું છે. ભક્તકવિ નરસિંહ છે, ભક્તકવિ બ્રહ્માનંદ છે, દયારામ છે એમ વલ્લભ ભટ્ટ પણ ભક્ત-કવિ છે. માઈભક્તના શાક્ત પરંપરાના મંત્ર, મહિમાને એમણે ગરબા સ્વરૂપની કવિતામાં ઢાળ્યા. ભક્તહૃદયના ઉદ્ગારોને આપણે સાહિત્યિક પ્રકાર તરીકે ઓળખીએ-મૂલવીએ છીએ પણ એ તો સહજ રૂપે સ્ફુરેલી, પ્રગટેલી વાણી હોય છે. ઉમાશંકરે એમને સાચી રીતે ત્રીજા નેત્રની પ્રસાદી તરીકે ઓળખાવી છે. વલ્લભ ભટ્ટની વાણી ગરબા સ્વરૂપે પ્રગટી, પરંતુ ગરબાઓમાં પણ એમણે સ્વરૂપ વૈવિધ્ય દાખવ્યું. ટૂંકા ગરબા રચ્યા અને દીર્ઘરૂપના ગરબા પણ રચ્યા. એમ કહેવાય છે કે વલ્લભ ભટ્ટને કોઈ પરમહંસ સ્વામીએ બીજમંત્ર આપેલો તેનો સતત જપ તેઓ કરતા રહેતા.

### ગરબા સંદર્ભ અને વલ્લભ ભટ્ટના ગરબા :

વલ્લભ ભટ્ટની ગરબા સ્વરૂપની રચનાઓમાં બહુધા તેમણે 'ગરબા છંદ' પ્રયોજ્યો છે. પિંગળના કાવ્ય અને રોળા છંદમાંથી જ ઘડાયો જણાય છે. છપ્પાના પૂર્વાર્ધનાં જે ચાર ચરણ પ્રયોજાતાં હોય છે તે રોળા અથવા કાવ્ય છંદનાં જ હોય છે. તેમાં પ્રત્યેક ચરણનો પૂર્વાર્ધ એ દુહાનો અગિયાર માત્રાનો ઉત્તરાર્ધ જ હોય છે અને ઉત્તરાર્ધમાં તેર માત્રાના ચરણનું સ્વરૂપ ઘડ્યું જણાય છે. કવિ નર્મદને વલ્લભની આ નૂતન છંદ ખોજ ખૂબ જ ગમી છે. તેમણે સૂરત વિષયક કરુણગર્ભ રચના 'આ તે શા તૂજ હાલ, સૂરત સોનાની મૂરત' એ રોળા વૃત્તમાં રચેલ છે અને બીજા વર્ગની પહેલી ટૂકડીમાં મૂકવા જોગ કવિ કહીને એમની કવિતાને, છંદને ખાસ બિરદાવ્યો છે. વિજયરાય વૈદ્ય પણ વલ્લભ ભટ્ટની ગરબા-કવિતાને, મૂલવતા મધ્યકાલીન ગુજરાતી સાહિત્યની વિકાસરેખામાં 'વલ્લભના ગરબા એ મધ્યકાલીન સાહિત્યના બુટ્ટી-નથ જેવા ગૌણ પણ ચિત્તહર અલંકારો છે' એમ આલેખ્યું છે. આમ, વલ્લભ ભટ્ટ એ બહુધા ગરબા અને તે પણ દીર્ઘસ્વરૂપના વર્ણન-કથનાત્મક સ્વરૂપની રચનાઓના રચયિતા તરીકે તથા પદ કીર્તનોના રચયિતા તરીકે ઉલ્લેખનીય પ્રદાન કરી ગયેલા ભક્તકવિ છે.

ગરબાનું પ્રસ્તુતિકરણ બે-ત્રણ રીતે થતું હોય છે. નારીવૃંદ તાલીરાસ દ્વારા માતાજીના સ્થાપન સમક્ષ, મૂર્તિ સમક્ષ કે ચોકમાં ગરબા રજૂ કરે. ગોળાકારે ઘૂમતું અને તાલીઓના તાલે ગરબાને ઝીલતું નારીવૃંદ. ગરબો રમનાર નારીવૃંદ અને જેમનું ગળું સારું હોય તેવી ગરબા ગવરાવનાર બે-ત્રણ બહેનો હોય. આ ગરબા મોટે ભાગે ટૂંકા પણ પદથી થોડા લાંબા હોય છે. વાજિંત્રો મોટેભાગે હોતાં નથી. હવે હાર્મોનિયમ અને અન્ય વાજિંત્રો-વાદ્યો ભળ્યાં છે. બીજું માતાજીની સ્થાપના સમક્ષ, આરતી પૂર્વે અને પછી નારીવૃંદ ગરબા રજૂ કરે. સમૂહમાં બેઠાં હોય અને બે-ચાર બહેનો ગરબા ગવરાવે. આ બેઠાં-બેઠાં બોલવાના ગરબા બહુધા લાંબા હોય છે, જેમાં માતાજીની લીલા, મહિમા વગેરે કેન્દ્રસ્થાને હોય છે. ગરબા પુરુષો પણ પ્રસ્તુત કરતા હોય છે. નવરાત્રિમાં કે માતાજીના પાટ સમયે પીતાંબર પહેરીને પુરુષ વર્ગ ગરબા રજૂ કરતો હોય છે. બહુધા ગોળાકારે ઘૂમતા-ચાલતા કે સમૂહમાં ઊભા-ઊભા પણ રજૂ થતા હોય છે. મોટેભાગે વાદ્ય-વાજિંત્રોની ગેરહાજરી, તાલી અથવા હાથ જોડીને, કરબદ્ધ બનીને ગરબા પ્રસ્તુત થતા હોય છે. લાંબા ઢાળે, આર્તનાદે સ્તુતિ, માતાજીનો મહિમા, લીલા અને સ્વરૂપવર્ણન એમાં કેન્દ્રસ્થાને હોય છે. ગરબા જોવા કરતાં સહભાગીતામાં લેવાના હોય છે. સાંભળનાર પણ સહભાગી થાય એવો એનો પ્રભાવ હોય છે. શ્રવણપાનનો મહિમા પણ અનેક ગરબામાં અભિવ્યક્તિ પામ્યો છે. 'ગાય, શીખે ને સાંભળે' એમ ગરબા ગાવાનો, શીખવાનો અને સાંભળવાનો મહિમા આલેખાયેલો હોય છે.

ગુજરાતમાં શાક્ત પરંપરા ભારે પ્રચલિત છે. શિષ્ટ-પ્રાચીન પુરાણ પ્રસિદ્ધ અનેક સ્થાનકોનું અસ્તિત્વ પણ ગુજરાતમાં છે. ઘણી શાક્તપીઠો પણ ગુજરાતમાં છે. એમાં સવિશેષ પ્રાચીન ગણાતા મહાકાળી-ચાંપાનેર, બહુચરા-શંખલપુર અને અંબાજી છે. હરસિદ્ધિ માતાજીનું ભાટિયા પાસેનું સ્થાનક પણ ભારે પ્રખ્યાત છે. ચામુંડા માતાજી ચોટીલા, ભવાની માતા મહુવા એ બધાં પ્રાચીન સંદર્ભો-ઉલ્લેખો ધરાવતાં સ્થાનકો છે. પુરાણના પ્રાચીન આધાર ન હોય પણ લોકમાન્યતામાં સ્થિર લોકદેવી પણ અપાર છે. ખોડિયાર માતાજી એમાં સૌથી વધુ પ્રચલિત છે.

જૂનું મધ્યકાળનું શાક્તપંથનું સાહિત્ય પણ વિપુલ માત્રામાં લિખિત અને કંઠસ્થપરંપરામાં પ્રચલિત છે. પરંતુ શૈવ, કૃષ્ણ કે રામની પરંપરાના સાહિત્યનું જેટલું વિગતે અને વિશદ અધ્યયન થયું છે એટલું વિગતે અધ્યયન સંશોધન શાક્તપંથ અને પરંપરા કે સાહિત્યના રચયિતાઓનું થયું નથી.

વલ્લભ ભટ્ટની વિપુલ માત્રાની ગરબા રચનાઓને કારણે ગરબો સ્વરૂપ-સંજ્ઞા ભારે પ્રચલિત થયા અને પરંપરા બન્યા. પણ ગરબો સ્વરૂપ તો વલ્લભ પૂર્વે પણ પ્રયોજાયેલું. એનો સમર્થ કવિ છે ભાણદાસ. એ બહુધા ગરબી સંજ્ઞા પ્રયોજે છે પણ એમાં ભાવ તો ગરબાનો જ છે.

'ગગન મંડળની ગાગરડી, ગુણ ગરબી રે
તિણિ રમિ ભવાની રાસ, ગાઉ ગુણ ગરબી રે
દિન-મણિ સૂર્ય ટીળક કર્યું, ગુણ ગરબી રે
માંહિ ચંદ્રતણું પરકાસ, ગાઉ ગુણ ગરબી રે
પૃથ્વી ત્યાંણ પાત્ર, ગુણ ગરબી રે
વાતી પર્વત મેર, ગાઉ ગુણ ગરબી રે
સાતિ સાગર તેલિ ભર્યું, ગુણ ગરબી રે
માંહિ મુગતાફળ ચૂ-ફેર, ગાઉ ગુણ ગરબી રે
આદિ શક્તિ અવિગત તણિ, ગુણ ગરબી રે
રમિ રસાલું રાસ, ગાઉ ગુણ ગરબી રે
ચૌદ લોક મોહ પામિયા, ગુણ ગરબી રે
ઈમ કહિ છિ ભાણદાસ, ગાઉ ગુણ ગરબી રે

ભવ્ય વિરાટની અને ઉદાત્ત તત્ત્વની અનુભૂતિનું આલેખન કરતા ભાણદાસથી અનુપ્રાણિત વલ્લભ ભટ્ટના ખૂબ જ પ્રચલિત 'ગાગરના ગરબા' નો એક ખંડ-અંશ અવલોકીએ.

ગગન મંડળ કરી ગાગરી રે મા;
સુંદર સકલ શોભા ભરી રે મા. ૬
આપે ભવાની ઉમંગ-શું રે મા;
રાસ રમે મધ્ય રંગ-શું રે મા. ૭
નવ ગ્રહમાં સહુથી વડો રે મા;
આદિત્ય અખંડ કર્યો દીવડો રે મા. ૮
ઝળહળ જ્યોતિ બિંબ ગોળ-શું રે મા;
ઊગ્યો શશી તે કલા સોળ-શું રે મા. ૯
કોણ કળા ભગવતીના ભેદની રે મા;
કોડિયું કર્યું તે માયે મેદની રે મા. ૧૦
વાતી વિશાળ મધ્ય મેરની રે મા;
યોજન પંચાસ લક્ષ ફેરની રે મા. ૧૧
સાત સાગર ભર્યાં ઘી-તણા રે મા;
એવા બહુ ખેલ બહુચરતણા રે મા. ૧૨
જોતાં જુગત જુગતી મલી રે મા;
ચોહોદિશે ચારું મુક્તાવલી રે મા. ૧૩
સ્થાવર જંગમ અનુરાગ-શું રે મા;
ખાંતે બિરાજે વિભાગ શું રે મા. ૧૪
કચ્છપની ગાદી કરી રે મા;
મહામાયાએ માથે ધરી રે મા. ૧૫
માને મળી તે મન લગની રે મા;
ઉપર ઊઢાણી શેષનાગની રે મા. ૧૬
અકલ આકાશની આંકણી રે મા;
ગાગર ઉપર ધરી ઢાંકણી રે મા. ૧૭

તેત્રીસ કરોડ વિસ્મે' થયા રે મા;
આપે આપ ભૂલી ગયા રે મા. ૧૮
ઊચર્યાં અમર એકઠા મથી રે મા;
ગાગરનાં તેજ-તુલ્ય કો' નથી રે મા. ૧૯
ત્રણ૮ ભૂમાં કો' ન શકે કથી રે મા;
ગુણવંતી થઈ તે તે થકી રે મા. ૨૦

બન્ને ગરબાના ભાવ, ભાષા અને અભિવ્યક્તિ અનોખા છે. બન્નેને એકસાથે રાખીને તુલનાવતા ખ્યાલ આવે છે કે નાનકડી કલ્પનાને સ્વીકારીને પરંપરાને વલ્લભ ભટ્ટ વિશેષ સમૃદ્ધ કરે છે. વલ્લભ ભટ્ટનો આગવો વિશેષ એની પોતીકી કાવ્યબાની Diction છે. અનેક ગરબારચનાઓનાં ઉદાહરણમાંથી એ કાવ્યબાની એમનો વિશેષ છે એનો ખ્યાલ આવે છે. એમની આગવી કાવ્યબાનીનાં ઉત્કૃષ્ટ ઉદાહરણ સમાન થોડાં ઉદાહરણો અહીં ઉદ્ધૃત કર્યાં છે એને આધારે ગરબા કવિતાના કાવ્યવિશેષરૂપ કાવ્યબાનીનો ખરો-પૂરો પરિચય મળી રહેશે.

'શક્તિને જાચું, અવર ન રાચું, પાલવ સાહ્યો તમારો રે
અવનિમાં અવતરીને નીરખી, બહુચર પાર ઉતારો રે.
પાપી હતા તેને પાવન કીઆ, નામ લેતા હાથ સાહો રે
સનખલપુરમાં તું છે સાચી, ખાબોચિયામાં કાં નાણે રે
કહે ભટ્ટ વલ્લભ અણસમજું, મા પલકમાં પાર ઉતારો રે.'

અહીં જાચું, રાચું જેવા આંતરપ્રાસ પ્રગટાવતી શબ્દરચનાનું માધુર્ય, તમારો, ઉતારો, સાહો-નાહો જેવા અર્થપૂર્ણ અને પ્રાસ પ્રગટાવનારા શબ્દચયનનું કૌશલ્ય ઉપરાંત પ્રથમ પંક્તિમાં ચ, બીજી પંક્તિમાં અ, ત્રીજી પંક્તિમાં પ, ચોથી પંક્તિમાં સ અને પાંચમી પંક્તિમાં પ વર્ણ દ્વારા યમક સદૃશ યોજના માટે પસંદ કરેલા શબ્દો કેવા હૃદયસ્પર્શી અને અર્થપૂર્ણ છે એનો પરિચય મળે છે. આવી પોતીકી કાવ્યબાની એક છેડેથી લઘુપદ સદૃશ ગરબો અને બીજે છેડેથી કાવ્યબાની દ્વારા પોતીકી છાપ પ્રગટાવવાનું વલ્લભ ભટ્ટનું વલણ રચનાને નિમિત્તે વલ્લભ ભટ્ટને ભક્ત ઉપરાંત કવિપદે સ્થાપે છે.

વલ્લભ ભટ્ટનો 'નવરાત્રિ ગરબો' દીર્ઘસ્વરૂપનો છે. એમાંની છ છ પંક્તિની એક એવી કુલ અઠાવીશ કડીમાંની ત્રણેક કડી આસ્વાદીએ.

અદ્‌ભુત અંબર અંબા અંગે ધર્યાં રે,
ઉત્તમ અંતરતર અમોઘે ભર્યાં રે,
અંતર ગમતાં આપોઆપે આવર્યાં રે;
ઉજ્જવલ નીલ પીત ને શ્યામ,
કોર કસુંબર કસબી કામ,
નવલ નવેલી ન લહું નામ.
સલખનપુરમાં સાચી માતા બહુચરા રે. ૧૪
આંગી આછી અંગે આઈ-તણે રે,
પેહેરી ઘેરી રંગે ઘણે રે,
સૂંથણું રંગ સુંદીર બહુચરનો બણે રે;

માની ઓઢણી લાલ ગુલાબ,
ભરિયાં ભાગ્ય ભવાની ભાલ,
મા મતવાલી હાલહવાલ.
સલખનપુરમાં સાચી માતા બહુચરા રે. ૧૫
મઢથી મદમાતાં થઈ પડ્યાં રે,
ચાચર સન્મુખ વાતો કરતાં વળ્યાં રે,
જોતાં જોગણીઓ જન ટોળે મળ્યાં રે;
ઊભલાં બહુચર મધ્ય દરબાર,
જનની જન જન ફરતી હાર,
ખૂંદવા ખાંતે માત ખરાર.
સલખનપુરમાં સાચી માતા બહુચરા રે. ૧૬

અહીં પણ પ્રાસ યોજના, વર્ણ અને શબ્દચયનનું માધુર્ય ભારે આસ્વાદ્ય છે. પરંતુ એ ઉપરાંત અહીં બહુચરા માતાજીના સ્વરૂપવર્ણન નિમિત્તે તત્કાલીન અલંકારોનું નિરૂપણ કવિની સામાજિક સંપ્રજ્ઞતાનું દ્યોતક છે. કાવ્યબાની અને તત્કાલીન નારી અલંકારોનું અર્થપૂર્ણ નિરૂપણ ગરબાને નર્યો-ખરો ગુજરાતી બનાવે છે.

'જય જય આરાસુરની રાણી' નામના ખૂબ જ પ્રચલિત ગરબામાં પણ તત્કાલીન નારી-શણગારોનું નિરૂપણ ગરબાને સવિશેષ પ્રાસાદિક બનાવે છે.

'તારે હાથે ચૂડલો ખળકે, માત ભવાની રે
તારે કાને કળાફૂલ લળકે, માત ભવાની રે
મોતીની પહેરી વાળી, માત ભવાની રે
સેવકને લ્યો સંભાળી, માત ભવાની રે
તારે દ્વારે ન મળે તાળું, માત ભવાની રે
તેં પહેર્યાં કસબી સાળું, માત ભવાની રે.'

અહીં હાથનો ચૂડલો, કાનનું કર્ણફૂલ (ઈયરરીંગ્ઝ), નાકની વાળી, સાળુ પ્રકારની સાડી જેવા અલંકાર અને વસ્ત્રપરિધાનનું નિરૂપણ ગરબાને સામાજિક સંદર્ભવાળી ભક્તિરચના તરીકે સ્થાપે છે. 'પાટણવાડું માનું પરગણું રે મા' નામના સુખ્યાત ગરબામાં પણ તત્કાલીન વસ્ત્રપરિધાનનું નિરૂપણ ધ્યાનાર્હ બની રહે છે.

'ફૂલ ફગરનો અંબે, હો ઘાઘરો રે મા
માને સાવુકે કસબ કોર રે, બાળી મા બહુચરા રહે.
લીલા તે ગજનું અંબે, હો કાપડું રે મા
માને ગજમોતીનો હાર રે, બાળી મા બહુચરા રે.
બાહે બાજુબંધ હો બેરખા રે મા,
માને કંકણ રતન જડાવ રે, બાળી મા બહુચરા રે.
માથા ગૂથ્યાં રે અંબે, હો મીણિયા રે મા,
માને સેંથામાં શોભે સિંદૂર રે, બાળી મા બહુચરા રે.'

અહીં વસ્ત્ર, અલંકાર અને મસ્તકના વાળ આદિના શણગારનું આલેખન ધ્યાનાર્હ બની રહે છે. તત્કાલીન સ્ત્રીનાં વસ્ત્રો, અલંકારો, શણગારોનું નિરૂપણ, માતાજીના સ્વરૂપનું વર્ણન ગરબામાં બહુધા પ્રયોજાયેલું દૃષ્ટિગોચર થાય છે, પણ સૌથી વધુ ગરબા તો માતાજીના શક્તિ ઉપાસનાના, માતૃશક્તિલીલાના અને

ભક્તને સહાયભૂત થયેલી વિગતોના છે. એમાં પણ તત્કાલીન રંગપૂરણી તો યથાસ્થાને નિરૂપાય જ છે. પરંતુ પ્રધાનભાવ માતૃશક્તિ મહિમા નિરૂપણનો છે. 'આનંદનો ગરબો', 'શ્રીચક્રનો ગરબો', 'ધનુષધારીનો ગરબો', 'મહાકાળીનો ગરબો', 'પંચતીરથનો ગરબો', 'અંબામા આનંદભરીનો ગરબો', 'ગાગરનો ગરબો', 'આદ્ય ઉત્પત્તિનો ગરબો', 'દેવીપરાક્રમનો ગરબો' ઇત્યાદિ દીર્ઘરૂપના ગરબાઓ માનાં ઉદાહરણો છે.

લઘુ અને દીર્ઘ ગરબા ઉપરાંત વલ્લભ ભટ્ટે શાસ્ત્રીય રાગ આધારિત માતાજીનાં સ્તવનો, કીર્તનો પણ રચ્યાં છે જે ખૂબ જ પ્રખ્યાત છે. બિલાસ રાગ, સારંગ રાસ, વસંત આદિ રાગનાં સ્તવનો-કીર્તનોમાંથી વલ્લભ ભટ્ટની શાસ્ત્રીય સંગીતની સૂઝ અને જે તે રાગના ભાવને અનુરૂપ વિષયસામગ્રી-ભાષાના સૂઝપૂર્વકના નિરૂપણને કારણે આ રચનાઓ પણ આસ્વાદ્ય બની રહેતી હોય છે.

વસંત રાગના બહુચર માતૃસ્તવનનો એક અંશ અવલોકીએ.

*'બહુચર બાળી બહુ બિરદાળી, હોળી રમે રસાળી*
*ઋતુ રંગીલી ભવાની ભોળી, તે રિઝિયા રૂપાળી. બહુચર બાળી. ૧*

*સખી સકળ સલખનપુર સાથે, શરદ શશી વદનાળી*
*સર્વ સુગંધ બધ સંગાથ, તે લીધા કર લટકાળી. બહુચર બાળી. ૨'*

રાગને અનુરૂપ-અનુકૂળ લય, સ્તવનની પ્રાસ યોજના, શબ્દચયનનું માધુર્ય અને કલ્પનાનું આલેખન ભક્તકવિ વલ્લભ ભટ્ટની કાવ્યરચના કૌશલ્યનું પરિચાયક છે.

ગરબામાં વિવિધ કાવ્યપ્રકારોનું સંયોજન

સ્તવન, કીર્તન અને ગરબા ઉપરાંત વાર કાવ્ય પરંપરા, તિથિકાવ્ય અને બારમાસી કાવ્યસ્વરૂપ પરંપરામાં પણ વલ્લભ ભટ્ટનું યોગદાન ઉલ્લેખનીય છે. ગરબા સ્વરૂપમાં આવા તિથિ, વાર અને બારમાસી એમ અન્ય સાહિત્ય પ્રકારને ઢાળીને કરેલું સંયોજન ગરબાના સાહિત્યિક સ્વરૂપને વિકસાવનારું પરિબળ જણાય છે. એનો આ પ્રયોગ વિગતે અવલોકવો જોઈએ.

**(ઢાળ : 'ચાલો રે ચિત્ત, ચાચરમાં' જઈએ)**

*ગુણ તો શ્રી બહુચરાના ગાઈએ, એક ચિત્તે અંબાને ચાહીએ. (ટેક)*
*આદિત્યે અલબેલી ઊઠી, ભરી રે મુક્તાફળની મૂઠી;*
*સલખનપુર સમરથ મા દીઠી. ગુણ૦*
***સોમે** તો સલખનપુર સેવી, ચુંવાળમાં બહુચર મા દેવી;*
*મારું મન માન્યું મા હેવી. ગુણ૦*
***ભોમે** તો મન માન્યું મારું, અતિ સુખ આનંદમાં કહાવ્યું;*
*નીરખું મુખ બહુચરિયા માનું. ગુણ૦*
***બુધે** તો બાંહ્ય ગ્રહી મારી, લંઘર તોડા ને વાળી;*
*પહેરણ માજી ચરણાં ને સાડી રે. ગુણ૦*
***ગુરુએ** તો જ્ઞાન બહુ ગણીએ, અંબેમાનું ધ્યાન હૃદે ધરીએ;*
*ત્રિપુરા સેવેથી તરીએ. ગુણ૦*
***શુક્ર** રે શોભા બની સારી, પારે આવે નર અને નારી;*
*દશરથ દ્યોને મા દયાળી. ગુણ૦*
***શનિએ** તે અંબા શ્રી સેવો, કળિયુગનો છે એ તો મેવો;*
*ઉગ્રપીઠ પારો છે એવો. ગુણ૦*

*સાત વાર માજીના ગાયે, સહેજે સુધાસિંધુ તરી જાયે;*
*વલ્લભ ધોળો માને ચરણે જાયે. ગુણ૦*

સાત વાર પ્રકારની આ ગરબા રચનામાં માતૃશક્તિનો મહિમા પ્રત્યેક વાર નામ સાથે એ જ વર્ણનથી આલેખાતા શબ્દને મૂકવાની યોજના ગોઠવવી, સાતવાર, ગરબો માતૃશક્તિનો મહિમા અને પ્રાસ યોજના એમ ચતુર્વિધ રીતે આસ્વાદ્ય બની રહે છે. ત્રણ પંક્તિ અને ચોથી પંક્તિ ટેકની ધ્રુવપંક્તિની સાથે ગોઠવીને કરેલી ગરબા રચના આવા બધા કારણે એક સ્તવનરૂપ કાવ્યરચના પણ બની રહે છે.

ગરબા સ્વરૂપ અંતર્ગત પાંચ-છ જેટલી બારમાસી સ્વરૂપની રચનાઓ રચીને એમની કવિત્વ પ્રતિભાશક્તિનો વલ્લભ ભટ્ટે ખરો પરિચય કરાવ્યો છે. 'અંબાજીના મહિના', 'કાલિકા-બારમાસીની લાવણી', 'બહુચરાજીના મહિમા' અને 'કમળાકંથના મહિમા' જેવી બારમાસીઓ પણ માતૃશક્તિના મહિમાને કલાત્મક અભિવ્યક્તિ અર્પતી રચનાઓ છે.

## ગરબામાં કૃષ્ણભક્તિનું નિરૂપણ

વલ્લભ ભટ્ટે શક્તિ ઉપાસનાને અનુરૂપ અનુકૂળ એવી કીર્તન સ્તવન રચનાઓ, લઘુ ગરબાઓ અને દીર્ઘસ્વરૂપની ગરબા રચનાઓ દ્વારા અંબાજી, બહુચરા, મહાકાળી, ધનુષધારી એમ શક્તિએ વિવિધ રૂપે કરેલી લીલા, વર્ણનો તથા પ્રસંગકથામૂલક વિગતો હૃદયસ્પર્શી રીતે નિરૂપી છે. વલ્લભ ભટ્ટ મૂળે અને હાડે પરમ વૈષ્ણવ છે. એણે રાધાજીના-કૃષ્ણના લીલા સ્વરૂપની પદ રચનાને બદલે ગરબાઓ રચ્યા છે. વલ્લભને હથોટી છે ગરબા સ્વરૂપમાં. એ સ્વરૂપમાં કૃષ્ણલીલાના ગરબાઓ રચીને વિષયવૈવિધ્ય દાખવ્યું છે. ૧૨૫ કડીનો રાધાજીના એકાદશી વ્રતનો દીર્ઘરૂપનો ગરબો ભારે પ્રખ્યાત છે. ૪૪ કડીનો 'સત્યભામાનો ગરબો', 'કમળાકંથના મહિના', 'શ્રીનાથજીના દર્શનનો ગરબો' જેવી રચનાઓ આ પ્રકારના વિષયની ગરબારચનાઓનાં ઉત્તમ ઉદાહરણો છે.

## ગરબામાં તત્કાલીન સમાજનું નિરૂપણ

વલ્લભ ભટ્ટનું ગરબા ઉપરાંત ગરબા સ્વરૂપ અંતર્ગત વિવિધ કાવ્યપ્રકાર અને સ્વરૂપમાં કવિતા રચવાનું વલણ, શક્તિનાં વિવિધ સ્વરૂપો લીલાઓનું વર્ણન આલેખવાનું વલણ અને શક્તિ ઉપરાંત કૃષ્ણની લીલાને આલેખવાનું વલણ જ એમની કવિપ્રતિભાની સીમા નથી. સમકાલીન-તત્કાલીન અલંકાર-વસ્ત્રાભૂષણોનું નિરૂપણ એમની સામાજિક સંપ્રજ્ઞતાનું દ્યોતક છે. એક ભક્તકવિ, એક માતૃભક્તિને વરેલા પ્રતિબદ્ધ કવિ જ્યારે ઈ.સ. ૧૭૮૭ના દુષ્કાળને પણ અઠ્ઠાવન કડીમાં દીર્ઘસ્વરૂપના 'કળિકાળના ગરબા' નામના ગરબામાં ઢાળે, કજોડાં પણ વિવિધ પ્રકારનાં, વયનાં અને સંસ્કારભેદનાં કજોડાંના બે ગરબાઓ રચે અને માનવમનની અવળચંડાઈને વિષય બનાવીને રચેલો 'અવળચંડીનો ગરબો' રચીને એમની સામાજિક સંપ્રજ્ઞતા અને પ્રતિબદ્ધતા પણ પ્રગટ કરી છે. દુષ્કાળને કારણે આવી પડેલ આપત્તિઓનું આલેખન, માનવ-સમાજની કરુણ અવસ્થિતિનો ચિતાર આલેખવાનું વલણ તથા સમાજમાં પ્રવર્તતાં કજોડાં અને એને કારણે દારુણ અને દુર્નિવાર વેદનશીલ પરિસ્થિતિને સહન કરતી નારીના મનોભાવોને આલેખવાનું વલણ, ભક્તકવિ વલ્લભ ભટ્ટને ખરા અર્થમાં ભક્ત અને કવિ પદે પ્રસ્થાપિત કરે છે. એમના દ્વારા આગવી રીતે માતૃશક્તિનું આલેખન અને સાથે દારુણ સામાજિક વાસ્તવનું, કઠોર-વેદનશીલ વિગતોનું દસ્તાવેજી આલેખન કરવાનું વલણ આપણા આસ્વાદ અને અભ્યાસનો વિષય બને છે.

ગરબા સ્વરૂપની સહસ્રાધિક રચનાઓમાં વિવિધ રીતના અભિવ્યક્તિ તરીકાઓની યોજના કરવાની દૃષ્ટિ, વ્યાપક રૂપે સમાજનું નિરીક્ષણ અને એની દસ્તાવેજી વિગતોને કાવ્યમાં અભિવ્યક્તિ અર્પવાની વૃત્તિ ભારે મહત્ત્વની છે. મધ્યકાલીન ભક્તકવિ પણ કેવા અને કેટલા સામાજિક હોઈ શકે એનું બળવાન ઉદાહરણ

વલ્લભ ભટ્ટ છે. આવાં બધાં કારણે ભાવ, ભાષા અને અભિવ્યક્તિ સંદર્ભે એમના દ્વારા રચાયેલી વૈવિધ્યપૂર્ણ ગરબા રચનાઓ મધ્યકાલીન ગુજરાતી કાવ્યાકાશની તેજસ્વી નક્ષત્રમાળા તુલ્ય જણાય છે. એમનું ભક્ત-કવિ વ્યક્તિત્વ આવી સામાજિક સંપ્રજ્ઞતા અને કવિ-પ્રતિભા ધરાવતું હોવાને કારણે વિશેષ આદરપાત્ર અને લોકપ્રિય બન્યું જણાય છે.

### સંદર્ભસામગ્રી


૧. ‘ગુજરાતી સાહિત્યની વિકાસરેખા’ (મધ્યકાળ), વિજયરાય વૈદ્ય, (ઈ.સ.૧૯૬૨)
૨. ‘ગુજરાતી સાહિત્ય કોશ’, ખંડ ૧ (મધ્યકાળ), જયંત કોઠારી અને અન્ય, (ઈ.સ. ૧૯૮૯)
૩. ‘બૃહદ્ કાવ્ય દોહન’ ૧,૨,૪,૫,૮, ઇચ્છારામ દેસાઈ, (ઈ.સ. ૧૯૫૨)
૪. ‘નર્મગદ્ય’ નર્મદ, (ઈ.સ. ૧૮૯૧)
૫. ‘નભોવિહાર’, રા.વિ.પાઠક, (ઈ.સ.૧૯૬૧)
૬. ‘વલ્લભ ભટ્ટની વાણી’, મંજુલાલ મજમુદાર (ઈ.સ. ૧૯૬૨)
૭. ‘ગુજરાત એન્ડ ઈટ્સ લિટરેચર’, કનૈયાલાલ મુનશી, (ઈ.સ. ૧૯૪૯)




*હિત્ કહ્યું સુણે ન કંઈ, તે બધિર સરખો જાણવો,*
*થાય સ્વાધીન ક્રોધને તે આંધળા સમ માનવો.*
*લેવી નાના પાસથી પણ ચાતુરીની વારતા,*
*પતે કજિયો ઘર મેળે કાજી પાસે ન જતા.*
*કુવે'મ મત્સરે કરી, દશા થઈ જ આકરી,*
*વિના સુસંપની પડી જશે ને રોગ ભાર રે.*

**- વીર કવિ નર્મદ**

# ભૂલાતાં ગીતો

◈


## સિદ્ધાર્થ નરહરિ ભટ્ટ*


વીતી ગએલા કાળની એક ઝલક લેવી છે.

કોઈ એક પ્રદેશ કે પ્રજાસમૂહ ચોક્કસ અનુભૂતિમાંથી પસાર થાય છે ત્યારે એ ઊર્મિ એક યા બીજી રીતે વ્યક્ત થતી હોય છે. પોતાના મનને વ્યક્ત કરવું એ માનવસહજ છે અને ત્યારે એવી અભિવ્યક્તિનાં અનેક સ્વરૂપો હોઈ શકે. અનુભૂતિનાં પણ અનેક સ્વરૂપો હોઈ શકે. આપણે, અનુભૂતિ અને તેની માનવવર્તનમાં અભિવ્યક્તિનાં માનસિક પરિબળોમાં જવું નથી. કે, પ્રત્યેક અનુભૂતિ અને તે થકી સર્જાતા માનવવર્તનના સ્વરૂપનું પણ વિશ્લેષણ કરવું નથી. ભારતમાં, સ્વતંત્રતા માટેની જે લોકલડત ચાલી તે લડતનાં ગીતોમાં કેવા સ્વરૂપે વ્યક્ત થઈ તેનું કેવળ દર્શન જ કરવું છે. અને, તેવું કરવાનો આ લેખનો આશય હોય તો તેના આધારના બે સ્રોતોનો નિર્દેશ કરવો જ રહ્યો અને તેવું કરવામાં વિનય છે અને વિવેક પણ છે. તે સાથે, એ આધારસ્રોતોને પ્રકાશિત કરનારા પરત્વેનો ઋણસ્વીકાર પણ છે : એક, સુરતની જિલ્લા પંચાયતે નીમેલી સ્વાતંત્ર્ય ઈતિહાસ સમિતિની સ્વાતંત્ર્ય સંગ્રામ સાહિત્યમાળાને અન્વયે કરવામાં આવેલું પ્રકાશન 'લડતનાં ગીતો' (૧૯૭૦); અને બે, ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટે (અમદાવાદ) 'કર્મયોગી સ્વ. સાંકળચંદ પટેલ જીવનઘડતર ગ્રંથશ્રેણી'ના ગ્રંથ એક હેઠળ કરેલું પ્રકાશન 'ગુજરાતના સ્વાતંત્ર્ય સૈનિકો' (૧૯૯૮).

'લડતનાં ગીતો'માં એકસો એકતાલીસ ગીતો આપ્યાં છે. તેમાં અનેક ગીતોને લડત સાથે સીધી નિસ્બત નથી અને છતાં એ ગીતો લડતના સમગ્ર સમયગાળા દરમિયાન ખૂબ પ્રચલિત થયાં હતાં. તેમાં બંકિમબાબુની નવલકથા 'આનંદમઠ'માં આપેલું ગીત 'વન્દે માતરમ્' આજે પણ એટલું જ લોકપ્રિય અને કર્ણપ્રિય છે અને કવિવર રવીન્દ્રનાથનું 'જનગણમન' તો આઝાદી પછી રાષ્ટ્રીય ગીત બની ચૂક્યું છે. તો, નર્મદના 'જય જય ગરવી ગુજરાત', 'કોની કોની છે ગુજરાત ?', 'સહુ ચલો જીતવા જંગ', 'ના હઠવું, ના હઠવું,' અને 'હરિ તું ફરી જોબનિયું આપે', હજી એટલાં જ લોકહૃદયમાં વસેલાં છે - પછી ભલે, તેમની રચનાને દોઢેક સદી થઈ ગઈ હોય. બહેરામજી મલબારીએ તેમના ગીત 'ગુજરાતનું ભાવિ ગૌરવ'માં દેશની અવદશા જણાવી છે : 'પણ ક્યાં બુદ્ધિ વિશાળ, કવિ-ઋષિ વીર ગયા ક્યાં ?' : એ સાથે, તેમના હૃદયને લાગતી ચોટ તેમણે છુપાવી નથી : 'બેઠી પનોતી, હાય ! દુર્દશા આખે દેશે' અને કવિનું હૃદય વલવલી ઊઠે છે : 'હાય ! કેમ જિવાય, પરાધીન એ સ્થિતિમાં ?'

'લડતનાં ગીતો'ના કાળક્રમમાં જવાની જરૂર નથી અને ઘણાં ગીતોના રચનારાનું પગેરું કાઢી શકાયું નથી. વીસમી સદીમાં ચારેક દાયકા સુધી ચાલેલી લડત દરમિયાન એ ગીતોએ અનેકોને લડતની પ્રેરણા આપી છે તે ભૂલવું જોઈએ નહીં. એ લડત દરમિયાન અગણિત જનોએ ફકીરી વહોરી હતી, અનેકોએ પ્રાણ ગુમાવ્યા હતા કે પોતાનાં સ્વજનો ગુમાવ્યાં હતાં, હજારોની સંખ્યામાં જેલમાં પૂરાયાં હતાં અને મણ મણ અનાજને દળ્યું હતું; કેટલાએ ચાબખા ખાધા હશે, મીઠાની રાબ પીવી પડી હશે, શણનાં કપડાં પહેરવાં પડ્યાં હશે તેનો કોઈ અંદાજ નથી. માનસિક રીતે, ગુજરાત એ લડતના દિવસોથી બહુ દૂર ચાલ્યું ગયું છે ત્યારે 'ઝંડા ઊંચા રહે હમારા' પાછળની ધગશને પામી શકતું નથી. લડતનાં ગીતો ગવાતાં હશે ત્યારે એ ગાનારાં અને સાંભળનારાંના મનમાં કેવા ભાવ ઊભા થતા હશે એ હવે કલ્પનાનો જ વિષય બની જાય છે. 'લડતનાં ગીતો' પ્રકાશનમાં આપવામાં આવેલાં ગીતો સિવાયનાં ગીતોનાં પ્રકાશનો થયાં છે કે નહીં તે મારી જાણમાં નથી.

---


* પૂર્વ પ્રાધ્યાપક, રાજ્યશાસ્ત્ર વિભાગ, સમાજવિદ્યાભવન, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ.

જીવાભાઈ અમીચંદ પટેલના જીવન વિશે માહિતી મળતી નથી. તેમના ગીત 'માડીની ઝૂંપડી'માં તેમનું દુઃખ વ્યક્ત કર્યું છે 'લૂંટાતી ઓ માડી રે, ખાલી તારી ઝૂંપડી' અને માડીની ઝૂંપડીને 'દુઃખિયાનો વિસામો' અને 'પ્રભુનો પથ દાખવતી' પણ કહી છે. મગનભાઈ ચતુરભાઈ પટેલનો જન્મ ડિસેમ્બર ૧૦, ૧૯૦૫માં ખેડાના પીજમાં થયો હતો. અભ્યાસ કેવળ છ ધોરણ સુધીનો. દાંડીકૂચ પછી ૧૯૩૦ માં ધારાસણાના સત્યાગ્રહમાં પોલીસે અમાનુષી અત્યાચાર કર્યો અને મગનભાઈને કેદ થઈ. તેમના ગીત 'એક દિન એવો આવશે'માં તેમણે સુવર્ણદિવસ વિશેની આશા ગુમાવી નથી- મગનભાઈ કહે છે, 'આત્મબળ પામી બધા આ પુત્ર ભારતવર્ષના, નિર્ભય તણી મૂર્તિ બની સૌ સ્વાર્થને તુચ્છકારશે'. નગીનદાસ સંઘવીએ, તેમના ગીત 'પ્રેમોન્મત્ત'માં કહ્યું છે : 'હું દીવાનો દેશનો મને કોઈ ન સતાવો' અને 'પુરાતન આર્ય બાળકનું હાલરડું' લડતમાં પડેલાઓને પાનો ચઢાવે છે, 'હાલો હાલો હાલો, સુધીર બાળ હાલો.'

લડતમાં પડેલાઓમાં પૂરતો આશાવાદ છલકે છે તેનું દર્શન બહેચરલાલ ત્રિકમજી પટેલના ગીત 'હિંદનું ભવિષ્ય'માં જોવા મળે છે : 'માજી, તારું ભારત બનશે સ્વર્ગ, નંદનવન ઝાંખાં થશે રે લોલ'. તો, કવિ લલિતને પ્રશ્ન થાય છે, 'જાતને સ્વદેશ કાજ કાં ન હોમીએ ?' કહેવાની જરૂર નથી બિસ્મિલના 'સરફરોશી કી તમન્ના' અને ઇકબાલના 'સારે જહાં સે અચ્છા' લડત દરમિયાન એટલા જ લોકકંઠે વસેલા. સુરતના ચોર્યાસી તાલુકાના વાંઝ ગામે નવેમ્બર ૭, ૧૮૯૦ ના રોજ જન્મેલા કલ્યાણજીભાઈ છેક ૧૯૦૭ના સુરતના મહાસભાના અધિવેશનથી લડતમાં સક્રિય હતા. તેમની અનેકવિધ કામગીરીમાં જવું નથી. તેમની જાહેરજીવનની સક્રિયતામાં અને ખાસ કરીને લડત દરમિયાન તેમણે ઘણાં જાણીતાં ગીતો લખેલાં : 'ઉંદરમામાને' ('તમારા ત્રાસથી થાકી હવે મામા કહું સાચું;/ ઉરે કૈં એમ આવે કે મીની માસી જઈ યાચું'); 'કર્મવીરને' માં કલ્યાણભાઈ ગાંધીજી માટે કહે છે : 'ઓ સંત લડવૈયા અનોખા સત્યવીર નમું નમું'. બારડોલીના સત્યાગ્રહ સમયે તેમનામાં રહેલો કવિ જાગી ઊઠ્યો હતો. 'તહીં આ શિર ઝૂકે છે' માં તેઓ લખે છે 'જહાં નિજ સ્વાર્થના બંધો તૂટ્યા જ્યાંહી ફકીરી છે.' વળી, અન્ય ગીત 'અમે સત્યાગ્રહી ચેલા' માં તેમનું હૃદય પોકારી ઊઠે છે : 'અમે ગાંધી ગુરુજીના, છીએ સત્યાગ્રહી ચેલા'. લો, કલ્યાણજીભાઈનો રોષ તેમના ગીત 'તમારી આત્મશ્રદ્ધા તો' માં પ્રગટ થાય છે :

*દીવાલો દુર્ગની ફાટે તમારા કેદખાનાની;*
*તૂટે જંજીર લોખંડી તમારી આત્મશ્રદ્ધા તો.*

*તમારા માર્ગમાં ઊભા પહાડો યે ખસી જાશે;*
*બિયાબાં માર્ગ દઈ દેશે તમારી આત્મશ્રદ્ધા તો.*

સમાજ જ્યારે કટોકટી કે આપત્તિમાંથી પસાર થતો હોય છે, સમાજ જ્યારે ન સ્વીકારી શકાય તેવા વિપરીત સંજોગોમાંથી પસાર થતો હોય છે ત્યારે, એવી પરિસ્થિતિમાંથી સમાજને ઉગારનારા બહાર આવતા હોય છે. ભારતનો સમાજ, લગભગ વેરવિખેર અવસ્થામાં ધકેલાઈ ગયો હતો ત્યારે, સમગ્ર દેશમાં સંતકવિઓ આવી ગયા અને સમાજને અરાજક સ્થિતિમાંથી બચાવ્યો. જ્યારે, ભારતના સમાજને તેની સંસ્કૃતિને અનુરૂપ સક્ષમ નેતાની જરૂર અનિવાર્ય બની ત્યારે ગાંધીજી આવ્યા. અને, દક્ષિણ આફ્રિકાથી દેશાગમન સુધી ચાર દાયકા સુધીના તેમના નેતૃત્વ હેઠળ ચાલેલી અહિંસક લડતમાં દેશના પ્રત્યેક વિસ્તારોમાં લોકનેતાઓ આવ્યા એટલું જ નહીં પરંતુ છેક નેતૃત્વ ન આપતા હોય છતાં એવી લડત સાથે ઓતપ્રોત હોય તેવા કવિઓ-ગીતકારો પણ આવી ગયા. આ નાનકડા લેખમાં સમગ્ર દેશના એવા નામી-અનામી સેંકડો કવિઓ-ગીતકારો માટે લખવું શક્ય નથી અને તે સાથે સમગ્ર ગુજરાત વિશે પણ કરવું શક્ય નથી. આ શોધનો-સંશોધનનો વિષય છે. તેથી, મર્યાદિત એવા આ લેખમાં લડતના સમયે થઈ ગયેલાઓની કેટલીક રચનાઓના ઉલ્લેખથી જ સંતોષ માનવો રહ્યો. લડતની લાંબી કારકિર્દી ધરાવનાર અને સ્વતંત્રતા પછી પણ જનસેવા અને જાહેરજીવનમાં

ઓતપ્રોત રહેનારા કલ્યાણજીભાઈ મહેતા સારા કવિ પણ હતા. 'અમે સત્યાગ્રહીના ચેલા' ગીતમાં, તેમના હૃદયના ઊંડાણમાંથી ઊઠેલા નાદને સમજવો રહ્યો :

*શૂરો સેનાપતિ ગાંધી, અમારા સત્યનો કિલ્લો;*
*અટલ શ્રદ્ધા અમારી છે, તૂટે ના તોપથી તૂટ્યો.*
*જગતનાં આસુરી શસ્ત્રો, થશે જૂઠાં પડી હેઠાં;*
*છૂટ્યાં જ્યાં સત્યનાં બાણો, અમારા રામનાં છોડ્યાં.*
*ધરા આખી ધ્રૂજી જાશે, સૂણી સત્યાગ્રહી ટંકાર;*
*ઊતરશે દેવ સ્વર્ગેથી, લઈને હાથમાં જયમાળ.*

અને કલ્યાણજીભાઈ 'તમારા દેશને માટે' આ પડકાર આપે છે :

*સૂતેલા જાગજો સિંહો, મરેલા ઊઠજો મર્દો;*
*પકડજો સત્યનાં શસ્ત્રો, તમારા દેશને માટે.*
*ઝૂઝો જંગે કમર બાંધી, પ્રભુ છે સત્યનો સાથી;*
*હવે છે ઊજળું ભાવિ, તમારા દેશને માટે.*

'ભારેલો અગ્નિ'ના લેખક રમણલાલ વસંતલાલ દેસાઈનું ગીત 'ગુર્જર વીર' બચુભાઈ રાવતનું 'વંદન જય ગુજરાત !' યાદ આવે, તો, કલ્યાણજીભાઈના 'હિંદના બંદા'ને કેમ ભૂલાય ? એ ગીતની કડી 'અમારી ભસ્મથી ઊઠશે, વીરોની ફોજની ફોજો' એ કેટલાયમાં લડતનું જોમ પૂરું પાડ્યું હતું. 'ગુજરાતનો તપસ્વી' કાવ્ય ન્હાનાલાલે ગાંધીજીની પચાસમી વર્ષગાંઠે લખ્યું હતું. તો, ૧૮૭૭ માં જન્મેલા કવિ ન્હાનાલાલે સવિનય કાનૂન ભંગ સમયની લડતમાં 'ધર્મના વીર ઓ આર્યપુત્ર ઊઠજો' લખ્યું. ગુજરાતનાં યશોગાન ગાતાં કવિશ્રીએ 'ધન્ય હો ધન્ય જ પુણ્યપ્રદેશ'માં લખ્યું હતું :

*હિન્દુ મુસલમિન પારસીઓને,*
*અહીંયા તીરથદ્વાર;*
*પ્રભુ છે એક, ભૂમિ છે એક,*
*પિતા છે એક, મીત છે એક,*
*આપણે એકની પ્રજા અનેક. ધન્ય હો !*

વળી, એ જ કવિશ્રીએ 'સાચના સિપાઈ'માં લખ્યું છે :

*અમે સાચના સિપાઈ;*
*અમે સાચના સિપાઈ;*
*સાચ અમારી તરવાર ને*
*સાચની બાંધી સવાઈ;*
*અમે સાચના સિપાઈ.*

કવિશ્રીનાં ગીતો 'પાર્થને કહો ચડાવે બાણ' અને 'વીરની વિદાય'ને આજે પણ ભૂલી શકતા નથી. 'મ્હારા કેસરભીના કન્થ હો !' ઘેર ઘેર જાણીતું થયેલું ગીત હતું.

અંધ કવિ હંસરાજ હરખજીનો જન્મ ૧૮૯૨માં અમરેલીમાં થયો હતો. જન્મે અંધ ન હતા. છ વર્ષની વયે આંખોનું નૂર ચાલ્યું ગયું. વીસમી સદીના બીજા દાયકામાં ગાંધીજીના સંપર્કમાં આવ્યા. અનેક વાર કારાવાસ ભોગવ્યો. ગુજરાતી અને અંગ્રેજીમાં ગીતો-કાવ્યો લખતા. લોકલાડીલા ઝવેરચંદ મેઘાણીની જેમ સ્વરચનાઓ બુલંદ સ્વરે ગાતા. 'ટોપીવાળાનાં ટોળાં ઉતર્યાં'ના લખનાર અંધકવિએ 'ચંદરોઝ'માં લખ્યું છે : 'ક્યાં સુધી સામ્રાજ્ય સત્તા - ચંદરોઝ' અને 'સુજનને સહેવી ઘટે ત્યાં જેલ'માં તેમણે ગાયું છે : 'જુલ્મ તણું

પૂર જોશ હશે ત્યાં, કાઢે 'કદાપિ તેલ; પણ રણધીર સ્વરાજ ભૂખ્યાને, ગેડી દડાના ગેલ, સુજનને સહેવી ઘટે જ્યાં જેલ.' સપ્ટેમ્બર ૨૬, ૧૮૮૨ના રોજ જન્મેલા દાંતના તબીબ ચંદુલાલ મણિલાલ દેસાઈ, વીસમી સદીના બીજા દાયકામાં સાવરકરના સંપર્કમાં આવ્યા હતા. લડતમાં તેમણે તેમની સઘળી મિલકત રાષ્ટ્રને ચરણે ધરી દીધી હતી. તેઓ 'વસંત વિનોદી'ના નામે કવિતાઓ લખતા. ભરૂચમાં સ્થાયી થયેલા ચંદુલાલ તેમણે રચેલાં 'અમે તો ભરતભૂમિનાં બાળ, 'જનની સેવન', 'સમશેર સારી ખલ્કની' જેવાં ગીતોથી જાણીતા થયેલા.

ગોકુળદાસ રાયચુરા, ચીમનભાઈ ભટ્ટ, ત્રિભુવન વ્યાસ, મકનજી પટેલ, પ્રીતમલાલ મજમુદાર, દેશળજી પરમાર, જ્યોત્સ્ના શુક્લ, વામન મુકાદમ, સોમાભાઈ ભાવસાર - કેટલાને યાદ કરવા ? અનામી, અજ્ઞાત લખનારા પણ હતા. ઝીણાભાઈ (સ્નેહરશ્મિ), સુંદરમ્, ઉમાશંકરની રચનાઓને યાદ કરવા લેખમાળા જોઈએ. એવું જ રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીનું પણ ખરું : 'તોય મા તે મા !', 'નવ કહેજો', 'કોણ ગાશે', 'તરુણોનું મનોરાજ્ય', 'શિવાજીનું હાલરડું', 'અંતરની આહ', 'વિદાય', 'છેલ્લી પ્રાર્થના', 'આગે કદમ', કોઈનો લાડકવાયો', 'છેલ્લો કટોરો', 'ઝંડા વંદન', 'કાલ જાગે' - ગાંધીજી ગોળમેજી માટે જવા નીકળ્યા ત્યારે ઝવેરચંદભાઈએ 'છેલ્લો કટોરો' ગીત લખીને આપ્યું હતું,

*છેલ્લો કટોરો ઝેરનો આ પી જજો બાપુ !*
*સાગર પીનાર ! અંજલિ નવ ઢોળજો બાપુ !*

અને છતાં, મેઘાણીના હૃદયમાંથી તો નીકળે છે :

*ઘનઘોર વનની વાટને અજવાળતો, બાપુ !*
*વિકરાળ કેસરિયાળને પંપાળતો, બાપુ !*
*ચાલ્યો જજે ! તુજ ભોમિયો ભગવાન છે, બાપુ !*
*છેલ્લો કટોરો ઝેરનો પી આવજે, બાપુ !*

વઢવાણમાં ૧૮૯૨માં જન્મેલા જુગતરામ દવેએ ૧૯૩૨માં દક્ષિણ ગુજરાતના વેડછીમાં આશ્રમ સ્થાપી કાયમી વસવાટ કરેલો. અનેકવાર કારાવાસ વેઠનાર જુગતરામદાદા બાળસાહિત્યકાર પણ હતા. તેમનું ગીત 'બે પંખી' પિંજરના કેદી પંખી અને વનવગડાના મુક્ત પંખીની વાત કરે છે :

*પાંજરાનું પંખી રહેતું સોનાના પિંજરમાંજી,*
*વનવગડાનું પંખી રહેતું સુંદર મનહર વનમાંજી.*

અને પિંજરમાં કેદ થયેલું પંખી ચીખ પાડી ઊઠે છે :

*ગરીબ બાપડું બોલ્યું પંખી પિંજરનું રહેનારજી,*
*'નબળી પાંખે કેમ ઉડાશે ? હાય હાય લાચારજી !*

એ વીતેલા કાળને સમયે લખાયેલાં અને લોકહૃદયે વસેલાં લડતનાં કેટલાંક ગીતોનો કેવળ નિર્દેશ જ કર્યો છે. શક્ય છે, આ લેખમાં અનેકોને ભૂલી જવાયા હશે. ગુજરાતમાં ચાલેલી લડતનો સળંગ ઇતિહાસ લખાયો નથી. ગોરધનદાસ ચોખાવાલા, ગુજરાતના શિક્ષણમંત્રી હતા ત્યારે આવો ઇતિહાસ તૈયાર કરવાની તેમણે જાહેરાત કરી હતી. કયા પરિબળને કારણે એ થઈ શક્યું નહીં તે જાણી શકાયું નથી. ખેડા સત્યાગ્રહથી માંડીને 'હિંદ છોડો' લડત સુધી લડતના સંદર્ભમાં ઘણાં ગીતો લખાયાં હતાં. મહાદેવભાઈ દેસાઈ થકી આપણે ગાંધીજી વિશે ઘણું જાણ્યું છે ત્યારે 'તારી જો હાક સૂણી કોઈ ના આવે' અને 'ચિન્તા કર્યે ચાલશે ના' ને આપણા પાઠ્યપુસ્તકોમાં ક્યારે સ્થાન મળશે ?

સમયના વહેવા સાથે એ જૂનું સાહિત્ય નાશ પામશે, લડતના સમયે લખાયેલાં એ ગીતો પણ ભૂલાતાં જશે !

# જૂનાગઢની આરઝી હકૂમત ચળવળ

◈

ડૉ. કનૈયાલાલ નાયક*

ભારતની વર્ષોની અવિરત લડત અને અનેક યાતનાઓ અને શહીદોના સમર્પણના ફળસ્વરૂપ આઝાદીની ઉષાનો સૂર્ય ઊગ્યો ત્યારે કમનસીબે આ દેશને બે ભાગમાં વિભાજિત કરવામાં આવ્યો. બ્રિટનના શાસને આઝાદી અંગેનો કાયદો પસાર કર્યો ત્યારે ભારતમાં તેની હકૂમત હેઠળનાં રજવાડાંઓ માટે ત્રણ વિકલ્પો ખુલ્લા રાખ્યા. કોઈ પણ દેશી રાજ્ય, હિંદુસ્તાન કે પાકિસ્તાનમાં જોડાઈ શકે અથવા પોતાનું સ્વતંત્ર અસ્તિત્વ ટકાવી રાખે. ભારતનો ભૂખંડ ટુકડે ટુકડામાં વહેંચાઈ જાય તેવી સ્ફોટક પરિસ્થિતિના સમયે સરદાર વલ્લભભાઈ પટેલે કુનેહ અને મક્કમતાથી દેશી રાજ્યોનું વિલીનીકરણ કરવાનો પ્રશ્ન હાથ ધર્યો. કાળના પ્રવાહ સામે અને લોકશક્તિ સામે વર્ષોથી શાસન કરતા રાજા-મહારાજાઓ અને નવાબોએ પોતાની સત્તા ભારત સરકારને સુપરત કરી.

આવા સમયે જૂનાગઢ, કાશ્મીર અને હૈદરાબાદે પોતાનુ સ્વતંત્ર અસ્તિત્વ જાળવવા માટે કાવાદાવાની શરૂઆત કરી. જૂનાગઢ જે ભૌગોલિક રીતે પાકિસ્તાનથી ઘણું દૂર હતું. ત્યાંના નવાબે લોકોની ઇચ્છાને અવગણીને પાકિસ્તાનમાં જોડાવાનો નિર્ણય કર્યો. સ્થાનિક લોકો ઉપર જુલ્મોની શરૂઆત થઈ.

જૂનાગઢ-નવાબના નિર્ણયને બદલી નવો ઇતિહાસ રચવા માટે બીડું ઝડપી સરદાર પટેલે આરઝી હકૂમતની રચનાને આવકારી સમર્થન આપ્યું. મહાત્મા ગાંધીએ પણ સૌરાષ્ટ્રની પ્રજાને બહારવટું કરી જૂનાગઢ રાજ્યના નિર્ણયને બદલવા આશીર્વાદ આપ્યા. આ લડત ફક્ત એક જૂનાગઢના નવાબ સામે નહોતી, પરંતુ સમગ્ર ભારતીય પ્રજાની આશા, અપેક્ષાને સાર્થક કરવા લોકશક્તિની પરીક્ષા હતી. અહિંસા અને સત્યના આધારે સહન કરીને આઝાદીની લડતને સફળતા અપાવનાર સેનાનીઓ માટે હવે હથિયારનો ઉપયોગ કરવાનું અનિવાર્ય બન્યું હતું.

બ્રિટનના વડાપ્રધાન એટીલીએ બ્રિટનની આમસભામાં તા.૨૦-૦૨-૧૯૪૭ના રોજ જાહેરાત કરી કે ''મોડામાં મોડું જૂન, ૧૯૪૮ સુધીમાં હિંદને સત્તા સોંપી દેવામાં આવશે અને વાઇસરૉય તરીકે લૉર્ડ વેવેલના સ્થાને લૉર્ડ માઉન્ટ બૅટન જવાબદારી સંભાળશે.'' લૉર્ડ માઉન્ટ બેટને ૨૪મી માર્ચ, ૧૯૪૭ના રોજ પોતાનો ચાર્જ સંભાળી સત્તાની સોંપણી માટેની કામગીરી હાથ ધરી.[૧]

**ભારતનાં ભાગલાં**

લૉર્ડ માઉન્ટ બૅટનની યોજનામાં હિંદીસંઘ તથા પાકિસ્તાન એ બે સાંસ્થાનિક સરકારોને સત્તા સોંપવાની ઇચ્છા પ્રગટ કરી. સત્તા સોંપણીની આખરી તારીખ ૧૫મી ઑગસ્ટ, ૧૯૪૭ નક્કી કરવામાં આવી. ઈ.સ. ૧૯૪૭માં ભારતમાં ભાગલા પાડવાનો નિર્ણય લેવાયો[૨] અને વાઇસરૉય લૉર્ડ માઉન્ટ બૅટને, રાજાઓ ઉપર બ્રિટિશ સાર્વભૌમત્વ વિશેષ સમય નહિ રહી શકે માટે સ્વતંત્રતા ધારણ કરવા અથવા હિન્દુસ્તાન કે પાકિસ્તાનમાં જોડાઈ જવા આદેશ આપ્યો. રાજાઓને સ્વતંત્ર થવાનું પોષાય તેમ ન હતું. તેથી તેઓ પ્રજાનું હિત દૃષ્ટિમાં રાખી હિન્દુસ્તાનમાં જોડાઈ ગયા.[૩]

---

* ઇતિહાસ અને સંસ્કૃતિ વિભાગ, મ. દે. ગ્રામસેવા મહાવિદ્યાલય, સાદરા, તા. જિ. ગાંધીનગર

### દેશી રાજ્યોનું ભારતસંઘમાં જોડાણ

ભારતનાં દેશી રાજ્યો જેવાં કે ભોપાલ, ટાંક, જંજીરા તથા ગુજરાતમાં વાડાશિનોર, રાધનપુર, સચિન, પાલનપુર, ખંભાત, બજાણા, વણોદ વગેરે મુસ્લિમ રાજ્યો પણ ભારતમાં જોડાઈ ગયાં. ત્યારે જૂનાગઢના નવાબ મહોબતખાનજીએ તેના દીવાન સર શાહનવાઝ ભૂતોની સલાહ ઉપરથી પાકિસ્તાન સાથેનું જોડાણ પસંદ કર્યું. માણાવદર, સરદારગઢ તથા બાંટવા પણ તેનું અનુકરણ કરી પાકિસ્તાનમાં જોડાવા પ્રવૃત્ત થયા. માંગરોળના શેખ નાસીરમીયાંએ પ્રથમ તો ભારત સાથેનું જોડાણ સ્વીકારી સહી કરી પણ પાછળથી ફરી ગયા.[૪]

### જૂનાગઢ રાજ્ય

જૂનાગઢના નવાબે, પોતાના રાજ્યની ૮૦ ટકા વસતિ હિન્દુ હતી અને તેનું રાજ્ય ભૌગોલિક રીતે ભારતનો જ એક ભાગ હતો તે છતાં વગર વિચારે પાકિસ્તાન સાથેનું જોડાણ સ્વીકાર્યું. તેથી પ્રજામાં મોટો ખળભળાટ થયો. તેના મિત્ર રાજાઓએ તેમજ અન્ય રાજપુરુષોએ આ અવ્યવહારું અને અસામાજિક જોડાણ ન કરવા સલાહ આપી. રાજકીય પરિષદના મોવડી શ્રી ઢેબરભાઈ નવાબને તેનો નિર્ણય ફેરવવા માટે સમજાવવા ગયા પણ તેમને મુલાકાત પણ મળી નહીં. જૂનાગઢના નવાબનું વલણ અફર રહ્યું અને મિત્રોની સલાહ વ્યર્થ ગઈ.[૫]

### ભારતના ભાગલા અને આઝાદી

ભારતના ભાગલા પડ્યા. ભારત અને પાકિસ્તાન. જૂનાગઢ રાજ્ય પાકિસ્તાનમાં જોડાયું. ઈ.સ. ૧૯૪૭ના ઑગસ્ટની ૧૫મી તારીખે દિલ્હીના લાલ કિલ્લા ઉપરથી સદાને માટે યુનિયન જેક ઊતર્યો અને ત્યાં અમર ત્રિરંગો લહેરાયો. ભારતની જનતા પ્રફુલ્લિત અને આનંદ સાગરમાં નાહી રહી, ઉત્સવઘેલી બની વિવિધ પ્રકારે તેનો હર્ષ વ્યક્ત કરી રહી હતી. ત્યારે સૌરાષ્ટ્રના જૂનાગઢ, માણાવદર, બાંટવા, સરદારગઢ અને માંગરોળના પ્રજાજનો સજળ નયને નિઃસહાય થઈ તેમના ભાવિને વિચારે સમસમી શોકમગ્ન થઈ ગયા. આ રાજ્યોમાં બહુમતી હિન્દુઓની હતી. ભૌગોલિક રીતે, સાંસ્કૃતિક રીતે વ્યાવહારિક રીતે અને રાજકીય રીતે તે ભારતનો ભાગ હતો. તેમ છતાં માત્ર રાજ્યકર્તાઓ મુસ્લિમ હોવાના કારણે તે ધાર્મિક, સાંસ્કૃતિક અને ભૌગોલિક રીતે વિભિન્ન એવા પાકિસ્તાનમાં શી રીતે રહી શકે ? સિંધ અને પંજાબમાં લઘુમતિ કોમનાં સામુદાયિક સંહારનાં વર્ણનો વર્તમાનપત્રોમાં પ્રસિદ્ધ થવા લાગ્યા. તે દેશોમાં લોહીની નદીઓ વહેવા લાગી છે. બહેન દીકરીઓનાં અપહરણો થઈ રહ્યાં છે, અને તેવી જ પ્રવૃત્તિઓ અહીં પણ થશે એ વિચારે સૌરાષ્ટ્રની પ્રજા વિહ્‌વળ થઈ ગઈ અને તેથી કોઈની પણ દોરવણી કે માર્ગદર્શન વગર પ્રજાએ સામુદાયિક હિજરત શરૂ કરી. પૂજ્ય ગાંધીજીએ જ્યારે આ વૃત્તાંત સાંભળ્યું ત્યારે તા. ૨૪મી સપ્ટેમ્બરની સભામાં કહ્યું કે, ''જૂનાગઢ મેં સે પાકિસ્તાન જાના હી ચાહિયે !'' આવા કપરા સમયમાં પોતાના વહાલા વતન, ઘરબાર, રાચરચીલું મૂકીને લોકો ભારતમાં ચાલ્યા ગયા. જૂનાગઢની રાજસત્તાએ પણ તેમની ઉપર અમાનુષી જુલમ અને દમન કરવામાં કચાશ રાખી નહીં. હિજરત કરી જતાં પ્રજાજનોને માત્ર પહેરેલે કપડે જવા દેવામાં આવતાં. તેમનાં સોનાં, રૂપાં ને કપડાં સ્ટેશનમાં જ લઈ લેવામાં આવતાં. જૂનાગઢ શહેરમાં સિંધીઓ અને ગુનેગાર લોકોને રાજ્યે હથિયારો આપી છૂટા મૂકી દીધા અને કાયદો કે વ્યવસ્થાના નિયમો નામ માત્રના પણ રહ્યા નહિ.[૬]

### આરઝી હકૂમતની સ્થાપના

આવા સમયે જૂનાગઢની પ્રજાને ભારત સરકાર કઈ રીતે મદદ કરી શકે એ પ્રશ્ન હતો અને જ્યાં સુધી ભારત સરકાર સક્રિય પગલાં ન લે ત્યાં સુધી પ્રજાને માટે કંઈ પણ કરવાનું સાહસ શક્ય ન હતું. તેમ છતાં

રાજકીય પરિષદે તા. ૨૫મી ઑગસ્ટ, ૧૯૪૭ના રોજ રાજકોટ મુકામે આ પ્રશ્નનો વિચાર કરવા એક સભા બોલાવી. શ્રી અમૃતભાઈ દલપતભાઈ શેઠ તથા શ્રી શામળદાસ લક્ષ્મીદાસ ગાંધી તેમાં હાજર રહ્યા. આ સભાએ ઘણી વિચારણા કર્યા પછી જરૂરી પગલાં લેવા માટે એક સંરક્ષણ સમિતિની રચના કરી. જૂનાગઢને પાકિસ્તાનની પકડમાંથી છોડાવવા માટે સમગ્ર સૌરાષ્ટ્રમાં જાગૃતિનો જુવાળ આવ્યો. જૂનાગઢના સત્તાધીશો સીધી રીતે સમજે તેમ હતા નહીં અને જૂનાગઢની પ્રજાએ તેથી પોતાની મુક્તિ મેળવવા સંગ્રામનો જ રાહ લેવાનો રહ્યો ત્યારે જૂનાગઢ રાજ્યના પ્રજાજનોની જ બનેલી આરઝી સરકાર રચવાનો નિર્ણય લેવામાં આવ્યો. તા. ૨૫મી સપ્ટેમ્બર, ૧૯૪૭ના રોજ મુંબઈના માધવબાગમાં મળેલી એક વિરાટ સભામાં જૂનાગઢમાંથી પાકિસ્તાન રક્ષિત સરકાર ઉથલાવી નાંખવાનો નિર્ણય લીધો અને પ્રખર પત્રકાર અને તેજસ્વી વક્તા શામળદાસ ગાંધીના પ્રમુખપણા નીચે જૂનાગઢની આરઝી હકૂમતની રચના કરી. તેમાં સર્વ શ્રી દુર્લભજી ખેતાણી, ભવાની શંકર, આત્મારામ ઓઝા, નરેન્દ્રભાઈ પ્રાગજીભાઈ નથવાણી, મણિલાલ સુંદરજી જોષી પ્રધાનો નિમાયા. ક્રમશઃ શ્રી સુરગભાઈ કાળુભાઈ વરુ અને શ્રીમતી પુષ્પાબહેન મહેતા આ પ્રધાનમંડળમાં પાછળથી જોડાયા.[૭]

આરઝી હકૂમતની સ્થાપના થયા પછી સંરક્ષણને બદલે યુદ્ધનો કાર્યક્રમ મુખ્ય થયો. તેથી સર્વશ્રી શામળદાસ ગાંધી, રસિકભાઈ પરીખ, રતુભાઈ અદાણી, જેઠાલાલ જોષી અને ગોકળદાસ ગગલાણીની સંગ્રામ સમિતિ રચવામાં આવી.[૮]

આરઝી હકૂમતની મદદમાં શ્રી ચીમનલાલ ચકુભાઈ અને શ્રી મોહનભાઈ મહેતા વગેરે કાર્યકર્તાઓ આવી પહોંચ્યા.[૯]

### આરઝી હકૂમત (યુદ્ધ) ચળવળની શરૂઆત

આરઝી હકૂમતને હવે યુદ્ધમાં ચડવાની ઘડી આવી હતી. માંગરોળ, માણાવદર, બાંટવા અને સરદારગઢ હિંદી સંઘમાં આવી ગયાં હતાં. એટલે તેમનું સમગ્ર ધ્યાન જૂનાગઢ ઉપર કેન્દ્રિત કરવાનું હતું. જૂનાગઢ રાજ્ય પાસે ૧૭૭ લાન્સર્સ, ૨૪૦ પાયદળનું કવાયતી લશ્કર અને ૧૦૭૧નું પોલીસ દળ હતું. બીજા વિશ્વયુદ્ધમાં શાહી સૈન્ય સાથે રહી લડેલા અને તાલીમ પામેલા અધિકારીઓ હતા. કેશોદના એરોડ્રામથી કરાંચી સુધીનો વ્યવહાર ચાલુ હતો અને ત્યાંથી લશ્કરી મદદ ક્યારે આવી પહોંચે તે કહી શકાય તેમ ન હતું. એવા એક રાજ્ય સાથે બાથ ભીડવાનું સાહસ કરવાનું જોખમ જેવું તેવું હતું નહીં. આરઝી હકૂમત ચળવળમાં શ્રી રતુભાઈ અદાણીને તેમના સૈન્યોના સર સેનાપતિ પદે નિયુક્ત કર્યા. જૂનાગઢ રાજ્ય ઉપર 'કરેંગે યા મરેંગે'ના નિશ્ચય સાથે ચડાઈ કરી. તા.૩૦-૯-૧૯૪૭ના રોજ રાજકોટમાં આવેલો જૂનાગઢ સમયનો આલિશાન ઉતારો કબજે કર્યો અને દશેરાના દિવસે ભેંસાણ મહાલ તાબાનાં અમરાપર વગેરે ગામો લઈ ત્યાંથી ગાધડકા અને નવાગઢના કિલ્લાઓ કબજે કરી, કુતિયાણા સર કર્યું. આરઝીના સૈન્યો જૂનાગઢ તરફ આવી રહ્યાં છે, તેવું જાણી નવાબ મહોબતખાનજીએ તા. ૨૭મી ઑક્ટોબર, ૧૯૪૭ના રોજ કેશોદના હવાઈ મથકેથી કરાંચીનો માર્ગ લીધો. કુતિયાણા જોતજોતામાં તાબામાં આવ્યું અને સર શાહનવાઝ ભૂતોના પગ ધ્રૂજવા લાગ્યા.[૧૦]

આ સમયે બાબરિયાવાડના તાલુકદારો ઉપર જૂનાગઢનો વહીવટ હતો. તે તેમણે ફગાવી દઈ ભારત સંઘનું જોડાણ સ્વીકારતાં હિંદી સંઘના અજિત સૈન્યોએ તેના મુખ્ય નાગેશ્રીમાં ત્રિરંગો રોપ્યો.[૧૧]

### ભૂતોની શરણાગતિ

સર શાહનવાઝ ભૂતો અને તેના કૃપાપાત્ર પોલિસ કમિશનર ખાન બહાદૂર મહમદ હુસેન શાહ નકવીની ઇચ્છા પાકિસ્તાનથી સૈન્યો મંગાવી જંગ ખેલી લેવાની હતી. પરંતુ પાકિસ્તાનથી ન તો સહાય આવી કે ન સૈન્ય. જૂનાગઢના સમજુ મુસ્લિમો તો પહેલેથી સજાગ હતા. તેમણે સર શાહનવાઝે ભરેલાં પગલાંને

પસંદ કર્યું ન હતું અને તેથી તેમના કુટુંબોને ભારતમાં મોકલી દીધાં હતાં. નિર્જન, લૂંટાઈ ગયેલા લાગતા ઉજ્જડ જૂનાગઢને સર્વનાશમાંથી બચાવી લેવા, તેઓ ભૂતો પર દબાણ લાવવા માંડ્યા. ભૂતો પાસે ભારતની શરણાગતિ સિવાય અન્ય કોઈ વિકલ્પ હતો નહિ, તેથી તા.૭ મી નવેમ્બર, ૧૯૪૭ના રોજ તેણે કાઉન્સિલના અંગ્રેજ સભ્ય કેપ્ટન હાર્વે જોન્સને રાજકોટ મોકલી ભારત સરકારની શરણાગતિ માંગી.[૧૨] પરંતુ કેન્દ્ર સરકારનાં પ્રતિનિધિ નીલમભાઈ બૂચે આ શરણાગતિ સ્વીકારી નહિ. કારણ કે ભૂતો રાજ્યની ન પ્રજા હતો કે રાજા. કેપ્ટન હાર્વે જોન્સ પાછો ફર્યો. ભૂતોએ તેથી પ્રજાજનોને બોલાવી તેમની આગળ અસહાયતાનું વર્ણન કર્યું અને પ્રજાની ઇચ્છા જાણી હાજર રહેલા પ્રજાજનોએ સર્વાનુમતે ભારતની શરણાગતિ યાચવા ભૂતોને ભલામણ કરી અને પ્રજાએ કરેલા ઠરાવને લઈ કેપ્ટન હાર્વે જોન્સ ફરીથી તા. ૯મી નવેમ્બરે રાજકોટ ગયો. હિન્દી સંઘે જૂનાગઢની પ્રજાની વિનંતી સ્વીકારી. સર નવાઝ ભૂતોએ તા. ૯મી સપ્ટેમ્બરના ગેઝેટનો એક વધારો બહાર પાડી હિન્દી સંઘની શરણાગતિ સ્વીકારી હોવાની જાહેરાત કરી અને પોતે કેશોદ વિમાન મથકેથી કરાંચી નાસી ગયો અને તે જ દિવસે ભારતીય સૈન્યો જૂનાગઢમાં પ્રવેશ્યા અને ઉપરકોટ પર ત્રિરંગો લહેરાવ્યો. શ્રી નીલમભાઈ બૂચે તા. ૯મી નવેમ્બર, ૧૯૪૭ના ગેઝેટમાં ઢંઢેરો બહાર પાડી જૂનાગઢનો કબજો હિન્દી સંઘે લીધો હોવાની જાહેરાત કરી.[૧૩]

### સરદારનું આગમન અને પ્રજામત

જૂનાગઢ ઉપર ત્રિરંગો લહેરાયો છે તે સમાચાર દિલ્હી આપવામાં આવ્યા. તા. ૧૩મી નવેમ્બરે સરદાર વલ્લભભાઈ જૂનાગઢ આવ્યા. બહાઉદ્દીન કોલેજના વિશાળ પટાંગણમાં તેમણે વિરાટ માનવ મેદનીને સંબોધી. યોગાનુયોગ ત્યારે દિવાળીનું પર્વ હતું. તેથી પ્રજાએ પુષ્કળ ઉત્સાહ વચ્ચે તે ઊજવ્યું.[૧૪]

સૌરાષ્ટ્ર ભારતનો ભાગ બન્યા પછી પ્રજાનો મત લેવા માટે રેફરન્ડમ થયું. તેમાં ગુપ્ત મતદાન કરવામાં આવ્યું અને તેમાં ૧,૯૦,૭૭૯ મત ભારતમાં જોડાવા માટે તથા ૯૧ મત પાકિસ્તાનમાં જોડાવા માટે હતા. પરિણામે જૂનાગઢ વિશાળ ભારતમાં સમાઈ ગયું.[૧૫]

### આરઝીનું વિસર્જન

આરઝી હકૂમતે ઇતિહાસ સર્જ્યો હતો અને જૂનાગઢની ધરતી ઉપરથી પાકિસ્તાનને ઉખેડી નાખ્યું હતું. તેમનું કાર્ય સંપૂર્ણ થતાં આરઝીનું વિસર્જન કરવામાં આવ્યું.[૧૬]

### જૂનાગઢનું સૌરાષ્ટ્રના રાજ્યમાં વિલીનીકરણ

સૌરાષ્ટ્રના રાજ્યની સ્થાપના થયા પછી જૂનાગઢના રાજ્યને તેમાં જોડાવું કે નહિ તે માટે લોકમત લેવાનો પ્રશ્ન ઉપસ્થિત થયો. જૂનાગઢની પ્રજામાંથી સાત સભ્યોની ચૂંટણી કરવામાં આવી અને તેમણે સર્વાનુમતે સૌરાષ્ટ્રમાં જોડાઈ જવાનો નિર્ણય લેતાં, જૂનાગઢ રાજ્યનું ઈ.સ. ૧૯૪૯ના જાન્યુઆરીની ૧ લી તારીખે સૌરાષ્ટ્ર રાજ્યમાં વિલીનીકરણ થયું.[૧૭]

### આરઝી હકૂમતના પ્રધાનોની દફતરોની વહેંચણી

| | |
|---|---|
| ૧. શામળદાસ ગાંધી | વડાપ્રધાન અને પરદેશો સાથેના સંબંધો |
| ૨. દુર્લભજી ખેતાણી | નાયબ વડાપ્રધાન, વ્યાપાર અને નાણાંકીય ખાતું |
| ૩. નરેન્દ્ર નથવાણી | કાયદો અને વ્યવસ્થા ખાતું |
| ૪. ભવાનીશંકર ઓઝા | કાયદો અને વ્યવસ્થા ખાતું |
| ૫. મણીલાલ દોશી | ગૃહખાતું |
| ૬. સુરગભાઈ વરુ | લશ્કરી અને સૈન્ય ભરતી વિભાગનું દફતર[૧૮] |

## પાક. વડાપ્રધાન લિયાકત અલીખાનનો જૂનાગઢ બાબતે જવાહરલાલ નહેરુને પત્ર

જૂનાગઢના ભારત સંઘ સાથે જોડાણના સમાચાર સાંભળી, પાકિસ્તાને મોં ખોલ્યું. પાક વડાપ્રધાન લિયાકત અલીખાને ૧૫ મી નવેમ્બરે હિન્દી સંઘના વડાપ્રધાન જવાહરલાલ નહેરુને પત્ર લખીને જૂનાગઢવિલયનો વિરોધ પ્રદર્શિત કર્યો. એણે એમાં જણાવ્યું હતું કે જૂનાગઢ રાજ્ય પાકિસ્તાન સાથે યોગ્ય રીતે ધોરણસર જોડાયેલું હતું. તેથી રાજ્યના દીવાન કે નવાબને હિન્દી સરકારની સાથે એ અંગે કોઈ વિચાર કે નિર્ણય લેવાનો અધિકાર રહેતો નથી. ઉપરાંત પાકિસ્તાનની મંજૂરી સિવાય એ રાજ્યની હદમાં હિન્દી સંઘનું લશ્કર મોકલી એના વહીવટનો કબજો લેવામાં હિન્દી સરકારે પાકિસ્તાનના પ્રદેશના સરહદી કાનૂનનો ભંગ કર્યો છે. એટલું જ નહિ આંતરરાષ્ટ્રીય કાયદાનો પણ ભંગ કર્યો છે.[૧૯]

પ્રત્યુત્તરમાં શ્રી નહેરુએ જણાવ્યું :

''હિન્દી સરકારે જૂનાગઢ પર કોઈ આક્રમણ કર્યું નથી. જૂનાગઢ રાજ્યની કાઉન્સિલ પાકિસ્તાન સરકારની પ્રેરણાથી જ કામ કરતી હતી અને કાઉન્સિલના સભ્યો સર ભુતો અને કૅપ્ટન હાર્વે જોન્સ વારંવાર જૂનાગઢ રાજ્ય સંબંધે પાકિસ્તાન સરકારનો સંપર્ક રાખતા હતા અને જૂનાગઢમાં શું કરવું એ અંગે તમારી સલાહ લેવા માટે લાહોર, કરાંચી જતા હતા. એમણે જોયું કે જૂનાગઢનું રાજ્યતંત્ર સાવ ખોરવાઈ ગયું છે અને હિન્દી સરકાર એનો કબજો ન લે તો તંત્ર પડી ભાંગે તેમ છે. એની માઠી અસર સમગ્ર સૌરાષ્ટ્ર પર થાય. બીજી બાજુ આરઝી હકૂમત આવા સંજોગોમાં કબજે લેત તો સંભવ હતો કે ખૂનામરકી અને અંધાધૂંધી પ્રવર્તતી હોત. આ સ્થિતિમાં દીવાન સર શાહનવાઝખાન ભૂતોની લાગણીનો હિંદી સરકાર ઇન્કાર કરે તો એનું પરિણામ ખતરનાક આવે, જૂનાગઢની હયાતી ભયમાં મુકાય અને રક્તપાત તેમજ અરાજકતા સર્જાય. આ પરિસ્થિતિનો ખ્યાલ દીવાને નવાબને આપ્યો હતો અને નવાબના સૂચન પ્રમાણે દીવાન વર્ત્યા હતા. હિન્દી સરકારે જૂનાગઢની કામચલાઉ સરકારને માન્ય નથી કરી, પણ એમાં જે વ્યક્તિઓ છે તે પ્રજાની વિશ્વાસપાત્ર છે. તેથી રાજ્યની પ્રજાની વિનંતીથી કાઉન્સીલે જે પગલું પ્રજાના હિતમાં ભર્યું તેના વચ્ચે હિન્દી સરકાર ન આવે અને પ્રજાની માંગણીનો ઇન્કાર કરે એ ઉચિત નહોતું.''[૨૦]

## મુસ્લિમ પ્રજાનો ટેકો

રાજકોટના મુસ્લિમોએ પણ આરઝી હકૂમતને ટેકો આપ્યો હતો. ભારતીય ઇતિહાસ પરિષદના પ્રમુખ અને મુસ્લિમ વિદ્યાપીઠના ઇતિહાસ તથા રાજ્યશાસ્ત્રના પ્રાધ્યાપક જનાબ મહંમદ હબીબે પત્ર દ્વારા આરઝી હકૂમતના કાયદેસરપણાને ટેકો આપ્યો હતો. નાણાંકીય ટેકો પણ મુસ્લિમોને આપવા તેમણે જણાવ્યું હતું.[૨૧] આ ટેકો એ અદ્વિતીય બનાવ હતો. દેશ પ્રત્યેનો પ્રેમ હતો. માઉન્ટબેટનની નીતિને ફટકો હતો. તા.૨૫-૯-૧૯૪૭ થી. તા. ૯-૧૧-૧૯૪૭ સુધી ૪૬ દિવસ જૂનાગઢ રાજ્યને આરઝી હકૂમત ચળવળે હંફાવ્યું હતું.

---

**પાદનોંધ**

૧. ડૉ. ગંભીરસિંહ સરવૈયા, 'જૂનાગઢની આરઝી હકૂમત', પૃ. ૯; ડૉ. જયસુખલાલ સોઢા, સંપાદક ગુજરાત રાજ્ય માહિતી ખાતું સંભારણા ગ્રંથ, ફેબ્રુ., ૧૯૯૯

૨. એજન

૩. શ્રી શંભુપ્રસાદ દેસાઈ, 'સૌરાષ્ટ્રનો ઇતિહાસ', ૭૭૬, પ્રવીણ પ્રકાશન, રાજકોટ, તૃતીય આવૃત્તિ-૧૯૯૦

૪. એજન

૫. શ્રી શંભુપ્રસાદ દેસાઈ, 'સૌરાષ્ટ્રનો ઇતિહાસ', ૭૭૬, પ્રવીણ પ્રકાશન, રાજકોટ, તૃતીય આવૃત્તિ- ૧૯૯૦, પૃ. ૩૨
૬. એજન, પૃ. ૭૭૭
૭-૯. એજન, પૃ. ૭૭૮
૧૦. એજન, પૃ. ૭૭૯
૧૧. એજન, પૃ. ૭૭૯
૧૨. એજન, પૃ. ૭૭૯
૧૩. એજન, પૃ. ૭૭૯
૧૪. એજન, પૃ. ૭૭૯
૧૫. એજન, પૃ. ૭૮૦
૧૬, એજન, પૃ. ૭૮૦
૧૭, એજન, પૃ. ૭૮૦
૧૮. ડૉ. ગંભીરસિંહ સરવૈયા, 'જૂનાગઢની આરઝી હકૂમત ચળવળ', પૃ, ૪૪, ડૉ. જયસુખલાલ સોઢા, સંપાદક ગુજરાત રાજ્ય માહિતી ખાતું સંભારણા ગ્રંથ, ફેબ્રુ., ૧૯૯૯
૧૯. એજન, પૃ. ૯૯
૨૦. એજન, પૃ. ૧૦૦
૨૧. એજન, પૃ. ૧૧૪

**સંદર્ભગ્રંથ**


૧. સં. હરિપ્રસાદ શાસ્ત્રી, પ્રવીણચંદ્ર પરીખ, 'ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઇતિહાસ', ભાગ ૯ (૧૯૧૫ થી ૧૯૬૦), (પ્રથમ આવૃત્તિ), ૧૯૮૭, ભો.જે. અધ્યયન સંશોધન, વિદ્યાભવન, આશ્રમ માર્ગ, અમદાવાદ-૩૮૦૦૦૯
૨. ડૉ. ગંભીરસિંહ સરવૈયા, 'જૂનાગઢની આરઝી હકૂમત ચળવળ', ડૉ. જયસુખલાલ સોઢા 'સંભારણા ગ્રંથ', પ્ર. માહિતીખાતું, ગુજરાત રાજ્ય,
૩. શ્રી શંભુપ્રસાદ દેસાઈ, 'સૌરાષ્ટ્રનો ઇતિહાસ', પ્રવીણ પ્રકાશન, રાજકોટ, તૃતીય આવૃત્તિ, ૧૯૯૦

# સ્વાધીનતા સંગ્રામમાં સુભાષચંદ્ર બોઝની ભૂમિકા

◈

ડૉ. રાજેન્દ્ર જોષી★

સુભાષચંદ્ર બોઝ જેમને આદરપૂર્વક 'નેતાજી' પણ કહેવામાં આવે છે તે ભારતીય સ્વતંત્રતા સંગ્રામના વીર સેનાની હતા. ઈ.સ. ૧૮૫૭ ના સ્વતંત્રતા સંગ્રામ પછી પ્રથમવાર તેમણે સેના તૈયાર કરીને વિદેશી સત્તાને ઉખેડી નાંખવાનો પ્રયત્ન કર્યો હતો. તેમનું 'જયહિંદ' નું સૂત્ર દેશના કરોડો લોકોના કંઠથી ગૂંજી ઊઠ્યું હતું. તેમણે 'આઝાદ હિંદ ફોજ'ની રચના કર્યા પછી આહ્વાન કર્યું હતું કે ''તુમ મુજે ખૂન દો, મૈં તુમ્હેં આઝાદી દુંગા.'' તેમની આઝાદ હિંદ ફોજની રચના દેશના સ્વતંત્રતાના ઈતિહાસનું એક અવિસ્મરણીય પ્રકરણ છે. ડૉ. આર.સી. મજુમદારના મતે ''ગાંધીજી પછી ભારતીય સ્વતંત્રતા સંઘર્ષમાં સૌથી મુખ્ય વ્યક્તિ તરીકે નિઃસંદેહ સુભાષચંદ્ર બોઝ જ હતા.'' ખરેખર તેઓ ભારતના એક નિર્ભય સપૂત હતા. તેમણે ભારતીય સ્વતંત્રતા માટે સંઘર્ષ કર્યો અને પોતાના પ્રયત્નો દ્વારા આ ક્ષેત્રમાં ખૂબ જ સફળતા પ્રાપ્ત કરી. સ્વતંત્ર ભારતના ઈતિહાસમાં સુભાષ બાબુ જેવું ત્યાગનું બીજું કોઈ ઉદાહરણ નથી મળતું. તેમનું નામ ભારતીય ઈતિહાસમાં સદૈવ અમર રહેશે.

**પ્રારંભિક જીવન :**

સુભાષચંદ્ર બોઝનો જન્મ ૨૩ મી જાન્યુઆરી, ૧૮૯૭ માં કટક(બંગાળ)માં થયો હતો. તેમના પિતાનું નામ જાનકીદાસ હતું. તેઓ વ્યવસાયે સરકારી વકીલ હતા. તેમની માતાનું નામ પ્રભાવતી હતું. બચપણથી જ સુભાષ નીડર, સાહસી, સ્વતંત્રતાપ્રેમી તથા અદ્ભુત પ્રતિભાના સ્વામી હતા. તેઓ કોઈ પણ એવી વાત સહન નહોતા કરી શકતા કે જેનાથી તેમના દેશબંધુઓના કે માતૃભૂમિના સન્માનને ઠેસ પહોંચે. કહેવાય છે કે જ્યારે તેઓ પ્રેસિડેન્સી કૉલેજ કલકત્તામાં શિક્ષણ મેળવી રહ્યા હતા ત્યારે એકવાર અંગ્રેજીના પ્રોફેસર મિ. સી.એસ.ઑટમે ભારતીયોના સંબંધમાં અયોગ્ય શબ્દનો પ્રયોગ કર્યો. જે તેઓ સહન ન કરી શક્યા અને તેમણે ઑટમને માર્યા. આ વાત પર તેમને બે વર્ષ માટે કૉલેજમાંથી કાઢી મૂકવામાં આવ્યા. બે વર્ષ પછી તેમણે કલકત્તાની સ્કૉટિશ કૉલેજમાં પ્રવેશ લીધો. ત્યાં તેમણે ઈ.સ. ૧૯૧૯માં દર્શનશાસ્ત્રમાં બી.એ. ઑનર્સની પરીક્ષા પ્રથમ વર્ગમાં પાસ કરી.[૧] ત્યાર બાદ તેઓ ઇંગ્લેંડમાં જઈને ઈ.સ. ૧૯૨૦માં આઈ.સી.એસ. થયા. પરંતુ દેશસેવા કરવાની તીવ્ર ઇચ્છા હોવાથી તેમણે સરકારી નોકરીમાંથી રાજીનામું આપી યુવાનવયે સત્તા અને સંપત્તિના ત્યાગનું જ્વલંત ઉદાહરણ દેશના યુવાનો સમક્ષ રજૂ કર્યું.[૨]

**સુભાષચંદ્ર બોઝનું રાષ્ટ્રીય આંદોલનમાં યોગદાન :**

ઈ.સ. ૧૯૨૦ માં જ્યારે ગાંધીજીએ અસહકારના આંદોલનનો પ્રારંભ કર્યો ત્યારે તેમાં જોડાઈને ઈ.સ. ૧૯૨૧માં તેમણે પ્રિન્સ ઑફ વેલ્સના ભારત આગમન પર કલકત્તામાં બહિષ્કાર આંદોલનમાં નેતૃત્વ લઈને તેમની અપૂર્વ સંગઠન શક્તિનો પરિચય કરાવ્યો. આ માટે તેમની ધરપકડ કરવામાં આવી અને છ મહિનાની સજા થઈ. આ તેમની પ્રથમ જેલયાત્રા હતી. ત્યાર પછી ગાંધીજી દ્વારા અસહકારની ચળવળ મોકૂફ રાખવાની જાહેરાત કરવા પર તેમને ખૂબ જ ગુસ્સો આવ્યો અને તેમણે ગાંધીજીના આ નિર્ણયની ખૂબ જ ટીકા કરેલી.[૩]

---

★ વ્યાખ્યાતા, ઈતિહાસ અને સંસ્કૃતિ વિભાગ, મહાદેવ દેસાઈ ગ્રામસેવા મહા વિદ્યાલય, ગૂજરાત વિદ્યાપીઠ, સાદરા, તા.જિ. ગાંધીનગર

ત્યાર પછી સુભાષચંદ્ર બોઝ દેશબંધુ ચિતરંજનદાસને મળ્યા અને તેમને પોતાના રાજકીય ગુરુ તરીકે સ્વીકાર્યા. અને તેમણે દેશબંધુ દ્વારા સંચાલિત 'નેશનલ કૉલેજ ઑફ કલકત્તા' ના આચાર્યના રૂપમાં પણ કાર્ય કર્યું. જે વિદ્યાર્થીઓને અસહકારના આંદોલનમાં ભાગ લેવાને કારણે શિક્ષણ સંસ્થાઓમાંથી કાઢી મૂકવામાં આવતા હતા. તેમને નેશનલ કૉલેજમાં પ્રવેશ આપવામાં આવતો હતો. અને સુભાષચંદ્ર બોઝ આ યુવકોનું બૌદ્ધિક, માનસિક અને શારીરિક સ્તર ઊંચું લાવવાનો પ્રયત્ન કરતા હતા. તેઓ આચાર્યનો કાર્યભાર સંભાળતાં સંભાળતાં પણ રાજનૈતિક ગતિવિધિઓમાં ભાગ લેતા રહેતા હતા.[૪]

ઈ.સ. ૧૯૨૩ માં સી.આર. દાસ કલકત્તા કોર્પોરેશનના મેયર બન્યા ત્યારે તેમણે સુભાષચંદ્ર બોઝને મુખ્ય વહીવટી અધિકારી નીમ્યા. આ પદનું નિયત વેતન રૂ. ૩,૦૦૦/- માસિક હતું. પરંતુ સુભાષચંદ્ર અડધો જ પગાર લેતા હતા. અને આ પગારમાંથી પણ તે ગરીબ વિદ્યાર્થીઓ, અસહાય અને દરિદ્ર વ્યક્તિઓને સહાય કરતા હતા. આ પદ પર રહેવા છતાં પણ તેઓ રાષ્ટ્રીય કાર્યક્રમોમાં ભાગ લેતા રહેતા. પરિણામે ૨૫ ઑક્ટોબર, ૧૯૨૪માં બંગાળ સરકારે તેમની ધરપકડ કરી અને તેમને માંડલે (બર્મા)ની જેલમાં મોકલી આપ્યા. જ્યારે તેઓ જેલમાં હતા ત્યારે પ્રજાએ તેમને બંગાળ વિધાન પરિષદના સભ્ય તરીકે ચૂંટ્યા. જેલમાં તબિયત બગડતાં તેમને ૧૬ મે, ૧૯૨૭ માં બિન શરતી છોડી દેવામાં આવ્યા. જેલમાંથી છૂટીને તેઓ રચનાત્મક કાર્યક્રમોમાં લાગી ગયા. તેઓ ખાદીનો પ્રચાર, વિદ્યાર્થી સંગઠન તથા રાષ્ટ્રીય સ્કૂલ-કૉલેજોની સ્થાપનાના કાર્યમાં લાગી ગયા. આ સમયે તેમણે સાઈમન કમિશનનો પણ બહિષ્કાર કર્યો.[૫]

ઈ.સ. ૧૯૨૮ માં સુભાષચંદ્ર બોઝે નહેરુ અહેવાલના વિરુદ્ધ એક અલગ પાર્ટીની રચના કરી. જેનું નામ 'ઈન્ડીપેન્ડેન્ટ લીગ' રાખવામાં આવ્યું. આજ વર્ષમાં તેમણે 'દિલ્હી મૈનીફેસ્ટો'' પર સહી કરવાનો ઇન્કાર કર્યો. કારણ કે તેમાં સાંસ્થાનિક સ્વરાજ્યની વાત પર ભાર મૂકવામાં આવ્યો હતો. જ્યારે તેઓ પૂર્ણ સ્વરાજ્યના સમર્થક હતા. ૧૩ મી સપ્ટેમ્બર, ૧૯૨૯ માં યતીન્દ્રનાથનું લાહોર જેલમાં મૃત્યુ થયું. તેમનો મૃતદેહ કલકત્તામાં લાવવામાં આવ્યો. ત્યાં તેમની સ્મશાનયાત્રા મોટા સરઘસ રૂપે નીકળી. તેમાં સુભાષચંદ્રે ધારદાર ભાષણ કર્યું. પરિણામે તેમની ધરપકડ કરવામાં આવી અને છ મહિનાની કેદની સજા કરવામાં આવી. જેલમાંથી છૂટતાં જ તેમને કલકત્તામાં મેયર બનાવવામાં આવ્યા. પરંતુ તેમને ફરીથી જેલમાં મોકલી આપવામાં આવ્યા. ઈ.સ. ૧૯૩૧માં જ્યારે ગાંધી-ઈરવીન સમજૂતી થઈ ત્યારે સુભાષચંદ્રે તેનો જોરદાર વિરોધ કર્યો. કરાંચી અધિવેશન વખતે તેમણે મહાત્મા ગાંધીની નીતિની જોરદાર ટીકા કરી. ગાંધીજી બીજી ગોળમેજી પરિષદમાંથી ખાલી હાથે પાછા ફર્યા તે પછી તેમણે સવિનય કાનૂન ભંગનું આંદોલન ફરીથી શરૂ કર્યું. સુભાષચંદ્ર બોઝને તેમાં ભાગ લેવાને કારણે ફરીથી પકડવામાં આવ્યા. પરંતુ તબિયત ખરાબ હોવાથી તેમને છોડી મૂકવામાં આવ્યા. તે સારવાર લેવા યુરોપ ગયા. ત્યાં તેમણે એક વક્તવ્યમાં કહેલું કે ''રાજનૈતિકતાના રૂપમાં મહાત્મા ગાંધી અસફળ રહ્યા છે અને કૉંગ્રેસને ફરીથી સંગઠિત કરવી જોઈએ. જો એવું નહીં કરવામાં આવે તો એક નવું સંગઠન સ્થાપવું પડશે.''[૬]

ભારતીય રાજનીતિમાં સુભાષચંદ્ર બોઝ ઉગ્ર રાષ્ટ્રવાદના સમર્થક હતા. કૉંગ્રેસનો યુવા વર્ગ તેમનો સમર્થક હતો. તેઓ બંગાળ પ્રાંતિક કૉંગ્રેસના પ્રમુખ, ભારતીય રાષ્ટ્રિય કોંગ્રેસ અને યુથ કૉંગ્રેસના સભાપતિ પણ હતા.[૭]

સુભાષચંદ્ર બોઝ ગાંધીજીની સ્વતંત્રતા-પ્રાપ્તિનાં સાધનોથી સહમત ન હતા. તેમનું એવું માનવું હતું કે ભારતની સ્વતંત્રતા મેળવવા માટે બધાં જ પ્રકારના સાધનોનો પ્રયોગ કરવો જોઈએ. જ્યારે ગાંધીજી ફક્ત શ્રેષ્ઠ સાધનોના પ્રયોગ પર જ ભાર મૂકતા હતા. ગાંધીજી સાથે તેમના સૈદ્ધાંતિક મતભેદ હતા વ્યક્તિગત નહીં.[૮]

ઈ.સ. ૧૯૩૭ માં કૉંગ્રેસે સામાન્ય ચૂંટણીમાં ભાગ લીધો અને આઠ પ્રાંતોમાં મંત્રીમંડળ બનાવ્યું.

સુભાષચંદ્ર કૉંગ્રેસ મંત્રીમંડળ વિરુદ્ધ હતા. કારણ કે તેમના મતે આમ કરવાથી સ્વતંત્રતા સંગ્રામને અસર થવાનો ભય હતો. ઈ.સ. ૧૯૩૮ માં ૪૧ વર્ષની વયે તેઓ કૉંગ્રેસના પ્રમુખ પદે ચૂંટાયા. હરિપુરા (જિ. સુરત)માં મળેલ કૉંગ્રેસ અધિવેશન વખતે તેમનું અભૂતપૂર્વ સ્વાગત થયું. આ સમયે તેમણે કહ્યું કે ''કૉંગ્રેસે સ્વતંત્રતા પ્રાપ્તિ માટે તારીખ નક્કી કરી દેવી જોઈએ. જો અંગ્રેજ સરકાર આ સમય સુધીમાં આપણને સ્વતંત્રતા ન આપે તો આપણે જોરદાર આંદોલનનો પ્રારંભ કરવો જોઈએ.'' સુભાષચંદ્રના આ વિચારોનો ગાંધીજીએ વિરોધ કર્યો. ઈ.સ. ૧૯૩૯ માં ગાંધીજીના વિરોધ વચ્ચે પણ સુભાષચંદ્ર બોઝ પટ્ટાભિ સીતારામૈયાને હરાવી ફરીથી કૉંગ્રેસના અધ્યક્ષ ચૂંટાયા. આ સમયે ગાંધીજીએ કહેલું કે ''પટ્ટાભિની હાર એ મારી હાર છે.'' પછી પણ ગાંધીજી અને કૉંગ્રેસના ટોચના નેતાઓ સુભાષચંદ્ર બોઝનો વિરોધ કરતા રહ્યા. પરિણામે તેમના માટે કૉંગ્રેસનું સંચાલન કરવું મુશ્કેલ બની ગયું. પરિણામે તેમણે થોડા સમયમાં જ કૉંગ્રેસના અધ્યક્ષ પદેથી રાજીનામું આપ્યું. તે પછી તેમણે એક નવું સંગઠન સ્થાપ્યું. જેનું નામ 'ફૉરવર્ડ બ્લોક' રાખવામાં આવ્યું.[૯] એ જ વરસના ઑગસ્ટમાં બંગાળ પ્રાંતિક કૉંગ્રેસ સમિતિના પ્રમુખ પદેથી તેમને દૂર કરવામાં આવ્યા. અને ત્રણ વર્ષ માટે કૉંગ્રેસનો કોઈ પણ હોદ્દો ધરાવવા માટે તેમના ઉપર પ્રતિબંધ મૂકવામાં આવ્યો.[૧૦]

**સુભાષચંદ્ર બોઝ અને આઝાદ હિંદ ફોજ :**

સપ્ટેમ્બર, ૧૯૩૯ માં બીજા વિશ્વયુદ્ધની શરૂઆત થઈ. ચૂંટાયેલી પ્રાંતિક સરકારોની સંમતિ લીધા વિના ગવર્નર જનરલે ભારતને યુદ્ધમાં જોડાયેલું જાહેર કર્યું. તેના વિરોધમાં પ્રાંતોની કૉંગ્રેસના પ્રધાનમંડળોએ રાજીનામાં આપ્યાં.પરંતુ યુદ્ધ દરમિયાન બ્રિટિશ સરકારને મુશ્કેલીમાં મૂકવા ગાંધીજી તૈયાર ન હતા. તેથી ફૉરવર્ડ બ્લોક અને કિસાનસભાના સંયુક્ત ઉપક્રમે રામગઢ(બિહાર)માં માર્ચ, ૧૯૪૦ માં એક પરિષદ બોલાવી. તેમાં એવો ઠરાવ કરવામાં આવ્યો કે બ્રિટિશ સામ્રાજ્ય ટકાવી રાખવા માટે ભારતે શાહીવાદી યુદ્ધમાં માણસો, નાણાં તથા વસ્તુઓની મદદ કરવી નહીં. જૂન, ૧૯૪૦ માં ઑલ ઇન્ડિયા ફૉરવર્ડ બ્લૉકની નાગપુરમાં મળેલી બેઠકમાં ઉપર્યુક્ત ઠરાવ મંજૂર રાખવામાં આવ્યો. ફૉરવર્ડ બ્લૉકે દેશમાં તાત્કાલિક કામચલાઉ રાષ્ટ્રીય સરકાર સ્થાપવાની માંગણી કરી. આ દરમ્યાન છેલ્લા દશ મહિનામાં સુભાષચંદ્રે દેશનો પ્રવાસ કરીને એક હજાર સભા સંબોધીને યુદ્ધ વિરોધી પ્રચાર કર્યો હતો. તે સમયે તેમની લોકપ્રિયતા સૌથી વધારે હતી.[૧૧]

જુલાઈ, ૧૯૪૦ માં સુભાષબાબુ અને તેમના અનેક સાથીઓની ધરપકડ કરીને જેલમાં પૂરવામાં આવ્યા. પરંતુ અંગ્રેજો યુદ્ધ લડતા હોય ત્યારે આઝાદી મેળવવાની અમૂલ્ય તક જતી કરવા તેઓ તૈયાર ન હોવાથી સરકારને જણાવ્યું કે તેમને છોડવામાં નહીં આવે તો તેઓ આમરણાંત ઉપવાસ કરશે. સાત દિવસના ઉપવાસ પછી તેમને મુક્ત કરવામાં આવ્યા. પરંતુ સરકારી નજર કેદ હેઠળ રાખવામાં આવ્યા. તેઓ ૧૭મી જાન્યુઆરી, ૧૯૪૧ની રાત્રે કલકત્તાના પોતાના નિવાસસ્થાનેથી સરકારી નજરકેદમાંથી નાસી છૂટ્યા અને પેશાવર, કાબૂલ, મોસ્કો થઈને માર્ચમાં બર્લિન પહોંચ્યા અને હિટલર જોડે મુલાકાત કરી. બ્રિટનની મુશ્કેલી એ ભારત માટે અમૂલ્ય તક છે એમ સમજીને અને વ્યૂહાત્મક રીતે 'દુશ્મનનો દુશ્મન એ મિત્ર' એ દૃષ્ટિએ પ્રથમ જર્મની અને પછી જાપાન સાથે મૈત્રી માટે વાટાઘાટો કરી. બર્લિન રેડિયો પરથી તેમણે ભારતીયોને ગુલામીની બેડીઓ તોડવા માટે પોતાનું સર્વસ્વ હોમી દેવા જણાવ્યું. તેમના પ્રવચનોએ દેશમાં અભૂતપૂર્વ ઉત્સાહ જગાડ્યો.[૧૨] આ સમયે ઈટલી અને જર્મની દ્વારા જે ભારતીય સૈનિકો બંદી બનાવવામાં આવ્યા હતા, તે સૈનિકોનું એક સંગઠન બનાવી તેને 'મુક્તિસેના' એવું સુભાષચંદ્રે નામ આપ્યું. અને તેનું કાર્યાલય ડ્રેસડન (જર્મની) બનાવ્યું.[૧૩]

આ સમયે ભારતના પ્રસિદ્ધ ક્રાંતિકારી રાસબિહારી બોઝ જાપાનમાં હતા. તેમણે ટોકિયોમાં એક સંમેલન બોલાવ્યું અને તેમાં મલાયાથી બર્મા સુધી રહેવાવાળા બધા જ ભારતીય નેતાઓએ ભાગ લીધો. તેમાં તેમણે 'આઝાદ હિંદ ફોજ' અને 'ભારતીય સ્વતંત્રતા લીગ'ની જાહેરાત કરી કે જેનાથી ભારતને સ્વતંત્ર

કરાવી શકાય. જાપાન દ્વારા કેદી બનાવવામાં આવેલા ૬૦ હજાર ભારતીય સૈનિકો આ સેનામાં દાખલ થયા. અને જાપાનને પણ આ સેનાએ સહાયતા આપી. આ સંમેલનમાં એ પણ નિર્ણય કરવામાં આવ્યો કે સુભાષચંદ્ર બોઝને ટોકિયો આવવાનું આમંત્રણ આપવું.[૧૪]

સુભાષચંદ્ર બોઝને ટોકિયો આવવાનું આમંત્રણ મળતાં તેમણે પણ પૂર્વ એશિયામાં જાપાન નોંધપાત્ર વિજયો મેળવતું હોવાથી તેની મદદથી ભારતને સ્વતંત્ર કરવાની યોજના વિચારી. અને તેમણે જાપાન જવાનું વિચાર્યું. હિટલરે તેમને સબમરીનમાં જવાની વ્યવસ્થા કરી આપી. દુશ્મનોથી ઘેરાયેલા મહાસાગરોમાં ૯૦ દિવસની અતિકઠિન યાત્રાને અંતે તેઓ સુમાત્રા પહોંચ્યા. ત્યાંથી વિમાનમાં ટોકિયો જઈ વડાપ્રધાન ટોજોને મળ્યા. ટોજોએ કામચલાઉ સરકાર સ્થાપવાની તેમની યોજના સ્વીકારી. નેતાજીએ બ્રિટિશ સરકાર વિરુદ્ધ ભારતના પૂર્વ સીમાડેથી સશસ્ત્ર સંગ્રામ ખેલવાના પોતાના દઢ નિર્ધારની ટોકિયો રેડિયો પરથી ઘોષણા કરી.[૧૫]

ત્યાર બાદ સિંગાપુરમાં પૂર્વ એશિયાના ૩૦ લાખ ભારતીયોના પાંચ હજાર પ્રતિનિધિઓની સભામાં જાપાનમાં વસતા ક્રાંતિકારી રાસબિહારી બોઝે ઈન્ડિયન ઈન્ડિપેન્ડન્સ લીગનું પ્રમુખપદ સુભાષબાબુને સોંપી તેમને 'નેતાજી' તરીકે વધાવી લીધા.[૧૬]

સુભાષચંદ્ર બોઝે આઝાદ હિંદ ફોજના વડા તરીકે ટુકડીઓનું નિરીક્ષણ કરીને ''ચલો દિલ્હી'' અને ''જયહિંદ''ની રણઘોષણા કરી.[૧૭]

૨૧મી ઑક્ટોબર, ૧૯૪૩માં સિંગાપુરમાં સુભાષચંદ્ર બોઝે આઝાદ હિંદ ફોજના સર્વોચ્ચ સેનાપતિ તરીકે સ્વતંત્ર ભારતની કામચલાઉ સરકાર(આરઝી હકૂમતે આઝાદ હિંદ)ની રચના કરી. રંગૂનનાં પ્રસિદ્ધ જ્યુબીલી હૉલમાં સુભાષચંદ્ર બોઝે ઐતિહાસિક ભાષણ કરતાં કહેલું કે ''તુમ મુઝે ખૂન દો, મૈં તુમ્હે આઝાદી દૂંગા'' જે આજે પણ તેમની યાદ તાજી કરાવી દે છે.[૧૮]

જાપાન, જર્મની, ઇટલી, બર્મા, ફિલીપીન્સ, કોરિયા, ચીન, મંચુકો અને આયર્લેન્ડ જેવા દેશોએ સુભાષચંદ્ર બોઝની અસ્થાયી સરકારને માન્યતા આપી. ૮ મી નવેમ્બર, ૧૯૪૩ માં જાપાને આંદામાન અને નિકોબાર ટાપુ આ અસ્થાયી સરકારને આપી દીધા. સુભાષચંદ્રે આંદામાનનું નામ 'શહીદ દ્વીપ' અને નીકોબારનું નામ 'સ્વરાજ્ય દ્વીપ' રાખ્યું. ૩૦ નવેમ્બર, ૧૯૪૩ માં આ બન્ને ટાપુઓ પર નેતાજીએ સ્વતંત્ર ભારતનો તિરંગો ઝંડો લહેરાવી દીધો.[૧૯]

આઝાદ હિંદ ફોજે જાપાની સેનાની મદદથી ભારતની પૂર્વી સીમા અને બર્મામાં યુદ્ધ કર્યું અને રામૂ, કોહિમા, ફલેલ, તિહિદમ વગેરે ભારતીય પ્રદેશોને અંગ્રેજોથી મુક્ત કરાવ્યા. ૨૨મી સપ્ટેમ્બર, ૧૯૪૪ માં તેમણે શહીદ દિવસ મનાવ્યો. નેતાજીના નેતૃત્વમાં આઝાદ હિંદ ફોજ માર્ચ, ૧૯૪૪માં ઇમ્ફાલ સુધી પહોંચી ગઇ. પરંતુ વિપરીત સંજોગોના કારણે આઝાદ હિંદ ફોજને પરાજયનો સામનો કરવો પડ્યો. એનું મુખ્ય કારણ એ હતું કે, અમેરિકાએ જાપાનનાં બે મુખ્ય શહેરો હીરોશીમા અને નાગાસાકી પર બે અણુબોમ્બ ફેંક્યા હતા. એનાથી એટલું બધું નુકસાન થયું કે જાપાને શરણાગતિ સ્વીકારી. આવી પરિસ્થિતિમાં નેતાજી ૨૨મી ઑગસ્ટ, ૧૯૪૫ માં વિમાન દ્વારા ટોકિયો જવા રવાના થયા. કહેવાય છે કે વિમાનમાં નેતાજી સુભાષચંદ્ર બોઝ જતા હતા તેમાં ફોરમોસા ટાપુ પાસે આગ લાગી ગઇ. આ આગ ભારતના હજારો યુવકોના હૃદયસમ્રાટ અને સ્વતંત્રતાના દીવાના એવા સુભાષચંદ્ર બોઝની ચિતા બની ગઈ. આ રીતે સ્વતંત્રતા માટે સંઘર્ષ કરતાં કરતાં તેમણે પોતાના પ્રાણ ત્યજી દીધા.[૨૦]

**રાષ્ટ્રીય આંદોલનમાં સુભાષચંદ્ર બોઝના પ્રદાનનું મૂલ્યાંકન :**

સુભાષચંદ્ર બોઝ ભારતમાતાના એક પરાક્રમી અને યોગ્ય સપૂત હતા. તે ઉચ્ચ કોટીના દેશભક્ત પણ હતા અને તેમને માતૃભૂમિ પ્રત્યે અનન્ય પ્રેમ હતો. તેમણે ભારતની સ્વતંત્રતા માટે પોતાના પ્રાણનું

બલિદાન આપી દીધું.

'નેતાજી સુભાષચંદ્ર બોઝ એક કુશળ રાજનીતિજ્ઞ, ઉચ્ચ કોટિના સેનાપતિ અને મહાન દેશભક્ત હતા. તેનું સૌથી મોટું પ્રમાણ એ છે કે અંગ્રેજો તેમને પોતાના સૌથી મોટા દુશ્મન માનતા હતા. તે ભારતીય ઇતિહાસમાં સદાય સૂર્યની જેમ ચમકતા રહેશે. તેમનું 'જયહિંદ'નું સૂત્ર આજે પણ ગૂંજે છે. આઝાદ હિંદ ફોજના સૈનિકો આજે પણ તેમને પ્રેમથી યાદ કરે છે.

પ્રો. પટ્ટાભિ સીતારામૈયાએ પોતાના પુસ્તક 'કૉંગ્રેસના ઇતિહાસ'માં લખ્યું છે કે 'સુભાષ પોતે જ પોતાની જાતે એક મહાન ઇતિહાસ હતા.[૨૧] નિઃસંદેહ ભારતના રાષ્ટ્રીય આંદોલનોમાં સુભાચંદ્ર બોઝનું પ્રદાન ક્યારેય પણ ભુલાવી શકાશે નહી.

## પાદનોંધ

૧. શ્રી એસ.એલ.નાગોરી અને કાન્તા નાગોરી, 'આધુનિક ભારતીય ઇતિહાસ કે પ્રમુખ તત્ત્વ', પૃ.૧૪૬
૨. 'ગુજરાતી વિશ્વકોષ', ખંડ ૧૪, પૃ.૧૩
૩. શ્રી એસ.એલ.નાગોરી અને કાન્તા નાગોરી, ઉપર્યુક્ત, પૃ. ૧૪૬
૪. એજન,
૫. એજન, પૃ. ૧૪૭
૬. એજન, પૃ. ૧૪૮
૭. શ્રી એસ.એલ.નાગોરી અને કાન્તા નાગોરી, 'આધુનિક ભારતકા સંપૂર્ણ ઇતિહાસ', પૃ. ૧૮૬
૮. શ્રી એસ.એલ.નાગોરી અને કાન્તા નાગોરી, 'આધુનિક ભારતીય ઇતિહાસ કે પ્રમુખ તત્ત્વ', પૃ.૧૪૮
૯. એજન
૧૦. 'ગુજરાતી વિશ્વકોષ', ખંડ ૧૪, પૃ. ૧૩
૧૧. એજન
૧૨. એજન
૧૩. શ્રી એસ.એલ.નાગોરી અને કાન્તા નાગોરી 'આધુનિક ભારતીય ઇતિહાસ કે પ્રમુખ તત્ત્વ', પૃ.૧૪૯
૧૪. શ્રી એસ.એલ.નાગોરી અને કાન્તા નાગોરી, 'આધુનિક ભારતકા સંપૂર્ણ ઇતિહાસ', પૃ. ૧૮૭
૧૫. 'ગુજરાતી વિશ્વકોષ', ખંડ ૧૪, પૃ. ૧૩
૧૬. એજન
૧૭. એજન
૧૮. શ્રી એસ.એલ. નાગોરી અને કાન્તા નાગોરી, 'આધુનિક ઇતિહાસ કે પ્રમુખ તત્ત્વ', પૃ. ૧૫૨
૧૯. એજન
૨૦. એજન, પૃ. ૧૫૩
૨૧. એજન

# 'દિવ્યચક્ષુ' અને 'રંગભૂમિ' : એક તુલના+

◈

ડૉ. કોકિલા પારેખ★

**પ્રસ્તાવના :**

ગાંધીયુગનું એક સમર્થ કલાત્મક ચિત્ર રમણલાલ વસંતલાલ દેસાઈની 'દિવ્યચક્ષુ'માં આલેખાયું છે. તો બીજું હિન્દી સાહિત્યમાં પ્રેમચંદજીની 'રંગભૂમિ'માં. ર.વ. દેસાઈ ગુજરાતી સાહિત્યના યુગમૂર્તિ વાર્તાકાર અને પ્રેમચંદજી હિન્દી સાહિત્યના ઇતિહાસમાં સર્વોત્કૃષ્ટ કથાકાર છે. વીસમી સદીના ત્રીજા દસકા દરમિયાન ગાંધીજીનો પ્રભાવ સમગ્ર હિન્દુસ્તાન પર પડ્યો હતો. સ્વાતંત્ર્ય પ્રાપ્તિ માટે તેમણે પ્રજાજીવનમાં પ્રેરણા ફૂંકી હતી. અંગ્રેજ સરકારના જુલમોએ માઝા મૂકી હતી. આખો દેશ ઉત્સાહના હિલોળે ચઢ્યો હતો. તેમણે 'નવજીવન'માં પોતાની ભાવનાઓ અને પ્રવૃત્તિઓને પરમ સ્વાભાવિક રૂપમાં વ્યક્ત કરી. આ સમય દેશમાં મોટી ઉથલ-પાથલનો તથા તોફાનોનો હતો. ૧૯૧૯ થી ૧૯૨૪ સુધીની ઘટનાઓમાં જલિયાંવાલા બાગનો હત્યાકાંડ (૧૯૧૯), અસહયોગ અને ખિલાફત આંદોલન (૧૯૨૦-૨૧), નાગપુર ઝંડા સત્યાગ્રહ અને ગુરુદ્વારા આંદોલન (૧૯૨૨-૨૩), સાંપ્રદાયિક હુલ્લડો (૧૯૨૪) વગેરે મુખ્ય હતા. અસહયોગની લહેર પ્રજામાં વધી રહી હતી તે સમયે ગાંધીજીએ અહિંસાના શસ્ત્ર વડે નેતૃત્વ કર્યું. સાહિત્ય સમાજનું દર્પણ છે તે મુજબ તત્કાલીન સાહિત્ય ગાંધીરંગે રંગાઈ ગયું. સમગ્ર દેશમાં સાહિત્ય દ્વારા દેશસેવાનું કાર્ય કલમના સિપાહી સાહિત્યકારોએ કર્યું. નવલકથા, નવલિકા, કવિતા, વાર્તા, લેખો દ્વારા ગુલામ પ્રજાને રોશની આપવાનું, જાગૃતિ લાવવાનું કામ દેશની દરેક ભાષાઓના સાહિત્યકારોએ કર્યું. ગાંધીજીની સત્ય અને અહિંસાની ભાવના, સત્યાગ્રહ, વિશ્વબંધુત્વ, ગરીબ વર્ગ પ્રત્યેની હમદર્દી, અસ્પૃશ્યતા નિવારણ, ગ્રામોદ્ધાર, શ્રમ, સ્વરાજ્ય અને સેવાનો મહિમા વગેરે નવીન વિચારધારાની વ્યાપક અને ઊંડી અસર સમગ્ર દેશની જનતા પર પડી. પરિણામે સાહિત્યમાં પણ વૈચારિક ક્રાંતિ આવી. પ્રસ્તુત બન્ને કૃતિઓ 'દિવ્યચક્ષુ' અને 'રંગભૂમિ' ગાંધીજીની રાજનીતિક ચેતનાની પ્રાણવાન કૃતિઓ છે.

**રમણલાલ વ. દેસાઈ અને પ્રેમચંદજીનો પરિચય :**

ર.વ. દેસાઈના ટૂંકા નામે પ્રખ્યાત બનેલા રમણલાલ વસંતલાલ દેસાઈનો જન્મ ઈ.સ. ૧૮૯૨માં નાગરજ્ઞાતિમાં થયો હતો. એમનું બાળપણ નર્મદાકિનારે શિનોરમાં વીત્યું હતું. વડોદરાના ગાયકવાડી રાજ્યના તેઓ ઉચ્ચ અમલદાર હતા. ૧૯૨૫ થી ૧૯૫૪ સુધીના યુગને કથોચિત રીતે પ્રતિબિંબિત કરવાની કલા રમણલાલ પાસે હોવાથી એ 'યુગમૂર્તિ' વાર્તાકાર કહેવાયા. સુંદરમે કહ્યું છે – ''ગાંધીયુગના પ્રવર્તમાન જીવનના પહેલા સફળ નવલકથાકાર એટલે ર.વ. દેસાઈ''. તેમણે ગાંધીપ્રભાવ હેઠળ નવજીવન, નવદર્શન પામેલા ગુજરાતને પોતાની નવલકથાઓમાં આલેખ્યું છે. ૨૦ જેટલી નવલકથાઓ, નવલિકાઓ, નાટકો, કવિતા સંગ્રહો, નિબંધો, આત્મકથા લેખન તથા વિવેચન એમ અનેક સાહિત્ય પ્રકાર ખેડ્યા છે. જીવનદૃષ્ટિ અને નિરૂપણની દૃષ્ટિએ એમનું નવલકથા સાહિત્ય ત્રણ તબક્કાઓમાં વહેંચાઈ જાય છે. 'જયંત', 'શિરીષ',

---

+ ગુજરાતી ભાષા સાહિત્ય વિભાગ, મ.દે.સમાજસેવા મહાવિદ્યાલય, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ અને ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે તા. ૧૦, ૧૧ અને ૧૨ માર્ચ, ૨૦૦૮ના રોજ આયોજિત 'તુલનાત્મક સાહિત્ય' વિશેના રાષ્ટ્રીય પરિસંવાદમાં રજૂ કરેલ શોધપત્ર.

★ રીડર, હિંદી શિક્ષક મહાવિદ્યાલય, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ

'હૃદયનાથ', 'દિવ્યચક્ષુ', 'ગ્રામલક્ષ્મી', 'ભારેલો અગ્નિ' જેવી નવલકથાઓ પ્રથમ તબક્કામાં આવે છે. આ નવલકથાઓમાં ગાંધીયુગનું, એ યુગની ભાવનાઓ અને વિચારસરણીનું સમર્થ આલેખન થયું છે. ગ્રામોદ્ધાર, ગ્રામસેવાની વિચારસરણી, અહિંસા અને સત્યાગ્રહની વિચારસરણી નિરૂપાઈ છે. 'ક્ષિતિજ', 'છાયાનટ', 'સૌંદર્યજ્યોત' બીજા તબક્કાની નવલકથાઓ છે, જેમાં સામ્યવાદી વિચારસરણીનાં દર્શન થાય છે. એમની સર્જન-પ્રવૃત્તિનો ત્રીજો તબક્કો નિવૃત્તિકાળ પછીનો છે. જેમાં સંખ્યાબંધ નવલકથાઓ રચી છે. એમની નવલકથાઓ શિષ્ટ અને સંસ્કારી છે. કથાનાયકો આદર્શને વરેલા ભાવનાશીલ યુવાનો છે. રમણલાલે સંખ્યાબંધ ટૂંકી વાર્તાઓ રચી છે. 'પંકજ' અને 'કાંચન અને ગેરું', 'ઝાકળ', 'રસબિંદુ' જેવા ઘણા વાર્તાસંગ્રહો આપ્યા છે. 'ખરી મા' અને 'કાંચન અને ગેરું' જેવી કેટલીક વાર્તાઓ યાદગાર અને કલાત્મક બની છે. 'સંયુક્તા અને શક્તિહૃદય', 'પરી અને રાજકુમાર' અને 'ઉશ્કેરાયેલા આત્મા' તેમના નાટ્યસંગ્રહો છે. 'નિહારિકા' નામનો કાવ્યસંગ્રહ તથા 'ગઈકાલ', 'મધ્યાહ્નનાં મૃગજળ' એ નામે પોતાની આત્મકથા રચી છે. 'જીવન અને સાહિત્ય' નામે વિવેચનગ્રંથ રચ્યો છે.

સમગ્ર દૃષ્ટિએ એમણે શિષ્ટ રંજન પૂરું પાડ્યું છે. રમણલાલ ગાંધીજીના વિચારોના અને પ્રગતિશીલ યુગબળોના સારા પ્રચારક બન્યા છે. ર.વ. દેસાઈના નવલકથા-સર્જનને બિરદાવતાં શ્રી વિશ્વનાથ ભટ્ટ કહે છે : આપણે ત્યાં ત્રીસેક વર્ષથી શરૂ થયેલા નવજીવન સામે પોતાની કલાનો મુકુર (અરીસો) ધરીને તેમાં જે મનોરમ પ્રતિબિંબો રમણભાઈએ ઝીલ્યાં છે તે ગુજરાતી નવલકથાના ઈતિહાસમાં એમને સદાને માટે સ્મરણીય રાખવાને પૂરતાં છે.

સાહિત્યિક સંસાર જે વ્યક્તિને પ્રેમચંદના નામે ઓળખે છે તેમનું અસલ નામ ધનપતરાય છે. ધનપતરાયનો જન્મ ૩૧, જુલાઈ ૧૮૮૦ માં લમહી ગામમાં કાયસ્થ પરિવારમાં થયો હતો. સંઘર્ષપૂર્ણ બાળપણ વીત્યું. તેમનું વ્યક્તિત્વ ખૂબ સીધું-સાદું હતું. પોતાના સાહિત્યથી અધિક સ્વયં અધ્યયનની વસ્તુ હતા. બચપણથી ખેડૂતો અને મજૂરો પ્રત્યે પ્રેમ અને હમદર્દી હતાં. ગામ અને પ્રકૃતિ તરફ આકર્ષણ હતું. સમસ્ત હિન્દી સાહિત્યના ઈતિહાસમાં સર્વોત્કૃષ્ટ કથાકાર હતા. હિન્દુસ્તાનની આઝાદીના દિવસોના ખૂબ મોટા સાહિત્યકાર હતા. સદીઓથી ગુલામ ભારત દેશના માણસો સાથે જે ખેલ ખેલાયો હતો તે પ્રત્યે તેમનો વિરોધનો તીવ્ર અવાજ હતો. નવી સામાજિક જાગૃતિનો અવાજ હતો જેને પ્રેમચંદે પોતાની રચનાઓમાં વ્યક્ત કર્યો છે. હિન્દી સાહિત્યમાં પ્રેમચંદજીએ વિપુલ સાહિત્યનું નિર્માણ કર્યું છે. ઉપન્યાસ ક્ષેત્રમાં યુગપ્રવર્તકનું કાર્ય કર્યું છે. પ્રેમચંદજી હિન્દુસ્તાનની આઝાદી માટેની જાગૃતિના સાહિત્યકાર હતા. કલમના સિપાહી, ઉપન્યાસ સમ્રાટ પ્રેમચંદ હિન્દી સાહિત્યના ઈતિહાસમાં સર્વોત્કૃષ્ટ કથાકાર હતા. હિન્દી સાહિત્યનો એક યુગ 'પ્રેમચંદયુગ' નામથી પ્રસિદ્ધ છે. ૧૨ ઉપન્યાસો, ૩૫૦ થી વધારે કહાનીઓ અને નાટકો દ્વારા સમૃદ્ધિનાં શિખરો સર કર્યાં છે. માનવતાવાદી દૃષ્ટિકોણ, આદર્શોન્મુખ યથાર્થવાદી દૃષ્ટિકોણ તેમના સાહિત્યમાં પ્રતિબિંબિત થાય છે. પ્રેમચંદજીએ પોતાની કહાનીઓમાં જીવનના વિરાટ ફલકને ઉતાર્યું છે. તેમના સાહિત્યનો મૂળ સ્વર માનવતાનો સંદેશ છે. તેમનું સાહિત્યિક ક્ષેત્ર બહુ જ વિશાળ છે. તેમાં ખેડૂતો, મજૂરો, વ્યક્તિ અને સમાજનો પૂંજીપતિ અને મજૂરોના સંઘર્ષ છે. મુન્શી પ્રેમચંદજી સુધારાવાદના પક્ષધર છે. તે સમયે તેમણે જે સુધારાની વાત કરી છે તે આજના સમયમાં પણ યોગ્ય છે. તેમની બીજી વિશેષતા કલા માટે હોવાથી જીવનની વાસ્તવિકતા સાથે સંબંધ ધરાવે છે. પ્રેમચંદજી સમાજના સાચા ચિત્રકાર-કલાકાર હતા. તેમના ઉપન્યાસોમાં મધ્યમવર્ગીય સમસ્યાઓ વર્ણવી છે. ગાંધીજીના વિચારોથી સંપૂર્ણ રંગાયેલા હોઈ સરકારી નોકરી છોડી કલમને ખોળે માથું મૂકી જીવતા હતા. તેમણે સાહિત્ય દ્વારા ગાંધીજીના વિચારોને લોકોની સામે મૂક્યા. ગાંધીજીના રચનાત્મક કાર્યોનું પ્રતિબિંબ પ્રેમચંદજીના સાહિત્યમાં પડે છે. સત્ય, અહિંસા, પ્રેમ, સેવા, અસ્પૃશ્યતા નાબૂદી, જનજાગૃતિ, હડતાલ, આંદોલન, બલિદાન, સત્યાગ્રહ, પરદેશી ચીજોનો બહિષ્કાર, સ્ત્રી જાગૃતિ જેવી બાબતોને સાહિત્યમાં વણી

લીધી છે. તેમના પાત્રો રાષ્ટ્રપ્રેમથી ભરેલાં છે.

**'દિવ્યચક્ષુ' અને 'રંગભૂમિ'નો વસ્તુલક્ષી પરિચય :**

'દિવ્યચક્ષુ' નવલકથા ર.વ. દેસાઈએ ૧૯૩૧માં લખી છે. પ્રસ્તુત નવલકથામાં યુગમૂર્તિ વાર્તાકાર ગાંધીયુગની ભાવનાઓ અને આદર્શોનું રસમય પ્રતિબિંબ પાડે છે. અહિંસા, હરિજન ઉદ્ધાર, અસ્પૃશ્યતા નિવારણ, રાષ્ટ્રના સ્વાતંત્ર્ય માટેની જાનફેસાન, બ્રિટિશ શાસકોની ખુશામત અને ગુલામી સામેનો રોષ - ગાંધીયુગના આ બધાં પ્રમુખ તત્ત્વોનું સુરેખ, જીવંત આલેખન આ નવલકથામાં લેખકે કર્યું છે અને તેથી 'દિવ્યચક્ષુ' નવલકથા ગાંધીયુગની આરસી સમાન બની રહે છે. અરુણ, રંજન, ધનાભગત આદિપાત્રો જીવંત અને અસરકારક બન્યાં છે. પોતે જેની સામે જંગે ચડ્યો છે તે જ જુલ્મી અંગ્રેજ અફસરનાં સ્ત્રી બાળકોને આગમાંથી બચાવવા જતાં આંખો ખોઈ બેઠેલો અરુણ ગાંધી યુગના વીર અને માનવતા ભર્યા યુવાવર્ગનો સમર્થ પ્રતિનિધિ બની રહે છે. ચર્મચક્ષુ જતાં ધનાભગત જેવા સંતપુરુષની પ્રેરણાથી અરુણને પોતાની ભીતર આંતરચક્ષુ ઊઘડતાં અનુભવાય છે. અને એને જીવન તથા જગતને જોવાની એક નવી, વધુ સાચી અને સત્ત્વશીલ 'દિવ્યદૃષ્ટિ' મળે છે. આમ નવલકથાને અપાયેલું 'દિવ્યચક્ષુ' શીર્ષક સાર્થક ઠરે છે. નવલકથાકાર તરીકેની શ્રી રમણલાલ દેસાઈની શક્તિઓ અને મર્યાદાઓનું દર્શન આ કથામાં થાય છે. ઊંચી ભાવનાઓ, આદર્શચરિત્રો, રસપ્રદ પ્રસંગ-આલેખન, પાત્રને અનુરૂપ સંવાદો, સ્વચ્છ સરળ શૈલી આ બધી જ એમની ગુણસંપત્તિ આ નવલકથામાં છે. સાથે સાથે જ વાર્તાપ્રવાહમાં અવરોધરૂપ બનતું લંબાણ ચિંતન, શિથિલ વસ્તુ સંકલના અને નવલકથાકાર પર છવાઈ જતો ઉપદેશક છે. નાયક અરુણ ધ્વજ આગળ ઊભો રહીને અહિંસક યુદ્ધ લડવાની પ્રતિજ્ઞા લે છે ત્યાંથી વાર્તાની શરૂઆત થાય છે. વાર્તા ત્યાંથી આગળ વધવાને બદલે પાછળ ચાલે છે. અરુણ અને રંજનાની પ્રણયકથા છે. 'દિવ્યચક્ષુ'માં અહિંસક પ્રતિકાર, સત્યાગ્રહનું શસ્ત્ર એની જોડે ગાંધીજીની અસ્પૃશ્યતા નિવારણ પ્રવૃત્તિને ગૂંથી લઈ કૃતિની રચના કરી છે. ગાંધીયુગના યથાર્થ પ્રતિબિંબ તરીકે અને ર.વ. દેસાઈની નવલકથાકાર તરીકેની શક્તિ-મર્યાદાના પ્રતિનિધિરૂપ કૃતિ તરીકે 'દિવ્યચક્ષુ' નોંધપાત્ર નવલકથા બની રહે છે. કૃતિને લોકપ્રિય બનાવવા પ્રેમભાવના મહત્ત્વનો ભાગ ભજવે છે. ગાંધીયુગની ભાવનાઓ અને આદર્શોનું રસમય પ્રતિબિંબ પાડે છે.

'રંગભૂમિ' ઉપન્યાસ ૧૯૨૪માં લખાયું. જેમાં ૧૯૧૯ થી ૧૯૨૪ સુધીની ઘટનાઓમાં જલિયાનવાલા બાગનો હત્યાકાંડ (૧૯૧૯), અસહયોગ આંદોલન (૧૯૨૦-૨૧), નાગપુરનો ઝંડા સત્યાગ્રહ અને ગુરુદ્વારા આંદોલન (૧૯૨૨-૨૩) તથા સાંપ્રદાયિક તોફાનો (૧૯૨૪) વગેરે મુખ્ય છે. ઉપન્યાસનો નાયક સૂરદાસ અંધ છે. તે ઈતિહાસ પ્રસિદ્ધ પુરુષ ગાંધીજીનું પ્રતીક છે. બનારસ નજીક પાંડેપુર ગામનો અંધ ભિખારી સૂરદાસ કેટલીક જમીનનો માલિક છે જે તેને વારસામાં મળેલી જમીન છે. સૂરદાસની જમીન પર સિગરેટનું કારખાનું બનાવવા જોન સેવક નામનો ખ્રિસ્તી ઉદ્યોગપતિ પ્રયત્નશીલ હતો. સૂરદાસ ઔદ્યોગિકીકરણનો વિરોધ કરે છે. જોન સેવકનો પુત્ર અને પુત્રી માબાપની ધર્માંધતા નાપસંદ કરે છે. રંગભૂમિમાં ઔદ્યોગિકીકરણનો વિરોધ અને કૃષિ સભ્યતા છે. સૂરદાસ તેની જમીન બચાવવા સત્યાગ્રહ કરે છે. સૂરદાસના શરીરબળ પર આત્મબળની વિજય-પ્રતિષ્ઠા બતાવાઈ છે. વિનય અને સોફિયાની પ્રેમકહાની છે. વિનય સિદ્ધાંતવાદી યુવક છે. કારખાના માટે સૂરદાસે સત્યાગ્રહ કર્યો. જનતાએ સૂરદાસનો પક્ષ લીધો. સિપાહીઓએ ગોળીઓ ચલાવી. સુરદાસને ગોળી વાગી. જનતા બેકાબૂ થઈ ગઈ. રાની જહાનવીને વીરપુત્રના મૃત્યુ પર ગર્વ હતો. રાજા મહેન્દ્રકુમારની દોરંગી નીતિનો પર્દાફાશ થઈ ગયો. રાની જહાનવી અને ઈન્દુ સમાજસેવામાં લાગી ગયાં. રાષ્ટ્રીય ભાવનાથી ભરપૂર 'રંગભૂમિ' ઉપન્યાસ વાચકના હૃદયને શક્તિ પ્રદાન કરે છે. પ્રેમચંદજીની 'રંગભૂમિ' એક વાસ્તવિક રંગભૂમિ છે.

**'દિવ્યચક્ષુ' અને 'રંગભૂમિ' વચ્ચેનું સામ્ય :**

ર.વ. દેસાઈની 'દિવ્યચક્ષુ' અને પ્રેમચંદજીની 'રંગભૂમિ' બન્ને કૃતિઓની રચનાનો ઉદ્દેશ દેશભક્તિનો હતો. બન્ને કૃતિઓમાં ગાંધીજીની અહિંસાની ભાવના, સત્યાગ્રહ, અસ્પૃશ્યતા નિવારણ, ગ્રામોદ્ધાર, શ્રમ, સ્વરાજ અને સેવાનો મહિમા છે. બન્ને કૃતિઓ ગાંધીજીની રાજનીતિક ચેતનાની પ્રાણવાન કૃતિઓ છે. 'દિવ્યચક્ષુ' નો નાયક અરુણ અને રંગભૂમિનો 'સૂરદાસ' બન્ને અંધ છે. બન્ને કૃતિઓમાં પ્રણયકથા આલેખાયેલ છે. તત્કાલીન સમાજને જીવતો કરવામાં બન્ને કથાકારો સફળ રહ્યા છે. બન્ને કૃતિઓનો રચનાકાળ દેશમાં મોટી ઉથલ-પાથલનો તથા તોફાનોનો હતો. ગુલામીનો સમયગાળો હતો. પોતાના યુગને કથોચિત રીતે પ્રતિબિંબિત કરવાની કળા બન્ને રચનાકારોમાં છે. બન્ને કૃતિઓ દ્વારા સ્વાધીનતા સંગ્રામને બળ મળ્યું છે. બ્રિટિશ શાસકોની ખુશામત અને ગુલામી સામેનો રોષ જેવાં તત્ત્વોનું સુરેખ જીવંત આલેખન બન્ને કૃતિઓમાં છે. 'રંગભૂમિ'નો કીર્તિસ્તંભ સૂરદાસ સત્ય, અહિંસા અને ત્યાગનું સાક્ષાત્ ઉદાહરણ છે. ગાંધીજીના અહિંસાવાદનો પૂજારી છે. તો 'દિવ્યચક્ષુ' નો નાયક અરુણ જનાર્દનના આશ્રમમાં તાલીમ માટે આવે છે. અને આશ્રમના રંગે રંગાઈ દેશ-સેવામય બને છે. બન્ને કૃતિઓના નાયક અરુણ અને સૂરદાસ ન્યાય માટે મરનારા, નીડર, પરોપકારી અને હિંમતવાળા છે. નૈતિકબળ ગાંધીજી જેવું છે. અન્યાયનો સક્રિય વિરોધ કરે છે. બન્ને કૃતિના નાયકો માનવતાની મિસાલ છે. સૂરદાસ કહે છે - ''મેરા કામ તો હૈ લડના ઔર વહ ભી ધરમ કી લડાઈ''. આ જ બાબતને અનુલક્ષીને 'દિવ્યચક્ષુ' માં ગાંધીજીની અહિંસાને નિરૂપીને અરુણ કહે છે કે - ''શસ્ત્રસંન્યાસ વિના માનવજાતનો છૂટકો નથી.'' બન્ને કૃતિઓમાં ગાંધીયુગની ભાવનાઓ અને આદર્શોનું રસમય પ્રતિબિંબ છે. બન્ને કૃતિઓમાં કથા સંરચનાની કેટલીક એવી વિશેષતાઓ છે જે પાત્રોનાં વ્યવહાર અને ઘટનાઓની સૃષ્ટિ પર લેખકનાં નિયંત્રણો સ્પષ્ટ કરે છે. બન્ને કૃતિઓની પ્રણયકથાઓ કૃતિને લોકપ્રિય બનાવવા મહત્ત્વનો ભાગ ભજવે છે. ઉપરાંત શિષ્ટ, મિષ્ટ અને મુલાયમ પ્રેમની મધુરકથા છે. બન્નેમાં હાસ્યવૃત્તિનો સુખદ પરિચય થાય છે. રમણલાલ સીધા, સાદા, સરળ અને સજ્જન છે. એમની જીવનકલા પ્રેમચંદની જેમ નવલકથાઓમાં ઊતરી છે. અહિંસાની લડતનું બયાન કરવા ગાંધી, જવાહરલાલ કે સરદારનાં પાત્રો સર્જવાથી જ વાસ્તવિકતા લાગે એવું કાંઈ નથી. તેઓ એકાદ જનાર્દન, અરુણ અથવા રંજન જેવું પાત્ર સર્જી વાતાવરણ સફળતાથી ઉપજાવી શક્યા છે. રમણલાલ ગગનવિહારી નથી પણ ભાવનાવિહારી છે. ગુજરાતના ગૃહજીવનનાં, દામ્પત્ય પ્રેમનાં અભિજાતયુક્ત, સ્વચ્છ, સુરેખ, રળિયામણાં અને ગુણચતુરાઈવાળાં ચિત્રો મળે છે. સાંપ્રત સમાજની ઘટનાઓનું તાજગીભર્યું ચિત્રણ બન્ને કૃતિઓમાં મળે છે. 'રંગભૂમિ'નાં પાત્રો અને ગૂંથણીમાં પણ ક્યાંય અતિશયોક્તિ લાગતી નથી. તેમનાં પાત્રો સાચે જ મેદાન મારી જાય છે. બન્નેએ સંવાદોને કુશળ શિલ્પીની જેમ કંડાર્યા છે. બન્ને કૃતિઓના કર્તા આદર્શવાદી છે. તેમના વિચારોમાં અને લેખનમાં બન્ને કૃતિઓ સમાજનું દર્પણ છે. બન્નેના કથાનાયકો આદર્શને વરેલા, ભાવનાશીલ છે. નાયિકાઓ, સુશિક્ષિત, સંસ્કારી અને મર્યાદાશીલ છે. પોતાના યુગને કથોચિત રીતે પ્રતિબિંબિત કરવાની કલા રમણભાઈ પાસે હોવાથી એ 'યુગમૂર્તિ' વાર્તાકાર છે. તેવી જ રીતે પ્રેમચંદે હિન્દી સાહિત્યમાં વિપુલ સાહિત્યનું નિર્માણ કર્યું છે, તેથી યુગપ્રવર્તક કહેવાયા છે. બન્ને કૃતિઓમાં માનવતાવાદી દૃષ્ટિકોણ છે. ગાંધીજી પ્રત્યેની ભાવના બન્ને લેખકોમાં દૃષ્ટિગોચર થાય છે. બન્નેનું નવલકથા-સર્જન વિપુલ છે. 'દિવ્યચક્ષુ'માં વાર્તાપ્રવાહમાં અવરોધરૂપ બનતા લંબાણ, ચિંતન, શિથિલ વસ્તુ-સંકલનાની મર્યાદા છે તો 'રંગભૂમિ'માં કથામાં કથા અને પાત્રોની ભરમાર લેખકની મર્યાદા છે. બન્ને કૃતિઓ ગાંધીયુગની પ્રતિનિધિરૂપ કૃતિઓ તરીકે નોંધપાત્ર બની રહી છે.

**'દિવ્યચક્ષુ' અને 'રંગભૂમિ' વચ્ચેનું વૈષમ્ય :**

ર.વ. દેસાઈએ નોકરી કરતાં-કરતાં નવજાગૃતિનાં સ્પંદનો ઝીલી તેમની કૃતિમાં તે સ્પંદનો પ્રગટ કર્યાં

છે. પ્રેમચંદ કલમને ખોળે માથું મૂકી દેશસેવા કરવા સરકારી નોકરીને તિલાંજલિ આપી તત્કાલીન સમાજને જીવતો કરવામાં સફળ થયા છે. 'રંગભૂમિ'નો કીર્તિમાન સૂરદાસ સત્ય, અહિંસા, ત્યાગનું સાક્ષાત્ ઉદાહરણ છે. ગાંધીજીના અહિંસાવાદનો પૂજારી છે. અંત સુધી ધર્મ અને નીતિનું જીવન જીવે છે. 'દિવ્યચક્ષુ' નો નાયક અરુણ સૂરદાસની જેમ અંધ છે. પરંતુ તે જનાર્દનના આશ્રમમાં તાલીમ માટે આવે છે. અને આશ્રમના રંગે રંગાઈ જાય છે. નાયક તરીકે સૂરદાસનું પલ્લું નમતું છે. 'રંગભૂમિ' ની સમસ્યા ઔદ્યોગિકીકરણનો વિરોધ અને કૃષિ સભ્યતા છે. તેનો સૂરદાસ ગાંધીજી જેવો મુઠ્ઠી હાડકાનો માણસ છે. તે શરીર પર ગાંધીજીની જેમ ફક્ત એક લંગોટી જ પહેરે છે અને લાકડીના સહારે દોડે છે. તેમાં અજબ આત્મબળ દેખાય છે. આદર્શ સત્યાગ્રહીની જેમ અહિંસાનો અનન્ય ઉપાસક છે. આ બધી જ વિશિષ્ટતાઓ 'દિવ્યચક્ષુ' ના નાયક અરુણમાં નથી. અરુણ સૂરદાસ જેટલો સશક્ત નથી લાગતો. 'દિવ્યચક્ષુ'ની કથા પણ 'રંગભૂમિ' જેટલી સક્ષમ નથી. બન્ને કૃતિઓના નાયકની તુલનામાં ગાંધીવાદી દર્શનમાં 'રંગભૂમિ' ઉચ્ચતમ કોટિની કૃતિ છે. સૂરદાસની હારમાં પણ જીત છે. રાષ્ટ્રપ્રેમની દૃષ્ટિએ 'રંગભૂમિ' મેદાન મારી જાય છે. તેનાં પાત્રોમાં ઠાંસી-ઠાંસીને રાષ્ટ્રપ્રેમ ભર્યો છે. 'દિવ્યચક્ષુ' પાત્રોની સંખ્યાની દૃષ્ટિએ યોગ્ય છે. તેમાં મર્યાદિત પાત્રો છે. જ્યારે 'રંગભૂમિ'માં પાત્રોની સંખ્યા સો કરતાં પણ વધુ છે. ૪૫ પાત્રો તો નામધારી અને બાકીના અનામધારી પાત્રોમાં લગભગ ૩૦ પ્રમુખપાત્રો છે. વધુ પડતાં પાત્રો વાચકને યાદ રાખવા કઠિન પડે છે. સોફિયા અને વિનયનો કરુણ અંત છે, જ્યારે 'દિવ્યચક્ષુ'નો અંત કરુણ નથી. 'દિવ્યચક્ષુ'નાં પાત્રો મધ્યમવર્ગનાં અને વાસ્તવવાદી છે, જ્યારે 'રંગભૂમિ'માં સમાજનું વિવિધ પક્ષીય ચિત્રણ પ્રસ્તુત કર્યું છે. 'દિવ્યચક્ષુ'માં ઘણી વખત કથાપ્રવાહ શિથિલ બની જાય છે. ત્યારે અહિંસાનો નિબંધ વાંચતા હોઈએ તેવું લાગે છે. લેખક કથાલેખક મટીને ગાંધીવાદના પ્રચારક બની જાય છે તેવું લાગે છે. ઘણી જગ્યાએ સંવિધાનકળા સંવાદોમાં જોઈએ તેવી સફળ થતી નથી. જ્યારે 'રંગભૂમિ'માં પ્રેમચંદજી સંવાદો અને કથાને ઉચ્ચકક્ષાએ લઈ જાય છે. સંવાદોની ગૂંથણીમાં ક્યાંય શિથિલતા નથી આવતી. અતિશયોક્તિ નથી લાગતી. લેખકને સ્વયં સંવાદ બોલવા પડ્યા નથી. પાત્રો દ્વારા સક્ષમ સંવાદો બોલાવે છે. સૂરદાસ કહે છે કે – ''મેરા ધરમ તો યહી હૈ કિ જબ કોઈ મેરી ચીજ પર હાથ બઢાયે તો ઉસકા હાથ પકડ લૂં. વહ લડે તો લડૂ ઔર ઉસ ચીજ કે લિએ પ્રાણ તક દે દૂં. મેરા કામ તો લડના હૈ ઔર વહ ભી ધરમ કી લડાઈ.'' આમ સંવાદોમાં 'દિવ્યચક્ષુ' કરતાં 'રંગભૂમિ' મેદાન મારી જાય છે. 'દિવ્યચક્ષુ' ની તુલનામાં 'રંગભૂમિ' ને બૃહદ્ ઉપન્યાસની કોટિમાં મૂકી શકાય. શૈલીમાં પ્રવાહિતામાં રંગભૂમિમાં 'દિવ્યચક્ષુ'ની જેમ ક્યાંય વિક્ષેપ પડતો નથી. શૈલીમાં પ્રેમચંદ અને રંગભૂમિ અદ્વિતીય છે. શબ્દોનો મુહાવરેદાર પ્રયોગ પ્રેમચંદ વધુ સારી રીતે કરી શક્યા છે. વાક્યોને કુશળ શિલ્પીની જેમ કંડારી શક્યા છે જે રમણલાલ 'દિવ્યચક્ષુ' માં કરી શક્યા નથી. 'રંગભૂમિ'ની કથનકલાને સુસમ્બદ્ધ બનાવવા પ્રેમચંદ વધુ ઓજસ્વી છે, જાગૃત છે. 'દિવ્યચક્ષુ'નો અંત કરુણ મંગળ છે. જ્યારે 'રંગભૂમિ'નો અંત કરુણ છે. સૂરદાસની અસફળતા અંતિમ પરાજયની સૂચક નથી પરંતુ તેના મૃત્યુ સાથે તેનું સ્વપ્ન પણ છિન્ન-ભિન્ન થઈ જાય છે. 'દિવ્યચક્ષુ'માં નાયક અરુણ અંધ હોવા છતાં પ્રેરણાથી દેશસેવાની પ્રવૃત્તિમાં જોડાય છે. વાતાવરણ નિર્માણમાં પ્રેમચંદજીને ખૂબજ સરળતા લાગી છે જ્યારે રમણલાલ તેટલા સફળ રહ્યા નથી. સમકાલીન સમાજનાં ચિત્રો, આકાંક્ષાઓ, એષણાઓનું સફળ આલેખન પ્રેમચંદજીની 'રંગભૂમિ' જેટલું 'દિવ્યચક્ષુ'માં જોવા મળતું નથી.

**'દિવ્યચક્ષુ' અને 'રંગભૂમિ'નાં તારણો :**

ગાંધીજીએ દેશને માટે જે પરમ પુરુષાર્થ કર્યો અને સ્વતંત્રતા માટે સત્યાગ્રહ આંદોલન ચલાવ્યું તેનાથી ર.વ. દેસાઈ અને પ્રેમચંદજી અનેક લેખકો-કવિઓની જેમ રોમાંચિત થયા હતા. બન્ને લેખકોની કૃતિઓમાં નીચેની બાબતો ધ્યાન ખેંચે છે.

**ગુજરાતી સાહિત્ય**

- ર.વ. દેસાઈ ગાંધીરંગે રંગાયેલા હોઈ ગાંધીદર્શન અને કૃતિમાં સફળતા પ્રાપ્ત કરી શક્યા છે.

- નારી શક્તિનું આલેખન 'દિવ્યચક્ષુ'માં પ્રાણ પૂરે છે.

- લેખક જે પણ વિચારો લોકો સમક્ષ મૂકવા માગે છે તેમાં સફળ થયા છે.

- ર.વ. દેસાઈએ 'દિવ્યચક્ષુ'માં યુગની ભાવનાઓને વાચા આપવાનો ઉમદા પ્રયત્ન કર્યો છે, જેમાં તેઓ સફળ થયા છે.

- નવલકથામાં વસ્તુનો વણાટ શિથિલ છે.

- 'દિવ્યચક્ષુનું વાતાવરણ, સમય-કાળ સ્વાતંત્ર્ય સંગ્રામનો છે.

- ર.વ. દેસાઈની ચિંતનશીલતાનો પ્રભાવ 'દિવ્યચક્ષુ'માં સ્પષ્ટ થાય છે.

- 'દિવ્યચક્ષુ'માં ર.વ. દેસાઈનું લક્ષ્ય માંગલ્ય અને ઊર્ધ્વારોહણનું રહ્યું છે.

- ગાંધીવાદ, સમાજવાદ, અસ્પૃશ્યતા નિવારણ, ગ્રામોદ્ધાર, કોમી ઐક્ય વગેરે પ્રશ્નોને 'દિવ્યચક્ષુ'માં રસિક પ્રસંગો યોજીને ચર્ચા કરી છે.

- અરુણને આગને કારણે ચક્ષુ ગુમાવવાં પડે છે અને તેને દિવ્યચક્ષુ મળે છે. અરુણને દિવ્યચક્ષુ મળે એટલા માટે જ જાણે તાલ ગોઠવ્યો હોય તેવું પ્રતીત થાય છે.

- લેખકે આખી કથા વિવરણ શૈલીમાં લખી છે તેથી ઘણીવાર દલીલો અને ચિંતનો આવ્યાં કર્યાં છે.

- 'દિવ્યચક્ષુ'નું સંવિધાન ઘણે અંશે દૃશ્યપ્રધાન છે અને સુભગ જીવનદર્શનને કારણે એકંદરે કૃતિ સુવાચ્ય બની છે.

- 'દિવ્યચક્ષુ'માં ગાંધીચીંધ્યા સત્યાગ્રહ આંદોલનનું વાતાવરણ તાદશ કરવા લેખકને ધારી સફળતા મળી છે.

- કથાની ભાવક પરની પકડ ઠેઠ સુધી જળવાઈ રહે છે.

- 'દિવ્યચક્ષુ'માં તત્કાલીન સમાજનું પ્રતિબિંબ છે.

- 'દિવ્યચક્ષુ'માં ગાંધીયુગની લાક્ષણિક નવલકથા છે.

- ર.વ. દેસાઈની દલીલો અને ચિંતનોથી તેમની જીવનદૃષ્ટિ પ્રગટ થાય છે. પરંતુ તેના કારણે વાર્તાની સળંગસૂત્રતાને હાનિ થાય છે.

- લેખકે શિષ્ટ રંજન પૂરું પાડ્યું છે.

'દિવ્યચક્ષુ' નાજુક અને રમણીય કૃતિ છે. ર.વ. દેસાઈની 'દિવ્યચક્ષુ'ની નવીન વિચારધારાની વ્યાપક અને ઊંડી અસર સમગ્ર દેશની જનતા પર પડી. પરિણામે સાહિત્યમાં પણ વૈચારિક ક્રાંતિ આવી. આદર્શ નવલકથાકાર તરીકે તેમણે ગુજરાતમાં સ્ત્રી-પુરુષ અને જનતાના હૃદયમાં પોતાનું સ્થાન સિદ્ધ કર્યું. રાષ્ટ્રીય ઉત્થાન માટે મહત્ત્વનો એવો અસ્પૃશ્યતા નિવારણનો પ્રશ્ન તેમણે સુંદર રીતે વણી લીધો છે.

'રંગભૂમિ'નાં સર્જક પ્રેમચંદજીએ ગાંધીયુગની ભાવનાઓ અને આદર્શોનું રસમય પ્રતિબિંબ પાડ્યું છે. હિન્દી સાહિત્યમાં કલમના સિપાહી પ્રેમચંદજીએ 'રંગભૂમિ'માં એક સમર્થ કલાચિત્ર આલેખ્યું છે.

- 'રંગભૂમિ' દ્વારા સ્વાધીનતા સંગ્રામને બળ મળ્યું છે.

- 'રંગભૂમિ'માં ઔદ્યોગિકીકરણનો વિરોધ અને કૃષિ સભ્યતા છે.

- સૂરદાસે જીવનમાં નિર્માણનો સંદેશ પ્રકટ કર્યો છે. 'રંગભૂમિ'માં સૂરદાસમાં શરીરબળ પર આત્મબળની વિજય પ્રતિષ્ઠા બતાવાઈ છે.

- 'રંગભૂમિ'નો નાયક સૂરદાસ ગાંધીજીની જેમ અજાતશત્રુ છે. તેને નિરંતર ભલાઈ પર ભલાઈ કરતો જોઈ વિરોધીઓ પણ આશ્ચર્ય પામે છે. સૂરદાસની હારમાં પણ જીત છે.

- 'રંગભૂમિ'માં ગાંધીયુગની ભાવનાઓ અને આદર્શોનું રસમય પ્રતિબિંબ છે.

- ઉપન્યાસની કથાસંરચનાની કેટલીક વિશેષતાઓ એવી છે જે પાત્રોના વ્યવહાર અને ઘટનાઓની સૃષ્ટિ પર લેખકનાં નિયંત્રણો સ્પષ્ટ કરે છે.

- 'રંગભૂમિ'માં વિનયની આત્મહત્યા અને સોફિયાનું ગંગામાં ડૂબી મરી જવું - આ ઘટનાનો પ્રેમચંદજીએ મંગળ અંત કરાવ્યો હોત તો કથાનક વધારે સમૃદ્ધ હોત.

- 'રંગભૂમિ'નું રસપાન કરતાં પ્રેમચંદની કલા ચિતારાની કલા બને છે.

- 'રંગભૂમિ'ના કથાનકમાં મનોવિજ્ઞાનને સ્થાન આપવામાં આવ્યું છે.

- પ્રેમચંદનાં સર્વશ્રેષ્ઠ ઉપન્યાસોમાંનું એક 'રંગભૂમિ' ગણી શકાય. મહેન્દ્ર ચતુર્વેદી 'રંગભૂમિ'માં મહાકાવ્યની વ્યાપકતા ગાંભીર્ય અને ગુરુતાને સ્વીકારે છે.

- 'રંગભૂમિ' નો નાયક સૂરદાસ દેખાવે, વિચારે, પહેરવેશે અને આત્મબળથી ગાંધીજીનું પ્રતિબિંબ જણાય છે. આજ તેમની સાચી કલા છે. અહિંસામાં અને ઈશ્વરમાં શ્રદ્ધા છે.

- 'રંગભૂમિ'માં પાત્રોની સંખ્યા ૧૦૦ થી વધુ છે. પાત્રોની ભરમાર વધુ છે.

- પ્રેમચંદજી 'રંગભૂમિ'ની સંવિધાનકળામાં તથા પાત્રનિરૂપણમાં સફળ થયા છે. તેમનું લક્ષ્ય પૂર્ણ કર્યું છે. પ્રેમચંદજીની કમાલે 'રંગભૂમિ' રચી કમાલ કરી છે. રાષ્ટ્રપ્રેમનાં ભરપૂર ચિત્રો સર્જી બુલંદીઓને આંબી ગયા છે.

- નારી હૃદયના ગૌરવની ઝાંખી ખૂબસૂરતીથી કરાવી છે. 'રંગભૂમિ'નો કીર્તિસ્તંભ સૂરદાસ સત્ય, અહિંસા અને ત્યાગનું સાક્ષાત્ ઉદાહરણ છે. અન્યાય પ્રત્યે અવાજ ઊઠાવવો, ન્યાય માટે અંત સુધી લડતા રહેવું. 'રંગભૂમિ'ના પાઠકોને તેનું આત્મબળ હૃદયને શક્તિપ્રદાન કરે છે. 'રંગભૂમિ' પ્રેમચંદજીનું સૌથી બૃહદ્ ઉપન્યાસ છે. સાહિત્ય સમાજનું પ્રતિબિંબ છે તે 'રંગભૂમિ'ના પાઠકોને ખૂબ સારી રીતે સમજાય છે.

## સંદર્ભ ગ્રંથસૂચિ


૧. રમણલાલ વ. દેસાઈ, 'દિવ્યચક્ષુ', આર.આર.શેઠની કંપની, મુંબઈ ૨

૨. 'ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ', ગ્રંથ ૪, ન્હાનાલાલથી મેઘાણી.

૩. ડૉ. હસમુખ દોશી, 'રમણલાલ વ. દેસાઈ : વ્યક્તિત્વ અને વાઙ્મય', આર.આર. શેઠની કંપની, મુંબઈ ૨

૪ ચન્દ્રકાન્ત મહેતા, 'કથા વિશેષ', નવભારત સાહિત્ય મંદિર, અશોક પ્રકાશન.

૫. 'રમણલાલ વસંતલાલ દેસાઈ અભિનંદન ગ્રંથ', આર.આર.શેઠની કંપની, મુંબઈ ૨

૬. પ્રેમચંદ, 'રંગભૂમિ'.

૭ કમલ કિશોર ગોયનકા, 'પ્રેમચંદ કે ઉપન્યાસોં કા શિલ્પવિધાન', સરસ્વતી પ્રેસ.

૮. પ્રેમચંદ, 'વ્યક્તિત્વ ઔર કૃતિત્વ', ઇન્ડિયા પબ્લિશિંગ હાઉસ, નવી દિલ્લી, બમ્બઈ.

૯. 'પ્રેમચંદ : વિગત મહત્તા ઔર વર્તમાન અર્થવત્તા', (મુરલી મનોહર પ્રસાદસિંહ, સંપા. રેખા અવસ્થી), રાજકમલ પ્રકાશન, નઈ દિલ્લી, ઇલાહાબાદ, પટના.

# યોગીરાજ પૂ. પા. બ્રહ્મલીન સ્વામીશ્રી મનુવર્યજી

◈

ડૉ. ભાનુમતી શાહ*

*બહિર્મુખ વૃત્તિ થકી,*
*સ્ફુરે સકલ સંસાર.*
*વૃત્તિ અંતર્મુખ થતાં,*
*સ્વરૂપ સાક્ષાત્કાર.*
*ચેતન જડનો ભેદ તો,*
*અજ્ઞાને જ જણાય,*
*અભેદ થાતાં આ બધું,*
*પોતાનો જ સ્વભાવ.*
*કરવું કારવવું કાંઈ નથી,*
*આપ આપથી જાણ.*
*કર્મ, ભક્તિ ને જ્ઞાન તો,*
*વાણી વિલાસ પ્રમાણ.*
*અમાપનું એ માપ તો,*
*માપે કેમ મપાય.*
*માપ પાપને છોડતાં,*
*આપે આપ જણાય.*

સદ્‌ગુરુ બ્રહ્મનિષ્ઠ યોગીશ્રેષ્ઠ સ્વામીશ્રી મનુવર્યજીનો જન્મ યોગીકુળમાં થયો. ભારતના પ્રતિષ્ઠિત યોગીરાજ શ્રી માધવજી મહારાજના તેઓ દોહિત્ર થાય. તેમનો જન્મ મહેસાણા જિલ્લાના રૂપાલ ગામે તા. ૨૭-૬-૧૯૧૫ના રોજ થયો હતો. નાનાશ્રી માધવજી મહારાજ તથા મામા અમરનાથજી તરફથી તેમને યોગવિદ્યાના સંસ્કાર પ્રાપ્ત થયા હતા. તેમનાં માતુશ્રીનું નામ મણિબેન અને પિતાનું નામ સીતારામભાઈ હતું. તેઓ એન્જિનિયર હતા. માતપિતાની ધર્મપરાયણતાનો દિવ્ય વારસો ગુરુજીને પ્રાપ્ત થયો હતો.

શૈશવકાળથી જ સ્વામી મનુવર્યજીનું જીવન અસાધારણ હતું. એમની ધર્મનિષ્ઠા પણ એટલી જ સઘન હતી. એકાંત પ્રીતિ અને મીતભાષિતા એમના વિરલ ગુણો હતા. તો ધ્યાન અને આત્મચિંતન જાણે એમના શ્વાસ અને પ્રાણ હતા.

બાલ્યવયના સંસ્કારોનું પ્રદાન વ્યક્તિના જીવન-ઘડતરમાં ઘણું મોટું હોય છે. વિજ્ઞાનનો અભ્યાસ કરવા મુંબઈ ઉપડેલા સ્વામીજી ધર્મ, ધ્યાન, યોગસાધનામાં જ મોટા ભાગનો સમય ગાળતા. આ સમયગાળા દરમિયાન એમને થયેલી યૌગિક અનુભૂતિઓએ એમના જીવનનો રાહ બદલ્યો. યોગનાં ગૂઢ રહસ્યો તથા એના અંતિમ લક્ષ્યરૂપ સમાધિનો લાભ એમને મળ્યો હતો. ઈશ્વરેચ્છાએ તથા પૂર્વ સંસ્કાર અનુસાર સ્વામીજીને અમદાવાદ આવવાનું થયું.

ઈ.સ. ૧૯૩૬ની સાલમાં તેઓએ 'યોગસાધન આશ્રમ'ની સ્થાપના કરી અને તેનું સંચાલન સંભાળ્યું.

---

* ૯, રિધમ બંગલોઝ, વાસણા, અમદાવાદ-૩૮૦૦૦૭

ઈ.સ. ૧૯૪૫ની સાલમાં સમર્થ અવધૂત યોગીરાજ શ્રી કૃષ્ણાત્મજ મહારાજ પાસેથી અમદાવાદના કેલિકો મિલના માલિક શેઠ શ્રી અંબાલાલ સારાભાઈના નિવાસસ્થાને સ્વામીજીએ ચૈત્ર સુદ પૂનમને, હનુમાન જયંતીના દિવસે અવધૂતદીક્ષા લીધી અને જ્ઞાનના ફળસ્વરૂપ એવી આત્મનિષ્ઠામાં તેઓ સ્થિર થયા.

સદ્‌ગુરુ શ્રી કૃષ્ણાત્મજ મહારાજ પાસે જ્ઞાનવિદ્યાના તથા અધ્યાત્મવિદ્યાના પાઠ ભણ્યા. સદ્‌ગુરુ શ્રી કૃષ્ણાત્મજ મહારાજના શ્રીમદ્‌ ભગવદ્‌ગીતા પર રચેલા ભાષ્ય 'ગીતાદોહન'ના ભગીરથ કાર્યમાં ગુરુજીએ ઘણી મદદ કરી હતી. જે એમનું ઘણું મોટું પ્રદાન ગણાય. આ ઉપરાંત ભગવદાચાર્યજી તથા સંન્યાસાશ્રમના શ્રી કૃષ્ણાનંદજી મહારાજ પાસેથી તેઓએ ઉપનિષદ્‌નું જ્ઞાન પ્રાપ્ત કર્યું.

છેલ્લાં પાંસઠ વર્ષથી યોગસાધન આશ્રમને માધ્યમ બનાવી યોગના પ્રચાર અને પ્રસાર દ્વારા લોકકલ્યાણનું કાર્ય તેઓ અવિરત પણે કરી રહ્યા હતા.

કરુણામય અવતારી પુરુષ સમા તેઓ અમદાવાદના ગીચ માનવ સમુદાય વચ્ચે શ્વેતકમળની જેમ શોભતા. પાતંજલ યોગશાસ્ત્રના આ સર્વગુણસંપન્ન અધિષ્ઠાતાના સંપર્કમાં આવનાર સૌ કોઈ ધન્ય થઈ જતા. ગંભીર છતાં અત્યંત વત્સલ એવા આ સંતશિરોમણિના સાન્નિધ્યમાં સંસારનાં સઘળાં દુઃખતાપ અદશ્ય થઈ જતાં. એમની કૃપા સૌ પર એકસરખી અવિરત વરસ્યા કરતી.

'योगः कर्मसु कौशलम् ।' સૂત્રનું મૂર્તિમંત સ્વરૂપ એટલે ગુરુજી. ગુરુજી કમળસમા નિર્મોહી, સૂર્ય સમા તેજસ્વી અને પૃથ્વીસમા ધૈર્યવાન હતા. તેઓ સદા સાધકોના તન તથા મનના રોગોને દૂર કરતા.

એમનું વ્યક્તિત્વ અનુપમ હતું. 'છાયા તો વડલા જેવી, હૈડું જાણે હિમાલય' એવા હતા ગુરુજી. એમની પાસેથી આત્માભિમુખ કે અંતર્મુખ થવાની સતત પ્રેરણા મળતી. અંતઃકરણની શુદ્ધિનો તેઓ હમેશાં આગ્રહ રાખતા.

ગુરુજી એટલે સફળ ચિકિત્સક, ઉમદા યોગીરાજ, સમર્થ તપસ્વી. માતા બાળકને ચાલતાં શીખવે એ રીતે તેઓ સાધકોને યોગના પાઠ શીખવતા. પૂ. પા. ગુરુજી સાથે યાત્રા કરવી, તે જીવનનો અનેરો લ્હાવો હતો. માનવજીવનના પરમ લક્ષ્ય 'આત્મદર્શન' - તરફ ધીરે ધીરે તેઓ સાધકોને દોરી જતા.

ભક્તો, જિજ્ઞાસુઓ, મુમુક્ષુઓના પ્રશ્નો તેઓ શાંતિથી સાંભળતા અને એના સરસ ઉકેલ પણ આપતા. તન, મન, બંનેના રોગના ઉપચારનો કીમિયો એમની પાસે હતો. ભારતના આ શ્રેષ્ઠ કર્મશીલ ઋષિવર્યના સાન્નિધ્યમાં અવિરત મંત્રજાપ ચાલતા. જાણે ભગવાન મહાદેવની સમીપ, અમરનાથની ગુફામાં જપયજ્ઞ કરતા હોઈએ એવું લાગે. આશ્રમના પૂજાખંડમાં શિવરાત્રિ, ગુરુપૂર્ણિમા, રામનવમી, જન્માષ્ટમી, હનુમાનજયંતી, અગિયારસ, પૂનમ, શ્રાવણમાસ, તથા દત્ત-જન્મજયંતી વખતે અખંડ નામધૂનથી હમેશાં વાતાવરણ માંગલ્ય અને દિવ્યતાથી શોભી ઊઠતું.

તેઓશ્રીએ લખેલ 'જપ, ધ્યાન અને સાક્ષાત્કાર'ની પુસ્તિકા અદ્‌ભુત છે, જેમાં વેદાંત, ઉપનિષદ્‌ તથા અન્ય અનેક ધાર્મિક ગ્રંથોનો અનુભવાત્મક સાર છે.

મિલમાલિકથી માંડી મિલમજૂર સુધીના વર્ગની વ્યક્તિઓને સમાનભાવે તેઓએ યોગવિદ્યાનું દાન વર્ષો સુધી કર્યું. એમના અનેક શિષ્યો લાખોપતિ થઈ ગયા. પણ એમણે તો સદા નિઃસ્પૃહ, અને નિર્મોહી બનીને મૃત્યુપર્યંત ૧૯, પ્રીતમનગરમાં ધૂણી ધખાવી અનેકોની સેવા અને કલ્યાણ કર્યાં. ગુરુના સાન્નિધ્યનો સ્પર્શ લોખંડને સોનું બનાવી દેતો. પારસમણિની જેમ તેઓએ અનેક સાધકોને સિદ્ધિના માર્ગે દોર્યા છે.

સુંદર ઘાટીલો પ્રભાવશાળી દેહ, અને અત્યંત તેજસ્વી લલાટ ધરાવતા ગુરુજીની ચમકતી અણીદાર આંખમાંથી સદાય અમીભર્યો પ્રકાશપુંજ વરસતો. એમના પ્રેમાળ આચરણથી સૌના તેઓ પ્રીતિપાત્ર બની રહેતા. મિથ્યા વિતંડાવાદ કે અન્ય વાદવિવાદમાં તેઓ કદી ન માનતા. સાધક જો ક્યારેક વિવાદમાં પડે તો

એને તેઓ અટકાવતા ને કહેતા, ''વાદવિવાદ કરવાથી નિજાધ્યાસ સ્વરૂપાનુસંધાન નાશ પામે છે. અંતઃકરણમાં શોકસંતાપ વિસ્તાર પામે છે. મારું તારુંનો ભેદભાવ ઉત્પન્ન થવાથી સહજાનંદનો લોપ થાય છે. ચિત્તમાં વિક્ષોભ થયેલો હોવાથી આત્મનિશ્ચય ડગી જાય છે.'

'ગુરુને શરણે જનારો પુરુષ જ પરબ્રહ્મને જાણે છે' એમ વેદોએ કહ્યું છે. આચાર્યોપાસના એ જ્ઞાનનું એક અંગ છે તથા ગુરુપૂજન એ શરીરનું તપ છે. પૂ.પા. ગુરુજીએ સૌને સ્વસ્થ જીવન જીવવાની કલા યોગ દ્વારા શીખવી છે. અસંખ્ય સાધકોને આત્મજાગૃતિનો મંત્ર આપ્યો છે. યોગસાધના દ્વારા માત્ર અમદાવાદ કે ગુજરાત જ નહિ, ભારત તથા સમગ્ર વિશ્વને આદર્શ જીવનસંદેશ આપ્યો, કર્તવ્યની સુવાસ અર્પી, મનની કામનાઓ એમણે સદંતર છોડી દીધી હતી. તેથી ક્યારેય કોઈની સાથે તેઓએ સ્પર્ધા કરી ન હતી. ગીતામાં વર્ણવાયેલાં સ્થિતપ્રજ્ઞનાં બધાં જ લક્ષણો ગુરુજી ધરાવતાં. હંમેશાં નિજાનંદની મસ્તીમાં તેઓ રહેતા.

જ્યારે 'યોગ' વિશેની જાગૃતિ નહિવત્ હતી ત્યારે તેઓએ સર્વત્ર યોગપ્રચાર ને યોગપ્રસાર કર્યો. તેથી તો તેમને 'મોબાઈલ યોગાશ્રમ' તરીકે સૌ ઓળખતા. આ પ્રજ્ઞાવાન, નિષ્કામ કર્મયોગીએ પાંસઠ વર્ષ સુધી માનવકલ્યાણની પ્રવૃત્તિઓ કરી.

ગાંધીજીની જેમ ગુરુજીનું જીવન એ જ એમનો સંદેશ બની રહ્યું. છેલ્લા ચારેક માસની માંદગીને બાદ કરતાં છેક સુધી તેઓ કાર્યરત રહ્યા. 'યોગનવનીત' મેગેઝિનના સરનામા કરવાનું, એનું પ્રુફરિડિંગ કરવાનું, પણ શક્ય હોય ત્યાં સુધી તેઓ જાતે જ કરતા. એમની પાસે બેસનારા સદા શાંતિનો અને શીતળતાનો અનુભવ કરતા. 'શાંતિ પમાડે તેને સંત કહીએ' એ એમની બાબતમાં સર્વાંશે સિદ્ધ થતું.

યોગીરાજ માધવદાસજી અને મામા અમરનાથ જેવા પ્રસિદ્ધ યોગાચાર્યો પાસે પ્રત્યક્ષ યોગશિક્ષણનાં રહસ્યો પામ્યા બાદ તેઓએ સઘન યોગસાધના કરી હતી. ઋષિમુનિઓના અષ્ટાંગયોગને તેઓએ સંપૂર્ણપણે જીવી બતાવ્યો. એટલું જ નહિ એનો પ્રચાર-પ્રસાર દેશ-વિદેશમાં કર્યો.

સ્થાનિક ધર્મપીઠો ગુજરાતના ધર્મપ્રવાહો, ભારત સાધુસમાજ, 'ભારત સેવકસમાજ', 'માનવધર્મ મિશન', 'નશાબંધી મંડળ', 'દિવ્ય જીવનસંઘ', 'શિવાનંદ સાહિત્ય પ્રચાર સમિતિ', સરકારશ્રીની 'રાજયોગ સમિતિ', ભારત સરકારની 'નેશનલ કાઉન્સિલ ઑફ રિસર્ચ ઇન આયુર્વેદ', 'નેચરોપથી', 'હોમિયોપથી એન્ડ યોગ', 'ગુજરાત સ્ટેટ વ્યાયામ એસોસિએશન', 'યોગ ઇન્ડિયા યોગ બૉર્ડ' વગેરે વિવિધ સંસ્થાઓમાં ઉચ્ચપદે રહી તેમણે યોગપ્રચાર માટે, યોગના વૈજ્ઞાનિક અભિગમ માટે સાચી યોગવિદ્યા લોકો સુધી પહોંચે તેના માટે એક મિશનરીની જેમ અને વૈજ્ઞાનિક ઢબે મહેનત કરી.

પૂજ્ય સ્વામીજીની દિનચર્યા એક કર્મયોગીની હતી. વહેલા બ્રાહ્મ મુહૂર્તમાં ઊઠી જઈ, તેઓ પોતાની યોગસાધના, અને ધ્યાન કરતા. પછી સવારના છ વાગ્યાથી રાતના દશ વાગતાં સુધી આશ્રમમાં યોગાભ્યાસ કરનારાઓનો, મુલાકાતીઓનો, પૃચ્છકોનો, જિજ્ઞાસુઓનો, દર્શનાર્થીઓનો જાણે મેળો જામતો. સૌને તેઓ સતત માર્ગદર્શન આપતા. તો બહાર પણ યોગ, ધર્મ, સંસ્કૃતિ કે ભક્તિ વિષયક કાર્યક્રમોના નિમંત્રણોને માન આપી, ત્યાં હાજરી આપી આશીર્વચન આપતા. ને પ્રસંગોને એમના સૌમ્ય પુનિત પગલાંથી અજવાળી દેતા.

સ્વામી મનુવર્યજી સાક્ષાત્ સમતામૂર્તિ હતા. સાધક ક્યારેક અકળાય,પણ ગુરુજી ક્યારેય ન અકળાય. 'समत्वं योग उच्यते !'નું મૂર્તિમંત રૂપ એટલે ગુરુજી. દરેક સંપ્રદાયના સાધુસંતો, તેમજ સાધકો યોગસાધન આશ્રમને આંગણે તેમના દર્શનાર્થે આવતા અને ગુરુજીની પાવક સમદૃષ્ટિથી પાવન તથા ધન્ય બની જતા. પ્રધાનથી માંડી પટાવાળા સુધીના, ઉદ્યોગપતિથી માંડી મજૂર સુધીના સૌને તેઓ સમદૃષ્ટિપૂર્વક ચાહતા. કવિ નરસિંહે વર્ણવેલા વૈષ્ણવજન તથા ભગવદ્ગીતામાં પ્રબોધાયેલા સ્થિતપ્રજ્ઞના બધાજ ગુણોનો સમ્યક્ સમન્વય એટલે સ્વામી મનુવર્યજી. ગીતાના યોગ, જ્ઞાન, ભક્તિ તથા નિષ્કામ કર્મનો સુભગ સમન્વય તેમના જીવનમાં વણાઈ ગયો હતો.

ગુરુજીના સાન્નિધ્ય અને કૃપા વડે અનેકનાં કિલ્બિષો - કષાયો દૂર થયાં છે. કામ, ક્રોધ, મદ, મોહ, મત્સર, તથા અહંકારનાં પડળોને છેદી આપણી સ્વચેતનાનો સંચાર કરાવી આત્મખોજ કરવાની પ્રેરણા ગુરુ વિના કોણ આપી શકે !

યોગસાધન આશ્રમ અને ગુરુજી પરસ્પરના પર્યાય હતા, એટલું જ નહિ, આશ્રમના તેઓ પ્રાણ હતા. યોગસાધનનો મૂળ હેતુ અધ્યાત્મવિકાસનો છે. કારણ માનવજન્મની મંહાન કાર્યસિદ્ધિ પણ એ જ છે.

યોગનો ગૂઢાર્થ જ એ કે મુક્તિમાર્ગમાં જોડાવું. શ્રી પતંજલિ ઋષિએ યોગશાસ્ત્રમાં સૌ પ્રથમ તેનો ઉપાય દર્શાવ્યો કે 'ચિત્તવૃત્તિ નિરોધ' - એ જ ઉત્તમ યોગ અને એ જ દુઃખમુક્તિનો ઉપાય છે. પણ સામાન્ય માણસ કંઈ સીધો જ યોગમાર્ગમાં પ્રવેશી શકતો નથી, એટલે યોગ સાધનાનો ક્રમ ખૂબ વૈજ્ઞાનિક અને ઉત્તમ પ્રકારે શાસ્ત્રકારોએ તથા ઋષિમુનિઓએ પદ્ધતિસર દર્શાવ્યો છે. સ્વામી મનુવર્યજી આવા જ ઉત્તમ માર્ગદર્શક ઋષિ હતા. યોગવિદ્યાનો મૂળ હેતુ સુખ પ્રાપ્તિ હતો. સુખનો તાર્કિક અર્થ, જન્મમરણમાંથી મુક્તિ છે. એ મુક્તિનાં રહસ્યોનો અનુભવ કરાવે તે યોગ છે. શ્રી પતંજલિમુનિએ યોગશાસ્ત્રમાં તેનો પ્રારંભ જ યમનિયમ, વડે તાત્ત્વિક રૂપ દર્શાવી તેનું મહત્ત્વ દર્શાવ્યું છે. યોગના સાચા અને નિષ્ઠાવાન સાધકે તો સંસારથી અલિપ્ત રહેવું જરૂરી છે. ચિત્તવૃત્તિનો નિરોધ થતાં પાર્થિવ પદાર્થોનું આકર્ષણ અને આસક્તિ શમી જાય છે. યોગાભ્યાસીને સંસારના ભય કે લાલસા સતાવતાં નથી. એનું મન જાગૃત અને નિર્દોષ હોય છે. આહારવિહારમાં તે સંયમી હોય છે.

શ્રી જ્ઞાનેશ્વર મહારાજે શ્રી જ્ઞાનેશ્વરી ભગવદ્ગીતામાં ગુરુનો મહિમા ગાયો છે. તે અપૂર્વ છે. તેઓશ્રી ગુરુનું સ્તવન કરતાં આ પ્રમાણે કહે છે :

''નિર્મળ બ્રહ્મજ્ઞાનનો બોધ કરવામાં ચતુર, વિદ્યારૂપી કમળને વિકસિત કરનાર અને પરાવાણીની અર્થરૂપી પ્રમદા સાથે વિલાસ કરનાર હે ગુરો ! આપને નમસ્કાર હજો. સંસારરૂપી અંધકારનો-અજ્ઞાનનો નાશ કરવામાં સૂર્યની પેઠે અપાર સામર્થ્યવાન તથા તારુણ્યમાં આવેલી ભૂર્યાવસ્થાની સાથે વિલાસ કરનાર એવા આપને નમસ્કાર હજો, સર્વ જગતનું પાલન કરનાર કલ્યાણરૂપી વનમાં ચંદનસમાન શ્રેષ્ઠ, અને જેનું સ્વરૂપ આરાધન કરવાને યોગ્ય છે એવા આપને મારા નમસ્કાર હજો.''

સ્વામી મનુવર્યજી પણ આવા જ ગુરુ હતા. આવા સદ્ગુરુ વિશે લખવાનું હોય ત્યારે, શબ્દો વામણા થઈ જાય.

*'જીભ થાકીને વિરમે રે, વિરાટ વિરાટ વંદી.'*

ગુરુજીએ 'ગુજરાત રાજ્ય યોગશિક્ષણ સમિતિના' ઉપપ્રમુખ તરીકે ભારતભરના વિશિષ્ટ યોગકેન્દ્રોની મુલાકાત લીધી હતી. તેઓએ જયપુર, ગ્વાલિયર, દિલ્હીમાં વિશ્વાયતન યોગાશ્રમ તથા સી.સી.આઈ.એમ.એ.ની મુલાકાત લીધી હતી. આ ઉપરાંત ચંદીગઢ, સિમલા, યમુનાનગર, અંબાલા, વારાણસી, ગોહટ્ટી, નાગપુર, હૈદરાબાદ, મદ્રાસ, તિરૂપતિ, ત્રિવેન્દ્રમ્, બેંગ્લોર, મૈસૂર, પૂના, લોનાવાલા, મુંબઈ વગેરે યોગ-કેન્દ્રોની મુલાકાત લીધી હતી.

તા. ૧૮-૧૦-૧૯૭૮ ના રોજ સ્વામીજી 'વિશ્વાયતન યોગાશ્રમ' અને 'સેન્ટ્રલ ઇન્સ્ટિટ્યૂટ ઑફ રિસર્ચ'ના વડા તરીકે નિયુક્ત થયા. તેથી તેઓને અમદાવાદ છોડી દિલ્હી જવાનું થયું. ૧૯૮૦ સુધી ત્યાં રહ્યા બાદ પાછા અમદાવાદ આવી યોગાશ્રમનું સુકાન સંભાળી લીધું.

તા. ૯-૯-૧૯૭૯ ના રોજ સ્વામીજી મહર્ષિ મહેશયોગીના વિશેષ નિમંત્રણથી તેમના યુરોપનાં યોગકેન્દ્રોનું નિરીક્ષણ કરવા તથા સાધકોને આશીર્વાદ આપવા 'વિશ્વાયતન યોગાશ્રમ' દિલ્હીથી સીલસબર્ગમાં આવેલી પેરૂ યુનિ.(સ્વીટ્ઝર્લેન્ડ)માં ગયા. ત્યાંથી સ્વીડન, બર્મિંગહામ, માંચેસ્ટર, લીસ્ટર, લેક્ષોન, મિન્ટમોર,

લંડન આદિ સ્થળોએ ત્યાંના યોગકેન્દ્રોમાં નિરીક્ષણ તેમજ પ્રવચનાર્થે ગયા હતા.

સ્વામી મનુવર્યજીએ અષ્ટાંગ યોગને સંપૂર્ણપણે જીવી બતાવ્યો. તેમજ હજારો લોકોને અષ્ટાંગયોગની દીક્ષા આપી, અનેકનાં જીવન અજવાળ્યાં.

ગુરુજીએ ગુજરાતમાં સર્વત્ર યોગની પ્રવૃત્તિનો પ્રસાર કર્યો. શ્રી ગજેન્દ્રભાઈ પટેલે અતુલમાં રહીને, શ્રી દિનુભાઈ પટેલ તથા શ્રી ભરતદાસજી મહારાજે સંતરામ મંદિર - નડિયાદમાં, શ્રી વિષ્ણુભાઈએ વડોદરામાં, શ્રી વૈષ્ણવદાસજી મહારાજે રાજકોટમાં, શ્રી જનકભાઈ આચાર્ય, વિવેકભાઈ આચાર્ય તથા શ્રી બિરજુ આચાર્યે અમદાવાદમાં ગુરુજીની જ પ્રેરણા અને આશીર્વાદથી યોગસાધના પ્રસારી છે. અત્યારે યોગસાધન આશ્રમમાં દિવસમાં ચાર વર્ગો ચાલે છે. શ્રી વિવેકભાઈ આચાર્ય યોગાશ્રમ સોસાયટીમાં 'યોગાયતન' આશ્રમમાં અનેક સાધકોને યોગવિદ્યાના પાઠ ભણાવે છે.

વૈદ્યશ્રી પુનિતા આચાર્ય તથા બિરજુ આચાર્ય અઠવાડિયામાં બે દિવસ યોગ સાધન આશ્રમમાં, વૈદ્યકીય સારવાર દરદીઓને આપે છે.

ઈ.સ. ૧૯૭૨માં અખિલ ભારત યોગ પરિષદ અમદાવાદમાં યોજી, પૂ.પા. ગુરુજીએ ગુજરાતને ભારતના નકશામાં અદકું સ્થાન અપાવ્યું હતું.

૧૯૮૨માં ચીનમાં ધાર્મિક સ્વાતંત્ર્યની ઘોષણા કરવામાં આવી. આ શુભ અવસર પર સ્વામીજી શ્રી મહેશ યોગીજી તથા જ્યોતિષપીઠના શંકરાચાર્યની સાથે ચીન, રશિયા અને સ્વીટ્ઝર્લેન્ડ યોગસંદેશ આપવા ગયા હતા.

'તંદુરસ્ત શરીરમાં તંદુરસ્ત મન' તંદુરસ્ત મન સાથે સ્વસ્થ, સુદૃઢ, શરીર' એ જ રાષ્ટ્રની સાચી સંપત્તિ છે. યૌગિક પ્રક્રિયાઓ દ્વારા માનવને લૌકિક તેમજ પારલૌકિક શ્રેયનો માર્ગ ચીંધવા વર્ષોથી ધૂણી ધખાવીને ગુરુજી યોગસાધન આશ્રમમાં બિરાજ્યા હતા.

આશ્રમની રોજિંદી પ્રવૃત્તિઓમાં યોગાસનો, પ્રાણાયામ, ધ્યાન, ભજનકીર્તન, યોગવિષયક સેમિનારો, શિબિરો, યોગપદ્ધતિ વડે રોગોપચાર, રક્તદાન-શિબિરો, યાત્રાઓ વગેરેનો સમાવેશ થાય છે.

યોગસાધન આશ્રમનો પૂજા ધ્યાનખંડ અદ્ભુત છે. આ એક એવું વિશિષ્ટ સ્થાન છે, જ્યાં બેસી ગમે તેવો દુઃખી કે શોકાતુર માનવ પણ મનની શાંતિ પામી શકે છે. પ.પૂ. ગુરુજીએ આ ખંડમાં વર્ષો સુધી એમની યોગ-તપ સાધના કરી હતી. જેનાં આંદોલનો આજ પણ હરકોઈ સાધક ત્યાં સતત અનુભવે છે ને ધન્ય બને છે. તથા પરમશાંતિનો અનુભવ કરે છે.

'યોગસાધન આશ્રમ' ગુજરાતનું નાભિકેન્દ્ર છે. પ.પૂ. સ્વામીશ્રી મનુવર્યજીએ ઈ.સ. ૧૯૩૬ની સાલથી આશ્રમની સ્થાપના કરી સુકાન સંભાળ્યું. ત્યારથી એમની છત્રછાયા હેઠળ આશ્રમમાં અનેકવિધ શ્રેયાત્મક સાત્ત્વિક પ્રવૃત્તિઓ થતી રહી છે. જેણે અનેકોનાં હૃદયને અજવાળી આત્મદર્શન કરવાની પ્રેરણા આપી છે.

આશ્રમમાં આવતા સાધકો પાસેથી કોઈપણ પ્રકારની ફી લેવામાં આવતી ન હતી, તેઓના બ્રહ્મલીન થયા પછી પ્રતીકાત્મક થોડી ફી (રૂ. ૨૦૦) લેવામાં આવે છે.

પૂ.પા. ગુરુજીના નેજા હેઠળ આશ્રમ યોગવિદ્યા દ્વારા અનેક યુવક યુવતીઓને જીવનની સાચી દિશા બતાવી સન્માર્ગે વાળવામાં સહાયભૂત બનતો રહ્યો છે. 'યોગદ્વારા આરોગ્યરક્ષા'નું સૂત્ર આશ્રમની યોગવિદ્યા દ્વારા વહેતું થયું. વર્ષોથી હજારો સાધકોએ આશ્રમને આંગણે આવી પૂ. ગુરુજીની છત્રછાયા હેઠળ, તેઓના માર્ગદર્શન હેઠળ પોતાના તન અને મન બંનેને યોગ દ્વારા સુદૃઢ બનાવી શરીર અને આત્માનો વિકાસ સાધ્યો છે. આશ્રમમાં જાતિ, ધર્મ, ઊંચ-નીચના ભેદભાવ વિના સૌ કોઈ આવીને પોતાનું શ્રેય સાધી શકે છે.

આશ્રમની અનેકવિધ શુભનિષ્ઠ પ્રવૃત્તિઓ દ્વારા આજના વિખરાયેલા તનાવયુક્ત, વિક્ષિપ્ત મનોદશાવાળા માનવને સંપૂર્ણ શાંતિ મળે છે. ખોવાયેલાને દિશાભૂલ્યાને અંદાજ સાચો માર્ગ સાંપડે છે. સંસારની ભુલભુલામણીમાં પોતાની અસ્મિતા અને સ્વને ગુમાવી બેઠેલા માનવને અહીં પોતાનું ખોવાયેલું નિજત્વ પાછું મળે છે. આખો માનવસમાજ આજે જ્યારે બાહ્ય ચમકદમકમાં અંજાઈ દિશા ભૂલ્યો છે, ત્યારે ગુરુજીએ સૌને સાચી આત્મવિકાસની દિશા ચીંધી છે.

યોગસાધન આશ્રમનો ઉદ્દેશ યોગવિદ્યાનું પુનરુત્થાન કરી તેની સનાતન પરંપરાની રક્ષા અને તેનો પૂર્ણ વિકાસ એ રહ્યો છે. ને બીજો ઉદ્દેશ યૌગિકવિદ્યાના સિદ્ધાંતોના આચરણ વડે વ્યક્તિ-સમાજ અને દેશનું સ્વાસ્થ્ય ઉત્તમ બનાવી દેશની સાચી ઉન્નતિ સાધવાનો પૂ. ગુરુજીની નિશ્રામાં એમના આશીર્વાદ અને વર્ષોની તપસ્યાને અંતે સદ્ભાગ્યે આ બંને હેતુ સંપૂર્ણપણે સિદ્ધ થઈ શક્યા છે.

ભારતની કેન્દ્ર સરકારની સહાયથી 'યૌગિક સંશોધનકાર્ય' પણ ૧૯૭૨થી શરૂ કરવામાં આવ્યું છે. તથા ૧૯૭૨થી નિયમિતરૂપે યોગવિજ્ઞાન વિષયક ત્રૈમાસિક 'યોગનવનીત' પ્રગટ થાય છે. જેમાં યોગ તથા અધ્યાત્મ વિદ્યાના વિષયો પર અનેક અભ્યાસી મહાનુભાવોના લેખ પ્રગટ થાય છે.

આ ઉપરાંત વિદેશોમાંથી પણ ભારત આવી અનેક યોગપ્રેમીઓએ આશ્રમ પૂ.પા. ગુરુજીના માર્ગદર્શન હેઠળ યોગની તાલીમ મેળવી છે.

યોગસાધન આશ્રમ તરફથી જેલવાસીઓ, ઑફિસરો, પોલિસ અફસરો વગેરે માટે પણ અવારનવાર યોગ-તાલીમ શિબિર યોજાય છે. જેમાં લાયન્સ ક્લબ તથા રોટરી ક્લબનો સહયોગ પણ અવારનવાર સાંપડતો રહે છે.

''યોગવિદ્યા તો સર્વસાધારણ શરીરનો સ્વીકાર કરે છે. 'સ્થિર સુખ આસનમ્' - આસનથી સ્થિરતા આવે. જે સુખ આપે. પ્રાણ સ્થિર થાય. એ માટે પ્રાણાયામ કરવાનો છે, પ્રાણની સ્થિરતાથી મનની સ્થિરતા આવે. માના ગર્ભમાંથી બાળક બહાર આવે, ત્યારથી શ્વાસ શરૂ થાય છે પણ આપણું જીવન માત્ર વર્ષોમાં સમાયું નથી. Fast life જીવીએ તો પ્રાણનો, શ્વાસનો હ્રાસ થાય, પ્રાણનું નિયંત્રણ કરવાનું છે. આસનથી શરીર સ્થિર, અને સ્વસ્થ બને. Fast life થી શ્વાસ ઓછા થઈ જાય. સ્થિતિને જોવાની છે. દૃષ્ટા બનવાનું છે. પ્રાણનું જોડાણ મહાસત્તા સાથે છે. શરીર રૂપી ઉપાધિને લીધે ભેદ જણાય છે. મનોવૃત્તિ સ્થિર થાય પછી જુઓ એની મજા. આ અનુભૂતિનો વિષય છે. બુદ્ધિનો નહિ. પ્રાણનું નિરીક્ષણ કરતાં અંદર બહાર સમતા આવશે. સત્તામાં પ્રતિષ્ઠા પમાશે. આપણું વ્યક્તિત્વ નારાયણથી જરાપણ જુદું નથી. 'जीवो ब्रह्मैव नापरः' જીવાત્મા પરમાત્મા એકરૂપ છે. આકાશ મેળવવાનું નથી. એ અડીખમ અહીં જ રહેલું છે. બધા બહાર દોટ મૂકે છે. ઉદ્ગમ છે, ત્યાં જ વિલીન થવાનું છે. આનંદ આનંદ થઈ જાય.''

આ વાત અમૃત મહોત્સવ વખતે ગુરુજીએ સૌને કરી હતી. ગુરુજીએ અનેક શાસ્ત્રોનો અભ્યાસ કર્યો હતો. યોગ, ધ્યાન, અધ્યાત્મ તથા ભક્તિવિષયક અનેક પુસ્તકો પણ લખ્યાં છે.

પરમપદની પ્રાપ્તિ માટે ગણાવાયેલા બધા જ ગુણો સ્વામી મનુવર્યજી ધરાવતા હતા. કામત્યાગ, કામવાસનાનો ત્યાગ, ભોગાસક્તિનો ત્યાગ, સંગ્રહત્યાગ, આત્મસંયમ, ઇન્દ્રિય સંયમ, જિતેન્દ્રિયતા, મનોનિગ્રહ, મનઃશાંતિ જેવા ગુણો તેમને જન્મજાત મળેલા હતા. તેમનું સમગ્ર જીવન અનાસક્તિ અને અસંગભાવથી યુક્ત હતું. સુખદુઃખ, લાભહાનિ, રાગદ્વેષ જેવા દ્વંદ્વથી તેઓ પર હતા.

અનેકવિધ સરકારી ક્ષેત્રમાં બિરાજેલા મહાનુભાવો તથા અન્ય વિશિષ્ટ વ્યક્તિઓ તરફથી આશ્રમ માટે જગ્યા આપવા કે મકાન બંધાવવા અપાયેલા નિમંત્રણનો, સવિનય તેઓએ અસ્વીકાર કર્યો હતો.

આજે પણ 'યોગસાધન આશ્રમ' ભાડાના મકાનમાં જ ચાલે છે ને અનેકવિધ યૌગિક પ્રવૃત્તિઓ કરે

છે. તેઓ સૌને આત્મવત્ માનતા. જ્ઞાન, કર્મ અને ભક્તિનો ત્રિવેણીસંગમ એમના જીવનમાં વ્યાપેલો હતો. જેના પરિણામે તેમના જીવનમાં સદા ઈશ્વરપરાયણતા, ઈશ્વરશરણતા, ઈશ્વરશ્રદ્ધા વણાયેલી જ રહેતી.

કર્મયોગનો જીવનસંદેશ આપનારા સ્વામીજી સતત અવિરત યોગ, ધર્મ, ભક્તિના પ્રચાર અને પ્રસાર અર્થે કાર્યરત રહ્યા.

બ્રહ્મલીન થતાં પહેલાં માત્ર છેલ્લા ચાર માસ, ત્રીજા ચોથા મણકામાં ટ્યુબરક્યુલોસીસ ઈન્ફેક્શન થતાં પથારીવશ રહ્યા. ૨૨ મી મે (૨૦૦૦) રોગનું નિદાન થતાં ડૉ. સુમંત શાહની સારવાર શરૂ થઈ. ૫ જૂન, ૨૦૦૦ ને દિવસે વધુ તકલીફ થતાં Life line માં પૂ. ગુરુજીને દાખલ કરવામાં આવ્યા. છઠ્ઠી જૂને તેઓને વડોદરા લઈ જવામાં આવ્યા. ત્યાં ડૉ. ચૈતન્ય જોશી તથા ડૉ. કુલકર્ણીની સારવાર હેઠળ રખાયા પણ પછી તબિયત વધુ લથડવા લાગી.

ફરી પાછા ૨૬મી જુલાઈએ તેઓને અમદાવાદ પાછા લાવવામાં આવ્યા. નાજુક સ્થિતિમાં સહેજ સુધારો થવા લાગતાં આશા બંધાવા લાગી. વ્હીલચેરમાં બેસી ઘરમાં થોડું ફરતા થયા. ડો. મહાદેવ દેસાઈ, તથા ડૉ. સુધીર શાહની સારવારથી સહેજ સારું થતું લાગ્યું પણ એ આશા ઠગારી નીવડી. સપ્ટેમ્બરની વીસમી પછી કીડની તથા લંગ્સમાં ઈન્ફેક્શન વધતાં પાછી તબિયત લથડી. અઠ્ઠાવીસમી સપ્ટેમ્બર પછી પૂ.પા. ગુરુજીએ ખોરાક, દવા, બધું બંધ કરી દીધું ને જાણે પોતાને પરમતત્ત્વ સાથે એકલીન કરી દીધા. છેક સુધી સભાન સજાગ અવસ્થામાં રહ્યા.

પાંચમી ઑક્ટોબર આસો સુદ આઠમે રાત્રે સવાદશ વાગ્યે તેઓ બ્રહ્મલીન થયા. છઠ્ઠી ઑક્ટોબરે સવારે છ થી અગિયાર દરમિયાન દર્શનાર્થીઓની ભીડ જામી, બપોરે અગિયાર વાગ્યે એમની સમાધિયાત્રા નીકળી. વડોદરા બે કલાક રોકાઈ, જ્યાં વડોદરાના સાધકોએ પણ ભાવભરી અંજલિ અર્પી, પછી સમાધિયાત્રા ચાણોદ કરનાળી પહોંચી. જ્યાં ગંગનાથ ઘાટ પર સાંજે પાંચ પંદરે દૈવી મંત્રોચ્ચાર સાથે તેઓને નર્મદાના પવિત્ર નીરમાં જળ સમાધિ અપાઈ ને એમ વ્યક્ત તત્ત્વ અવ્યક્તમાં લીન થયું.

સંતો સદા જન્મ મૃત્યુથી પર જ હોય છે. ઈશ્વરે સોંપેલાં સત્કર્મો કરવા તેઓ અવતાર ધારણ કરે છે, ને એ પૂરું થતાં પ્રભુ એમને પોતાની પાસે બોલાવી લે છે.

'સુખદુઃખ દોનોં સમ કરિ જાનૈ, ઔર માન અપમાના

હર્ષ શોક તે રહે અતીતા, તિન જગતત્ત્વ પિછાના.

આવું હતું એમનું જીવન.

ગીતા જેને 'तत् धाम परमं मम्' કહે છે ત્યાં આ પરમહંસ પહોંચી ગયા.શરીર તો નષ્ટ થવાનું જ, એ એનો સ્વભાવ છે. शर्यते इति शरीरः, જે સતત ક્ષીણ થઈ નષ્ટ થાય છે, તે શરીર. પ.પૂ. ગુરુજીના આત્માએ તો લોકકલ્યાણાર્થે જ દેહ ધારણ કર્યો હતો.

ગુરુજી હવે સદેહે આપણી વચ્ચે નથી એ સાચું, એમનું મુક્ત નિર્દોષ હાસ્ય હવે આપણે સાંભળી નહિ શકીએ, એમનો વાત્સલ્યસભર હાથ આપણા મસ્તક પર મુકાતો હવે બંધ થઈ ગયો. એમની મધુરવાણી, એમના નયનમાંથી સતત વહેતો કરુણાનો પ્રેમઝરો આપણે કદાચ સ્થૂળરૂપે અનુભવી નહિ શકીએ.

ને છતાં બે આંખ મીંચી એમનું ધ્યાન ધરીશું, તો ગુરુજી એવાને એવા તેજોમયરૂપે આપણે જોઈ શકીશું. કર્ણસ્ય કર્ણ, ને નેત્રસ્ય નેત્ર વડે જરૂર એ દિવ્યદર્શન લાધશે.

ગુરુજી માટે મંગલમંદિરનાં દ્વાર ખૂલી ગયાં. દેવદૂતોની સમીપે પરમધામની યાત્રા કરતી વખતે જરૂર કોઈ અજાણ્યા દિવ્ય સુખની અનુભૂતિ એમને થઈ હશે. એ પળ, પરમતત્ત્વ સાથેના મિલનની એ પળ, એમને

માટે હર્ષવર્ધન, સ્નેહ-વર્ષણ સંતાપહારી, હેમશીતલ બની ગઈ હશે. સાન્તમાંથી અનંત પ્રત્યેનું એ પ્રયાણ શાશ્વતી સાથેનું મિલન બની રહેશે.

ભગવા પટકુળ પહેરી, કપાળે કંકુની પિયળ સાથે જાણે પ્રિયને અભિસારે નીકળેલો મુક્ત હંસલો, વિરાટમાં ભળી ગયો.

દિશા પારથી જાણે દિવ્યભવ્ય મંગળ સવારી આવી. વાજતે ગાજતે ભૈરવતાનની વેણુ વાગી, બુલબુલે ડાળ પર બેસી દિવ્ય નૃત્યની સાથે તાલ આપતાં શિવોડહમ્ શિવોડહમ્‌નો નાદ કરતાં તેઓ પરમને પ્રદેશ ચાલી નીકળ્યા.

પરમધામને દ્વાર એમને સત્કારતાં મૃદંગો બાજતાં સંભળાયાં હશે. એ અગમ્ય, અજાણ્યા તટે, પેલો મધુર બંસીવાળો નટખટ કનૈયો એમને આલિંગવા, બાહુ પ્રસારી ઊભો હશે.

પૂ.પા. ગુરુજીએ તો 'પરમબોધિ'ની અવસ્થા ક્યારની પામી લીધી હતી. તેથી જ તો પેલા દિવ્ય મંત્રજાપની અખંડ ધૂનમાં, એમનો મંત્રજાપ સહેજે લીન થઈ ગયો. અજન્મા આત્મતત્ત્વને એમણે તો ક્યારનુંય પિછાની લીધું હતું. કાયોત્સર્ગનો મર્મ એમણે પિછાની લીધો હતો. તેથી તો તેઓ સદા જીવનમુક્ત હતા. સદા આજીવન દેહાધ્યાસથી પર રહી, સાક્ષીભાવે જીવનાર એ દિવ્ય વિભૂતિનું જીવન તો શુભ્રધવલ કલગી સમું હતું.

તેઓશ્રી આપણી સાથે જ છે. એમનો વરદ હસ્ત, એમનું નિર્દોષ હાસ્ય એમના નયનનું વત્સલ અમીઝરણું આજે પણ આપણે પળેપળે અનુભવીએ છીએ, ને તેથી જ, અત્યારે પણ એમના બ્રહ્મલીન થયાને આઠ વર્ષ પૂરાં થયાં છે ત્યારે પણ તેઓની જ પરમ કૃપાને કારણે યોગસાધન આશ્રમની પ્રવૃત્તિ ધમધોકાર ચાલ્યા કરે છે.

યોગ સાધન આશ્રમના અણુ અણુમાં, આશ્રમના વૃક્ષને પાંદડે પાંદડે, ગુરુજીના અવિરત આશીર્વાદ સાંપડે છે ને સાંપડતા રહેશે, એવી શ્રદ્ધા છે.

સદોદિત ભાણસમા ગુરુજી તો સાક્ષાત્ મૂર્તિમંત, જ્ઞાન, કર્મ, ભક્તિ અને યોગના સમન્વયરૂપ હતા. સતત પાંસઠ વર્ષ સુધી અવિરત તેઓએ એમની અમૃતવાણીનું રસપાન હજારો સાધકોને કરાવ્યું હતું. એ શબ્દો હજુય આપણા સૌના કાનમાં ગૂંજે છે.

**ગુરુજી રચિત પુસ્તકો :**

૧. ઈશાવાસ્ય ઉપનિષદ્ (ગુજ.)
૨. 'વિજ્ઞાન ભૈરવ'
૩. 'યોગાસન', ગુજરાતી શબ્દાર્થ સાથે વિવરણ
૪. 'ષટ્ચક્ર નિરૂપણ' - મૂળ સંસ્કૃત
૫. *Meditation.*

**સંદર્ભ ગ્રંથ :**

૧. 'ઊગ્યો છે ભાણ-'
૨. 'સ્વામી મનુવર્યજીની અમૃતમહોત્સવ સ્મરણિકા'

# આદિવાસીઓનું આગવું લોકવાર્તા વિશ્વ

◈

જોરાવરસિંહ જાદવ★

સમાજમાં ઘણી વાર સુખદ અકસ્માતો સર્જાતા હોય છે એમ સાહિત્ય અને સંશોધન ક્ષેત્રે પણ આનંદદાયક અકસ્માતો સર્જાતા રહે છે. યુવાનીના ઉંબરે અલપઝલપ કરતી યુરોપની એક યુવતી દાયકાઓ પૂર્વે સાધ્વીપણું સ્વીકારીને ગુજરાતમાં આવે. અમદાવાદની સેઇન્ટ ઝેવિયર્સ કૉલેજમાં ગુજરાતી ભાષા શીખીને એ વિષય સાથે સ્નાતક થાય. પૂર્વજન્મનું કોઇ ઋણ ચૂકવવા આવી હોય એમ સાબરકાંઠા જિલ્લાના ડુંગરી ગરાસિયાઓ આદિવાસીઓની સેવામાં વનવાસી બનીને વિટંબણાઓના વન વચ્ચે જિંદગીનાં મૂલ્યવાન વર્ષો વાપરી નાખે. એમની સંસ્કૃતિને સમજવા માટે આદિવાસી જીવનમાં ઓતપ્રોત બની, આદિવાસી નારીઓને સહિયરો બનાવી, વિશ્વાસ સંપાદન કરી એમનાં હૈયાંકપાટ ઉઘડાવી મુખપાટીની કંઠસ્થ દંતકથાઓ અને લોકકથાઓ સાંભળી, પૂર્ણપણે સમજી કાગળ ઉપર 'રાજકુમારી ફૂલવંતી' : ડુંગરી ગરાસિયા લોકકથાઓ' નામે સંશોધનમૂલક વાર્તાસંગ્રહ સંપડાવે એને ગુજરાતી સાહિત્ય જગતની સુખદ ઘટના નહીં તો બીજું શું કહેવાય ?

આવી સુખદ ઘટના સર્જનાર સન્નારી જન્મે યુરોપિયન છે, પણ યુગોસ્લાવિયામાં ઊછર્યાં છે. સમાજસેવાના ક્ષેત્રે કંઇક કરી બતાવવાનાં અદમ્ય ઉત્સાહ અને શમણા સાથે સને ૧૯૭૧માં ગુજરાતની ધરતી પર પગ મૂકનાર સન્નારીનું નામ છે મરિયા શ્રેસ મિત્સ્કાબહેન.

ગુજરાતના સાહિત્યરસિકો હવે આ નામથી અજાણ નથી. 'ગિરાસમાં એક ડુંગરી' (સને ૧૯૯૪) પુસ્તકમાં એમણે સાબરકાંઠાની આદિવાસી બહેનોના શારીરિક શોષણની હૃદયસ્પર્શી પ્રસંગકથાઓ આલેખી છે. ગુજરાતી સાહિત્ય પરિષદે એમની શતાબ્દીની ઉજવણીના ભાગરૂપે સાહિત્યનાં સો શ્રેષ્ઠ પુસ્તકો પ્રકાશિત કર્યાં, એમાં ઉપરોક્ત પુસ્તકનો સમાવેશ કર્યો છે. એને સને ૧૯૯૪ના વર્ષના શ્રેષ્ઠ પુસ્તક તરીકે ગુજરાત સાહિત્ય અકાદમીનો દ્વિતીય પુરસ્કાર પણ પ્રાપ્ત થયો. આમ મરિયા શ્રેસે ગુજરાતી સાહિત્ય જગતમાં ધમાકેદાર પ્રવેશ કર્યો છે.

હવે તેઓ 'ડુંગરી ગરાસિયા લોકકથાઓ'ના સંગ્રહ સાથે આવે છે. લોકકથા કે લોકવાર્તાની વાત કરીએ તો પૃથ્વીના પટ પર વસતી સુધરેલી કે પછાત કોઈ પણ પ્રજા વાર્તારસ વિહોણી જોવા મળતી નથી. લોકવાર્તા સાંભળવાની ઉત્કંઠા કુદરતે માનવીને જન્મની સાથે આપેલી નૈસર્ગિક ભેટ છે. તેથી જ વાર્તારસનાં ઝરણાં વિશ્વભરના તમામ દેશોમાં અખંડપણે વહેતાં રહ્યાં છે. આબાલવૃદ્ધ સૌને એકસરખો આનંદ આપનાર તત્ત્વ વાર્તાતત્ત્વ છે. આપણે ત્યાં છોકરાંઓ બાળપણના કુતૂહલને કારણે, તરુણો રસિકતાને લીધે અને પ્રૌઢો નિવૃત્તિનો સમય આનંદમાં ગાળવા જુગજૂની વાર્તાઓ સાંભળતાં આવ્યાં છે. આ લોકવાર્તાઓની પરંપરા લોકસંસ્કૃતિના પરોઢ પુરાણી છે.

લોકકથા શબ્દ તો બહુ મોડો આવ્યો. વિદ્વાનો લોકકથાઓની પરંપરાનો આદિસ્રોત વેદોમાં વહેતો જુએ છે, તો બીજા કેટલાક માને છે કે આર્યો પોતાના નિવાસસ્થાનમાં ઠરીઠામ થયા તે પૂર્વે અહીંના મૂળ નિવાસીઓમાં લોકકથાઓ પ્રચલિત હતી. તેમાં આદિજાતિઓની કથાઓને નિઃસંકોચ મૂકી શકાય. ઇતિહાસ કે હકીકતના આધાર વિનાની આ કલ્પિત કથાઓ માનવજીવનના મહિમાની અજરામર ગાથાઓ છે. આદિમાનવે પ્રકૃતિમાં ચેતનતત્ત્વનો સળવળાટ જોયો. આનંદવિભોર બનીને એણે માનવજીવન ઉપર પ્રકૃતિના પ્રદાનને નિહાળ્યું. એનું વિચારવલોણું ચક્કર-ભમ્મર ફરવા માંડ્યું, એમાંથી આપણા અભણ વનવાસી ભાંડુઓને અંતરે

★ મેનેજિંગ ટ્રસ્ટીશ્રી, લોકકલા ફાઉન્ડેશન, અમદાવાદ.

સુંદર કલાવિધાનમાં સજ્જ થઇને લોકકથાઓનો સર્જનફાલ ઊતર્યો હશે એવું અનુમાની શકાય.

યુરોપ અને અમેરિકામાં લોકકથાના અભ્યાસ અને સંશોધનનું ક્ષેત્ર વિસ્તર્યું. ફૂલ્યુંફાલ્યું, એની લહેર ભારતમાં આવી. કર્નલ ટૉડે રાજસ્થાનનો ઇતિહાસ લખ્યો. એમાં લોકવાર્તાઓનો આધાર લીધો. સર આર. સી. સને ૧૮૮૪માં *Legends of Punjab* પ્રગટ કરી. ડબલ્યુ કર્કે North India Notes and Queries નામનું સામયિક શરૂ કર્યું. રેવ. કેમ્પબેલ અને રેવ.જે.એચ. નૉલિજે સંથાલ અને કાશ્મીરની લોકવાર્તાઓ આપી. શ્રીમતી ડકોર્ટે *Simla Village* આપી અને રેવ. સી. સ્વિનર્ટને *Romantic Tales from Punjab* આપી. ડૉ. વેરિયર એલ્વિને મુંડા, સંથાલ અને આદિવાસી જાતિઓ ઉપર નોંધપાત્ર કામ કર્યું. ઍલેક્ઝાંડર ફૉર્બ્સ નામના અંગ્રેજ અમલદારે કવીશ્વર દલપતરામની મદદથી રાસમાળાના બે ભાગ આપ્યા. કચ્છમાં જૂના કાળે કલેક્ટર તરીકે આવેલા મૅકમરડોએ કમાંગરોને બોલાવીને પોતાના બંગલામાં રામાયણની કમાંગરી શૈલીની ચિત્રકથાઓ દોરાવી હતી. એણે પણ ગુજરાતી ભાષા શીખી લીધી હતી. જેમ્સ બર્જેસે સૌરાષ્ટ્રના શિલ્પસ્થાપત્ય પર સંશોધન કરીને સને ૧૮૭૪માં *Antiquities of Kathiawad and Kachh* નું પ્રકાશન કર્યું. ફાધર વાલેસ તો ગુજરાતમાં આવીને ગુજરાતી જ બની ગયા અને ગુજરાતી ભાષામાં અનેક પુસ્તકો આપ્યાં. આ પરંપરામાં મરિયા શ્રેસનું વધુ એક નામ ગૌરવપૂર્ણ રીતે ઉમેરાય છે.

ભારતની કુલ વસતિમાં આદિવાસી વસતિનું પ્રમાણ ૬.૮૬% જેટલું છે. ગુજરાતના આદિવાસીઓ અને એમના વિસ્તારોની વાત કરીએ તો આપણે ત્યાં આદિવાસી વસતિનું પ્રમાણ ૧૩.૩૫ ટકા એટલે કે ભારત કરતાં બમણું છે. જુદાં જુદાં રાજ્યોમાં આદિવાસી વસતિની ભૂમિજન, ગિરિજન, રાનીપરજ,કાળીપરજ, વન્યજાતિ કે વનવાસી તરીકે ઓળખાય છે. દાંતા તાલુકામાં પથરાયેલ ડુંગરોની હારમાળાથી શરૂ થઈ પોશીના, ખેડબ્રહ્મા અને વિજયનગર તરફ વળીને દક્ષિણ તરફ નીચે ઊતરી પંચમહાલ અને ઉત્તરપૂર્વ સીમાને આવરી લઈ દક્ષિણે આવેલ નાનછલ વિભાગમાંથી પસાર થઈ સુરત જિલ્લાના માંડવી તાલુકાથી આગળ વધી વાંસદા, ડાંગ, ધરમપુર સુધી પહોંચતી પટ્ટીનો ડુંગરાળ અને જંગલવાળો પ્રદેશ ગુજરાતના આદિવાસીઓનું મુખ્ય રહેઠાણ છે. આ પ્રદેશો પૂર્વમાં સાતપુડા અને વિંધ્યની પર્વતમાળામાં, દક્ષિણમાં સહ્યાદ્રિની પર્વતમાળામાં ને ઉત્તરે અરવલ્લીની પર્વતમાળામાં આવેલા છે.

'ડુંગરી ગરાસિયા લોકકથાઓ' ઉત્તર ગુજરાતના સાબરકાંઠા જિલ્લામાં આવેલ અરવલ્લીની પર્વતમાળામાં ભિલોડા, વિજયનગર અને મેઘરજ તાલુકામાં વસતા ડુંગરી ગરાસિયા સમાજની છે, જે અરવલ્લીની ડુંગરમાળની નાની નાની અવશિષ્ટ હારમાળાઓની વચ્ચે ગિરિમાળાની તળેટીમાં છૂટાંછવાયાં ખોલરાં અર્થાત્ છાપરાં બનાવીને વસવાટ કરે છે. પ્રકૃતિની ગોદમાં વસનારી આ પ્રજાની નિજી સંસ્કૃતિ છે. એમનાં પોતાનાં પહેરવેશ, ઘરેણાં, દેવદેવલાઓ,વાજિંત્રો, હથિયારો, ઘરનું રાચરચીલું, ઉત્સવો, માન્યતાઓ, વહેમો, શ્રદ્ધા, અંધશ્રદ્ધા, ભૂતપ્રેત વિશેની માન્યતાઓ છે. આ બધાંની વચ્ચે લોકસાહિત્ય અને લોકકથાઓની ફૂલવાડી પ્રસન્નપણે પાંગરેલી જોઈ શકાય છે. એ ફૂલવાડીમાંથી ચૂંટેલી પાણીદાર મોતી જેવી લોકકથાઓની ફૂલછાબ ભરીને મરિયા શ્રેસ ગુજરાતી વાચકો સમક્ષ ઉપસ્થિત થયાં છે. વાંચતાં જ અંતરના આનંદમોરલા ટહુકી ઊઠે એવી આ કથાઓ છે. ડુંગરી ગરાસિયાઓમાં કંઠસ્થરૂપે પ્રચલિત ઉત્પત્તિ કથાઓ સાંપડે છે. આ બધી કથાઓમાંથી જે કંઈ પ્રાપ્ત થાય છે તે માત્ર વર્તમાન જીવનસંદર્ભને જ પ્રગટ કરે છે એવું નથી. એમાં હજારો વર્ષ જૂની વનવાસી સંસ્કૃતિનાં કિમતી કણો, માન્યતાઓ અને સંસ્કારો સચવાયેલાં છે, જે પોતાના યુગના સમયની સંસ્કૃતિનો ઇતિહાસ કહે છે, જેનું પગેરું કદાચ નિષાદ સમયની સંસ્કૃતિના કેડા સુધી પહોંચવા સંભવ છે.

આજે સુનામી, વાવાઝોડાં, અતિવૃષ્ટિ, ધરતીકંપ, પ્રલય જેવી હોનારતો જગત આખાને રંજાડે છે. આ વાત હજારો વર્ષ પૂર્વે રચાયેલી 'સુવર્ણયુગ અને જળપ્રલય'ની લોકકથામાં અનોખી રીતે કહી છે. સ્ત્રીપુરુષો સુંવાળા સહવાસમાં રમમાણ રહેવા લાગ્યાં. વસતિ વધારાને કારણે ભૂખમરો પેદા થવાની સ્થિતિ સર્જાઈ.

ડુંગરી ગરાસિયા વસતિમાં મહાવિસ્ફોટ થઈ રહ્યો હોય એવું લાગ્યું. છેવટે અતિવૃષ્ટિથી થયેલી પૂરહોનારતમાં સૌ હોમાઈ ગયાં. આ સર્વનાશ પછી માત્ર કાવો અને કોવી નામનાં પુણ્યશાળી સ્ત્રીપુરુષ ઊગરી ગયાં. કથાનો તંતુ આગળ ચાલે છે : 'અડધી રાતે વાતાવરણમાં અચાનક નિસ્તબ્ધતા છવાઈ ગઈ અને એમણે બે સફેદ આકૃતિઓને જોઈ. તેમના ચહેરા દેખાતા નહોતા. પહેલી આકૃતિએ કહ્યું : ''તમે અને તમારા પૂર્વજો જે કુદરતને જાણતા હતા, જે તમારી રક્ષક હતી, તેનું હું બીજું સ્વરૂપ છું. તેનું મેલું રૂપ દેવ છું. તમારા પૂર્વજોએ સ્વતંત્રતાને સ્વચ્છંદતાનું રૂપ આપી દીધું તે હું સહન કરી શક્યો નહીં. તેમની આ સ્વચ્છંદતા (કુદરતથી વિપરીત વ્યવહાર) જ તેમને નડી અને પ્રલયને કારણે સર્વનાશ થયો. કુદરત તમારા પર મહેરબાન હતી માટે તમે બે જીવતાં રહ્યાં.'' વિજ્ઞાન અને ટૅકનોલૉજીના ક્ષેત્રે હરણફાળ ભરી, પર્યાવરણને બગાડી મૂકી, કુદરતથી કેટલાંય યોજન દૂર નીકળી ગયેલા વિશ્વના માનવીઓને આ કથા જાણે કે ચેતવણી આપે છે. અભણ આદિવાસીઓની કુંવારી કલ્પના અને કોઠાસૂઝ આ કથામાં ધબકતી જોવા મળે છે. લોકકથાનો નૈતિક આંતરપ્રવાહ અને અમુક વખતે દેખીતો નૈતિક બોધ કથાસાર તરીકે રજૂ કરવામાં આવતો નથી પરંતુ કથાના વિકાસ સાથે સ્વાભાવિકપણે વણાયેલો રહે છે. આ કથાની વિલક્ષણતા એ છે કે તેમાં રહેલો સિદ્ધાંત હંમેશાં સ્થિર રહે છે. તેના સાતત્ય અને સબળતાનો આધાર જેમના વિશેની કથા હોય તે લોકોની જીવનશૈલી અને વિચારધારા પર આધારિત રહે છે.

''કાવી કેવી રીતે છેતરાઈ ?' આ કથા માનવ મનનાં ગૂઢ પાસાં પર પ્રકાશ પાડે છે. એમાં આદિવાસી માનવીના ચીલાચાલુ દૈનિક જીવનનું અને વિચારવલોણાનું વિશિષ્ટ શૈલીમાં વર્ણન છે. કૌટુંબિક સુખસાહ્યબી, પતિપત્ની વચ્ચેની સ્પર્ધા, છળકપટબાજી, પત્નીને હરાવવાના પેંતરા, કંઠી, ઝાંઝર, બુટ્ટી જેવાં રૂપને નિખારતાં ઘરેણાંનું સ્ત્રીને અદમ્ય આકર્ષણ, કાવાની ચતુરાઈ આ બધું લોકકથા રૂપી ઇમારતના સ્તંભો બની રહે છે. પહેલાં કાવો ને કાવી સમકક્ષ હતાં. સાથે સાથે ચાલતાં હતાં. એ પછી ઘરેણાંના પ્રલોભનમાં આવી ગયેલી કાવી શરત હારી ગઈ. સમાજમાં પુરુષનું આધિપત્ય સ્થપાયું. ત્યારથી હવે કાવી કાવા પતિને અનુસરતી તેની પાછળ પાછળ ચાલે છે. લોકસમાજમાં પુરુષનું આધિપત્ય કેવી રીતે સ્થપાયું તેની વાત અહીં વિશિષ્ટ પ્રકારે કરવામાં આવી છે.

જૂના કાળે કાઠિયાવાડમાં દરબારોની ડેલીએ ડાયરા જામતા. કાવાકસુંબા થતા, અફીણની અંજળિયું પીને પછી મોજીલા બંધાણી સામસામા સવાલના ઘા કરતા : 'હેં શુરુભા ! કો' જોઈ પે'લા સાવઝ જન્મ્યા હશે કે પાડા ?' ડાહ્યા બંધાણી મરક મરક થાતાં ઉત્તર વાળતા : 'પે'લા સાવઝ જ જન્મેને !'

'તો તમારા ડોહા ખાય શું ? ભૂખે જ મરી જાય ને !' આવી ચર્ચાયું ચાલતી. મલક આખામાં આ કોયડો કાયમથી ચાલતો આવ્યો છે. આ છે 'પહેલાં મરઘી કે ઈંડું ?' 'પહેલાં સ્ત્રી જન્મી કે પુરુષ ?' 'પહેલાં સ્ત્રી હતી' એ કથા આ રહસ્યને ઉઘાડી આપે છે. કુદરતે પહેલાં સ્ત્રીના અસ્થિનું નિર્માણ કર્યું. એને પૃથ્વી, ધરતી એવું નામ આપ્યું (ધરતીને આપણે આજેય માતા કહીએ છીએ.). પછી કુદરતે પોતાની પ્રિય પત્નીને શણગારવા માટે વૃક્ષો, વનરાજિ, ડુંગરા, નદીઓ, ઝરણાં, પશુપક્ષીઓ, પ્રાણીઓ, રંગબેરંગી પતંગિયાં અને રાતવરતના ચમકતા આગિયા ઉત્પન્ન કર્યાં. એ પછી કુદરતે ધરતી પરથી મુઠ્ઠી માટી લઈને કુંવારી કન્યા (અક્ષત)નું સર્જન કર્યું. કન્યા સાવ એકલીઅટુલી હતી. કોઈક બોલનારું તો જોઈએ ને ? એમ વિચારીને એણે વાત કરવા પોતાની પ્રતિકૃતિને જન્મ આપવા વિચાર્યું. સર્પને આલિંગન આપતાં તે ગર્ભવતી બની. પુત્રને જન્મ આપ્યો. આમ, પૃથ્વી પર પ્રથમ પુરુષ જન્મ્યો.

ડુંગરી આદિવાસીઓની આ વાત આશ્ચર્ય ઉપજાવે તેવી લાગે છે. સર્પસૃષ્ટિમાંથી માનવજાત જન્મ આપે એવું આપણે ભાગ્યે જ સ્વીકારી શકીએ. આર્યો ભારતમાં આવ્યા તે પહેલાં અહીં નાગ લોકોનું સામ્રાજ્ય હતું. પ્રો. બેનરજી નાગને અસુરોની પેટાજ્ઞાતિ ગણે છે. 'ગુજરાતનો સાંસ્કૃતિક ઇતિહાસ'માં શ્રીરત્નમણિરાવ જોટ નોંધે છે કે, 'અસુર અને નાગ જાતિને જુદી માનીએ તો પણ એટલું તો સત્ય છે કે બંને આર્ય અને દાસ

અગર દસ્યુ જાતિઓથી જુદી હતી.' જૂના કાળે નાગોની નગરી પદ્માવતી હતી અને અસુરોનું વહાણવટું નાગ જાતિના હાથમાં હતું. ઓરિસ્સા અને કાશ્મીરમાં આજેય નાગ જાતિના લોકોનો વસવાટ જોવા મળે છે. માનવ સંસ્કૃતિનો અભ્યાસ કરતાં સમજાય છે કે જગતની તમામ આદિજાતિઓમાં કોઈ ને કોઈ સ્વરૂપે Totem-ટોટેમ જોવા મળે છે. આદિમ જાતિના લોકો અંગ માથે કોઈ ને કોઈ પ્રકારનું ચિહ્ન ધારણ કરતા. એના પરથી આખી જાતિ ઓળખાતી. એ પ્રમાણે નાગની પૂજા કરનારી કોઈ આદિમાનવ જાતિ માથા પર નાગનું ચિહ્ન ધારણ કરતી હોય અને નાગ જાતિ તરીકે જાણીતી હોય એ વધુ સંભવિત જણાય છે. નૃવંશશાસ્ત્રના અભ્યાસીઓને આ કથા ઉપકાર, બને એવી છે.

'હૂડા રાજાનો શાપ' એ ડુંગરી ગરાસિયાઓમાં ગવાતા કથાગીત આધારિત પ્રતીકાત્મક કથા છે. પ્રાચીન અને મધ્યકાલીન લોકકથાઓમાં motif-વળું આવે છે. એવું 'વળું' ધરાવતી આ રસપ્રદ કથા છે. ઉજ્જૈન નગરીનો રાજા સાત - સાત રાણીએ વાંઝિયો છે. ચોમાસું આવ્યું. વરસાદ વરસ્યો નહીં. દુકાળની એંધાણી સમજી ખેડૂતોએ હળ ઊંધાં લટકાવી લીધાં. રાજાએ કારણ પૂછતાં સરળ હૃદયના ખેડૂત પટેલે કહ્યું :

'મહારાજ ! તમે સાત - સાત રાણીએ વાંઝિયા છો. તમારા હાથે નાખેલું ચણ પક્ષીઓ પણ ચણતાં નથી. સવારમાં કોઈ શુકન લેતા નથી. રાણીઓનો ખોળો ભરાતો નથી તેથી ધરતી પણ વાંઝણી બની ગઈ છે. કંઈ ધનધાન્ય પાકતું નથી.'

એ પછી રાજાએ જંગલમાં જઈને તપ કર્યું. અગસ્ત્ય ઋષિએ આવીને ઈશ્વરનું વરદાન આપ્યું. રાણીને પુત્રો જન્મ્યા. અનરાધાર મેહુલો વરસ્યો. એ વરસે અગાઉ કદી ન પાક્યું હોય એટલું અઢળક ધનધાન્ય ધરતી પર પાક્યું. રાજા અને ધરતી ફળદ્રુપ જ હોવાં જોઈએ એવી પ્રતીકાત્મક વાત અહીં કલાપૂર્ણ રીતે કહેવાઈ છે.

લોકસાહિત્યમાંથી સાંપડતી રાણી અનારદેની કથા સાથે સામ્ય ધરાવતી કથા રાજકુમારી ફૂલવંતીની છે. મધ્યકાલીન કથાઓમાંથી મળતાં પરંપરિત વળાં (motifs) અહીં પણ મોજૂદ છે. ભાભી દિયરને ચોળીને નવરાવે છે. લાડકો દિયર કહે છે 'ભાભી તમારા હાથ પથરા જેવા ખરબચડા કેમ છે ?'ભાભી, દિયર ધીરાને મહેણલું બોલે છે : 'અમારા હાથ વાગતા હોય તો નાજુક સુંવાળા હાથવાળીને પરણી જાઓને !' વટનો માર્યો ધીરો ત્યાંથી ચાલી નીકળ્યો. અને ફૂલોની પરી જેવી ફૂલવંતી મળી ગઈ. રસ્તામાં કપટલીલા રચાઈ. ફૂલવંતીને ભોળવીને વગડામાં છાણાં વીણનારી કાળીએ વસ્ત્રોની અદલબદલ કરી. કૂવામાં મોં જોવાને બહાને ફૂલવંતીને કૂવામાં નાખી દીધી. ફૂલવંતી ફૂલ બનીને તરવા લાગી. ત્યાંથી શાકભાજીની ક્યારીમાં નાખતાં તાંદળિયાની ભાજી, કચરામાં ફેંકી દેતાં સોનેરી કોળું અને ખેતરની નીકમાં નાખી દેતાં આંબાનું વૃક્ષ બની ગઈ. વાદીનો દીકરો પીરું આંબાની કેરી ઘરમાં લઈ આવ્યો. કેરી યુવતીનું રૂપ ધારણ કરી ઘરનું કામકાજ કરવા લાગી. એક દિવસ ફૂલવંતી મરઘીને દાણા નાખવા બહાર આવી. ધીરો એને જોઈ ગયો. ડાકણ કાળીનાં કરતૂક ઉઘાડાં પડ્યાં. ધીરા અને ફૂલવંતીનાં લગ્ન આખા ગામે માણ્યાં. જેનો આરંભ સારો એનો અંત પણ સારો. પણ કથાકાર અહીં મજાની વાત તો 'લૌકિક ન્યાય'ની કરે છે. આપણે ત્યાં કહેવત અહીં ચરિતાર્થ થાય છે... પણ તમારા મનમાં એક પ્રશ્ન તો હશે જ કે હવે પેલી કપટી દુષ્ટ છાણાં વીણનારી ડાકણનું શું થયું ? તો લો જાણો. ધીરાએ કાવીને અવળે ગધેડે બેસાડી, ઢોલનગારાં વગડાવી ગામ બહાર ખદેડી મૂકી.

ભારતવાસી આદિકાળથી નાગને લોકદેવરૂપે પૂજતો આવ્યો છે. નાગપાંચમના તલવટ (ખાંડેલા તલના લાડુ)ના નૈવેદ્ય ધરાવતો આવ્યો છે. અહીં ત્રણેક જેટલી નાગકથાઓ છે. 'શેષનાગની દીકરી કરમાબાઈ', પ્રથમ દંતકથાના સ્વરૂપની કથા છે. જે શામળાજીના નાગધરા અને મુંબઈના મહાસાગર જોડે જોડાયેલી છે. સાપુતારાના નાગદેવની અને કચ્છમાંથી 'ભેરિયા ગારુડી'ની પણ આવી કથાઓ મળે છે. આ બધા પરથી એક વાત બહુ સ્પષ્ટ થાય છે કે નાગનો સંબંધ જળ અને સરોવરની સાથે જોડાયેલો હતો. કરમાબાઈ પાતાળના રાજા શેષનાગની કન્યા હતી. પુરાણોમાં પાતાળના નાગ અને નાગકન્યાઓની વાતો આવે છે. ગુજરાતની

સ્ત્રીઓ નાગપાંચમના દિવસે પાણિયારે નાગનો ગઢ ઓળખી એની પૂજા કરે છે. આ લોકરૂઢિ એ કદાચ કોઈ નાગ વસાહતનો ઘસાયેલો સંસ્કાર હોઈ શકે. નાગ જાતિના નીચાણવાળા અધઃપ્રદેશને પાતાલનગરી કલ્પવામાં આવી છે. વિદેશી એલચી મેગેસ્થનિસે સિંધુ અને સરસ્વતીના મુખપ્રદેશ પાસેની પાતાલનગરીનો ઉલ્લેખ કર્યો છે.

સુવર્ણનગરી ઉજ્જૈનના રાજવી હરિશ્ચંદ્ર કરમાબાઇ નામની નાગકન્યાને પરણ્યા હતા. પ્રાચીનકાળમાં આર્યો અને નાગ જાતિ વચ્ચે બાપે માર્યાં વેર હતાં. લગ્નસંબંધોની તો વાત જ કેમ કરાય ? છતાંયે પૃથ્વી પરના રાજકુમારો નાગકન્યાઓને અને પાતાળલોકની નાગકન્યાઓ પૃથ્વી પરના પ્રેમીઓ સાથે પરણ્યાની અસંખ્ય લોકકથાઓ મળી આવે છે. પુરાણોની એક આખ્યાયિકા મુજબ નાગ લોકોમાં ઘણાં આકર્ષણો છે. તેમાં સૌથી મોટું આકર્ષણ નાગકન્યા પોતે ગણાતી. પદ્મિની જેવી સ્વરૂપવાન નાગકન્યાઓમાં પુરુષોની કામવાસનાને ઉશ્કેરવાનો મોટો ગુણ હોય છે. અર્જુન નાગકન્યા ઉલૂપિને અને જરત્કારુ ઋષિ, નાગરાજ વાસુકિની બહેનને પરણ્યા હતા તેવી આખ્યાયિકાઓ પણ મળે છે. આમાંથી લોકકથાઓની કેટલીક ચમત્કારિક પરંપરાઓ પ્રમાણે નાગકન્યાઓ યોનિ પરિવર્તન કરીને માનવસુંદરી બનતી તેવા પ્રકારની વાતો ગુંથાઇ હશે ! 'કરેણ નીચેના નાગ' તથા 'સાપની ભેટ અને કણબી કન્યા' નાગના માનવજાત પરના ઉપકારની કથાઓ છે.

લોકકથાઓનું બીજું એક મહત્ત્વનું લક્ષણ એ છે કે મોટે ભાગે તે જંગલ ને ઝાડિયું, ડુંગર ને ગાળિયું, આંબલી ને વડ-પીપળનાં વૃક્ષો, વાદળ ને વીજળી, વાવ, કૂવા ને સરોવર, સ્વપ્નસૃષ્ટિ અને પક્ષીઓની આગમવાણી સાથે સંકળાયેલી જોવા મળે છે. આ સંગ્રહની 'અલકી અને ઢુલકી' બે જોડિયા બહેનોની કથા હોળીના ઉત્સવ સાથે જોડાયેલી છે. આદિવાસીઓનું તત્ત્વજ્ઞાન તો જુઓ. તાવ આવવાથી ઢુલકી મૃત્યુ પામી. ગામવાસીઓએ જ્યારે ઢુલકીના નશ્વરદેહને ચિતા ઉપર મૂકીને અગ્નિદાહ દીધો ત્યારે 'હું મારી બહેન વગર નહીં જીવી શકું', એમ બોલતી અલકી ચિતામાં કૂદી પડી ને બહેન પાછળ બળી મરી. ત્યારે લોકોને જીવન અને પ્રેમ વિશેનું મહાન સત્ય સમજાયું. દિવ્ય વસંતી પ્રેમ આપવાની અને પામવાની વસ્તુ છે. અલકી જતાં જતાં આપણને સૌને આ બોધપાઠ આપતી ગઈ. અલકીના અનોખા પ્રેમની યાદમાં ડુંગરી ગરાસિયા આજેય ફાગણ સુદ પૂનમે પ્રણયમાં મદમસ્ત બનીને હોળીનો તહેવાર મનાવે છે. આમ લોકકથાઓએ માનવજીવનને સંસ્કારવામાં, શિક્ષિત કરવામાં, એને ઘડવામાં મહત્ત્વનું પ્રદાન આપ્યું છે એ ન ભૂલવું જોઇએ.

લોકકથાઓમાં આવતાં પાત્રોનાં વિચાર, વલણ અને વર્તન સાથે જોડાયેલું મનોવિજ્ઞાન પણ જાણવા જેવું છે. પાટણના રાજવી સિદ્ધરાજ અને જસમા ઓડણની કથાની જોડાજોડ બેસે એવી કથા અહીં 'ભાલિયા' અને પ્રિયાની છે. સહસ્રલિંગ સરોવર ખોદવા આવેલા ઓડ પરિવારની રૂપાળી કન્યા રાજવીના અંતરમાં વસી જાય છે. એને પોતાની રાણી બનાવવા રાજવી અનેક પ્રલોભનો આપે છે. રાજા પોતાના રાજમહેલનાં સુખો, સમૃદ્ધિ અને છેવટે પોતાની મૂછ બતાવે છે. ત્યારે જસમા કહે છે : 'રાજા તારી મૂછ જેવી મારી બકરીની પૂંછ છે.' રાજાએ બળજબરી કરી સતી જસમાએ કકળતા હૃદયે શાપ આપ્યો. પરિણામે સહસ્રલિંગ સરોવર નાશ પામ્યું. રાજા વાંઝિયો રહ્યો. એ જ દંતકથાનું વળું અહીં જુદા સ્વરૂપે જોવા મળે છે. અહીં ઉદેપુરના રાજા સિદ્ધિરાજની વાત છે. ધરતી પર છપ્પનિયો દુકાળ ત્રાટકતાં ભૂખના દુઃખે ભાલિયો ને પ્રિયા પરિવાર સાથે ઉદેપુર ગયાં. રાજાએ અહીં જૂના કિલ્લાની દીવાલોની મરામતનું અને તળાવો ઊંડા કરવાનું કામ કાઢ્યું હતું. ઉદેપુરનો રાજા અહીં મજૂરી કરતી રૂપાળી પ્રિયાના રૂપ પાછળ દીવાનો બન્યો. પ્રિયા સ્વેચ્છાએ વશ ન થાય તો રાજા બળજબરીથી લઇ જાય. ગરીબ પરિવારનું ગજું કેટલું ? સ્વમાની ભાલિયાનું કાળજું કકળી ઊઠે છે. એ કહે છે : 'મારી ઘરવાળીને પર પુરુષ ભોગવે તો આપણા બધાના આત્મસન્માનનું શું ?' ત્યારે કુટુંબની વડીલ સુખીએ સવાલ કર્યો : 'અત્યારેય આપણાં માનસન્માન ક્યાં છે ? ગુલામોને વળી આત્મસન્માન શાં ?' પ્રિયાને ગમતી વાત ન હોવા છતાં પોતાના ભાઇ અને અન્ય સ્ત્રીઓ જે કહી રહ્યાં હતાં તેમાં સત્યનો અંશ હતો. આ તત્ત્વજ્ઞાન પ્રિયાને પચાવવું ઘણું મુશ્કેલ હોવા છતાં સત્ય હતું. પ્રિયા કહે છે : 'આપણી પાસે

પસંદગીનો કોઇ અવકાશ જ નથી. હું રાજાની ઇચ્છા પૂરી કરું તો માટી ખોદવાની મૂકીને રાજાની રાણી બનું.' દંતકથા કહે છે કે પ્રિયા રાજા સિદ્ધિરાજની સૌથી માનીતી રખાત પ્રિયદર્શિની બનીને રહી. પ્રજાનું શોષણ કરનાર રાજવીનું મૃત્યુ જંગલી સૂવર તરફ ફેંકાયેલી બરછીના ઘાથી થયું અને ચતુર આદિવાસી કન્યા પ્રિયદર્શિની મહેલમાંથી નીકળીને અરવલ્લીના જંગલમાં અદૃશ્ય થઇ ગઇ.

માનવતાનો મર્મ સમજાવી, માનવીનું સંસ્કાર ઘડતર કરતી કથા છે, 'સૂર્યે પોતાના વૃદ્ધ પિતાની સંભાળ કેવી રીતે રાખી ?' શિક્ષિત સમાજના માનવીઓને વિચાર કરતાં કરી મૂકે એવી આ ચતુરાઇ કથા છે. જેમાં માનવીના અંતરમનનું આલેખન છે. ભૂતકાળમાં પિતાએ રાજા ભાનુ સાથે ક્રૂર વર્તાવ કરેલો અને પરિણામે રાજાએ કાયદો કર્યો કે 'સાઠે બુદ્ધિ નાઠે' એ પહેલાં રાજ્યના તમામ દીકરાઓએ પોતાનાં માબાપને જંગલમાં મરવા માટે મૂકી આવવાં.

એવા એક પ્રસંગે લાચાર પિતાએ આંખમાંથી આંસુડાની ધાર સાથે કકળતા કાળજે દીકરાને કહ્યું : ' બેટા, એ ન ભૂલતો કે આજે હું જે જંગલમાં અસહાય બનીને ઊભો છું ત્યાં આવતી કાલે તું ઊભો હોઇશ.' આ સાંભળીને લાગણીશીલ દીકરાનું હૃદય પરિવર્તન થયું. જંગલમાં પિતા સુખસગવડો સાથે રહી શકે એ માટે ઘર બનાવી આપવા હિંમતપૂર્વક રાજાની મંજૂરી મેળવી. રાજાનું પણ વિચારપરિવર્તન થયું. વૃદ્ધ રાજાએ કહ્યું : 'માતાપિતાની સંભાળ રાખવી એ ઇશ્વરને માન આપવા સમાન છે.' આજે વૃદ્ધાશ્રમમાં માબાપને મૂકી આવનાર કઠોર કાળજાં ધરાવતા દીકરાઓના અંતરમાં પણ સંવેદનાની સરવાણી પ્રગટાવી જાય તેવી હૃદયસ્પર્શી કથા છે. જૂના કાળે આજના જેવી શાળા, કૉલેજો કે યુનિવર્સિટીઓ નહોતી. ત્યારે અભણ માનવીઓના કંઠે રમતી આવી લોકકથાઓએ સમાજમાં સમજણ અને સંસ્કાર આપવાનું ભગીરથ કાર્ય કર્યું છે.

'સાપની ભેટ અને કણબી કન્યા'માં દીકરીને નિષ્ઠુર સાવકી માનું દુઃખ છે. એમ 'હવે ભાઇ-બહેન નહીં'માં દીકરીને ભાભીનો ત્રાસ છે. તડકા પછી છાંયડો આવે એમ સમય પલટાતાં દુઃખ પછી સુખ આવે છે. વાર્તાનો અંત દુઃખ આપનારને સર્વનાશ તરફ દોરી જાય છે. અહીં પણ કુદરતનો ન્યાય જોવા મળે છે.

'ચતુર કાગડાઓ' કથામાં કાગડાની વાત સાંભળીને રાણીએ રાજાને રાજધર્મ બતાવી પક્ષીઓની સૃષ્ટિને ઉગારી લીધી. આપણે ત્યાં જેમ માનવજાતમાં ચતુર વણિક અને પક્ષીઓમાં ચતુર કાગડો ગણાય છે એમ ડુંગરી ગરાસિયાઓમાં પણ એક આંખવાળો કાગડો ચતુર ગણાય છે. પક્ષીઓ અને એમની વૈખરી વાણીનું આદિવાસીઓનું જ્ઞાન પણ સમજવા જેવું છે.

'ભૂત પેસી ગયું' એનું સ્વરૂપ લોકકથાને બદલે પ્રસંગોના સંકલનનું વધુ દેખાય છે. એમાં આદિવાસીઓની ભૂતપ્રેત વિશેની માન્યતાઓની વાત છે. નારી જાગૃતિનો સંદેશ છે. 'એક દિવસ અમે ગામમાં સ્ત્રીસભાનું આયોજન કર્યું. તે સભામાં અમે સ્ત્રીઓએ નિર્ણય લીધો કે પુરુષો મક્કમ અને સ્વતંત્ર વિચારો ધરાવતી સ્ત્રીઓને ધિક્કારે છે. તેમને પોતાની એડી નીચે લાવવા અને સજા કરવા લોકોના મનમાં ડાકણ અને ચુડેલનો ભ્રમ ઊભો કરે છે. વાસ્તવમાં ડાકણ અને ચુડેલનું અસ્તિત્વ નથી.' લોકકથાના ક્લેવરમાં એને ઢાળી શકાઈ નથી. અહીં એમણે વાર્તાકથકો-માહિતીદાતાનાં નામ આપ્યાં છે એ સંશોધનમૂલક છે.

ડુંગરી ગરાસિયાઓની તળપદી લોકકથા સાથે સમાજશાસ્ત્ર અને નૃવંશશાસ્ત્ર સંકળાયેલાં છે. એ દૃષ્ટિએ એનો અભ્યાસ થાય એ આવશ્યક છે. મનોવિજ્ઞાનના અભ્યાસીઓ માટે એમાં અઢળક સામગ્રી પડી છે. લોકકથાઓ પ્રાદેશિક લોકજીવન સાથે જોડાયેલ ધર્મ, શ્રદ્ધા, અંધશ્રદ્ધા, ચમત્કારો, વહેમો, માન્યતાઓ અને વિશ્વાસોનું સ્વરૂપ બતાવે છે, જ્યારે મનોવિજ્ઞાન એ સ્વરૂપોનો અભ્યાસ કરે છે. આમ લોકસમાજમાં વસતા 'લોક'ની મનોવૈજ્ઞાનિક પ્રક્રિયાનું પ્રતિબિંબ એમાં પડે છે, તેથી આ કથાઓ મનોવિજ્ઞાન માટે પણ મદદકર્તા બની રહે છે.

આ લોકકથાનાં સંપાદિકા બહેન મરિયા શ્રેસ ગુજરાતી ભાષા શીખીને સાબરકાંઠા વિસ્તારમાં સેવાર્થે ગયાં. સાબરકાંઠાના ડુંગરી ગરાસિયા તો ભીલી ભાષા બોલે છે. આ ભાષાનું કોઈ લેખિત સ્વરૂપ નથી. તેને ભાષા ન કહેતાં બોલી જ કહેવાય. આ ભીલી બોલી પર રાજસ્થાની, હિન્દી અને ગુજરાતી ભાષાના શબ્દોની અસર છે. ભીલી બોલી સમજવાનું કામ બિનગુજરાતી મહિલા માટે અત્યંત કઠિન હતું, છતાં આદિવાસીઓ વચ્ચે રહીને એ બોલી પણ સમજતાં અને થોડી થોડી બોલતાં શીખી ગયાં. ભીલ ગરાસિયા બહેનોના વૃંદ વચ્ચે રહીને ભીલી લોકકથાઓ સાંભળી. આ કથાઓમાં એમને રસ પડ્યો એટલે વધુ ઊંડાં ઊતર્યાં. લોકકથાઓ સાંભળી - સમજી આત્મસાત્ કરીને સરળ ગુજરાતી ભાષામાં સફળતાપૂર્વક ઉતારી. પરિણામે આ સંગ્રહ તૈયાર થયો. એક બિનગુજરાતી સન્નારી માટે આ કામ એવું કષ્ટસાધ્ય છે તેનો ખ્યાલ કામ કરનાર સિવાય બીજાને ભાગ્યે જ આવી શકે. અહીં એમણે વ્યક્ત કરેલી ચિંતા સંસ્કૃતિ પ્રેમીઓને વિચારતા કરી મૂકે એવી સમયસરની છે. 'મૂળ રહીશોની બાબતમાં આખી દુનિયામાં થઈ રહ્યું છે તેમ, ડુંગરી ગરાસિયાઓની જીવનશૈલી પણ લુપ્ત થવાને આરે છે. એમની ઓળખ ભૂંસાઈ જાય એ આપણા માટે મોટી આધ્યાત્મિક અને સાંસ્કૃતિક ખોટ હશે.' મરિયા શ્રેસે એમના જીવનનું એક યાદગાર કામ કરીને ગુજરાતી સાહિત્યને આદિવાસી લોકકથાઓનો મૂલ્યવાન સંગ્રહ સંપડાવ્યો એ માટે લોકસાહિત્ય, લોકસંસ્કૃતિ, અને લોકકલાના યાત્રી તરીકે ખોબલા મોઢે અભિનંદન આપું છું અને આ સંગ્રહને હૃદયપૂર્વક આવકારું છું.

# 'ગુજરાતની લોકકલા અને સંસ્કૃતિ'ને લગતું

◈

ડૉ. કૃષ્ણકાન્ત કડકિયા*

શ્રી જોરાવરસિંહ જાદવે 'ગુજરાતની લોકકલા અને સંસ્કૃતિ'ને કહેવા માટે એ નામના ગ્રંથમાં કુલ ૧૧ લેખો કે જે લોકજીવનનો સંસ્કારમૂલક પરિચય કરાવે છે તે ગ્રંથસ્થ કર્યા છે. આ પ્રત્યેક લેખની સામગ્રી વસ્તુતઃ તો જુદા જુદા વિસ્તૃત ગ્રંથો દ્વારા જ કહી શકાય અને છતાં કહેવા માટે શેષ રહી પણ જાય એવી છે. એવા જુદા જુદા ગ્રંથોની રચના થઈ પણ છે, જેમકે જયમલ પરમાર કૃત 'આપણી લોક સંસ્કૃતિ', ઇન્દ્રવદન રાવળ કૃત 'ગુજરાતનાં લોકવાદ્યો', શંકરભાઈ તડવી દ્વારા 'આદિવાસી લોકમેળા' વગેરે. આ સિવાય પણ ગ્રંથો છે. મહાનિબંધો પણ છે. 'રાસ' અને 'ભવાઈ' અંગે તો એક કરતાં વધારે વિદ્યાર્થીઓ દ્વારા કામ થયું છે અને એની સાહિત્યિક તથા પ્રાયોગિક બંને બાજુ તપાસાઈ છે. છતાં ગુજરાતની લોકકલા અને સંસ્કૃતિનાં જુદાં જુદાં પાસાંઓનો એકી સાથે, લોકજીવન સાથે સંકળાયેલ ઘણી વિગતોથી, પરિચય થાય એવું બહું ઓછું બન્યું છે. એ કામ શ્રી જોરાવરસિંહ જાદવે મન ભરાય એવા આ ગ્રંથ દ્વારા સિદ્ધ કર્યું છે. એમ કરવા જતાં એમને વિસ્તાર ટાળી નાખવો પડ્યો છે; દા.ત. જંતર અને એવાં બીજાં પણ કેટલાંક વાદ્યો તથા તેના વાદકો આજે લુપ્ત થયાં છે. એ વાત એમણે જતી કરી છે. લોકગીતોના ઢંગઢાળની વાત કરે છે ખરા, પણ એમાંથી જે શાસ્ત્રીય પાંખો વિકસી એની વિગતોમાં તેઓ ઊતરતા નથી. કહેવું હોત તો 'કલા' શબ્દના ઘણા અર્થ થાય છે તે અંગે પણ કહ્યું હોત અને વેદકાળથી માંડી પ્રાચીન સાહિત્યમાં કલા અને સંસ્કૃતિ સંબંધમાં જે ઉલ્લેખો થયા છે એ અંગે પણ કહી શક્યા હોત. પણ એવું એમણે નથી કર્યું. એ ઠીક જ થયું છે. કારણ કે એમ થયું હોત તો વિસ્તારનો બોજ વાચકો માટે અસહ્ય બની ગયો હોત અને આટલા બધા વિષયો એકી સાથે કહેવા શક્ય બન્યા ન હોત. આમ છતાં જરૂર પડે અને અનિવાર્ય હોય ત્યાં વિવિધતા અને ઊંડાણને તેઓ સ્વીકારે પણ છે; દા.ત. ભાતીગળ લોકભરત અને મોતીપરોવણાની વાત કરવી છે ત્યારે લોકભરતની વિવિધ શ્રેણીઓ તપાસે છે. વિવિધ જાતિઓનું તે અંગે જે કામ છે તે તથા બાળકોના અને ઘર પશુ વગેરેના પણ શણગાર કહે છે. એમાં વૈવિધ્ય તથા ઊંડાણનો લેખકે કરેલો સ્વીકાર ઊડીને આંખે વળગે છે. આ સ્વીકાર વિષય સંદર્ભે કઈ રીતે જરૂરી અને અનિવાર્ય છે એ પણ એમાંનું લખાણ તથા ચિત્રો જોતાં સ્પષ્ટ વરતાઈ આવે છે.

આમ ઉપર કહ્યું એમ ગ્રંથ એ રીતે વિશેષતાવાળો બન્યો છે કે ગુજરાતની લોકકલા તથા સંસ્કૃતિનું પરલક્ષ્ય સફળતાપૂર્વક લેખક પ્રગટ કરી શક્યા છે. બીજી વિશેષતા એ છે કે શ્રી જોરાવરસિંહ જાદવ ગુજરાત લોકકલા ફાઉન્ડેશન નામની સંસ્થા વર્ષોથી ચલાવે છે. એટલે રોજબરોજ એમને સંખ્યાબંધ લોકકલાકારોના સંપર્કમાં રહેવાનું બન્યું છે. આમ લોકકલા અને સંસ્કૃતિ એમના જીવનમાં ઓતપ્રોત થઈ જાય, એમાં જ ઉછર્યા હોય અને આળોટ્યા હોય એવું એમનું જીવન છે. માટે આ ગ્રંથના વિષયોનો પરિચય કરાવવા એમને પુસ્તકો પાસે જવું પડ્યું નથી અને વિષયનું રહસ્ય સીધું લોકસંસ્કૃતિના ખરા મરમી તરીકે તેઓ લોકમાંથી જ પકડી શક્યા છે તથા સંસ્કૃતિનો હિસાબ રાખવાના અધિકારથી તે અંગે એક તજ્જ્ઞ તરીકે કહી શક્યા છે. તેથી આ સમગ્ર ગ્રંથ જીવતો બન્યો છે. ત્રીજી વિશેષતા એ છે કે લોકકલા અને સંસ્કૃતિ એ બે જુદા વિષયો એમણે આ ગ્રંથ માટે પસંદ કર્યા હોવા છતાં અંતે તો ગ્રામજીવનની છબીને જ સમગ્રતયા ઉપસાવે છે; દા.ત. તેઓ કહે છે ''આજની રાસડાની પરંપરા એ ગોપ સંસ્કૃતિની દેન છે. આમ ગોપ સંસ્કૃતિએ ગુજરાતને અનેરા ઉત્સવો આપ્યા. આદર, આતિથ્ય અને ઔદાર્યના ઉમદા સંસ્કારો આપ્યા. દસમી સદીમાં સૌરાષ્ટ્રમાં સીથીયન અર્થાત્ સફેદ હૂણો આવ્યા. તેઓ સૂર્યપૂજાનો સંસ્કાર સાથે લાવ્યા. આ હૂણો તે આજના કાઠી દરબારો - ઘોડો, ભેંસ અને હથિયારો એમની સંસ્કૃતિનાં મહત્ત્વનાં અંગો મનાયા.'' લોકજીવનની વાત કરે છે ત્યારે પણ લેખક માત્ર પોષાક કે ઘરેણાં જ નહિ,

---

* પૂર્વ અધ્યક્ષ અને પ્રોફેસર, ગુજરાતી વિભાગ, સાબરમતી આર્ટ્સ કૉલેજ, અમદાવાદ

ઘર શણગારનો સંસ્કાર, લોક સાહિત્ય, લોકબોલીઓ, નામો, ધર્મ, નૃત્યો, સંગીત, ઉત્સવો, સંસ્કાર, માન્યતાઓ, રૂઢિઓ, રમતો, ખાનપાન, વીરતા, આચાર - આમ જીવનનાં વિવિધ પાસાંઓની વાત કરે છે. એ વાત માત્ર વિગતોથી જ ભરેલ છે એમ નહિ, પણ 'ઉત્સવ અળગા પડેલાને એક કરે છે', 'કળાભાવના ખીલવતા ઉત્સવો', 'માનવ હૃદયના ઉલ્લાસનું મોંઘેરું પર્વ : મેળા' જેવા મુદ્દાઓ ઉપસાવી આપી એમાં જીવંતતા સર્જે છે જે એમના ગ્રંથને આગવું પરિમાણ બક્ષે છે. વળી મહત્ત્વના મુદ્દાઓ તારવી સ્વતંત્ર અને અલગ લેખો લખે છે ત્યારે પેલા મુદ્દાઓ અલગ અલગ રહેતા નથી, પણ જરૂરી અને અનુકૂળ એવા અન્ય વિષય સાથે જોડાઈ જાય છે. સંગીત,વાદ્યો અને નૃત્યની વાત અલગ અલગ કરતા નથી પણ એકબીજા સાથે એ સંકળાયેલા હોઈ એક સાથે કરે છે. એ જ રીતે વેષભૂષા, ઘરેણાં, અને સૌંદર્યપ્રસાધનોને સાથે લે છે. લોકઉત્સવો અને પર્વોની સાંસ્કૃતિક પરંપરાને સાથે સાંકળે છે. તો મનોરંજન કરાવતી જુદી જુદી જાતિઓને પણ સાથે લે છે. આ રીતે વિવિધતા છતાં ગ્રંથમાંથી જે છબી ઊપસે છે તે સમગ્રતાની છે. એક એ પણ વિશેષતા છે કે લેખક પોતે જ વાત કરે છે તેના આધાર માટે પાદટીપો આપતા નથી કે સંદર્ભ ગ્રંથો નોંધતા નથી પણ ચિત્રો જે વખતોવખત આપે છે એજ એમના ગ્રંથને પ્રામાણિકતા બક્ષે છે અને પાદટીપો તથા સંદર્ભ ગ્રંથોની ગરજ સારે છે. એટલું જ નહિ, પણ કલા અને સંસ્કૃતિ સંબંધી વિસ્તૃત વિવેચનો કે વર્ણનોની ખોટ પણ પૂરી દે છે. અથવા એમ કહો કે એ ચિત્રો જ એવાં વિસ્તૃત વિવેચન કે વર્ણનોની આવશ્યકતાને ટાળે છે; દા.ત. કાષ્ટકલાવાળા ચબૂતરા કે પ્રાચીન વેલડાનું અથવા છાબડી કે પાનદાની અથવા ભગવાનની સુખ-શૈયાનું ચિત્ર જુઓ. જે પોતે જ સ્વયં સ્પષ્ટ છે, એટલું જ નહિ, પણ એ સ્વયં સ્પષ્ટતા લેખકે કરેલા લખાણના ઔચિત્યનું ગાંભીર્ય પણ પૂરું પાડે છે.

આ જીવંતતાને ઉદ્‌ઘાટિત કરવા તમામ લેખો અંગે અહીં વિગતે લખવું શક્ય નથી. માટે એ પડતું મૂકીને કેટલાક લેખો ઉ.ત. લઈ, એ પ્રત્યે ધ્યાન કેન્દ્રિત કરી, એ જોવાનો પ્રયત્ન કરીએ.

'લોકજીવનમાં પૂજાતાં દેવદેવલાં' નામક લેખ ઉદાહરણ તરીકે લો.

લોકમાં દેવો પ્રત્યેની શ્રદ્ધા અને ભાવના જે વિવિધ પ્રકારે જોવા મળે છે તેને ઉપર્યુક્ત લેખ ઠીક ઠીક ઉજાગર કરે છે. એમાં આપણા વિદ્વાનોએ જે દાર્શનિક ચિંતન, મનન, સંશોધન અને નિરૂપણ કર્યું છે તેને લેખકે એમાં આધાર તરીકે લીધું નથી તે ઠીક જ કર્યું છે. એમ થયું હોત તો લોકજીવન જે શ્રદ્ધા અને માન્યતા પર ઊભું છે તેને જબરજસ્ત આઘાત પહોંચ્યો હોત; ઉ.ત. ભારતીય લોકોએ જે તેત્રીસ કરોડ દેવતા અને નવ કરોડ દેવીઓની કલ્પના કરી છે અને શ્રદ્ધાપૂર્વક પૂજા કરી છે તે અચૂક જ આઘાત પામત; જેમ કે દ્વાદશ આદિત્ય, એકાદશ રુદ્ર, અષ્ટ વસુ અને ઇંદ્ર તથા પ્રજાપતિ મળી ૩૩ દેવ કોટિ અર્થાત્ વર્ગ ગણાય. સામાન્ય પ્રજાએ કોટિનો કરોડ એવો અર્થ કર્યો અને એ રીતે તેત્રીસ કરોડ દેવની પ્રથા પ્રચલિત થઈ. ધર્મનું રહસ્ય બ્રહ્મજ્ઞાન મેળવવું તથા શાંતિ પામવી એ છે. સામાન્ય લોકજીવનને માટે બ્રહ્મજ્ઞાન કરતાં શાંતિ વધારે મહત્ત્વની છે. જો પેલા દાર્શનિક ચિંતન વગેરેનો આધાર લેવાયો હોત તો લોક-માન્યતા અને શ્રદ્ધા આઘાત પામી હોત. એવા આઘાતનો અર્થ સામાન્ય લોકને અશાંત કરી મૂકવા એ છે. લેખકે એમ થવા દીધું નથી. એ ઠીક જ કર્યું છે. શાંતિનો પાયો અશ્રદ્ધા છે એમ ગણો તો પણ એણે અનેક ઉપકારક કામો પણ કર્યાં છે અને પ્રજામાં એકતા સ્થાપી છે; દા.ત. જગન્નાથજી વિશે વાત નીકળતાં લેખકે જાતિ જ્ઞાતિ કે કરમ-ધરમના ભેદભાવ ભૂંસી પ્રજામાં પ્રસરતી સમાનતાને કેવી ઉપસાવી આપી છે ! દેવીઓની સંખ્યા સંબંધી માન્યતા પણ ભલે નવ કરોડની હોય અને દરેક જાતિઓને પણ પોતાના કુળદેવ કે કુળદેવી જુદાં હોય છતાં એમાંની શક્તિ કે માતા જેવા અંશો સમાનતા સર્જવામાં ઉપકારક રહ્યા નથી શું ?

'પશુપ્રાણીઓના સાજસરંજામ અને શણગારો' એ લેખ લઈએ.

એમાં પશુપ્રાણીઓના સાજસરંજામ અને શણગારોનું પગેરું છેક વેદકાળથી સાંપડે છે એમ લેખકે કહ્યું છે. છતાં રાજા-મહારાજાઓના કે જમીનદારોના હાથી ઘોડાના શણગારની કથા એ બની નથી, પણ સામાન્યમાં સામાન્ય માનવીઓના પશુઓના સાજસરંજામ અને શણગારોની કથા એ બની છે, એટલું જ નહિ, એ કથાએ

ધનિકોના ધનવૈભવને ઉદ્‌ઘાટિત કરવાને બદલે લોકસમાજના હરખને તથા પશુપ્રેમને જ ઉદ્‌ઘાટિત કરી આપ્યો છે. અહીં શણગારાયેલો અશ્વ ધનિકોએ યોજેલી ઘોડાદોડ પ્રસંગનો નથી, પણ કાઠી, ગરાસિયા ને રાજપૂતોના લગ્ન પ્રસંગનો છે. એ જ રીતે બળદો, ઊંટ, વગેરેના શણગાર વિશે પણ લેખકે કહ્યું છે. વિશેષતા એ છે કે આ નિમિત્તે લેખકે સાજસરંજામ અને શણગાર માટે, વપરાતાં ઘરેણાં વસ્ત્રો વગેરે માટે જે તે સમયે ઉપયોગમાં આવતા પ્રચલિત લોક-શબ્દોનો જ પ્રયોગ કર્યો છે ને એ નિમિત્તે ભૂંસાઈ ગયેલા શબ્દો લોક-ભાષાની મીઠાશને કારણે જ નહિ, પણ આપણા શબ્દકોશ માટે પણ બહુ જ ઉપકારક અને આવકાર માગી લે એવા છે; દા.ત. ઘોડા માટે વપરાતો ‘ચારજામો’ ‘સેવટી’ વગેરે. એ શણગાર તૈયાર કરનારા બાજંદા કલાકારોને, પશુપ્રાણીઓ સાથે હેતપ્રીતથી બંધાયેલી લોકનારીઓને, ખેડૂતોને, વણઝારાઓને, રબારી રાવળ ઇત્યાદિ લોકને પણ લેખકે ગૌરવ બક્ષ્યું છે. પલટાતા યુગમાં અદશ્ય થતી આ કલાને લખનારે એ રીતે વર્ણવી છે કે આ કલા અને સંસ્કૃતિથી વાચકને હર્ષોન્માદ થયા વગર ન રહે; જેમ કે ઘેટાના શણગારને વર્ણવતાં કહે છે : ‘ઘેટાના પગે રૂપાની ઘુઘરિયો બાંધતાં, આ ઘેટાં ગામમાં છમ છમ છમ કરતાં નીકળતાં ત્યારે ગામલોકો બે ઘડી જોઈ રહેતા.’

‘ગુજરાતનો કલાવૈભવ’ લો.

કલામંડિત ધાતુપાત્રો, કાષ્ઠશિલ્પ અને રંગરૂપ મઢ્યાં રમકડાં આપણું ધ્યાન દોરે છે જ, પણ વિશેષ ધ્યાનપાત્ર તો છે ઘરખોરડાંની લીંપણકળાનું રૂપસૌંદર્ય, કારણ કે માટીનાં ખોરડાંને શણગારવા ઉપયોગમાં લેવાતું ગોબર, કલા માટે કેવી ઉપયોગી સામગ્રી છે એ વાત ધ્યાનાકર્ષક છે. આપણે ત્યાં ગોબર રાષ્ટ્ર-ધન તરીકે ઓળખાતું રહ્યું છે. ગુજરાતની ધરતી ગઉધરા કહેવાઈ ખરી, ગાયોનું ગોબર ખેતી, ધાર્મિક અનુષ્ઠાનો, તથા મંગલકારી સત્કાર્યો માટે શ્રેષ્ઠ ગણાવા લાગ્યું. ગોબરાંકન સુખસ્વાસ્થ્ય અને સુમંગલ પ્રદાન કરનારું કહેવાયું. ગોવર્ધન-ગોબર ધનમાં પેદા થયેલા કીડાથી શુકન પણ જોવાવા લાગ્યા. પણ આ ગોબર અર્થશાસ્ત્રને ઉપકારક એવી સામગ્રી વિશેષ બની રહી. એની ઉર્જા, આધુનિક પ્રયોગો સાથે એનું અનુસંધાન વગેરે આપણી ભૌતિક આવશ્યકતા માટે થયું. સમાજમાં એ દૃષ્ટિએ એનું મહત્ત્વ થતું રહ્યું. પણ લોકજીવનમાં પરંપરાગત રીતે પ્રગટેલી કલામાં એનો થતો ઉપયોગ બહુ ધ્યાનપાત્ર રહ્યો નહિ. લેખકે આ લેખમાં એ દૃષ્ટિએ એ તરફ બરાબર ધ્યાન કેંદ્રિત કરી કલા અને આકાર-સૌંદર્ય માટે આ સામગ્રી કેટલી બધી ખપની છે એ કહ્યું છે અને ગુજરાતમાં લીંપણનકશીની કલાનો વ્યાપ કેટલો બધો છે તે બતાવ્યું છે. એના દ્વારા થતું શિલ્પ તથા આ સામગ્રીના ઉપયોગ દ્વારા થતી કલાનું રૂપ-સૌંદર્ય સ્પષ્ટ કરી આપ્યું છે. કૃષ્ણે ગાયના ગોબરથી ગોરધનનું પૂતળું બનાવ્યું હતું અને ત્યારથી ઘરેઘરે ગોરધનપૂજાનો પ્રારંભ થયો, પણ એ પ્રતીક જે આપણામાં રહેલા બ્રહ્મને જગાવે છે તે જ રીતે એ સામગ્રીનો ઉપયોગ કલા તથા રૂપ-સૌંદર્ય માટે થાય છે ત્યારે લોકનારીના હૃદયમાં પડેલા આત્માને કેવો ઢંઢોળી મૂકે છે તે અહીં કહ્યું છે ને આમ લીંપણકલાની વિશિષ્ટ પરંપરાને વર્ણવીને લેખકે ગોબર સામગ્રીની માત્ર આધ્યાત્મિક અલખ જગાવવા માટે જ મહત્તા છે એમ નહીં, પણ તેના દ્વારા જે આગવી કલાસૃષ્ટિનું સર્જન થાય છે તે જાગતા આત્મિક અલખનું દ્યોતક છે એમ સિદ્ધ કરી એ રીતે પણ એ સામગ્રીનો અને એનો ઉપયોગ કરનાર લોકનો આદર કર્યો છે. મઝાનાં લીંપણનકશીવાળાં ઘરોનાં વર્ણનો લેખકે જે કર્યાં છે એમાં ક્યાંય એરકંડિશન, ટી.વી., ટેલિફોન, મોબાઈલ, કોમ્પ્યૂટર જેવાં સાધનો કે શબ્દો નથી, પણ રૂપાળો કૂબો, લીંપણ-નકશીની ભારઝલી રેખાઓ, મોરલા, અબરખની કરચો, રસોડું, ડામચિયું, પાણિયારું, ઘંટીના થાળા વગેરે સામગ્રી અને શબ્દો છે ને લીંપણ કળાથી એ ઉપર ઊભરાતું આકાર સૌંદર્ય છે જે એમણે કરેલાં વર્ણનોમાં દેખાય છે. એમાં ભીત્યું, જાળિયા, મજૂસ જેવા સામાન્ય ગ્રામલોકમાં રોજબરોજ વપરાતા શબ્દો અને સામગ્રીનો જ ઉપયોગ થયો છે જે આપણને લોકકલા અને લોક-સંસ્કૃતિની સાથે સાથે ગ્રામજીવનના સૌંદર્યનો પણ અનુભવ કરાવે છે. ગ્રામજીવન એટલે એવી પ્રજાનું જીવન કે જે પ્રજા પોતાની પાછળ રૂઢિ, વિચારશ્રેણી ધરાવે છે, જે પ્રજા એ ગુમાવે તે ગુલામ જ રહે છે. આવી પ્રજાનો કોઈ ઇતિહાસ બનતો નથી તેમજ કોઈ નોંધ પણ લેવાતી નથી. લેખકનો પ્રયાસ પ્રજાના માનસમાંથી આ સાંસ્કૃતિક વારસો નીકળી ન જાય અને તે

વર્તમાન સભ્યતાને અનિવાર્ય બનેલી અખંડ શાંતિ અર્પે એને માટે એનું રક્ષણ કરવાનો રહ્યો છે.

એક વધુ ઉદાહરણ લઈએ : 'મનોરંજન કરાવનારી લોક-જાતિ'

આમ તો એ સમાજશાસ્ત્રનો વિષય ગણાય. પણ લેખકે અહીં એને 'ગુજરાતની લોકકલા અને સંસ્કૃતિ' દ્વારા સાંકળીને એ ક્ષેત્રે આ જાતિઓના પ્રદાનને સ્પષ્ટ કરી આપ્યું છે. આપણે ત્યાં યુગપુરુષો, સંતો અને સમ્રાટો વિશે સતત લખાતું રહ્યું છે. કવિઓ અને સંગીતકારો, સ્થાપત્ય અને ચિત્ર કરનારાઓ વિશે તથા સાહસિક ઉદ્યોગપતિઓ અને વ્યાપારીઓના સમૃદ્ધિમૂલક વાણિજ્ય વિશે પણ સતત કહેવાતું રહ્યું છે. પણ કલા અને સંસ્કૃતિના ઇતિહાસમાં જેમણે મહત્ત્વનો ભાગ ભજવ્યો છે તથા ખૂણે ખૂણે ફરીને લોકને મનોરંજન પૂરું પાડ્યું છે તે સામાન્ય વિચરતી અને આર્થિક રીતે પછાત રહી ગયેલી પ્રજા વિશે ભાગ્યે જ કહેવાયું છે. શ્રી જોરાવરસિંહ જાદવે એ કહેવા માટે આખું આયખું આપી દીધું છે. નિબંધો, વાર્તાઓ, અને કાર્યક્રમો દ્વારા તેઓ એ સતત કહેતા રહ્યા છે. એમાંનો જ એક અંશ આ લેખનો વિષય છે. આમ તો એ અછડતો પરિચય છે, છતાં ગુજરાતની વૈવિધ્યપૂર્ણ સાંસ્કૃતિક સભરતા, લોકજીવન, વિવિધતામાં એકતા જેવા રંગબેરંગી તાણાવાણાનું જીવન એમાંથી ઉપસાવી આપવામાં લેખક સફળ રહ્યા છે. પછી એ વાદી ગારુડી હોય કે બહુરૂપી હોય, પણ એ લોકથી અને લોકની કલા તથા સંસ્કૃતિથી આપણે આપણા લોકજીવનને ઓળખીએ અને સમજીએ એ વાત મહત્ત્વની બની રહે છે. આમેય લેખકનો હેતુ આ ગ્રંથમાં વિવિધ પાસાંઓ દ્વારા ગુજરાતની લોક-કલા અને સંસ્કૃતિનો પરિચય કરાવવાનો છે, એ ઉત્સવો હોય કે મેળાઓ, વસ્ત્રો હોય કે ઘરેણાં કે કલાવૈભવ હોય. તેઓ જ્યાં ત્યાં પહોંચી જાય છે અને હેતુ સિદ્ધ કરવા સામગ્રી શોધી લાવે છે તથા લોક સમક્ષ મૂકે છે.

ઇતિહાસનાં ઊંડાણો, સામ્યવૈષમ્યો, ઋગ્વેદના સૂક્તો ઇત્યાદિમાં પડવાને બદલે જે તે કલાસ્વરૂપો જે રીતે અભિવ્યક્ત થાય છે તે તે લેખકે આપ્યું છે. સંતવાણી કે જુદા જુદા પ્રકારનાં કાવ્યો વગેરેને પણ સ્વતંત્ર વિષય તરીકે ન લઈને પણ, પડતી મૂકાયેલી એ ચર્ચા દ્વારા, વિસ્તાર એમણે ટાળ્યો છે. ગોપ,કૃષિ, સાગર, ક્ષાત્ર કે વિવિધ જ્ઞાતિઓનું વિભાજન કરી વૈવિધ્ય બતાવ્યું હોત, નૃત્ય ઇત્યાદિના જુદા જુદા સૂક્ષ્મ ભેદો બતાવી ચર્ચા કરી હોત કે વિવિધ લોકધર્મ, સાધના, સંતો વગેરે અંગે કહ્યું હોત, અથવા ટીપ્પણ નૃત્ય જેવા નૃત્યના વિવિધ પ્રકારો વર્ણવ્યા હોત કે એ પદ્ધતિએ વિષયોની અભિવ્યક્તિ થઈ હોત અથવા સંતો-પંથોની વિવિધતાની ચર્ચામાં લખનાર ઊતર્યા હોત તો કેટલો બધો વિસ્તાર થયો હોત ? પણ એમ થયું નથી. એ ઠીક જ થયું છે. જે પડતું મુકાયું છે તે દ્વારા આ ગ્રંથના લાઘવ તત્ત્વને ખૂબ જ ઉપકારક કાર્ય થયું છે. કારણ કે તેથી જ અંતરંગ સામગ્રીના-લાઘવના માધ્યમથી આ તળપદી અને ભાતીગળ લોકસંસ્કૃતિ સાંકળી શકવી અને એનું લોકશાસ્ત્ર રચી આપવું સર્જક માટે શક્ય બન્યું છે. જે સાદ્યંત રસપ્રદ તથા માર્ગદર્શક નીવડે એવું પણ થયું છે. 'ગુજરાતનો કલાવૈભવ' કે 'ગુજરાતની ભાતીગળ ચિત્રપરંપરા' જેવા લેખો જોતાં સ્પષ્ટ વરતાય છે કે લેખકને છેક મોહેંજો-દડો અને હડપ્પા ઇત્યાદિ સંસ્કૃતિનો કે દરબાર ગઢનાં ભીંતચિત્રો અથવા પોથીચિત્રો ઇત્યાદિનો પૂરતો ખ્યાલ હોવા છતાં શક્ય એટલો વિસ્તાર અટકાવવાનો અને લાઘવ લાવવાનો એમણે પ્રયત્ન કર્યો છે. એ ગુણ પાસું ગણાવું જોઈએ. આ ચોપડી પ્રસન્નતાપૂર્વક વાંચવાનું જે મન થાય છે તેનું આ જ કારણ છે. હું માનું છું કે સરકારશ્રીનું ધ્યાન પણ એ વાતે જ ખેંચ્યું હશે અને તેથી જ માહિતી ખાતા દ્વારા એક કરતાં વધુ વખત તે પ્રગટ થઈ છે. લોકકલા અને સંસ્કૃતિ તરફ માત્ર વિદ્વાનો અને સંશોધકોનું જ ધ્યાન જાય એ પૂરતું નથી. એ વિષય તરફ સામાન્ય લોકનું પણ ધ્યાન ખેંચાવું જોઈએ. વર્તમાનપત્રો અને અન્ય માધ્યમો દ્વારા જોરાવરસિંહ જાદવે એ કામ કર્યું છે. એ દૃષ્ટિએ આ પુસ્તક પણ મને ઘણું મહત્ત્વનું જણાયું છે. આજકાલ ઘણા લેખકો વિદ્વત્તાનો બોજ લાદે છે. લેખકે એવું નથી કર્યું. જેમની કલા અને સંસ્કૃતિ અંગે આપણે વાત કરીએ એ લોકો પણ એને સુપેરે સમજી શકે એવો આ પ્રયત્ન છે. તેથી આવકાર્ય છે. લોકકલા અને સંસ્કૃતિનો સારી પેરે પરિચય કરાવતો આ ગ્રંથ શ્રી.જોરાવરસિંહ જાદવની લોકકલા અને સંસ્કૃતિની ઉપાસનાનું ફળ છે. જે વાંચતાં જ આનંદ થાય છે. એ ભૂમિકા ઉપર ઉપાસકનું - લખનારનું સ્વાગત !

# દારૂનું વ્યસન - એક માનસિક બિમારી

◈

**ડૉ. પ્રણવ શેલત***

દારૂનું વ્યસન હોવું તે એક માનસિક બિમારી છે. વ્યક્તિ દારૂનું વ્યસન છોડવા બહુ કોશિષ કરે છે પણ તે વ્યસન જલ્દી છૂટતું નથી તથા ૭૦% વ્યક્તિઓમાં ફરી પાછું દારૂનું સેવન શરૂ થઈ જાય છે.

- દારૂનું સેવન દિન-પ્રતિદિન સમાજમાં ખૂબ વધતું જાય છે.
- બિયરનું સેવન સૌથી વધારે થાય છે ત્યાર બાદ લિકર તથા વાઈન આવે છે.
- દારૂનું સેવન મોટે ભાગે વ્યક્તિ એક અંદાજ મુજબ કૉલેજકાળથી શરૂ કરી દે છે. જેમાંની ૬૮% વ્યક્તિઓ કૉલેજ પૂરી થયા પછી પણ દારૂનું સેવન ચાલુ રાખે છે.
- ક્યારેક-ક્યારેક વધુ પડતા માનસિક તણાવને લીધે પણ વ્યક્તિ દારૂનું સેવન શરૂ કરી લે છે.
- દારૂના સેવનથી વ્યક્તિ પ્રફુલ્લિત થઈ જાય છે. તેના ભય, ચિંતા પરેશાની દૂર થાય છે જે તેને દારૂનું વધુ સેવન કરવા માટે પ્રેરે છે.
- ૩૦ થી ૪૫% વ્યક્તિઓમાં એક વખત દારૂને લગતી તકલીફ થઈ જાય છે કે જેમાં અચાનક યાદશક્તિ જતી રહેવી, દારૂનું સેવન કરી બાઈક અથવા ગાડી ચલાવી અકસ્માત કરવો અથવા તો દારૂના સેવનને કારણે કૉલેજ અથવા કામમાં રજા રાખવી.
- દારૂનું સેવન કરનારા વ્યક્તિઓમાંથી ૩૦ થી ૪૦% માં ડિપ્રેશનનાં ચિહ્નો જોવા મળે છે તો ૨૫% માં પેનિક ડીસ ઑર્ડર તથા ફોબિયાનાં ચિહ્નો જોવા મળે છે.
- દારૂનું સેવન કરનાર વ્યક્તિઓમાં મૃત્યુનું કારણ મોટે ભાગે કેન્સર, હૃદયરોગનો હુમલો, લીવરનો રોગ અથવા આત્મહત્યા હોય છે.
- દારૂના વ્યસની વ્યક્તિઓમાંથી ૧૦ થી ૧૫% આત્મહત્યાનો પ્રયાસ કરે છે.
- દારૂના સેવનથી વ્યક્તિની જિંદગી ૧૦ વર્ષ ટૂંકી થઈ જાય છે.
- એક અથવા બે ગ્લાસ વાઈન નિયમિત લેવાથી હૃદયરોગની તકલીફ આવતી નથી તેવું તારણ છે પણ તે તારણ શંકાસ્પદ છે.

**દારૂની શરીર ઉપર શી અસરો થાય છે ?**

- દારૂમાં ૧ ગ્લાસમાં આશરે ૧૨ ગ્રામ ઈથેનોલ હોય છે.
- વ્યક્તિ જેટલા પ્રમાણમાં દારૂનું સેવન કરે છે તેમાંથી ૧૦% જઠરમાંથી શોષાય છે જ્યારે બાકીનો નાના આંતરડામાંથી.
- લોહીમાં દારૂનું પ્રમાણ મોટે ભાગે ૪૫ થી ૬૦ મિનિટમાં આવી જાય છે. જો દારૂનું સેવન વ્યક્તિએ ખૂબ ઝડપથી કર્યું હોય તો પ્રમાણ ઝડપથી આવે છે અને જો ધીમે કર્યું હોય તો પ્રમાણ ધીમે ધીમે આવે છે.
- દારૂનું ૯૦% લીવર દ્વારા પાચન થાય છે. ૧૦% કીડની તથા ફેફસાં દ્વારા બહાર નીકળે છે.

---

* કન્સલ્ટન્ટ સાઈકિયોટ્રીસ્ટ, નરોડા, અમદાવાદ

- **લીવર પર થતી અસરો.**
  - (૧) કમળો થાય છે.
  - (૨) લીવર સીરોસીસ નામનો રોગ થાય છે.
- **પેટમાં થતી અસરો**
  - (૧) હોજરીમાં ચાંદા પડી જાય છે.
  - (૨) પેન્ક્રીયાસનું કેન્સર થાય છે.
- **અન્ય અસરો**
  - (૧) બ્લડ પ્રેશર વધી જાય છે.
  - (૨) હૃદયરોગનો હુમલો આવી શકે છે.
  - (૩) લકવાની અસર થઈ શકે છે.
  - (૪) જઠર, લીવર, મોટું આંતરડું, ફેફસાં તથા ઇસો ફેગસનું કેન્સર થઈ શકે છે.
  - (૫) શરીરમાં ગ્લુકોઝનું પ્રમાણ ઓછું થાય છે. ચક્કર આવી જાય છે.
- **મગજ પર થતી અસરો :**
  - (૧) વિચારશક્તિ તથા નિર્ણયશક્તિ નબળી પડે છે.
  - (૨) સ્નાયુઓનું હલન ચલન નબળું પડે છે.
  - (૩) ઊંઘ ઓછી થઈ જાય છે.
  - (૪) વ્યક્તિ ક્યારેક બેભાન થઈ જાય છે.

**દારૂના સેવનથી કેવા પ્રકારની માનસિક અસરો જોવા મળે છે ?**

નીચે મુજબની અસરો જોવા મળે છે.

- હતાશા, નિરાશા, ઉદાસીનતાનાં ચિહ્નો
- ઉન્માદનાં ચિહ્નો.
- સ્કીઝોફ્રેનિયા જેવાં ચિહ્નો.
- નપુંસકતા
- ઊંઘની સમસ્યાઓ.
- યાદ શક્તિની તકલીફ

જો સ્ત્રી દારૂનું સેવન કરે તો તેના બાળકમાં ખોડખાંપણ આવવાની શક્યતા વધી જાય છે.

**દારૂનું વ્યસન છોડવાથી કેવા પ્રકારનાં ચિહ્નો જોવા મળે છે ?**

દારૂનું વ્યસન છોડવાથી નીચે મુજબનાં ચિહ્નો જોવા મળે છે.

- હાથમાં ધ્રુજારી આવવી.
- ઊંઘ ન આવવી.
- ઊલટી અથવા ઊબકા આવવા.
- પરસેવો થવો, નાડીના ધબકારા વધી જવા.

- રઘવાટ થઈ જવો.
- ખેંચ આવવી.
- ચિંતાનાં લક્ષણો જણાવાં.
- કાનમાં અવાજો સંભળાવા, આંખ સામે વિવિધ ચિત્રો દેખાવા, તથા કંઈક બીજી જ વસ્તુ દેખાવી જેમ કે દોરડું હોય તો સાપ છે તેમ લાગવું.

હાથમાં ધ્રુજારી દારૂ બંધ કર્યાના ૬ થી ૮ કલાકમાં જોવા મળે છે. કાનમાં અવાજો સંભળાવા તથા તેનાં જેવાં અન્ય ચિહ્નો ૮ થી ૧૨ કલાકમાં જોવા મળે છે. ૧૨ થી ૨૪ કલાક દરમ્યાન ખેંચ આવી શકે છે. તથા ભાન ભૂલી જવું (સમયનો ખ્યાલ ન આવે, કોઈને ઓળખી ન શકે, જગ્યાનો ખ્યાલ ન રહે) તે ૭૨ કલાકમાં જોવા મળે છે. પણ પ્રથમ અઠવાડિયા સુધી ધ્યાન રાખવું હિતાવહ છે.

આ ચિહ્નોની સારવાર માટે હૉસ્પિટલમાં દાખલ થવું અનિવાર્ય છે.

**દારૂનું સેવન વધુ માત્રામાં થાય તો શું ચિહ્નો જોવા મળે છે ?**

નીચે મુજબનાં ચિહ્નો જોવા મળે છે.

- જીભ તોતડાવી.
- ચાલવામાં તકલીફ થવી.
- યાદ શક્તિ ઓછી થઈ જવી તથા કામમાં ધ્યાન ન રહેવું.
- બેભાન થઈ જવું.
- ચાલવામાં લથડિયાં આવવા.
- વર્તન ખરાબ થઈ જવું.(અસભ્ય જાતીય વર્તન અથવા આક્રામક વર્તન)
- નિર્ણયશક્તિનો અભાવ થઈ જવો.
- ક્યારેક વ્યક્તિ વધુ પડતી વાતો કરે તો ક્યારેક સૂનમુન થઈ જાય.
- ક્યારેક વ્યક્તિ પડી જાય અને તેને માથામાં ઈજા થાય અથવા ફ્રેક્ચર થઈ શકે. અથવા ચહેરા પર ઈજા પણ થઈ શકે.

**શું દારૂનું વ્યસન છોડવા માટે સારવાર ઉપલબ્ધ છે ?**

- દારૂનું વ્યસન છોડવા માટે વ્યસન-મુક્તિના નિષ્ણાત ડૉક્ટર પાસે સારવાર કરાવવી અનિવાર્ય છે.
- આ સારવાર હૉસ્પિટલમાં દાખલ કરીને આપવામાં આવે છે.
- દારૂનું વ્યસન છોડ્યા બાદ જે ચિહ્નો આવે છે તે દૂર કરવા દવા તથા ઈંજેક્શન દ્વારા સારવાર આપવામાં આવે છે. આ ચિહ્નો ૭ થી ૧૦ દિવસમાં દૂર થઈ જાય છે.
- તદ્ ઉપરાંત દર્દી દારૂનું સેવન ન કરે તથા તેનું મનોબળ વધે તે માટે સાયકોથેરાપી સીટીંગ અપાય છે.
- બિહેવિયર થેરાપી પણ આપવામાં આવે છે.
- દારૂનું વ્યસન છોડવા માટે વ્યક્તિએ હૉસ્પિટલમાં દાખલ થવું જરૂરી છે કે જેથી તેને અલગ વાતાવરણ મળી રહે અને તે ઝડપથી સારો થઈ જાય.

# Blood Transfusion Reaction

◈

**Dr. Keyuri Shelat***

**Introduction :**

Blood transfusion had undoubted benefits but adverse effects do occur inspite of all relevant laboratory tests. They are called blood trsnsfusion reaction (BTR.)

The severity of the reactions varies from being relatively mild to more servere which at times can be fatal.

**Types of Transfusion reactions :**

- Haemolytic transfusion reaction
- Non-haemolytic transfusion reaction

**Haemolytic transfusion reactions :**

- Most severe type of transfusion reaction
- Two Types :-

  (A) Intravascular transfusion reaction

  (B) Extra vascular transfusion reaction.

**(A) Intravascular transfusion reaction**

- The haemolytic process of red cells takes place within the circulatory system
- This type of reaction is mainly due to IgM antibodies mediated by the rapid activation of complement and is usually associated with the transfusion of ABO incompatible blood.
- Clinical effects are immediate, usually within minutes after starting the transfusion thus also called ACUTE HAEMOLYTIC TRANSFUSION REACTIONS. (AHTR)
- This is most severe and life threatening reaction.

**SIGNS AND SYMPTOMS OF AHTR :**

- Burning sensation at the site of infusion.

* In-charge Blood Bank officer, Dr. Jivraj Mehta Smarak Health Foundation, Ahmedabad.

- Flushing and fever.
- Chills
- Pain in the back (lumbar region and chest)
- Shortness of breath
- Hypotension / Shock.
- DIC (Disseminaled intravascular coagutalion)
- ARF (Acvile renal failuce)

**(B) EXTRAVASCULAR TRASFUSION REACTION**

- It is rarely severe and mainly due to IgG antibodies e.g Rh, Kell or Duffy system.
- These antibodies bring about the destruction of red cells by macrophages in the spleen or liver.
- Clinical evidence of reaction is some what slower, in some cases may be delayed up to 2 wks or more after transfusion thus also called Delayed hemolytic transfusion reaction (DHTR)

**Which could be due to :**

- Primary allo-immunization
- Anamenestic or secondary response.

**Primary allo immunization :**

- Pt develops an antibody after couple of weeks after transfusion and is due to incompatibility of Rh, Kell, Duffy etc.

**Anamnestic or Secondary response :**

- Occur in patients previously sensitized to red cell antigen
- Since the patient is immunized there is increase in the production of antibody (anamnestic response) resulting in the red cell destruction.
- It is Mild to moderate.
- It is also due to the incompatibility of Rh, Kell, Duffy etc.

**SINGS AND SYMPTOMS : (DHTC) :-**

- Fever
- Anemia
- Jaundice
- Rarely haemoglobinuria

**CAUSES OF HAEMOLYTIC TRANSFUSION REATIONS :-**

**(1) Clerical Erros :**

Majority of HTR are due to Clerical error. Mainly due to :

(a) Inadequate or incorrect labeling of blood. i.e.recipients sample or blood bags.

(b) Improper identification of patient either at the time of sample collection or transfusion of blood.

**(2) Technical Error :-**

(a) Errors in Blood group of recipient or donor.

(b) Failure to detect weak antibodies.

(c) Improper cross-match procedure.

**MEASURES TO BE TAKEN IN ANY SUSPECTED TRANSFUSION REACTION**

(1) Stop transfusion

(2) Keep the i.v. line open with normal saline.

(3) Inform the attending physician and blood bank

(4) Recheck all the labels, forms and identity of patient to determine that the patient received correct unit of blood sent from blood bank.

(5) Send following samples to Blood bank laboratory :

➢ An immediate post transfusion Plain and EDTA blood samples of patient.

➢ Implicated blood and transfusion set

➢ The first specimen of patient'urine following the reaction.

**LABORATORY INVESTIGATIONS :-**

(1) Check identity of patient, donor blood and all relevant papers to ensure that there was no clerical errors.

(2) Compare color of plasma of patient's pre and post transfusion blood samples.

➢ Pink red discoloration in post transfusion sample indicates the presenceof free haemogiobin due to destruction of red cells.

➢ Yellow or brown iiscoloration in patient's sample drawn 4 to 10 hrs after transfusion indicates billirubin.

(3) Check color of bag or clots in the bag

(4) Repeat ABO, Rh (D) testing in pre and post transfusion sample.

(5) Repeat cross-match from both pre and post transfusion sample by the most sensitive technique i.e. ICT (Indirect coomb's test)

(6) Perform DAT (Direct coomb's test) on both (pre and post transfusion sample)

➢ A positive DAT indicates the presence of recipient antibodies on the surface of donor red cells.

➢ However if antibody coated donor red cells have been already destroyed the test may be negative-if pt's sample is taken several hours after suspected reaction.

- In non-immunological reaction DAT will be negative.

(7) check the patient's urine after transfusion for the presence of free Hb or red cell.

(8) Do gram staining and culture of donor's blood to ruleout any evidence of bacterial infecion.

If the reports of all investigations are negative it rules out the possibility of haemolytic transfusion reaction.

**STEPS TO CONTROL FATAL COMPLICATION OF AHTR (Acuto Haemolytic Transfusion reaction)**

(1) Increase renal cortical perfusion.

- i.v. saline or RL (Ringer Lactate) in large doses

  Furosemide

(2) To maintain intravascular blood volume and B.P.

- Infuse crystalloids
- monitor urine out put
- Maintain urineout out at 100 ml / hr.

(3) Manage and prevent DIC. (Disseminatod Inwavescular Clotting)

**■ NON HAEMOLYTIC TRANSFUSION REACTIONS :-**

**NHTR can be classified as :-**

(1) Febrile non-haemolytic transfusion reaction.

(2) Urticarial (allergic) transfusion reaction.

(3) Anaphylactic transfusin reaction.

(4) Non-Cardiogenic pulmonary edema.

- Transfusion related acute lung injury (TRALI)

(5) Circulatory overload

(6) Graft vs. host diseases (GVHD)

**(1) FEBRILE NON-HAEMOLYTIC TRANSFUSION REACTION (FNHTR) :**

- It Account for over 90% of transfusion reaction.
- It is Benign, self limiting, occurs within minutes

**Etiology :-**

presence of antibodies to WBC'S or platelet antigen.

Usually seen in multitransfused / multiparous patients

**Signs and symptoms :-**

- Fever

- Chills
- Malaise.

**These reactin are important as they mimic AHTR.**

Thus must be distinguished from this reaction by lab investigation.

- DAT negative
- No increases in bilirubine.
- No haemoglobinuria

**Management :-** Give Antipyretic

**Prevention and control of FNHTR**

- Gie transfusion of Leucocyte poor red cells

**(2) URTICARIAL (ALLERGIC) TRANSFUSION REACTIONS :-**

**Etilogy :-**

- These are attributed to foreign protien (allergen) in donor's plasma that react with immunoglobuline IgE in the patient attached to mast cells and basophills or vice a verse
- antigen-antibody reaction initiate histamine release

**Signs and symptoms :-**

- Pruritis
- Urticaria
- Local Erythema (redness)
- Fever may or may not be presents.

**Management :-**

- Give Antihistaminic
- When urticaria disappers, transfusion may be restarted

**Prevention :-**

- In pt with pervious history of urticarial reaction prophylactic anti histaminic one hour before transfusion and at the start of transfusion can prevent it.

**(3) ANAPHYLACTIC TRANSUSION REACTION :-**

It is sever, life threatening

**Etiology :-**

- It will occus in patient'swho are IgA deficient and have developed anti IgA antibodies.

**Reaction developed quickly - within minutes of starting the transfusion.**

**Signs and Symptoms :-**

(1) Gastrointestinal upset
2) Angioedema
(3) Flushing
(4) Urticaria
(5) Respiratory Distress
(6) Hypotension and shock

**Management :-**

- Notify attending physician and blood bank
- Give epinephrine (adrenaline)
- Maintain blood volume and B.P. with Crystalloids

**Prevention :-**

Any pt. with anti - IgA who has had anaphylactic reaction should be given.

- Plasma Free Products
- Plasma containing products from IgA deficient donors only.

**(4) NON CARDIOGENIC PULMONARY EDEMA :**

(Transfusion related acute lung injury)

- It is rare but potentially fatal transfusion reaction.

**Etiology :-**

- Donor's leucoagglutinins which react with recipient's leucocytes and produce aggregates.
- This leucocyte aggregates are trapped in pulmonary microcirculation causing endothelial damage.

**Sings and Sysmptoms :-**

(1) Acute respiratory distress.
(2) Fever
(3) Chills
(4) Vascular collapse may be present.
(5) X-ray shows pulmonary edema

- No other sign of left ventricular failure

**Management :-**

- Inform the attending physician and blood bank.
- Give Steroids
- Give respiratory support

**Prevention :-**

- Use washed red cell in future transfusion.

**(5) CIRCULATORY OVERLOAD :-**

- Very young or very old patient and have underlying congestive coudiac failuce or have chronic normovolumic anemia and expanded blood volume are at greatest risk.
- When too much blood is transfused too quickly this paticots develop symptom.

**Sings and Symptoms :-**

(1) Dyspnea
(2) Tachycardia
(3) Distention of jugular veins.
(4) Hypertension
(5) Cynosis

**Management :-**

- Stop transfusion or continued very slowly.
- Intravenous diuretics.
- Patient may be put in upright position.
- Oxygen is given by mask.
- Hypertension may need treatment.

**Prevention :-**

- Give pack cell volume in suspected patient.
- Infusion rate should be I ml / 1 kg./hr. Transfusion should be over within 4 hours.
- I.V. diuretics may be given before transfusion.

**(6) GRAFT VERSUS HOST DISEASE (GVHD) :-**

It is caused by the donors lymphocytes engraft and multiply in a severely immunodefcient recipient and react against host antigen.

**Patients at risk are :-**

- Lymphopenic pt.
- Bone marrow supressed cases.
- New born receiving exchange trafusion.
- Individuals with congenital immunodeficiency Syndrome.
- Pt's with hematologic and oncologic disorder.
- Patients receiving blood from 1st degree relatives.

**Symptoms and Signs :**

(1) Fever
(2) Skin rashes

(3) Hepatitis
(4) Diarrhoea
(5) Bone Marrow suppresion
(6) Infection

**Management :**

Give corticosteroid, Methotrexate, Cyclosporine etc.

**Prevention :**

- Pre-transfusion irradiation of all blood component containing lymphocytes will present GVHD.
- Avoid transfusion of 1st degree relative donors.

**POST TRANSFUSION PURPURA :**

- It is rare complication of blood transfusion. Usually involving platet concentrate.
- Occurs in cases who are already immunised by earlier transfusion of platelets.
- Usually in multiparous females / multi-transfused patients.

**Etiology :**

- Anamnestic production of platelet antibodies.
- The Thrombocytopenia is usually severe, and produces generalised purpura about a week after the blood transfusion.

**Management :**

- Thrombocytopenia is usually self-limiting and platelet transfusion is usually not beneficial.
- Give Cortiscosteroids.
- Do Plasma exchange.
- Give I.V. immunoglobulin

Antibodies to platelet in multi-transfused patients may cause reaction such as chills, fever and dysponea, etc. Similar to the leukocyte incompatabilty.

**■ NON-IMMUNE DELAYED COMPLICATIONS :**

**(1) HAEMOSIDEROSIS (IRON OVERLOAD)**

- Iron over load occurs in patient who receive repeated blood transfusion over a long period of time.
  e.g. B-thalassemia major, congenital haemolytic anemia or aplastic anemia.
- Each unit of blood contain 200-250 mg of elemental iron. Since the body has no mechanism for disposing of excess iron in the body. It gets deposited in various organs of body e.g. heart, liver or pancreas and interferes with their functions.

**Management :**

- Give Iron Chelating agents.
- Neocytes transfusion is now tried to reduce the number of transfusion as neocytes has long self life.

**(2) SEPTICEMIA :**

- It is Extremely rare
- Occasionally stored unit may yield growth of pseudomons, E-coli, and Y.enterocolitica.
- It occurs either due to improper aspectic measures at the time of blood collection or preparation of blood components.
- They are commonly attributed to platelet transfusion because platelets are stored at $20^{0}$-$25^{0}$ c.

**(3) TRANSFUSION TRANSMITTED DISEASES :**

Major risk of transmition of

- HIV
- HBsAG
- HCV
- MALARIA

## TIPS

1. There should be written procedure for all aspects of procuring, issuing and administering transfusion.
2. All staff should be trained in proper use of i.v. solution and drugs used during the administration of blood and component.
   - Never infuse hypotonic saline or 5% dextrose along with blood transfusion.
   - Medication that can be given i.v. must never be injected in the blood or never administer through a common administration set.
3. Never warm blood by putting the bag near heater or by putting the bag in hot water.
4. Check vitals and urine out put before, during and after transfusion.
5. No prophylactic antipyretics should be given as they might mask a dangerous AHTR. Acute Hanolytic Teanstusion Reaction.

# NUTAN NAGARIK SAHAKARI BANK LTD.

**(Multi State - Scheduled Bank)**

Registered Office : Central (Admin.) Office
Opp. Samartheshwar Mahadev, Near Law Garden
Ellisbridge, Ahmedabad-380006.
Tele No. 26443724, 26444558, Fax No. 26426326
E-mail : info@nutanbank.com
Website : www.nutanbank.com

**Established : 04/10/1971** **Audit Class "A"**

## FINANCIAL HIGHLIGHTS
(As on 31/03/2009)

| | | | |
|---|---|---|---|
| **Authorised Share Capital** | **Rs. 20.00** | **Paid up Share Capital** | **Rs. 11.26** |
| **Reserve Fund & Others** | **Rs. 81.03** | **Working Capital** | **Rs. 535.04** |
| **Advances** | **Rs. 214.00** | **Deposits** | **Rs. 424.55** |
| **Net-Profit** | **Rs. 3.89** | **Dividend** | **15%** |

(1) 19 branches in Ahmedabad and 1 branch at Mumbai.
Central Office and 13 branches are working in Bank's own building.

(2) Declaring dividend since inception in 1971.

(3) NET NPA is 0% since last more than six years.

(4) Depository Participant Member with NSDL.

(5) **Core Banking Solution** and provides Any Branch Banking.

(6) Direct RTGS/NEFT member.

(7) **Internet & Mobile SMS** Banking services.

(8) Authorized Agent of Government of Gujarat State for franking of **Adhesive Stamp.**

(9) **E-Payment** Facility.

**Kailashchandra Nemchand Shah** - Chairman
**Dhanabhai Chimanlal Shah** - Vice Chairman - I
**Rameshbhai Ochhavlal Parikh** - Vice Chairman - II
**& Board of Directors**

**K. B. Mehta** - General Manager & CEO



# આખ્યાનકાર
# કવિ
# પ્રેમાનંદ



સુદામાની શોચના તે શામળિયે સહુ જાણી;
હસતાં હસતાં પાસે આવી તાંદુલ લીધા તાણી,
હેઠળ હેમની થાળી મેલી વસ્તુ લેવા જગદીશ;
છોડે છબીલો, પાર ન આવે, છે ચીંથરાં દસવીસ.

કામિનીના કંઠને સાંભળી કોકિલા બળી થઈ કાળી...
રસના-વાણી સાંભળીને સરસ્વતીને આવ્યો વૈરાગ્ય,
કુમારિકા પોતે રહી, સંસાર કીધો ત્યાગ...

પગપાનીથી હાર્યો અળતો, અન્ય અબળાને પગે પળતો,
નેપુરનો નાદ સાંભળતો, ગાંધર્વનો નાથ બળતો

ત્યારનું આવે છે ઘી ! કેટલી વાર લાગી રે ?
અમારાં ભૂખે રુએ બાળ, મહેતો થયા વેરાગી રે ?
જેહ સ્નેહ શામળિયા સાથ, તેને શાની ખોટ રે ?
એના ઘરમાં ભર્યા ભંડાર, પકવાનના થોક રે ?

ઊભાં થઈ સહુ નરનાર કૂટે તાળી રે,
ઓ મહેતાએ મૂક્યો થાળ, ઠાકોરને થાળી રે !

મૌન કરો ઉધ્ધવજી વીરા ! ઉત્તમસંદેશો આણ્યો,
મરતાંને શું મારો ભાઈ ! સ્નેહ તમારો જાણ્યો.
અમો પ્રીત પ્રીછી પુરુષોત્તમની, ઘણી જાણી અમારી દાઝ !
'જોગી થાઓ' અમને કહાવ્યું, પોતે કરે છે રાજ.

...માહરું કહેણ ન લાગે, હું ન જાઉં તાહરે માગે
મુજને મોહનાં બાણ વાગે, બ્રહ્મચર્યવ્રત માહારું ભાંગે.

અનંગ અનળ નળને વ્યાપ્યો, નળ ગયો વહ્નિ શમાવવા,
હયે બેઠો, ચિંતામાં પેઠો, લાગ્યો આકુળ વ્યાકુળ થાવા

દિવસ આઠની અવધિ કરીને કહેતો ગયો ગુણવાન,
પીઠી ચોળી, નળ રાજા, તત્પર કરતો જાન.

પુરુષને અદેખાઈનું બળવું, નારીને દહે કામ;
અનળ પ્રગટ્યો સર્વને, માટે 'નળ' ધરિયું નામ.



Sushruta - The ancient Indian Surgeon

आहारस्त्वपि सर्वस्य त्रिविधो भवति प्रियः ।
यज्ञस्तपस्तथा दानं तेषां भेदमिमं शृणु ॥१७-७॥
आयुःसत्त्वबलारोग्यसुखप्रीतिविवर्धनाः ।
रस्याः स्निग्धाः स्थिरा हृद्या आहाराः सात्त्विकप्रियाः ॥१७-८॥
कट्वम्ललवणात्युष्णतीक्ष्णरूक्षविदाहिनः ।
आहारा राजसस्येष्टा दुःखशोकामयप्रदाः ॥१७-९॥